જરથોશ્તી ધર્મ શિક્ષણમાળા—પુસ્તક છઠું.

પુરાતન ઇરાનનો ઇતિહાસ.

ભાગ પેહેલો.

પેશદાદીયન અને કૈઆનીઅન વંશો.

આ પુસ્તકની ૫૮૦૦ નકલો, મરહુમ બાઈ માણેકબાઈ
હોરમજી એડનવાલાની અશો યાદમાં, ગુજરનારના
ખાવીંદ શેઠ હોરમજી કાવસજી દીનશાહ
એમ. વી. ઓ. એ મેહેરબાની કરી
છપાવી આપી છે.

લખનાર
એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ.,
પીએચ. ડી.

છપાવી પ્રગટ કરનાર
જરથોશ્તી ધર્મ સંબંધી કેલવણી આપનારી
અને
જ્ઞાન ફેલાવનારી મંડળી.

૧૯૧૬.

આ પુસ્તક ધી જ. ન. પીતીત પારસી ઑરફનેજ કૅપતન પ્રિંતિંગ
વર્કસ નં. ૧૪૧, લાલબાગ, પરેલ. મુંબઈમાં મેહરજી બી.
મીઠાઇવાલાએ છાપ્યું છે, અને જરથોસ્તી ધર્મ સંબંધી
કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળીનાં
સૅક્રેતરી સમ્શ-ઉલ-ઉલમા ડૉ. જીવનજી જમશેદજી
મોદી, બી. એ., પીએચ. ડી. એ મંડળીને માટે
પારસી પંચાયતની ઑફીસ, હોર્નબી
રોડ, કોટ મુંબાઈ, મધેથી
પ્રગટ કીધું છે.

ખુલાસો.

જરથોશ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી.

આપણા ટોળામાં ધર્મ સંબંધી કેળવણી આપવા અને જ્ઞાન ફેલાવવા માટે એક મંડળી, ઉપલે નામે, તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૦૩ ને દિને સ્થાપવામાં આવી હતી. એ મંડળીએ ધર્મ સંબંધી કેળવણી આપવા માટે ચોપડીઓની હારમાળા લખાવવાને ઠેરવ્યું છે. તેમાંની પેહેલી ચોપડી "જરથોશ્તી ધર્મ સંબંધી પશ્નોત્તર" એવે નામે પ્રગટ થઇ છે. તેની પેહેલી આવૃત્તિની ૧૦,૦૦૦ નકલ તથા બીજી આવૃત્તિની ૫૦૦૦) નકલ ખપી જવાથી ત્રીજી આવૃત્તિ ૫,૦૦૦) નકલની બાહાર પાડવામાં આવી છે. બીજી ચોપડી, "જરથોશ્તી ધર્મની તવારીખ" ને નામે, ત્રીજી ચોપડી "જરથોશ્તી ધર્મ-મત"ને નામે, ચોથી ચોપડી "જરથોશ્તી ધર્મનાં કામો

અને ક્રિયાઓ"ને નામે, અને પાંચમી ચોપડી "જરથોશ્તી ધર્મ નીતિ અને નેકીઓ" ને નામે પ્રગટ કરવામાં આવી છે. એ દરેકની ૫૦૦૦ નકલો બાહાર પાડવામાં આવી છે. આ માળામાં આ છઠ્ઠી ચોપડી છે. સાતમી "પુરાતન ઇરાનનો ઈતિહાસ ભાગ બીજો, હખામની, અર્ષકાની અને સાસાની વંશો" એવે નામે પ્રગટ થઇ છે. એ ચોપડીઓ તૈયાર કરાવવા માટે એ મંડળીએ નેમેલી બુક–કમીટી હાલ નીચલા સભાસદોની બનેલી છે:—

શમશુલ ઓલમા દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણા, બી. એ.

દસ્તુર કેખશરૂ જામાસ્પજી જામાસ્પ આશાના.

શેઠ પેસતનજી કુંવરજી મોતીવાલા, એમ. એ., એલ એલ. બી.

એરવદ બમનજી નસરવાનજી ધાભર, એમ. એ.

શેઠ બેરામગોર તેમુરસ અંકલેસરીયા, એમ. એ.

ડા૦ માનેકજી બમનજી દાવર, એમ. એ., પી. એચ. ડી.

શેઠ સોરાબજી જમસેદજી બલસારા, એમ. એ.

શેઠ રતનજી ફરદુનજી ગોરવાલા, એમ. એ.

શેઠ અરદેશર ખરશેદજી વેસાવેવાલા, બી. એ.

શેઠ ખોદાબક્ષ એદલજી પુનેગર, બી. એ.

બાઇ ભીખાઇજી અરદેશર એનજીનીયર, એમ. એ.

ડા૦ જહાંગીર ખરશેદજી દાજી, એલ. એમ. એંડ એસ.

શેઠ જહાંગીર જમશેદજી વીમાદલાલ, એમ. એ., એલ. એલ. બી.

એરવદ પાલનજી દોરાબજી પાવરી, બી. એ.

એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ., પીએચ. ડી. ઓ. સેક્રેટરી.

બુક-કમીટીએ કારોબાર મંડળીની બાહાલીથી એ ચોપડીઓ લખવાનું કામ નીચલા બે ગ્રહસ્થોને સોંપ્યું છે.

શેઠ સોરાબજી જમશેદજી બલસારા

એરવદ જીવનજી જમશેદજી મોદી

એઓને એ ચોપડીઓમાં તવારીખની બાબત લખવાનું નીચે પ્રમાણે વેંહેંચી આપવામાં આવ્યું છે—

પેશદાદીઅન અને કેઆનીઅન વંશો—એરવદ જીવનજી જમશેદજી મોદી.

હખામીનિઅન અને સાસાનિઅન વંશો—શેઠ સોરાબજી જમશેદજી બલસારા

આ ગોઠવણ મુજબ આ ચોપડી એરવદ જીવનજી જમશેદજી મોદીએ તૈયાર કીધી છે. એનું કેટલુંક લખાણ બુક–કમીટીની ૭ સભાઓમાં તપાસવામાં આવ્યું હતું. સાતમી સભામાં ઠેડાવ થયો હતો કે એ લખાણ ઘણું લાંબુ હોવાથી ટુકું કરવું અને પછી બુક–કમીટી હજુર પાછું રજુ કરવું. તેમ તે ટુંકુ કરવામાં આવ્યું હતું. તેના છાપેલા પ્રુફો દરેક સભાસદને પોંહોચાડવામાં આવ્યા હતા કે વાંચી કોઇ ફેરફારો સુચવવા હોય તો સુચવે. તેઓએ તે વાંચવા પછી બુક–કમીટીની બીજી ચાર સભાઓ મલી હતી. તે સભાઓમાં તે તપાસવામાં આવ્યા હતા.

આ મંડળી હસતકની એ ચોપડીઓ તપાસનાર બુક–કમીટી આપણા ભણેલા દસ્તુરો, એરવદો અને બેહદીનોની બનેલી છે. તે સાહેબોની બારીક તપાસમાંથી એ ચોપડીઓ પસાર થઇ છે. માટે મંડળી આસા રાખે છે કે તે સર્વની પ્રસન્તા પામશે અને સર્વ જરથોશ્તી માબાપો આ પુસ્તકો પોતાના કુટુંબમાં દાખલ કરી, પોતાનાં બચ્ચાંઓને તેથી ધર્મ કેળવણી અને ઈરાનની તવારીખની કેળવણી આપશે. જરથોશ્તી સ્કુલોના વડા શિક્ષક સાહેબોને પણ કમીટી અરજ કરે છે કે તેઓએ એ ચોપડીઓ પોતાની સ્કુલોમાં ધર્મ અને તવારીખનાં શિક્ષણ માટે દાખલ કરવી.

ધર્મ શિક્ષણ આપનારા શિક્ષકોને જણાવવાની રજા લેવામાં આવે છે કે આ મંડળી હસતક પ્રગટ થતી શિક્ષણમાળાના સર્વ પુસ્તકો કેળવણી લેતાં બાળકો પાસે મોંહોડે કરાવવાની કાંઇ જરૂર નથી. એ પુસ્તકોની તેવી નેમ રાખી નથી. એ પુસ્તકોનો ઘણો ભાગ શિક્ષકોની પોતાની રેહબરી માટે છે. આવાં શિક્ષણની ફતેહનો આધાર શિક્ષકોની પોતાની જાતી કોશેશ ઉપર અને શિક્ષણ માટે બાબતો પસંદ કરવાની તેઓની કુનેહ અને કાળજી ઉપર રહે છે.

આ પુસ્તકોનો ઉપયોગ કરનાર શિક્ષક સાહેબો અને બીજા સાહેબોને અરજ કરવામાં આવે છે કે તે સાહેબોને કાંઇ સુચના કરવી હોય તો મેહેરબાની કરી મંડળીના ઓ. સેકરેટરી જોગી કરવી કે તે ઉપર બીજી આવૃતી વખતે ધ્યાન આપવામાં આવે.

આ ચોપડીની ૫૦૦૦ નકલો શેઠ હોરમજી કાવસજી દીનશા એમ. વી. ઓ. એ પોતાનાં મરહુમ ધણીયાણી બાઇ માણેકબાઇ હોરમજી એદનવાલાની અશો યાદમાં છપાવી છે. એ માટે એવણ સાહેબે મંડલીની અરજ ઉપરથી મેહેરબાની કરી મંડળીને રૂ. ૨૦૦૦ સુધીની બખશેશ આપવાની મરજી જણાવી છે. એ માટે કારોબાર મંડળી એવણ સાહેબનો મોટો ઉપકાર માને છે અને ઉમેદ રાખે છે કે બીજા

સખીવજ્જુદ બાનુઓ અને ગ્રહસ્થો પણ એ શેઠને નેક પગલે ચાલી આવાં ભલાં કામને ઉતેજન આપવા બાહાર પડશે.

રોજ ૨૪ મો, માહ ૯ મો
શાહાનશાહી સને ૧૨૮૫ યઝદેજર્દી
તા૦ ૧ લી મેહ ૧૯૧૬.

કારોબાર મંડળીના હોકમથી

જીવનજી જમશેદજી મોદી,

ઑ. સૅક્રેટરી.

સાંકળયું.

બાબ પહેલો.

ઈરાનની ભૂગોળ.

બાબ બીજો.

બાબ પાંચમો.

બાબ છઠો.

પાનું

બાબ સાતમો.

બાબ સાતમો.

પાનું

બાબ આઠમો.

પાનું

બાબ નવમો.

બાબ દશમો.

બાબ અગીયારમો.

જાલ અને રૂસ્તમની હકીકત.

બાબ બારમો.

નોદર, જ.વ અને કેર્સાસ્પ.

બાબ તેરમો.

કયાન્યન વંશ.

બાબ ચઉદમો

કએકોબાદ.

બાબ પંદરમો.

પાનું

બાબ સત્તરમો

બાબ અઢારમો.

પાનું

બાબ ઓગણીશમો.

બાબ પેહેલો.

ઇરાનની ભૂગોળ.

અવસ્તા.—નેમો આઓધ્રંઆંમ અસંઘ્રહામ્ચ ષોઇથ્રનાંમ્ચ.

અર્થ.—આ મુલકો અને શેહેરોને નેમાજ હોજો.

આ પુસ્તક ઇરાનનાં મુલકની અસલી તવારીખનું છે. માટે તેની અસલી તવારીખ આપના પેહેલાં એ મુલકની ભૂગોળ બાબે થોડુંક વિવેચન કરવું જરૂરનું દિસે છે.

એ મુલકના બે નામો.—એ મુલક અસલથી બે નામે જણાયલો છે. ૧ ઇરાન અને ૨ પાર્સનો મુલક યા પર્શીયા (Persia). પેહેલું નામ તેનું ઘણું પુરાતન નામ છે. એ મુલકના વતનીઓ ઘણાખરા પોતાના મુલકને એ નામથી ઓળખે છે. પૂર્વભણીના લખનારાઓ મોટે ભાગે એ મુલક માટે 'ઇરાન'ને નામે બોલી ગયા છે અને બોલે છે. પશ્ચિમ ભણીના લખનારાઓ મોટે ભાગે એ મુલકને પાર્સનાં મુલકને નામે ઓળખી ગયા છે અને ઓળખેછે.

ઇરાન નામ અવસ્તામાં 'અઇર્યન' છે. વંદીદાદમાં[1]

---

૧ ફર્ગર્દ ૧, ફ. ૧ અને ૩; ફર્ગર્દ ૨, ફ. ૨૧.

એ મુલક માટે બોલતાં તેને "અઇર્યન વએજંઘ્રૂહ[1]" કહ્યો છે, જેનો પેહેલવીમાં 'અઇરાનવેજ' અને પછી ફારસીમાં ઇરાનવેજ શબ્દ બન્યો છે. અઇર્યન વએજંઘ્રૂહ અથવા ઇરાનવેજ એટલે "ઇરાનીઓની જન્મભૂમી યા મૂલ મુલક." પછવાડેથી એ "વએ-જંઘ્રૂહ" અથવા "વેજ" શબ્દ વગર એ મુલક અઇર્યન અથવા અઇરાંન અથવા ઇરાન તરીકે બોલાવા લાગ્યો.

અઇર્યન શબ્દનો અર્થ, અવસ્તા ધાતુ, 'અર' અર, એટલે 'ભલું થવું' ઉપરથી "ભલું, નેક" થાય છે. આપણા હિંદુ ભાઇબંદો પોતાને આર્ય ગણે છે અને હિંદુસ્તાન મુલકને આર્યવૃત કહે છે. અસલમાં આપણા ઇરાની વડવાઓ અને હિંદુ કોમના વડવાઓ, જ્યારે એક જગ્યાએ હતા, ત્યારે તેઓ 'આર્ય'ના સામાન્ય નામથી ઓળખાતા. આપણા ઇરાની વડીલો અને હાલના હિંદુઓના વડીલો ઉપરાંત પશ્ચિમ ભણીની બીજી કેટલીક કોમોના વડીલો પણ આર્ય તરીકે બોલાતા. એ અઇર્ય અથવા આર્યના સામાન્ય નામથી જણાયલા લોકો છેક પશ્ચિમ સુધી વીખરાયલા હતા.

ફીરદોસી કહે છે કે પેશદાદીઅન વંશના પાદશાહ

---

૧ એ 'વએજંઘ્રૂહ' (સં. वि-जन જન્મ આપવો) શબ્દનો અવસ્તા ધાતુ, 'જન'=जन=લાટીન Gignere ફા. ,ઝાદન=જનમવું છે. એ ધાતુ ઉપરથી એ શબ્દનો અર્થ, 'જન્મનું મૂલ" એટલે "ભોમ" અથવા "અસલ જગ્યા" થાય છે.

ફ્રેદુને પોતાનો મુલક પોતાની જીંદગીમાં પોતાનાં ત્રણ બેટાઓ, એરચ, તુર અને સેલમને વેહેંચી આપ્યો હતો. તેઓમાંથી એરચને ઇરાનવાળો મુલક આપ્યો. કોઇક પૂર્વ ભણીના લખનાર કહે છે કે આ 'એરચ' ઉપરથી તે મુલકનું નામ ઇરાન પડયું. પણ એ શબ્દ ઉત્પત્તી બરાબર નથી. જેમ ઈરાનનો એક ભાગ અસલમાં પારસને નામે જણાયલો હતો, તેમ બીજો ભાગ 'ઇરાક'ને નામે જણાયલો હતો. એ 'ઇરાક' નામ કદાચ આપણે 'એરચ' ઉપરથી બનેલું ગણીયે. જેમ પારસના મુલકે પાછલથી, આપણે આગલ ચાલતાં જોઇશું તેમ, આખા ઇરાનના મુલકને તેનું પશ્ચીમ ભણીના લખનારાઓનું "પર્શ્યા" નામ આપ્યું, તેમ તેના ઇરાકના મુલકે આખા ઈરાનને કોઇ વખતે ઇરાકનું નામ આપ્યું હોય.

ઇરાનના મુલકનું બીજું નામ પશ્ચિમભણીના પુરાણા તેમ હાલના લખનારાઓ પ્રમાણે 'પર્શયા' (Persia) છે. એ નામ એ મુલકને ઇરાનનાં એક મુલક, 'પાર્સ' ઉપરથી મળ્યું છે. હાલના ઇરાનીઓ પોતે પોતાના મુલકને આ નામથી નહિ પણ ઇરાનનાં નામથીજ ઓળખે છે. પારસી કોમનું 'પારસી' નામ, એ પાર્સનો મુલક, જેણે પર્શયા નામ ઉત્પન્ન કર્યું છે, તે ઉપરથી નીકળ્યું છે. એ પાર્સનો મુલક ફાર્સને નામે પણ જણાયલો છે. એ ફાર્સ ઉપરથી ઈરાનની

જબાન ફારસી જબાન તરીકે જણાયલી છે. હખામી-નીઅન વંશનો જાણીતો પાદશાહ દારાયસ, એ પાર્સના મુલક ઉપરથી પોતાને "ખશાયથ્ય પાર્સય" એટલે "પાર્સનો પાદશાહ" કહેછે. પોતાની સલતનતના મુલકોમાં તે પેહેલવેહેલું નામ 'પાર્સનું' દેછે. પાર્સના મુલકના વતની માટે પણ તે પારસ યાને પારસી તરીકે બોલે છે.

ઇરાનવેજનો મુલક માણસજાતની વસ્તીનો પેહેલો મુલક, તેની જગ્યા અને વિસ્તાર—વંદીદાદ[1] પ્રમાણે અહુરમજદે એક પછી એક વસાવેલા મુલકોમાં ઇરાનવેજનો મુલક પેહેલો હતો. માણસજાત પહેલે જંગલોમાં ઝાડો હેથળ, યા ગોફાઓમાં, યા પાહાડોની કધણો નીચે રહેતાં હતાં. ત્યારપછી તેઓ વધુ બુદ્ધિવાન થઇ પોતાને માટે ઝાડનાં પાતરાં વિગેરેનાં ઝુંપડાંઓ બાંધવા લાગ્યાં. ત્યારપછી તેઓ ઘર બાંધવા લાગ્યાં. આ મુજબ ઘરબાર સાથનાં જે ગામો યા શેહેરો વસાવા લાગ્યાં, તેમાં વંદીદાદ પ્રમાણે ઇરાનવેજનું શેહેર પેહેલું હતું. તે હવા અને ઉજાશની પુરતી આવજાવ થાય એવું તનદુરૂસ્તીના કાનુનો મુજબ બાંધવામાં આવ્યું હતું. વંદીદાદ[2] મુજબ એ શેહેરને સ્થાપવામાં યા તેને સુધારવા વધારવામાં પાદશાહ જમશેદનો મુખ્ય હાથ હતો.

---

૧ ફર્ગર્દ ૧ ફ. ૧ થી ૩. ૨ ફર્ગર્દ બીજો.

ઘણું પુરાણું ઇરાનવેજ ક્યાં હતું, તે બાબે જુદા જુદા વિદ્વાનો જુદી જુદી જગ્યાઓ દેખાડે છે. વંદીદાદમાં[૧] કહે છે કે ત્યાં ૧૦ મહીના થંડી અને ૨ મહીના ગરમી હતી. તે ઉપરથી અને બીજા કેઇકિ એશારાઓ ઉપરથી કોઇ વિદ્વાન તેને છેક ઉત્તરે ધારે છે. પણ એને લગતું જે વર્ણન ખુદ વંદીદાદ લખાવાના વખતનું મલે છે, તેમાં જે કહે છે, કે તેમાં સાત મહીના ઉનાળો અને પાંચ મહીના શિયાળો હતો, તે ઉપરથી તેની હદ ઞામુ દર્યા (ઓક્સસ નદી) અને સર દર્યા (જકજાટીસ નદી) વચ્ચેના પાહાડી મુલ્કની દિસે છે.

પાછલા જમાનામાં ઇરાનના મુલકનો વિસ્તાર ઘણો વધતો ગયો હતો. તે અવસ્તા જમાનામાં પૂર્વે અફગાનિસ્તાન મુલકની પૂર્વે સીમાથી પશ્ચિમે આજર બએજાન સુધી ફેલાયલો હતો

ઇરાનની જાહોજલાલીના વખતમાં તેની સીમા પૂર્વે હિંદુસ્તાન તરફ સિંધ નદીવાળા પંજાબના મુલક અને ઓક્સસ નદીવાળા મધ્ય એશીઆના મુલક સુધી, અને પશ્ચિમે યુફ્રેટીસ અને ટાઈગ્રીસ નદીવાળા મુલક સુધી ફેલાયલી હતી. ઉત્તરે તે કાસ્પીઅન સમુદ્ર (અવસ્તાનો વોઉરૂકશ દર્યો) અને કોકેસસ પર્વત,

---

૧ ફર્ગર્દ ૧, ફ. ૪

જેની આખી હાર અલબુર્જ (હર બેરેજાઇતિ) ને નામે જણાયલી હતી, ત્યાંસુધી, અને દક્ષિણે ઇરાની અખાત અને હિંદી મહાસાગર સુધી ફેલાયલી હતી. એ હદવાળા મુલકોમાં તેની હકુમત કેટલોક વખત ચાલુ રહી હતી. પણ અવારનવાર એ હદ ઓલંગી તેની પેલેપાર પણ ઇરાની લશ્કરે ફતેહ મેળવી હતી. વળી વેપાર અર્થે તેના વતનીઓ છેક ચીનના મુલકસુધી ગયા હતા.

ખુદ અવસ્તાના જમાનામાં ઇરાનના જાણીતા ભાગો પશ્ચિમ કરતાં પૂર્વેભણી હતા. હાલના અફ્ગાનિસ્તાનનો મલક મોટેભાગે ઇરાનનો મુલક હતો. હાલનું બલ્ખ, જે ઉપર અફ્ગાનિસ્તાનનો હાલનો અમીર હકુમત કરે છે, તે વંદીદાદનું "બાખ્ધી એરેદ્વો દ્રફ્શાંમ" એટલે "બુલંદ વાવતાવાળું બાખ્ધી" હતું, જ્યાં શાહ ગુશ્તાસ્પની દરબાર હતી.

અવસ્તામાં જણાવેલા પાંચ મુખ્ય મુલકો.—ફર્વર્દીન યશ્તમાં[1] પાંચ મોટા દેશોનાં નામ આવે છે. અઇર્ય, તુઇર્ય, સઇરિમ, સાઇનિ અને દાહી. એઓમાંથી અઇર્ય તે ઇરાનનો મુલક છે. તુઇર્ય તે તુરાંનનો મુલક છે. સઇરિમ તે સર્માશીઆનો મુલક ધારવામાં આવે છે. ભૂગોળનવેશ એન્સ્ટેડ મુજબ, એ

(૧) ફ. ૧૪૩-૧૪૪.

સર્માશીઆ તે વિસ્ચ્યુલા નદી, જે પોલાન્ડ અને પ્રશ્યામાંથી વેહી બાલ્ટીક સમુદ્રમાં ખાલી થાય છે તેની, અને કાસ્પીઅન સમુદ્રની વચ્ચે આવેલા યુરોપ અને એશિઆના મુલકને રોમનોએ આપેલું નામ છે. બુનદેહેશમાં જણાવેલો રૂમનો મુલક એ સાઈરિમ (સર્માશિઆ) નો એક ભાગ છે. સાઇનિનો મુલક તે ચીનનો મુલક છે. દાહીનો મુલક તે કયો, તે ઓકસ નથી. વંદીદાદમાં ઇરાનવેજ અને બીજા જે ૧૫ મુલકોનાં નામો દીધાં છે, તે મુલકોની હદની બાહેરનો એ કોઇ મુલક હોવો જોઇએ.

ઇરાનવેજ સાથના ૧૫ મુલકો—વંદીદાદમાં ઇરાનવેજ પછી, એક પછી એક, બીજા ૧૫ મુલકો અહુરમજ્દે પેદા કરેલા જણાવ્યા છે. પેહેલે, પુરાણા ઇરાનવેજ્નો મુલક નાનો વિસ્તાર રોકતો હતો. પાછલથી તેની હદ વધતી ગઈ અને એક વખતે એ સર્વ મુલકો ઇરાનવેજ યા ઇરાનના ભાગ નહિ પણ ઇરાનની સલતનતના મુલકો થઇ પડયા હતા. એ ૧૫ મુલકોનાં નામો નીચલી ટીપ પ્રમાણે છે, જે ટીપમાં જે મુલકોનાં હાલનાં નામો વધુ મતે નક્કી થયલાં દિસે છે, તે તેઓનાં નામ સામે જણાવ્યાં છે.

વંદીદાદમાં જણાવેલાં શેહેરો.	તેઓનાં જણાયલાં પાછલાં નામો.
૧ અઈર્યન (વએજ).	ઇરાન.
૨ સુગ્ધ.	સૉગ્ધ (સોગ્ડીઆના).

૩ મોઊરૂ.	મર્વ
૪ બાખ્ધિ.	બલ્ખ.
૫ નિસય.	પુરાણા વખતમાં નિસય નામથી ઘણાંક શેહેરો જણાયલાં હતાં. માટે વંદીદાદનું નિસય તે કયું તે ચોકસ કહેવું મુશ્કેલ છે.
૬ હરીયુ.	હરીરૂદ (હેરાત).
૭ વએકેરેત.	અફ્ગાનિસ્તાનમાં 'પીશીન'ની ખીન નજદીકનો મુલક. પેહેલવી સરેહ કરનારાઓ પ્રમાણે કાબુલ.
૮ ઉર્વ.	એ કયો મુલક તે ચોકસ નથી. ડા. હાઉગ એને કાબુલ ધારે છે.
૯ ખનેન્ત, જેની રાજધાની વેહ્ર્કાન.	કોઇ એને હિર્કાન્યા (Hircania) નો મુલક ધારે છે. ડા. હાઉગ એને ખન્દહાર (કન્દહાર) ગણે છે. વેહ્ર્કાન તે કન્દહાર નજદીકની અર્ગન્દઆબ નદીનો મુલક.

૧૦ હરખઇાત.	અસલી એરેકોશીઆ.
૧૧ હએતુમત.	હેલમંદ નદીવાળો મુલક.
૧૨ રઘ.	રએ.
૧૩ ચર્ખ	ખોરાસાનમાં એ નામનું જણાયલું એક શેહેર છે.
૧૪ વરેન.	ગીલાંન.
૧૫ હસ હિંદુ.	સપ્તસિંધુ. પંજાબની નદીઓવાળો મુલક.
૧૬ રંગા.	એની જગ્યા અચોકસ છે. કદાચ પુરાણાં ઇરાનવેજની નજદીકમાં કોઇ જગ્યા.

ઇરાનની પ્રાકૃતિક ભૂગોળ.—ઇરાનના મુલકની પ્રાકૃતિક હાલતનો સામટો સંપૂર્ણ ચિતાર આપણને મેહેર યશ્ત (ક. ૧૪) માંથી મલે છે. તે ઉપરથી આપણને એ મુલક સંબંધી ત્રણ ચીજ માલમ પડે છે. એક તો આ કે તે મુલક પહાડી હતો; બીજું આ કે તે સરોવર અને પાણીના બીજા ભાગોથી ભરેલો હતો; અને ત્રીજું આ કે તેમાં મોટી નદીઓ વેહેતી હતી.

એ મુલક પાહડી હતો, તે અવસ્તાના જુદા જુદા ભાગો ઉપરથી કેટલીક રીતે માલમ પડે છે.

(ક) એ પહાડોની એક લાંબી ટીપ જમ્યાદ યષ્ટમાં આપી છે; બુનદેહશ (બા. ૧૨) માં કહે છે કે, એવા ૨૨૪૪ પહાડો છે. શરૂઆતમાં વસેલાં 'આઇર્યન વએજ'ની રૂતુ દેખાડી આપે છે કે તે મુલક પાહાડી હોવો જોઇએ. વંદીદાદની પેહેલી પરગરદમાં વર્ણવેલા સઘળા મુલકો, નકશા ઉપર નજર કરતાં માલમ પડે છે કે, ૩૦ થી ૪૦ ડીગ્રીની અક્ષાંસ (Latitude) ઉપર આવેલા છે. ભૂતલ વિદ્યાને લગતા હાલના કોઇપણ નકશા ઉપર નજર કરતાં માલમ પડે છે, કે એ અક્ષાંસ વચ્ચેથી "આખાં વર્ષની સરાસરી ગરમીની પસાર થતી લીટી" (Isothermal line) ૭૦ ડીગ્રીની છે. જાનેવારીમાં વધારે ને વધારે થંડીની પસાર થતી લીટી (Isocheimal) ૫૦ ડીગ્રીની છે, અને જુલાઈમાં વધારેમાં વધારે ગરમીની પસાર થતી લીટી (Isotheral) આસરે ૬૦ ડીગ્રીની છે. ત્યારે વંદીદાદમાં જણાવેલી દસ માસ થંડી અને બે માસ ગરમીની રૂતુ એ મુલકના નીચલા સપાટ ભાગો ઉપર તો નહિ હોય, પણ તે ઉંચી પહાડી જગા ઉપર હોવી જોઇએ.

(ખ) વળી ઇરાની ટોળો, જે વંદીદાદમાં વર્ણવેલા એ મુલકમાં વસ્યો, તે પોતાની આગલી ભરવાડી હાલત મેલી દઇ ખેડુતી હાલત પકડી એક ઠેકાણે ઠરીઠાંમ થઈ વસ્યો. હવે ભરવાડો પોતાનાં ગોવાળાંને ચરાવા

પહાડી મુલકો તરફ જઇ વસેલા. તેથી જ્યારે એ આર્ય ટોળો ભરવાડી પેશો છોડી પોતાનો ખેડુતી ધંધો પકડી ઠરીઠાંમ થઈ રહ્યો, ત્યારે તેણે પોતાની અસલી પ્રવાસનીજ જગ્યા પસંદ કરી.

(ગ) વંદીદાદમાં જ્યાં સખ્ત ઋતુનું વર્ણન આવે છે, ત્યાં બરફ, કરાં વિગેરે પડવાની વાત આવે છે; દાખલા તરીકે, બરફ કરાં વિગેરેનું તોફાન થાય ત્યારે લાસને ઘરમાં થોડા દિવસ રહેવા દેવાને ફર્માવે છે. હવે એ બરફ કરાં પડવાનો કુદરતી દેખાવ નીચલી સપાટ જગા કરતાં ઉંચી પાહડી જગાના પર વધારે સંભવિત છે.

મેહેર યષ્ટ (ફ. ૧૪) માં સરોવરો અને નદીઓ વિષે જે જણાવ્યું છે તે પણ એ પહાડોનું પરિણામ છે. એ મુલકના, બુનદેહેશ પ્રમાણે, આસમાન સાથ જઇ મળેલા, બુલંદ, આસરે ૨૦૦૦૦ ફીટની ઉંચાઇના અલબુર્જના પહાડોની શીખરો બરફથી ઢંકાઈ રહેતી હતી. એમ તે હાલમાં પણ રહે છે, કારણ કે તેની જાથુકની બરફ બંધાઈ રહેવાની લીટી (Line of perpetual snow) ૧૦૦૦૦ થી ૧૧૦૦૦ ફીટ છે. એ શિખરોપરનો બરફ પીગળી નદીનાળાં અને સરોવરો ઉત્પન્ન થતાં હતાં. એ સરોવરોમાં મુખ્ય ઝરદયો, આસુર્યો, હરીરૂદ અને હેલમંદ નદીઓ છે.

વળી એ મુલકની પહાડી પ્રકૃતિની અસર ત્યાંના વસનારાઓ ઉપર થઇ હતી. પહાડી લોકો હમેશાં બહાદુર, સાદા, સ્વતંત્ર, ઉદ્યોગી અને પ્રમાણિક હોય છે. તેમ એ મુલકના રહેવાસીઓ પણ હતા. પહાડોની કઢણોની કઠણ જગ્યા ઉપર ખેતી કરવી, એ મેહેનત અને સબુરીનું કામ છે. વળી એ અવસ્તા-વાળાઓને તો બહાદુર અને હિમ્મતવાન રહેવાનું બીજું એક ખાસ કારણ હતું. તેઓ આગલી ભરવાડી ભટકતી જીંદગી મેલી દઈ આએ નવા પેશામાં પડ્યા હતા, તેથી તેઓને રાત દહાડો ભરવાડી રખડતી જીંદગીવાળાઓના હુમલાથી સાવચેત રહેવું પડતું હતું અને કેટલીક વાર લડવું પડતું હતું.

વળી તેઓનો સ્વભાવ માયાળુ અને મિત્રાચારી ભરેલો હતો. ભરવાડી ટોળાઓના હોમલાથી તેઓ એકમેકનું રક્ષણ કરવાને તૈયાર થતા અને એકમેકને મદદ કરતા; તેથી તેઓ એકમેક ઉપર ચાહ રાખતા અને માયાળુ થતા. ખેતીને અર્થે તેઓને પોતાનાં ખેતરોની નજદીક વસવું પડતું. ત્યાં ભરવાડી જીંદગી-વાળાઓથી પોતાનો બચાવ કરવા તેઓ નાહના ગામડાં કરી રહેતા. એટલી સાંકડી હદની સંખ્યામાં કુદરતી રીતે તેઓ એકમેકને ચાહતા હતા.

વળી જાનવર તરફ તેઓ ઘણો પ્યાર રાખતા.

તેઓના ખેતીના નવા ધંધામાં જાંનવરો તેઓને વધારે ઉપયોગી થઈ પડતાં; તેટલામાટે તેઓ તેની ખાસ સંભાળ લેતા. પેલા લુટારા ભરવાડીઓ આવી એઓને મારફાર કરી જતા, એટલુંજ નહિ, પણ એઓનાં પશુ ઢોરો વટીક ચોરી લેઇ જતા એટલામાટે એ પશુઓનું રક્ષણ કરનાર કુતરાઓને અવસ્તામાં વખાણ્યા છે.

ઇરાનના મુલકની પ્રકૃતિક (physical) હાલતની તેના રૂતુ ઉપર અસર—રૂતુઓ વિષે અવસ્તા ઉપરથી માલમ પડે છે કે, ઉનાળો અને શીઆળો, એ બે રૂતુઓ ત્યાં મુખ્ય હતી, જોકે બુનદેહેશમાં તો ચાર રૂતુઓનું વર્ણન છે. એ બે રૂતુઓ ત્યાં ઘણી સખ્ત લાગતી હતી, કે જેમ તે દરેક મુલકના છેક માહેલા ભાગ (inland regions) માં લાગવીજ જોઇએ. જુદા જુદા મુલકોમાં ફુકતા પવનોમાં ઉત્તર તરફનો પવન ઘણો ધિક્કાર પામ્યો છે. ઉત્તર તરફ આવેલા બરફના પહાડો ઉપરથી ફુકતા શીતળ પવનો તંદ-રૂસ્તીને નુકસાન કરતા હતા. વળી કેટલાક ભાગોમાં ઉત્તરે આવેલા વેરાન મુલકો તરફથી ગરમીની મોસ-મમાં ગરમ પવન ફુકતા હતા. એ કારણને લીધે ઉત્તર દિશાને ધિક્કારી કહાડી છે. ઉત્તર દિશાને ધિક્કારી દક્ષિણ દિશાને શ્રેષ્ઠ ગણવાનાં બીજાં પણ કુદરતી કારણો છે. આપણી પૃથ્વીના દક્ષિણ ગોલાર્ધમાં

ઉત્તર ગોલાર્ધ કરતાં પાણીનો મોટો ભાગ છે. એ કારણને લીધે દક્ષિણ બાજુથી ફુકતા પવન ઘણુંખરા દર્યા તરફથી હોવાને લીધે હમેશાં તંદરૂસ્તીને ફાયદો કરનારા છે. પાણી, તેની ખાશ ગરમી વધારે હોવાને લીધે, ગરમી અને થંડીનું ભંડાર થઇ પડે છે અને બેઉને સમધાત રાખે છે. વળી સૂર્યની અસર પણ તેની ચાલને લીધે ઉત્તર કરતાં દક્ષિણે વધારે છે. એ કારણને લીધે વંદીદાદની ત્રીજી પર્ગર્દની સેવટે કહે છે કે "દક્ષિણ દિશા તરફનો પવન વાતાવરણને સાફ કરે છે." એ પ્રમાણે ત્યારે ઇરાનના મુલકની પ્રાકૃતિક હાલતને લીધે અવસ્તામાં ઉત્તર તરફનો પવન ધિક્કાર પામ્યો અને દક્ષિણનો સ્તુતિ પામ્યો.

બાબ બીજો.

ઇરાનની તવારીખનાં સાધનો.

અસલી ઇરાનની તવારીખ ઘણાંક સાધનો ઉપરથી ઉપજાવી શકાય છે. એ સર્વ સાધનોના બે મુખ્ય વર્ગ થઇ શકે.

૧ ખુદ ઇરાની સાધનો.

૨ પારકાં યા નહિ-ઇરાની એવાં સાધનો.

૧ પેહેલાં યાને ઇરાની સાધનોમાં નીચલાં મુખ્ય છે.

(ક) અવસ્તામાં મળતા ઇતિહાસીક એશારાઓ.

(ખ) ખિલારોકી લખાણો.

(ગ) પેહેલવી પુસ્તકો.

(ઘ) આરબી પુસ્તકો.

(ઙ) ફારસી પુસ્તકો.

૧ ઈરાની સાધનો (ક) અવસ્તા—એ ઇરાની સાધનોમાં અવસ્તા આપણું પેહેલું ધ્યાન ખેંચે છે. એમાં આપણુને કોઇ ઇતિહાસીક સીલસીલાબંદ લખાણ મલતું નથી, પણ છુટા છવાયા ઇતિહાસીક ફકરાઓ અને એશારાઓ મલે છે. ઇરાનની તવારીખ માટે જો પેહેલવી, આરબી યા ફારસી સાધનો ન હતે, તો ફક્ત અવસ્તા ઉપરથી ઈરાંનની તવારીખના કોઇ સીલસીલાબંદ ભાગો ઉપજાવી શકાતે નહિ. ત્યારે ઇરાંનની તવારીખના સંબંધમાં અવસ્તા આપણુને જે મદદ કરે છે, તે આ છે કે, પાછળા વખતનાં પેહુલવી અને ફારસી પુસ્તકોમાં, અને મુખ્ય કરી શાહનામાં જેવાં ફારસી પુસ્તકોમાં, ઈરાનની જે અસલી તવારીખ આપણુને મલે છે, તેને તે કેટલીક બાબતમાં ટેકો આપે

છે. તે દેખાડે છે કે પાછળા લખનારાઓએ જે ઇતિહાસીક પુરૂષો માટે કેટલુંક કહ્યુ છે, તે કલ્પિત યા જોડી કહાડેલું નથી, પણ ખરૂં પુરાણું છે. અવસ્તાના એ ઇતિહાસીક એશારાઓ, પેહેલવી ફારસી પુસ્તકો વગર નહિ સમજ પડે એવા થઇ પડતે. એ એશારાઓ ઉપર પેહેલવી ફારસી લખાણોએ રોશની નાખી છે. વળી યાદ રાખવું કે, અવસ્તા, જે ઇતિહાસીક એશારાઓ પુરા પાડે છે, તે, અવસ્તા લખાયા તે જમાનાના અને તેની આગમચના જમાનાના છે, એટલે ત્યારે એ એશારાઓ ઇરાનની તવારીખનાં જે જુદાં જુદાં વંશો જણાયલાં છે, તે વંશોમાંનાં પેહેલાં બે વંશનાજ—પેશદાદીઅન અને કેઆંનીઅન વંશનાજ—છે.

(ખ) ખિલારેકી લખાણોમાં મલતી તવારીખ—અવસ્તા પછી ઇરાનનાં પુરાણાં ખિલારેકી લખાણો ઇરાનની આગળી તવારીખનું બીજું સાંધન યા મૂળ છે, અને તે અગત્યનું મૂળ છે. આપણે ઉપર કહ્યું તેમ, જ્યારે અવસ્તા આપણને પેશદાદીઅન અને કેઆનીઅન વંશોની તવારીખના કોઇક સફાઓ પુરા પાડે છે, ત્યારે ખિલારેકી લખાણો હખામનીઅન વંશની તવારીખના અગતના સફાઓ પુરા પાડે છે. ખિલારેકી લખાણોમાં, પહાડો ઉપર કોતરેલા લેખો અને વાસણ યા ચંબુ (vase) જેવી ચીજો ઉપર કોતરેલા લેખો, બેઉ સમાય છે. આ બેમાં પાહડો

ઉપર કોતરાયલા લેખો મુખ્ય કરી અગતના છે. ઇરાનના માહાત્મા પાદશાહ દારાયસનાં રાજ્યની ઘણી હકીકત તેણે બેહીસ્તુનના પાહડ ઉપર કોતરાવેલી જગપ્રસિદ્ધ તખ્તીઓ ઉપરથી મલે છે. જેમ અવસ્તાનાં ઇતિહાસીક લખાણ યા એશારાને બીજાં ઇરાની સાધનો, જેવાં કે પેહલવી ફારસી લખાણોથી ટેકો મલે છે, તેમ એ ખિલારેકી લખાણોને ટેકો આપવાને માટે કોઇ અગતનાં પહેલવી ફારસી લખાણો નથી. પણ એ ખિલારેકી લખાણોને આગલા યુનાની અને રૂમી લખનારાઓ, જેઓ 'કલાસીકલ' લખનારાઓને નામે જણાયલા છે, તેઓથી ટેકો મલે છે. જ્યારે ટેકો મલે છે એમ આપણે કહ્યે, ત્યારે આ બાબતના સંબંધમાં યાદ રાખવાનું છે, કે એ હખામનીઅન વંશના નામાંકિત પાદશાહોએ પોતાની કેટલાંક કીર્તિ યુનાન સામેની લડાઇઓમાં મેળવી હતી; તેથી યુનાનીઓ તેઓ માટે અને તેઓની જીંદગી, કામ, ધર્મ, રીતભાત, રાહરસમ, સંસાર વિગેરે માટે જે કહી ગયા છે, તે ઘણી સંભાળથી તપાસીને માન્ય કરવાનું છે. પોતાનો યુનાન દેશ, જેણે ઇરાની પાદશાહોને હાથે કેટલાક ફટકા ખમ્યા હતા, તે દેશ તરફના પ્રીતીએ, અને દુશ્મનોના દેશ તરીકે ઇરાંન સાંમેના કેટલાક અભાવે તેઓને ઇરાંન માટે કેટલુંક નહિ માનવા જોગ બોલતા અને કહેતા કર્યા છે.

(ગ) પેહલવી પુસ્તકોમાં મળતી તવારીખ—અવસ્તા અને ખિલારોકી લખાણુ પછી ઈરાનની પુરાણી તવારીખ માટે આપણે પેહેલવી સાહિત્ય તરફ જોવાનું છે, જે સાહિત્યએ ઇરાનની તવારીખને ઇતિહાસીક સામગીરી ૪ સાંધનો મારફતે પુરી પાડેલી છે.

ક તવારીખના સંબંધમાં અવસ્તાના કેટલાક એશારાઓ ઉપર પેહેલવી પુસ્તકોએ ઘણીક સુંદર રોશની નાખી છે. પણ તે ઉપરાંત તેઓએ તવારીખ સંબંધી પોતે કેટલુંક નવું કહ્યું છે. અલબતે કમનસીબે આપણે કોઇ પણ આખાં પહેલવી પુસ્તક તરફ આંગળી દેખાડી કહી શકતા નથી, કે આ પુસ્તક ઇરાનની પુરાંણી તવારીખનું છે; પણ બુનદેહેશ, દીનકર્દ, મીનોખેરદ, અયાદગારે જરીરાંન, શત્રોઇહા એ અઇરાંન, અફદીઅ વ સહીગીઅ એ સીસ્તાંન, અને કારનામે એ અર્દેશર બાબેગાન, જેવાં પુસ્તકો માટે આપણે કહીશું, કે તેઓમાં ધર્મ, સંસાર, વિદ્યા, ભૂગોલ વિગેરેની કેટલીક બાબતો સાથે તવારીખનુ કેટલુંક લખાંણુ ભેળાયલું મળે છે. વળી પેહેલવી સાહિત્યનો તે ભાગ, કે જે અવસ્તાના તરજુમાનો બનેલો છે, તેમાં પણ કેટલાક તવારીખરૂપી એશારાઓ, જે ખુદ અવસ્તામાં આવેલા છે તે, અને તે ઉપરાંત બીજા આવેલા છે.

ખ પણ ઈરાનની તવારીખ માટે સામગીરી

(materials) પુરાં પાડનારાં સાધન તરીકે, પેહેલવી સાહિત્ય તરફ નજર કરતાં, જે પુસ્તકો હાલ બચી રહેલાં હૈયાત છે, તેઓ તરફજ જોવાનું નથી, પણ જે કેટલાંક પુસ્તકો ગુમ થઇ ગયાં છે, તે તરફ પણ જોઈ તેઓને યાદ કરવાનાં છે. ફીરદોસીનું શાહનામું ફારસી ભાષામાં છે. પણ એ નામીચો સાએર એકથી વધુ જગ્યાએ પોતાનાં મૂળ તરીકે પેહેલવી પુસ્તકોને કબુલ રાખે છે. સાસાનીઅન શાહાનશાહતની પડતી સાથે જેમ અવસ્તાનું તેમ પેહેલવીનું ઘણુંક સાહિત્ય આરબોને હાથે નાશ પામ્યું હતું. જેમ મિસરનાં સીકંદ્રીઆનાં નામીચાં પુસ્તકખાનાનાં સાહિત્યએ તેમ ઈરાનનાં સાહિત્યએ પણ તેઓને હાથે મોટો ફટકો ખાધો હતો. એમ ઘણુંક નાશ પામવા છતાં, કેટલુંક એ શાહનશાહતની પડતી પછી, કેટલાંક વર્ષ સુધી બકાત રહ્યું હતું. દાખલા તરીકે, ફીરદોસી પોતાનાં શાહનામાના દિબાચામાં બાસ્તાનનામુ નામનાં તવારીખનાં એક પુસ્તક માટે બોલે છે, જે ઇરાનની આગળી તવારીખનું પુસ્તક હતું. તે પોતે પેહલવી જાણતો હતો અને તેથી તે કેટલીક જગ્યાએ પોતાની સાંમગીરીનાં મૂળ તરીકે પેહેલવી પુસ્તકનો એશારો કરે છે.

ગ વળી યજદજર્દની હાર પછી આરબોને હાથે જે સાહિત્ય નાશ પામ્યું, તે સાહિત્ય, જોકે પુસ્તકોમાં નાશ પામ્યું, તોપણ ઘણોક વખત બાપ-

દાદેથી ઉતરી આવેલી વાતો યા દંતકથા તરીકે ફીરદોસીના વખત સુધી ઉતરી આવ્યું હતું. ફીરદોસી વારે ઘડીએ એક યા બીજા 'દેહકાંન' માટે બોલે છે, કે તેણે તે દેહકાંન મારફતે કેટલીક હકીકત સાંભળી હતી. એ દેહકાંનો તે બાપદાદેથી સાંભળીને યાદ રાખનાર ઇરાનના કોઇ બુજોર્ગ પુરૂષો હતા. એ દંતકથાઓમાંથી કોઇકનું મૂળ પણ કોઇક નાશ પામેલું પેહેલવી સાહિત્ય હોય.

વળી ઇરાનનું એ પેહેલવી સાહિત્ય નાશ પામતાં પોતાની કેટલીક ઇતિહાસીક હકીકતો અને બીજી બાબતો આરબીમાં તરજુમાઓ મારફતે આરબોને આપતું ગયું હતું. કેટલાક આરબી લખનારાઓ એ તરજુમાઓને આભારી હતા. કેટલાક જાણીતા આરબ લખનારાઓ તો પોતે જાતે, યા બે ત્રણ પેહેડીએ, ઇરાની જરથોશ્તીઓ હતા. ત્યારે ઇરાનની તવારીખ ઉપર પેહેલવી સાહિત્યની ઉપયોગી અસર એ આરબી તરજુમાઓ મારફતે પણ હતી.

(ઘ) આરબી પુસ્તકો મારફતે મળતી તવારીખ—આપણે ઉપર જણાવ્યું તેમ, ઘણાંક પેહેલવી પુસ્તકોનો આરબીમાં તરજુમો થયો હતો. તેવાં પુસ્તકોમાં તવારીખનાં પણ હતાં. તેથી જ્યારે આરબોને હાથે કેટલાંક પેહેલવી પુસ્તકો નાશ પામ્યાં હતાં, ત્યારે

તે પેહેલવી પુસ્તકોમાં સમાયલી કોઇક બાબતો આરબીમાં જળવાઇ રહી હતી. એવાં સાંધનોને આધારે કેટલાક આરબ લખનારાઓએ ઈરાનની તવારીખ બાબે લખાણ કર્યું છે. એવા લખનારાઓમાં તબરી અને માસુદી જાણીતા છે.

વળી ઘણાક આરબો, આરબોએ ઈરાન જીત્યું તેની આગમચ, ઇરાનીઓના સંબંધમાં આવ્યા હતા. જેઓ ઇરાનીઓને ખંડણી આપતા હતા. ખાસ કરીને સાસાનીઅન જમાનામાં એમ હતું. ખુસ્રુ કોબાદ, જે તેને લગાડવામાં આવેલા 'અનુશેરવાંન'ના એલકાબ ઉપરથી 'નોશેરવાન' તરીકે, અને તેનાં અદલ ઈનસાફ ઉપરથી 'નોશેરવાન અદલ'[1] તરીકે જણાયલો છે, તેનાં રાજ્યના વખતમાં આરબોના સરદાર મનઝર (પશ્ચિમ ભણીના લખનારાઓ પ્રમાણે અલમોન્દર Almondar)ના આરબો ઇરાનીઓ સાથે વધારે સંબંધમાં આવ્યા હતા. નોશેરવાનની રોમનો સાથની લડાઈમાં એ આરબોનો કેટલોક હાથ હતો.

ત્યારે આરબોના ઇરાનીઓ સાથના એ સંબંધને લીધે પણ તેઓને ઇરાનની તવારીખના કોઇક સફા-

(૧) ઈરાન અને અરબસ્તાન વચ્ચે નોશેરવાન અદલની આગમચના સંબંધની બાબત માટે, જુઓ મારાં "શાહનામાનાં દાસ્તાનો, ભાગ બીજો" પાનાં ૯૧ થી ૯૪.

ઓની ખાશ માહીતી હતી. એ સબબે પણુ આરબ લખનારાઓને ઇરાનની તવારીખ બાબે કેટલીક હકીકત મળી હતી.

(૯) ફારસી પુસ્તકો મારફતે મલતી તવારીખ.— ઇરાનની તવારીખ પુરી પાડનારાં સાધનોમાં ફારસી લખનારાઓનાં પુસ્તકો છેલ્લાં આવેછે, પણુ તે ઓછી અગતનાં નથી. પુરાંણી ફારસી ભાષા પેહેલવીનાં બાલક સમાન હતી. તે ભાષામાં પેહેલવીનું કેટલુંક સાહિત્ય તરજુમો થઇ ઉતરી આવ્યું હતું. તે સાહિત્યમાં તવારીખનું પણુ સાહિત્ય હતું.

ઇરાની તવારીખનાં ફારસી સાહિત્ય[1]માં ફીરદોસીનું શાહનામું પેહેલી જગ્યા રોકે છે.

ફીરદોસીનું શાહનામું.—ફીરદોસીનું શાહનામું દુનિયાંની થોડીક જાણીતી વીરરસ કવિતાઓ (Epics) નાં પુસ્તકોમાંનું એક છે. યુનાનીઓમાં ઇલ્યદે અને હિંદુઓમાં માહાભારતે જેવી પ્રસિદ્ધતા મેળવી છે, તેવી ઇરાનીઓમાં શાહનામાએ મેળવી છે. વીરરસ કવિતાઓના બે પ્રકાર હોય છે. ૧ રાજ્યસંબંધી વીરરસ કવિતા, એટલે કે દેશના પાદશાહ પેહેલવાનો જેવા વીર અથવા પરાક્રમી પુરૂષો સંબંધી;

---

૧ ઇરાનનાં ફારસી વિગેરે સાહિત્ય માટે જુઓ, Brown's Literary History of Persia.

અને ૨ ધર્મસંબંધી. જ્યારે મીલ્ટનની "પેરેડાઇજ લોસ્ટ" પાછળા પ્રકારની વીરરસ કવિતા છે, ત્યારે ફીરદોસીનું શાહનામું પેહેલા પ્રકારની વીરરસ કવિતા છે. એક વીરરસ કવિતાને ફતેહમંદ બનાવવા માટે તેમાં ત્રણ મુખ્ય ગુણો હોવા જોઇએ. ૧. તે કવિતાની બાબદ એકજ હોવી જોઇએ. ૨. તે વાત મોટી અને માહાભારત હોવી જોઇએ. ૩. તે ધ્યાન ખેંચનારી અને ખુશી કરનારી હોવી જોઇએ. ફીરદોસીનું શાહ નામું એ ત્રણે ગુણ ધરાવે છે.

ઈરાનની આગલી તવારીખને લગતી હકીકતો એકઠી કરવા માટે ફીરદોસીની આગમચ થયલી કોશેશો.— કહે છે કે નોશેરવાંન આદેલે પેહેલવેહેલે કોશેશ કીધી હતી કે, તેની આગ-મચના સર્વ ઈરાની પાદશાહોની તવારીખની હકીકત એક પુસ્તકમાં એકઠી કરવામાં આવે. તેણે એ હકીકતો એકઠી કરાવી તેનું એક પુસ્તક બનાવી તે પાદશાહી કેતાબખાનામાં રાખ્યું હતું.

નોશેરવાન અદલ પછી યજદજર્દ શેહેરયારે દાને-શ્વર નામના એક ભણેલા પુરૂષને કયોમર્સથી ખુસ્રુ પર્વીજ સુધીના પાદશાહોની હકીકત તૈયાર કરવાનું કામ સોંપ્યું હતું. ફીરદોસી પોતાનાં શાહનામાની શરૂ-આતમાં દાનેશ્વરે તૈયાર કરેલાં પુસ્તક માટે બોલે છે.

દાનેશ્વરનું એ તવારીખનું પુસ્તક પેહેલવી જબાંનમાં હતું. ફીરદોસી પેહેલવી જબાંન જાણતો હતો, અને તેથી તેણે આ પુસ્તકનો ઉપયોગ કર્યો હતો. દાનેશ્વરનાં એ પુસ્તકનું નામ "ખુદાએ નામે" હતું. એ શબ્દનો અર્થ "દેશનાં વડાઓ યા માલેકો (એટલે પાદશાહો) નું પુસ્તક" એમ થાય છે. ફીરદોસીએ પોતાનાં પુસ્તકનું નામ "શાહનામે" એ નામ ઉપરથી લીધેલું દિસે છે.

ફીરદોસીને શાહાનામા માટે બાબતો પુરી પાડનાર "ખુદાએ નામે" નામનાં પુસ્તકની હકીકત. પશ્ચિમનાં મુલક કરતાં પુર્વમાં તેની વધું પિછાણ.—યજદજર્દ શેહેરયારે દાનેશ્વર પાસે તૈયાર કરાવેલું ખુદાએ નામાનું હસ્તલેખ પુસ્તક, ઇ. સ. ૬૪૧ માં જ્યારે એ પાદશાહની આરબોને હાથે હાર થઇ ત્યારે, તે પાદશાહની ઘણીક માલ-મીલકત સાથે તેની ઉપર ફતેહ મેળવનાર આરબ સરદાર સઅદ વકાસને હાથ ગયું. થોડા વખત બાદ, અબદલ્લા ઍબને અલમોકફ્ફા નામનો એક ભણેલો પુરૂષ, જે અસલ જરથોશ્તી હતો, પણ પાછળથી ઇસલાંની ધર્મમાં વટલ્યો હતો, અને જેને માટે કહે છે કે, કોઈ સબબે વટલવા છતાં તે બાતેનમાં જરથોશ્તી હતો, તેણે એ દાનેશ્વરવાળાં પેહેલવી પુસ્તકનો આરબીમાં તરજુમો કર્યો હતો. દાનેશ્વરનાં

પેહેલવી પુસ્તકનો તરજુમો કરેલાં એ આરબી પુસ્તકને "સઇઅર અલ મુલુક" એવું નામ આપવામાં આવ્યું હતું. ઇરાનની સલતનતનો પશ્ચિમ ભાગ, જ્યાં ખલીફાનું જોર અને દોર ઘણાં હતાં, ત્યાં અસલી ઇરાની પાદશાહોની તવારીખનાં એ પુસ્તકની કદર ઘણી થોડી બુજાતી હતી. પણ ઇરાની સલતનતના પૂર્વભાગમાં મામલો જુદા પ્રકારનો હતો. તેનો મુખ્ય સબબ આ કે, તે ભાગ ખલીફાની રાજધાનીથી દૂર હતો. ત્યાં અરબો મોટે ભાગે વસ્યા ન હતા. ત્યાં આરબ દોર ચાલતો હતો ખરો, પણ તે ઘણો પગભર ન હતો. જોકે લોકોના ઘણા ભાગે ઇસલામી ધર્મ અખત્યાર કર્યો હતો, તોપણ તેઓની લાગણી અને વિચાર આચાર સંપૂર્ણ રીતે ફેરવાયા હતા નહિ. ત્યાંના લોકો હજી ઇરાનની પુરાણી હકીકત ઉપર ફીદા હતા. તેથી તેવી હકીકતનું પુસ્તક તેઓની કદરશનાસી ખેંચતું હતું.

વળી અસલી ઇરાની પાદશાહોની હકીકતોની કદરશનાસી માટે એ પૂર્વભણાના મુલકોમાં બીજો પણ સબબ હતો. તે રાજદ્વારી કુનેહનો સબબ હતો. એ પૂર્વભણીના મુલકોમાં હાકેમો આસ્તે આસ્તે ખલીફની સત્તા દૂર કરી સ્વતંત્ર થવા માગતા હતા. એમ સ્વતંત્ર થવા માટેના માર્ગોમાંનો એક મુખ્ય માર્ગ પોતાની હકુમત હેઠળની પ્રજાનું દિલ જીતી લેવાનો હતો. એમ દિલ

જીતી લેવાના માર્ગોમાંનો એક માર્ગ આ હતો કે જે વિચારો, વચનો યા કાંમો માટે તે પ્રજા શોખ, લાભ, યા લાગણી ધરાવતી હોય, તે વિચારો, વચનો યા કાંમોને ઉત્તેજન આપવું કે તેથી લોકો ખુશી થાય. હવે, ઉપર જણાવ્યું તેમ, પૂર્વભણીના સીસતાંન તરફના મુલકોનાં લોકો, જોકે, મોટે ભાગે, દીને ઇસલાંમી બન્યા હતા, તોપણ તેઓની રગોમાં અસલી ઇરાની લોહી અને લાગણી દોડતાં હતાં. તે લાગણીને અટકાવા કાજે યા જુદું રૂપ આપવા કાજે, ખલીફનાં પાયતખ્તથી દૂર દેશના એ મુલકોમાં ચુસ્ત ઇસલાંમી જોર, દોર, જુમ યા ઝનુન, પશ્ચિમભણીના મુલકો જેટલા ન હતાં. તેથી લોકો હજુર અસલી જરથોશ્તી ઇરાનની હકીકતો માટે શોખ ધરાવતું હતું. તે શોખ પુરો પાડવા માટે તે તરફના હાકેમો એ હકીકતો એકઠી કરવાના કામને ઉત્તેજન આપતા.

ઉપર જણાવવા પ્રમાંણે પોતાની હકુમત હેથળની પ્રજાની લોકપ્રીયતા જીતી લેવા કાજે કોશેશ કરનાર પેહેલો પુરૂષ સીસ્તાંનનો હાકેમ યાકુબ એબને લૈસ હતો. તેણે ઇરાનથી દાનેશ્વરવાળાં પેહેલવી "ખુદાએ-નામા"ની નકલ મેળવી, તેનો ફારસીમાં તરજુમો કરાવ-વાનું કામ પોતાના વજીરને સોપ્યું હતું.

એ યાકુબના વંશના હાથમાંથી એ મુલકની હકુમત

ઈ. સ. ૯૦૭ માં સામાનીઅન વંશ, જે વંશ સાસાનીઅન વંશ સાથ કાંઇક સંબંધ ધરાવતું હતું, તેના હાથમાં ગઇ. તે વંશના અબુસલીહ મનસુર નામના પાદશાહે, ઈ. સ. ૯૬૦ માં, દકીકી નામનો સાએર, જે જરથોશ્તી હતો, તેને ઉપલા યાકુબ એબને લૈસવાળા ફારસી તરજુમાંને બેતોમાં રચવાનું કાંમ સોપયું. તેણે થોડુંક કામ કર્યું નહિ તેટલામાં એક ગોલામને હાથે તે માર્યો ગયો હતો.

કવિતામાં શાહનામું રચાવવાની માહમદ ગીઝનવીની કોશેશ.—હવે એ કાંમ કોઈ બીજા લાયક સાએરના હાથમાં મેલવામાં આવે તેટલામાં સામાનીઅન વંશનો છેડો આવ્યો, અને ગીજનવી વંશ હકુમત ઉપર આવ્યું. એ ગીજનવી વંશનો બીજો પાદશાહ હિંદુસ્તાન ઉપર હુમલો લાવનાર જાણીતો પાદશાહ મહમદ-ગીઝનવી હતો (ઈ. સ. ૯૯૭ થી ૧૦૩૦). તે એક ચુસ્ત ઇસલાંમી હતો. પણ તે ખલીફેથી તદન છુટો અને સ્વતંત્ર થવા માગતો હતો. તે સબબે, અને વળી તે પોતે સાહિત્યનો શોખીન હતો, તે સબબે, તેણે અસલી ઈરાંની પાદશાહોની હકીકતોનું કવિતામાં એક પુસ્તક રચાવવાનું કાંમ હાથમાં લેવા ધાર્યું. એ પાદશાહનો સાહિત્ય તરફનો શોખ જોતાં, તેની મેહેરબાની જીતવા માટેનો એક માર્ગ આ હતો, કે ઈરાંનની પુરાની હકીકતોનાં લખાણો તેને પુરાં પાડવાં. એ સબબે તેની

દરબારમાં એવી પુરાણી હકીકતો ઘણી એકઠી થવા પામી. એટલુંજ નહિ પણ બાપદાદેથી ખ્યાલ યા ગીતો-રૂપે ઉતરી આવેલી દંતકથા પ્રમાણે અસલી હકીકત જાણનારાઓ પણ તેની દરબારમાં તેવી હકીકત કહેવા ભેગા મળ્યા. આ સઘળી સામગ્રી તૈયાર હતી. ખોટી ફકત કોઈ લાયક સાએરની હતી. શાહની દરબારમાં કેટલાક કવિઓ હતા. તેઓમાંથી તેણે અનસરી નામના કવિને કવિતામાં શાહનામું રચવાનું કાંમ સોંપ્યું. પણ અનસરીએ ફુરસદ ન હોવાનું બાહાનું કાહાડી એ કામ ફીરદોસીને સોંપ્યું. એ જગપ્રસિદ્ધ સાએર ફીરદોસીની જીંદગીનું થોડુક જ્ઞાન આપણુ આગલ ચાલતાં મેળવીશું.

૨ ઇરાનની તવારીખ માટે પારકાં યાને ઇરાની નહિ એવાં સાધનો.—ઇરાની નહિ એવાં સાધનોમાં, મુખ્ય યુનાની અને રોમન લખનારાઓનાં લખાણો છે, જે લખનારાઓ સામાન્ય રીતે "ક્લાસીકલ લખનારાઓ" તરીકે જણાયલા છે. એઓમાંથી યુનાની લખનારાઓ ઇરાનનાં હખામનીઅન વંશની તવારીખની કેટલીક હકીકતો આપે છે, કે જેવી થોડીક હકીકત આપણુને ખિલારોકી તખ્તીઓ, સ્તંભો અને બીજી ચીજો ઉપરથી પણ મળે છે. રોમન લખનારાઓ જે હકીકત આપે છે તે ઘણી ખરી પાર્થીઅન યા અશકાનીઅન વંશના અને સાસાનીઅનવંશના જમા-

નાની છે. ઈરાનની તવારીખ લખનારા યુરોપિઅન ઓલમાઓએ યુનાની અને રોમન લખનારાઓને આધારે ઈરાનની કેટલીક તવારીખ ઉત્પન્ન કરી છે. એમ કરતાં તેઓએ મોટે ભાગે એ ક્લાસીક લખનારાઓની સર્વ હકીકત ઉપર ઘણો આધાર રાખ્યો છે. પણ એમ કરવામાં તેઓએ કેટલીક ભુલ કરેલી દિસે છે.

ક્લાસીકલ લખનારાઓની હકીકત બાબે રાખવી જોઇતી સાહુચેતી.—ક્લાસીકલ લખનારાઓ પૂર્વભણીની પ્રજાઓ સાથની પોતાની લડાઇઓ અને બીજી બાબતો વર્ણવતાં પશ્ચિમને પૂર્વઉપર સરસ દેખાડવાના વિચારથી કેટલીક સહુરાઘાત કરે છે. એ ક્લાસીકલ લખનારાઓમાં યુનાનીઓએ, ઇરાન સાથના યુનાનના સંબંધની બાબતમાં, એમ ઘણી સહુરાઘાત કરીને ઇરાનીઓને ઉતરતા દેખાડી દેશાભિમાનથી યુનાનને ઘણું ચહડતું દેખાડવાની કોશેશ કરી છે. તેઓએ યુનાન અને ઇરાન વચ્ચેની લડાઈઓનાં વર્ણનમાં, યુનાનની નાની જીતવાળી કોઈ મારામારી યા નાની લડાઇને મોટી લડાઈનું રૂપ આપ્યું છે. વળી તે લડાઈમાં યુનાનની સરસાઇ દેખાડવા તેનું લશ્કર નાનું અને ઇરાનનું મોટું દેખાડયું છે.

એવી સહુરાઘાતનો જાણીતો દાખલો "મેરેથોન" ની લડાઇનો છે કે જે લડાઇ સર એડવર્ડ ક્રેસીએ,

આગલા કલાસીકલ લખનારાઓને આધારે, દુનિયાની મોટી ૧૫ લડાઇઓમાંની એક ગણી છે.[૧]

લશ્કરની સંખ્યાની બાબતમાં પણ યુનાનીઓની મોટી સહુરાઘાત હતી.

બાબ ત્રીજો.

ઇરાનની તવારીખનું કાળચક્ર.

વખતના ભાગો.

વખતના સંબંધમાં આપણાં પુસ્તકોમાં ત્રણ ભાગો જોઇએ છિએ.

૧. બીકિનારે જમાનો (જર્વાને અકરેન), એટલે હદ વિનાનો જમાનો યા વખત, જેની શરૂઆત યા છેડો નહિ. વિદ્યાશાસ્ત્રીઓ જેને "અનંતકાળ" (Infinite time) કહે છે, તે આવો વખત છે.

૨. હદવાળો (જર્વાને દરેઘો ખધાત), એટલે તે જમાનો યા વખત, જેની હદ બાંધી શકાય. દાખલા

---

૧ મેરેથોની જંગ ભૂમીની મારી મોલાકાત બાબે જુઓ મારૂં પુસ્તક "જ્ઞાન પ્રસારક વિષયો" (ભાગ પેહેલો), પાનાં ૨૨૨ થી ૨૮૨.

તરીકે, જે વખતે આપણું સૂર્યમંડળ બન્યું તેની શરૂઆતના વખતનો આપણે થોડોક વિચાર કરી શકયે, તેમજ તેનો અંત આવે તેનો આપણે વિચાર કરી શકયે. વિદ્યાશાસ્ત્રીઓ પ્રગટિકરણના નિયમ મુજબ આ મંડળ કેમ પ્રગટ થતું ગયું તે સમજાવે છે. ત્યારે એ વખત તે હદવાળો જમાનો યા હદવાળો વખત છે. એ પ્રગટિકરણનો, અને ખાસ કરી તેના એક ભાગનો, મુખ્ય કરી અહુરમજ્દને હાથ થયલાં આપણી દુન્યાના પ્રગટિકરણ યા પેદાયશ (બુનદેહેશ) નો એહેવાલ આપણા પુસ્તકો આપે છે. આપણું સૂર્યમંડળ અહુરમજદને હાથે હસ્તીમાં આવ્યું, તેની આગમચના એવા હદવાળા જમાનાની પેદાયશનો આપણા અવસ્તામાં એશારો છે. વીસ્પરદમાં તે જમાનાની પેદાયશને યાદ કરી છે. ત્યાં તેને આસ્માન, પાણી, જમીન, ઝાડપાન, અને જાનદાર પેદાયશની આગમચ પેદા થયલી (પઓઈર્યોદાત) અને આગમચ બનેલી (પઓઇર્યો ક્રથ્વર્શ્ત) પેદાયશ જણાવી છે.[1]

૩. એ હદવાળા જમાનાના વિભાગો, કાળચક્રો એટલે દોરો (cycles) તરીકે જણાયલા છે. એવું એક હાલનું ચાલુ કાળચક્ર આપણામાં, અવસ્તા પ્રમાણે[2],

---

૧ વીસ્પરદ કર્દો ૭, ફ. ૪.

૨ હચ ગયાત્ મરેથ્નત્ આ સઓષ્યન્તાત્ વેરેથ્રઘ્નત્. (યજશ્ને હા, ૨૬ (સતુમનો કર્દો), ફ. ૧૦; ફર્વર્દીન યશ્ત ફ ૧૪૫).

"ગયમરેથ્રથી સોશ્યોસ" સુધીનું, અથવા પેહેલવી, પાજન્દ[1], ફારસી પુસ્તકો પ્રમાણે, "ગયોમર્દથી સોશ્યોસ" સુધીનું જણાયલું છે. ગયોમર્દની આગમચ દર ત્રણ ત્રણ હજારનાં બે ગાળા (એટલે કુલે છ હજાર વર્ષનો કાળ) જણાવ્યા છે.

પેહેલવી, પાજન્દ અને ફારસી પુસ્તકોમાં આ ચાલુ કાળચક્રના પણ વિભાગો કર્યા છે. દાખલા તરીકે, બુનદેહેશમાં[2] એ વિભાગોને હજારાઓ (Milleniums) તરીકે જણાવ્યા છે. ગયોમર્દથી એવો એક હજારો શરૂ થયો હતો. જોહાકથી બીજો શરૂ થયો હતો. ફરેદુને ત્રીજો શરૂ કર્યો હતો.

હાલના કાળચક્રનો પેહેલો આદમ.—હાલના કાળચક્રમાં પેહેલો પુરૂષ ગયમરેથ્ર ગણાયો છે. એ નામનો અર્થ "મોતને પાત્ર જીંદગી" એવો થાય છે. એ ગયમરેથ્નને આપણે આ દુનિયામાં પેહેલવેહેલો આદમી (Adam) ગણ્યે, કે પેહેલવેહેલા આદમીઓમાં પેહેલવેહેલો ભલો યા સરસ જ્ઞાની આદમી ગણ્યે, તે એક સવાલ છે. બુનદેહેશ[3] અને બીજાં પેહેલવી પુસ્તકો પ્રમાણે, એ પેહેલવેહેલો

---

૧. અજ ગયોમર્દ અંદા સોશ્યોસ (આફ્રીનગાનનો દિબાચો; સતુમના કર્દા સાથનું પાઝંદ ભણતર).

૨ બાબ ૩૪. ૩ બાબ ૩, ૬ ૧૨ થી ૧૪.

આદમી દિસે છે. પણ અવસ્તા પ્રમાણે એને પેહેલો આદમી લેવો કે આદમીઓમાં પેહેલો ભલો આદમી લેવો એ સવાલ છે.

ફ્ર્વર્દીન[1] યશ્ત પ્રમાણે, આ ચાલુ કાળચક્રનો પેહેલો ભલો મર્દ, જેણે અહુરમજદની શિખામનો સાંભળી અને જેનાથી ઇરાનીઓની બુનિયાદ અને ઓલાદ શરૂ થઇ, તે ગયમરેથ્ન હતો. એ ગયમરેથ્ન નામ પેહેલવી, પાજન્દ અને ફારસીમાં ગયોમર્દ બન્યું છે. અવસ્તાના બીજા ફકરાઓ[2] પ્રમાણે પણ એ કાળચક્રમાં પેહેલો અશો મર્દ ગયમરેથ્ન હતો અને છેલ્લે આવનાર ભલો પુરૂષ સોશ્યન્ત (સોશ્યોસ) નામનો છે. યાદ રાખવું જોઇએ કે એ ઉપરથી એમ ખુલ્લું દિસતું નથી કે ગયમરેથ્ન તે પેહેલવેહેલો આદમી (Adam) હતો અને સોશ્યોંત (સોશ્યોસ) તે છેલ્લો આદમી થાશે; એટલે કે એમ સમજવું નહિ, કે ગયમરેથ્નના વખતમાં દુનિયામાં બીજા કોઇ આદમીની વસ્તી હતી નહિ અને સોશ્યોસના વખતમાં કોઇ બીજાં માણસો રહેશે નહિ, અને તે એકલોજ રહેશે. જે સંભવીત દિસે છે તે આ કે ગયમરેથ્ન યા ગયોમર્દના વખતમાં બીજા આદમીઓ હતા. આસ્માન પાણી, જમીન,

---

૧ ફર્વર્દીન યશ્ત, ફ. ૮૭.

૨ યજશ્ને, હા. ૨૬, ફ. ૧૦; ફર્વર્દીન યશ્ત ફ. ૧૪૫.

ઝાડપાન, જાનવર, એ મુજબ, એક પછી એક અહુર-મજદને હાથે પેદાયશો પ્રગટ થવા પછી, છેલ્લે તબક્કે, તેજ સર્વ શક્તિવાન હાથે માણુસજાતની પેદાયશ થઇ. તે અસલી (primitive) માણુસ જાતમાં, ગયમરેથન યા ગયોમર્દ પેહેલો પુરૂષ હતો કે જેણે અહુરમજદના હોકમો સાંભળ્યા અને જે, જેને આપણે માણુસ-જાતની શરૂઆતના જંગલી સમાન જમાના પછી સુધરતો જમાનો કહ્યે, તે જમાનાનો જાણે પાયો નાખનાર હતો.

અવસ્તા પછી પેહેલવી પુસ્તકોઉપર આવતાં આ વધારે ચોકસ દિસે છે કે ગયોમર્દ પેહેલવેહેલા આદમ તરીકે ગણાયો છે. બુનદેહેશમાં એના મોંહમાં આ શબ્દો મેલ્યા છે: "મારી તોખમથી સર્વ માણુસો પેદા થશે. તેઓ માટે આ ચીજ ભલી (છે) કે તેઓ (ભલાં) કામ અને સવાબ કરે."[1] આં શબ્દો ખુલ્લી રીતે ગયોમર્દને પેહેલા આદમ તરીકે જણાવે છે. વળી આ પુસ્તકમાં "માણુસની પ્રકૃતી[2]," એવે નામે જે એક પ્રકરણ છે, તે પણ ગયોમર્દને પેહેલો

---

૧ "મર્દુમ હમાહ મિન તોખ્મે એ હો યેહવ્નન્દ વ મન્દ-વમિ દેન્મન શપીર અમત કાર વ કેર્ફે વાદુનન્દ" (બાબ ૩, ફ. ૨૩; મારી બુનદેહેશ, પાનું ૧૮.)

૨ "મદમ ચેગુનીઅ એ મર્દુમાન" બાબ ૧૫,

આદમી ગણે છે. એ પુસ્તકનાં એ પ્રકરણ પ્રમાણે, એ અયોમર્દથી કોઇરીતે મશી અને મશયાનનું પેહેલ-વેહેલું નર અને નારીનું જોડકું પ્રગટી નીકળ્યું.

બાબ ચોથો.

પુરાણોક્ત ઇતિહાસ.

ઇરાનની જણાયલી પુરાણી તવારીખ આગમચનો વખત.—દરેક દેશનો આગળો ઇતિહાસ તપાસતાં તવારીખનવેશો જણાયલી તવારીખની આગમચના (prehistorical) જમાનાના એક ચોકસ વખત ઉપર આવે છે, કે જેને તેઓ પુરાણોક્ત (mythological) જમાનો કહે છે. એવા જમાનાની કોઇ નોધો યા હકીકતો, નહિ માનવાજોગ યા ખોટી નહિ ધારવી જોઇએ. અલબતે બાપદાદેથી ઉતરી આવેલી હકીકતો, જ્યારે પેહેલે તે દેશના કોઇ લખાણમાં નોધાઇ હોય ત્યારે, તે એમ ઉતરી આવતાં હેરફેર થાઇ હોય. પણ તે છતાં તેઓને તળિયેની કોઇક બાબતો તે દેશની આગળી હકીક્ત ઉપર, તે દેશના ધર્મ, રેવાજ વિગેરે ઉપર, રોશની નાખે છે. જેમ સર્વ દેશોની તવારીખમાં હોય છે તેમ ઇરાનની તવારીખમાં પણ એમ છે.

ઇરાન ઉપર હકુમત કરી ગયલાં મુખ્ય વંશો—તવારીખનવેશો પ્રમાણે અસલી ઇરાનમાં જે જુદાં જુદાં વંશો રાજ્ય કરી ગયાં છે તેમાં નીચલાં મુખ્ય છે.—

૧. પેશદાદીઅન.
૨. કેઆંનીઅન.
૩. હુખામીનીઅન.
૪. અસકાંનીઅન.
૫. સાસાનીઅન.

એ વંશોની વચ્ચે, અને એ વંશોના કોઇકિ પાદશાહોના અમલોની વચ્ચે, કેટલાક અરસાઓમાં કોઇક જુદા વંશો પણ થોડોઘણો વખત અમલ કરી ગયાં છે. પણ તે વંશોની હકુમતની, યા તો પુરતી હકીકત જાલવાઇ રહી નથી, યા તો તે હકુમત થોડા વખતની હતી. દાખલા તરીકે, પેશદાદીઅન વંશના પાદશાહોની હકુમત વચ્ચે, જોહાક જેવા એક પારકા પાદશાહના વંશનો અમલ થયો હતો, જેની પુરતી વિગત જલવાઇ રહી નથી. પશ્ચિમ ભણીના લખનારાઓ પ્રમાણે, એસીરીઅનો, બબીલોનીઅનો મીડીઅનો વિગેરેની થોડી ઘણી, અને નાના મોટા અરસાઓની, હકુમત ઇરાનઉપર થઇ હતી. તેઓના કોઇક સનેઓ એ લખનારાઓ આપે છે, પણ ઇરા-

નની પુરાણી તવારીખનાં ઉપલાં પેહેલાં બે વંશોના ક્યાં વચ્ચે, યા ક્યાંની અંદર યા પાછળ, તેઓના અમલને મેળવા, એ ચોક્કસ નથી. વળી પેહેલવી દીનકર્દને[1] આધારે આવાંયરત[2]વાળા હુવાફ્રીદ નામના એક પુરૂષના વંશનું રાજ્ય ઇરાન ઉપર થાયલું ગણાયું છે.[3] પણ તે પણ ઉપલાં વંશોના સંબંધમાં ક્યાં મેલવું તે ચોકકસ નથી. વળી હુખામનીઅન વંશના અમલ પછી યુનાની સીકંદરનો અને તેના સરદારોનો યુનાની અમલ થયો હતો, પણ તે થોડા વખતનો હતો.

હવે ઉપલા વંશોમાંથી પેહેલા બે વંશો-પેશદાદીઅન અને કેઆનીઅન-પુરાણોક્ત ઇતિહાસના વંશો કહેવાય. એઓની હકીકત માટે આપણી પાસે અલબતે અવસ્તાનાં કેટલાંક લખાણોનો ટેકો છે. પણ તે છુટા છુટા ભાગો છે. અવસ્તામાં તેઓ માટે એક તવારીખનાં પુસ્તક માફક સીલસીલાબંધ લખાણ નથી. ઇરાન દેશની તવારીખનાં એ બે વંશોને પુરાણોક્ત ઇતિહાસના વર્ગમાં મેલનારો મુખ્ય સબબ તે વંશના પાદશાહોના રાજયનાં વર્ષો છે, જે કોઇક પાદશાહના

---

૧ દસ્તુર પેશોતનજીની દીનકર્દ વા. ૬, પા. ૩૪૪.

૨ ફ. ૧૩૦.

૩ જુઓ એ. શેહરયારજી દા. ભરૂચાનો સર ज. જી. જ. મદ્રેસાના જ્યુબીલી વૉલ્યુમમાં વિષય, પાના. ૨૨૩-૨૫.

સંબંધમાં ૭૦૦ યા ૧૦૦૦ જણાવ્યાં છે. દાખલા તરીકે, જમશેદનું રાજ્ય ૭૦૦ વર્ષનું, જોહાકનું ૧૦૦૦ અને ફરેદુનનું ૫૦૦ વર્ષનું જણાવ્યું છે. ફીર્દોસી એ પાદશાહોની જે ઓલાદ જણાવે છે તે વચ્ચે, અને બુનદેહેશ અને બીજાં પેહેલવી પુસ્તકો જે ઓલાદ જણાવે છે તે વચ્ચે, કેટલોક ફરક છે. બુનદેહેશ વિગેરેનાં નામો આ દેખાડે છે કે, ઉપર જણાવેલી ૫૦૦ થી ૭૦૦ યા ૧૦૦૦ વર્ષની મુદત કોઇ ચોકસ એક પાદશાહની નહિ પણ તેઓનાં વંશોની છે. જેમ ઇજીપ્ટની તવારીખ માટે બોલતાં કોઇ ફેરોઓ (The Pharoahs) માટે બોલે, યા ફ્રાંસની હાલની તવારીખ માટે બોલતાં નેપોલીઅનો (The Napoleons) માટે બોલે, તેમ, આપણે ઉપલા ઇરાની પાદશાહો માટે જે કહેવાયું હોય, તે મોટે ભાગે તેઓનાં વંશો માટે–જમશેદો, જોહાકો અને ફરેદુનો માટે–સમજવું. પણ ફીર્દોસી જેવા લખનારે એ પાદશાહોનાં દાસ્તાનોમાં જે હકીકતો આપી છે, તે કેઠ કેઠે એવી તો ગુંચવી નાખી છે, કે કોઇક વાજબી રીતે તકરાર કરી શકે, કે રાજ્યોની મુદતની ઉપલી સંખ્યાઓ તે જુદા જુદાં વંશોની સંખ્યા લેવાય નહિ. દાખલા તરીકે, શાહ જમશેદનો દાખલો લેઓ. એ પાદશાહ માટે કહે છે કે, તે ઘણો ભલો પાદશાહ હતો. પણ તેણે મગરૂરી કીધી, તેથી એક પારકા મુલકના પાદ-

શાહુ જોહાકને હાથે તેની પડતી આવી. એ જમશેદની ભલાઈ અને તેનાં વંશના કોઈ પાછળા બીજા જમશેદની મગરૂરી, એ બેને એક શખ્સમાં જોડી નાખવાથી કોઇથી એમ વાજબી રીતે તકરાર લેવાય, કે "ભલો જમશેદ અને મગરૂર જમશેદ, એ એકનો એક જમશેદ હોવો જોઇએ, અને તેથી જમશેદનાં ૭૦૦ વર્ષની મુદત તે તેનાં વંશની કેમ લેવાય?" ખુદ અવસ્તાના લખાણુમાં પણુ કેહે એમ જમશેદ જેવા શાહની ભલાઇ અને તેની જુઠાઇ યા મગરૂરી એકજ શખ્સની હોય તેમ સપાટી ઉપરથી દિસે છે. પણ વધારે ધ્યાનથી તપાસ કરતાં તેમ દિસતું નથી, અને માનવાને કારણુ મલે છે, કે જે વાકયઓ અથવા ફકરાઓમાં જમશેદની જુઠાઈ યા મગરૂરીના છુટા એશારાઓ છે, તે પાછળા જમાનામાં દાખલ કરેલા વાકયો (interpolations) છે. પાછળા જમાનામાં લાંબા અરસા બાદ, જ્યારે આખાં વંશોની ખરી હકીકત ભુલાઇ જઇ એમ માનવામાં આવ્યું કે ભલાઇ કરનાર અને ભુંડાઇ કરનાર ધણીઓ એકજ છે, ત્યારે પાછળા કોઇક ધણીઓએ, પેહેલાની ભલાઇ અને પાછળાની ભુંડાઇ એકજ ધણીમાં જોડવા માટે પાછળાની ભુંડાઇનાં એશારો કરનારા ફકરાઓ પેહેલા ધણીની હકીકતમાં દાખલ કર્યા હોય.

એમ એક આખા વંશની હકીકત એકજ પુરૂષ

સાથે જોડાવાથી ઉત્પન્ન થતી અજબ ગુચવણનો બીજો દાખલો જોહાક અને ફરેદુનના સંબંધનો લેઓ. જમશેદ જોહાકને હાથ પકડાયો, ત્યારે ફીર્દોસી પ્રમાણે જમશેદની બે બેનો જોહાકને હાથ બંદ પડી હતી. જમશેદ પોતાના બાપના મરણ બાદ ગાદી ઉપર આવ્યો હતો અને તેણે ૭૦૦ વર્ષ રાજ્ય કર્યું હતું, તેથી કુદરતી રીતે જમશેદનાં મરણની વેળાએ તેની બેઉ બેનોની ઉમર ઓછામાં ઓછી ૭૦૦ વર્ષની હોવી જોઇએ. હવે જોહાક, જેને હાથ તેઓ બંદ પડી હતી, અને જેણે ૧૦૦૦ વર્ષ રાજ કર્યું હતું, તેના મરણની વેળાએ તેઓ હૈયાત હતી. ત્યારે તે વેળાએ તેઓની ઉમર ઓછામાં ઓછી ૧૭૦૦ વર્ષની હોવી જોઇએ. હવે ફીર્દોસીનું લખાણ તેના શબ્દે શબ્દોમાં માન્યે તો, વધારે અજબ જેવું આ છે, કે તેનાં કહેવા પ્રમાણે, નવજવાન ફરેદુન જમશેદની એ બે બેનો સાથે પરણ્યો અને તેઓને પેટે એને ત્યાં ત્રણ બેટાઓ અવતર્યા. એટલે કે ૨૦ યા ૨૫ વર્ષનો એક નવજવાન આસરે ૧૭૦૦ વર્ષની ઉમ્મરની બાયડીઓ સાથે પરણ્યો અને તેઓને પેટે વળી તેને ફરજંદો થયાં !

આ સર્વ તપાસ દેખાડે છે કે આપણે ઇરાનના પુરાણોક્ત ઇતિહાસને લગતા એ પાદશાહોની હકીકતના સંબંધમાં એજ અનુમાન ઉપર આવ્યે, કે

તેઓનાં રાજ્યનાં વર્ષો, તે તેઓનાં વંશોનાં વર્ષો છે, અને તે વંશોના સ્થાપકની જીંદગીના બનાવોને તે વંશોના સમાપ્તી લાવનારા પુરૂષોની જીંદગીના બનાવો સાથે જોડી નાખવામાં આવ્યા છે.

કદાચ કોઇ કહે કે ત્યારે આપણને એ પુરાણોક્ત તવારીખ જાણવાની શી અગત છે? પણ આપણે યાદ રાખવું જોઇએ, કે એ પુરાણોક્ત ઇતિહાસમાં કેટલાક બનાવો તવારીખની હદની નિશાનો (landmarks) જેવા હોય છે અને તેઓ કોઇ તવારીખી બનાવો ઉપર રચાયા છે. તેઓને તળીએ કેટલીક તવારીખી સચ્ચાઇઓ છે, માટે તે જાણવા જરૂરના છે અને તે જાણી ખરી હકીકત સમજવાની જરૂર છે.

બીજું, આવી બાબતનાં સંબંધમાં યાદ રાખવાની જરૂર છે કે, એક લખનાર કહે છે તેમ, તવારીખ એક રીતે ખુદાનું ધર્મશાસ્ત્ર છે.[1] તવારીખનો અભ્યાસ કરતાં ફલાના પાદશાહે ફલાની લડાઇ કરી અને આટલાં વર્ષ રાજ કર્યું, એમ ફક્ત જ્ઞાન મેળવવાની આપણી મતલબ નથી, પણ તે ઉપરથી, જેમ ધર્મશાસ્ત્રમાંથી મેળવ્યે તેમ, ધડો મેળવવાની મતલબ છે. માટે એવી પુરાણોક્ત તવારીખ, જે ઇરાનની સામટી

---

1 History is the civil theology of God

તવારીખ માટે કોઇક હદ યા સીમાની નિશાનીઓ દેખાડે છે, તે જાણવાની, અને તેમાંથી દલેરી, હિમ્મત, સાચવટ, નેકી, દેશહિતકારીપણું, બિનસ્વાર્થીપણું, વિગેરેના બોધો લેવાની જરૂર છે.

ઇરાનનો પુરાણો ઇતિહાસ આપણી હજુર રજુ કરનાર મુખ્ય પુસ્તક ફીરદોસીનું શાહનામું છે. આપણે આ ઇતિહાસ અવસ્તા પેહેલવી અને ફારસી પુસ્તકોને આધારે મુખ્ય કરી તપાસીશું. પણ આપણને તેમ કરવામાં મુખ્ય મદદ ફીર્દોસીની લેવાની છે. ઘણીક બાબતો (materials) પુરી પાડનાર સાંધન પણ ફીર્દોસીનું શાહનામુંજ છે. માટે આપણે આપણી બાબતમાં દાખલ થઇયે તે આગમચ ફીર્દોસી અને તેનાં શાહનામાની થોડીક હકીકત અત્રે રજુ કરીશું.

ઇરાનની પુરાણી તવારીખ લખનાર ફીર્દોસી તુસી અને તેનું શાહનામું. ફીર્દોસીની જીન્દગીનો અહેવાલ.

ફીર્દોસીનું ખરૂં નામ અબુલ કાસીમ મનસુર હતું. કોઇ લખનાર એનું અસલ નામ હસન તરીકે આપે છે. ફીર્દોસીનાં નામની ઉતપત્તિ બાબે કેટલીક વાતો કહેવાઇ છે. એક આ, કે જ્યારે તે શાહ મહમુદ ગીજનવીની દરબારમાં આવ્યો અને ત્યાં સુંદર બેતો

જોડવા લાગ્યો, ત્યારે એક વખ્ત પાદશાહે ખુશ થઇ તેને કહ્યું કે "તેં મારી દરબારને ફીર્દોસ (એટલે બેહશ્ત) જેવી રોશન બનાવી છે." તે ઉપરથી એને એ નામ મલ્યું. બીજી વાત આ, કે એના બાપનો "ફીર્દોસ" એટલે બેહેશ્ત નામનો બાગ હતો. કોઇ કહે છે કે એ બાગ એના બાપનો પોતાનો નહિ હતો પણ સુરી બીન મઆસ નામના ધણીનો હતો. તે રીજન નામના ગામમાં હતો, અને એનો બાપ તે બાગનો બાગબાંન હતો. એ ફીર્દોસ નામના બાગ ઉપરથી એણે ફીર્દોસી નામ અખત્યાર કર્યું. એના બાપનું નામ ફક્રૂદીન આહમેદ હતું. એના બપાવાનું નામ ફર્રખોલ ફીર્દોસી હતું. કદાચ પોતાના બપાવાનાં નામ ઉપરથી એણે ફીર્દોસી નામ લીધું હોય. દોલતશાહ નામનો લખનાર એના બાપનું નામ ઈશાક શેરીફ શાહ તરીકે આપે છે.

એને ફીર્દોસી **તુસી** કહે છે સબબ કે એ ખોરાસાંનના મુલકમાં આવેલાં તુસ નામનાં શેહેરમાં જન્મ પામ્યો હતો.

ફીર્દોસીનો જન્મ આશરે ઈ. સ. ૯૪૧ માં થયો હતો. પોતાનાં ગામમાં પોતાનાં ઘર આગળથી પસાર થતી એક નેહર, જે તેનાં તુસ શેહરની તુસ નામની નદીમાંથી નિકળતી હતી, તેના કિનારા ઉપર

બેસી તેનાં વેહતાં પાણીને નેહાલવામાં તે ગમત લેતો હતો. તુસની નાની નદીમાં ઝાડીનાં કાંટા વિગેરે નાખી એક કાચો બંદ બાંધવામાં આવતો, જેથી નદીનું પાણી ત્યાં અટકી તેનાં ઘર આગળથી પસાર થતી નેહરમાં વેહેતું હતું. જ્યારે પાણીનાં જોરથી કોઇ વેળા તે કાચ્ચો બંદ ઘસડાઈ જતો, ત્યારે આ બાલક કવિની મોજમાં ખલલ થતી હતી. તે ઉપરથી તેણે બચ્ચીમાં મનમાં મજબુત વિચાર બાંધ્યો હતો કે મોટો થઈ પૈસા પેદા કરી તે નદીઉપર પાક્કો બંધ બંધાવવો.

તેને બચ્ચીથી વાંચણનો ઘણો શોખ હતો અને ૨૬) વર્ષની ઉમ્મર થતાં તેણે, પોતાની ફારસી ભાષા ઉપરાંત, અરબી અને પેહેલવીનો સારો અભ્યાસ કર્યો હતો. તે પોતાની ૨૮ મા વર્ષની ઉમ્મર આગમચ પરણ્યો હતો, પણ કેઇ ઉમ્મરે તે ચોકસ દિસતું નથી. એ ઉમ્મરે તેને ત્યાં એક બેટાનું ફરજંદ થયું હતું. નાની વયથીજ તેણે અસલી પાદશાહ પેહેલવાંનોની હકીકત કવિતામાં લખવાની શરૂઆત કીધી હતી. પણ જ્યારે દકીકી નામનો કવિ, શાહ ગુશ્તાસ્પનું દાસ્તાંન, જે તેણે એક પાદશાહની ફર્માશથી શાહનામાંના એક ભાગ તરીકે લખવા માંડયું હતું, તે લખતાં લખતાં મરણ પામ્યો, ત્યારે તેનાં મનમાં એ કામ નિયમીત હાથ ધરવાની ઇચ્છા થઇ. મોહમેદ લશ્કરી નામના તેના એક મિત્રએ, આગળા

પાદશાહોની હકીકતની એક ચોપડી, જે ઉપરથી દકીકી એતો લખતો હતો, તેની પોતા પાસેની એક નકલ તેને આપી, કે તે પોતાની ઇચ્છા પાર પાડી તે દાસ્તાંન લખે. એ નકલ તે ઉપર જણાવેલાં "ખોદાએનામા" ની નકલ હતી.

પોતાની ૩૬) વર્ષની ઉમ્મરે, એટલે આશરે ઇ. સ. ૯૭૭ માં, તેણે શાહનામાનાં દાસ્તાનો લખવાનું શરૂ કર્યું હતું. પેહેલું દાસ્તાન તેણે જોહાક અને ફરેદુનનું લખ્યું હતું, જે સાંભળી તેનાં શેહેરનો હાકેમ અબુ મનસુર ઘણો ખુશી થયો હતો. તે પોતાની ૫૮ માં વર્ષની ઉમ્મરે એટલે ઇ. સ. ૯૯૯ માં ગીઝની ખાતે શાહ મહમુદ ગીઝનવીની દરબારમાં ગયો હતો. ત્યાં જવાના કેટલાક સબબો જણાવવામાં આવે છે. એક આ, કે મહમુદ ગીઝનવીએ તેના સાએરી લખાંણની તારીફ સાંભળી હતી, તેથી તેણે તેને પોતાની દરબારમાં તેડાવ્યો હતો. કોઇ લખનાર સબબ તરીકે જણાવે છે કે, પોતાનાં ગાંમના હાકેમ સાંમે ફર્યાદ કરવા તે પેહેલે શાહની દરબારમાં ગયો હતો. વળી કોઈ કહે છે કે તે પોતે ખુશીથી શાહ મહમુદ ગીઝનવી, જે સાહિત્યનો અને સાએરીનો મુરબ્બી હતો, તેની દરબારમાં ગયો હતો.

પોતાનાં તુસ શેહેરથી ગીઝની જતાં માર્ગમાં તે કેટલોક વખત હેરાતમાં રહ્યો હતો. એમ ખોતી

થવાનો સબબ આ જણાવવામાં આવે છે, કે ગીઝનીની દરબારના કોઇક સાએરો, તેના આવવાની વાત તેઓને જણાવાથી, તેની અદેખાઈ કરવા લાગા હતા. તેથી તેઓએ માર્ગમાંથીજ તે પાછો ફરે એમ કોઇ યુક્તિ રચવા માંડી હતી. તે યુક્તિના પરિણામમાં તેને હેરાતમાં થોભવું પડયું હતું. પણ તેઓની યુક્તિ ફાવી નહિ અને સેવટે તે ગીજની ગયો. કહે છે કે ફીર્દોસીએ રૂસ્તમ અને અસફન્દ્યારનું જે દાસ્તાંન લખ્યું હતું, તે તેણે એક મિત્ર મારફતે શાહ ઉપર મોકલ્યું. શાહને તે પસંદ પડયું અને તેણે તેને દરબારમાં તેડાવ્યો. શાહ તેની મોલાકાતથી અને કાબેલિઅતથી ખુશી થાયો, અને તેને "સઈર અલ મુલક" નામનાં પુસ્તકને આધારે આગળા પાદશાહોની હકીકતોનું શાહનામું લખવાનું કામ સોંપ્યું. તેણે તેને પોતાના મેહેલાંજ એ કામ કરવા કાજે સર્વ સામગ્રી સાથે એક જુદી જગ્યા સોંપી.

જેમ ફીર્દોસી દાસ્તાંનો લખતો જતો હતો તેમ તે શાહની દરબારમાં વાંચતો જતો હતો અને શાહ તેથી ખુશી થતો હતો. શાહે તેને દર બેતે એક સોનાનો મિસ્કાલ[1] આપવા ઠેરવ્યું. શાહનો વજીર, જે હસન મએમંદી નામનો હતો, તે, ફીર્દોસી ઉપરની

---

[1] એક મિસ્કાલની કિમ્મત આશરે રૂ. ૬।। થવા જાય.

શાહની મેહેરબાનીથી અને તેની લોકપ્રિયતાથી, તેની અદેખાઇ કરવા લાગ્યો. તેણે શાહને ઘણીક રીતે ફીર્દોસી સામે ઉશ્કેરવા માંડયો. તેમાં એક રીત આ હતી, કે તે, શાહ, જે ચુસ્ત ઇસ્લાંમી હતો, તેને સમજાવવા લાગ્યો, કે ફીર્દોસી પુરાણા જરથોસ્તીઓની હદબાહર તારીફ઼ કરે છે, સબબ કે તે પોતે જાતે ચુસ્ત મુસલમાન નથી. તેથી ફીર્દોસી થોડોક વાર શાહની ઇતરાજીમાં આવ્યો, પણ દાસ્તાંનો તુરત અને ઘણી સુંદર રીતે રચવાની પોતાની હુશ્યારીથી તેણે શાહનું મન પોતા તરફ઼ થોડો વખત પાછું જીતી લીધું. પણ તેવો ફેરફાર થોડા વખતનો હતો. હસન મએમંદીની ભુંડી સમજાવતથી ફીર્દોસી ઉપર શાહની ઇતરાજી ચાલુ રહી.

એ અરસામાં પોતાની ૬૫) વર્ષની ઉમ્મરે ફીર્દોસીએ પોતાનો ૩૭ વર્ષની ઉમ્મરનો બેટો ખોયો. તેનો તેને ઘણો જખમ લાગો. ફીર્દોસી ૧૨ વર્ષ સુધી મહમુદ ગીજ઼નવીની દરબારમાં, ઉપર જણાવેલી કેટલીક મુશ્કેલીઓ વચ્ચે રહ્યો, અને સેવટે ઇ. સ. ૧૦૧૦ માં શાહનામું તમામ કર્યું.

ફીર્દોસી ઉપર જણાવવા મુજબ, દર બેતે એક સુનાનો મિસ્કાલ મેળવવાની ઉમેદમાં હતો, પણ તેના દુશ્મન હસન મએમંદીની શિખવણીથી પાદશાહે તેને

હરેક બેતે સુનાંના એક મિસ્કાલને બદલે રૂપાંનો એક મિસ્કાલ આપવાને ફર્માવ્યું. કહે છે કે એક વખત જ્યારે ફીર્દોસી એક હમામખાનામાં નાહવાને ગયો હતો ત્યારે, તેના શાહનામા માટેનું દામ તેને પોંહોંચાડવામાં આવ્યું. તેણે પોતાનાં ૬૦૦૦૦ બેતો માટે ૬૦૦૦૦ સુનાના મિસ્કાલને બદલે ૬૦૦૦૦ રૂપાંના મિસ્કાલ જોયા. તેથી તેનું દેલ ઘણું રંજીદા થયું અને તે રકમ પોતે રાખવાને બદલે તેણે ત્યાં ને ત્યાંજ, તેમાંથી ૨૦૦૦૦ મિસ્કાલ હમામખાનાના માલેકને, ૨૦૦૦૦ મિસ્કાલ ત્યાં બેઠેલા એક શરબત વેચનારને, અને ૨૦૦૦૦ એ નાણું લાવનાર શાહનાં માણસને આપી દીધા. તેણે એ રકમ લાવનાર કાસદ પાસે શાહને પોતાની નીરાશી દેખાડનારો સખ્ત પેગામ કહેવાડયો. એની એ વર્ત્તણુકથી હસન મએમંદીએ શાહને વધારે ઉશ્કેર્યો. ફીર્દોસીએ પેહેલે તદબીરથી થોડાક સુંદર બેતોથી શાહનો ગુસો નરમ કર્યો, પણ પછી શાહ સાંમે અનગમો દેખાડનાર એક સખ્ત કવિતા (satire) જોડી તે શાહના માનીતા નોકરને આપી, એવું કહીને, કે ૨૦ દિવસ પછી તે શાહને આપવી. એમ કરી તે પોતે ગીજની છોડી ગયો. ત્યાંથી તે માજીનદરાંન ગયો અને ત્યાંથી બગદાદ ગયો અને ખલીફની દરબારમાં થોડાક વખત ખલીફ તરફનાં માન અકરાંમ સાથે રહ્યો. ખલીફની

દરબારમાં શાહ મહમુદે ફીર્દોસી સાંમે લખાણુ કરવાથી તે ત્યાંથી નીકળી કોહીસ્તાંન, જ્યાંનો હાકેમ નાસેર લક તેને માટે માન ધરાવતો હતો, તે તરફ ગયો. એ હાકેમે ફીર્દોસીની તરફેણમાં મહમુદ ગીજનવી ઉપર કેટલુંક લખાણુ કર્યું, જેથી કહે છે કે એ પાદશાહનું દિલ ફીર્દોસીની તરફેણમાં પીગળ્યું. તે ઉપરથી, તેણે ફીર્દોસી માટે પોતાની અસલ કબુલાત પ્રમાણે, ૬૦૦૦૦ સુનાના મેસ્કાલ મોકલ્યા. એ અરસામાં ફીર્દોસી પોતાનાં વતન તુસ ખાતે જઇ રહેલો હતો. ત્યાં તેને માટે શાહ તરફથી ઉપલી રકમ ગઇ. પણ તે ભેટ આવે તેટલાં તો ફીર્દોસીનો અંત આવ્યો હતો. કહે છે કે મોહલ્લામાંનો એક છોકરો ફીર્દોસીની શાહ સાંમેની કવિતા બોલતો હતો, તે સાંભળી તેને પોતાની નામોરાદી યાદ આવી. જઇફીને લીધે અને દુઃખથી તદન નાતવાન થઇ ગયો હતો તેથી, તેવી હાલતમાં એ યાદથી તેની નીરાશી વધી અને તેણે પોતાનો જીવ છોડયો. કહે છે કે ફીર્દોસીની બહેને પાછળથી પાદશાહ તરફથી આવેલી ઉપલી રકમ, પોતાના ભાઇની બચગીની ખાહેશ મુજબ, તુસ નદી ઉપર ચુના અને પથ્થરનો એક મજબુત બંધ બાંધવામાં ખરચી. ફીર્દોસી ઈ. સ. ૧૦૨૦ માં મરણ પામ્યો.[૧]

---

૧ ફીર્દોસીની જીંદગીના વધુ સંપૂર્ણ એહવાલ માટે જુઓ, મારૂં પુસ્તક "શાહનામું અને ફીર્દોસી."

બાબ પાંચમો.

કયોમર્સ (ગયોમર્દ.)

"ગયેહે મરેથ્નો અષઓનો ફ્રવષીમ યજમઇદે, યો પઓઇર્યો અહુરાઈ મજ્દાઇ મનસ્ચ ગૂશ્ત સાસ્નાઓસ્ચ યહ્માત હચ ફ્રાથ્વેરેસત નાફ્રો અઇર્યનાંમ દખ્યુનાંમ, ચિથ્રેમ અઇર્યનાંમ દખ્યુનાંમ (ફ્રવર્દીન યશ્ત ક્. ૮૭).

અર્થ—અશો ગયોમર્દના ફરોહરને અમો આરાધ્યે છિએ, કે જેણે પેહેલવેહેલાં અહુરમજ્દનો વિચાર (જાણ્યો) અને તેની શિખામનો સાંભળી, જેનેથી અહુરમજ્દે ઈરાન દેશની ઓલાદ, ઇરાન દેશનું તોખમ ઉત્પન્ન કર્યું.

શાહનામા પ્રમાણે ઇરાનનો પેહેલો પાદશાહ કયોમર્સ હતો. આ કયોમર્સ નામનું ગયોમર્દ એક રૂપ છે. ગયમરેથ્ન, ગયોમર્દ અને કયોમર્સ, નજદીક એકમલતાં નામો છે. શાહનામાની માફક બુનદેહેશમાં[1] પણ "કેઆનીઓનાં તોખમ અને બુન્યાદ" માટે બોલતાં તેઓની બુન્યાદ ગયોમર્દથી ગણી છે. એ ઉપરથી દિસે છે કે જેમ એ પુસ્તકમાં ગયોમર્દને, એક

---

૧ બાબ ૩૧

ઠેકાણે પેહેલો આદમી ગણ્યો છે, તેમ બીજે ઠેકાણે પેહેલો પાદશાહ પણ ગણ્યો છે. ત્યારે વધારે દરૂસ્ત આ છે, કે આપણે એમ સમજયે, કે પારસી પુસ્તકો પ્રમાણે જેમ પેહેલો આદમ યા માણસ ગયમરેથન અથવા ગયોયર્દ તરીકે જણાયલો છે, તેમ ઇરાનનો પેહેલો પાદશાહ પણ એજ નામથી જણાયલો છે.

કયોમર્સની આગમચની હકીકત.—ઇરાનના પેહેલા પાદશાહ કયોમર્સના વખતની આગમચની હકીકત બાબે વિચાર કરતાં આપણને આપણાં પુસ્તકો ઉપરથી કાંઇ માલમ પડતું નથી. ફીર્દોસીનાં શાહનામા ઉપરથી પણ તે બાબે કાંઈ માલમ પડતું નથી. પણ માસુદી,[1] તબરી,[2] મીરખોન્દ[3] જેવા આરબ અને ફારસી તવારીખનવેશો, અને દબેસ્તાન, દસાતીર જેવાં પુસ્તકોના લખનારાઓ ઉપરથી માલુમ પડે છે, કે તેની આગમચ ઇરાનમાં કોઇ કોમો હતી.

દબેસ્તાન પ્રમાણે કયોમર્સની આગમચ ઇરાનમાં માહાબાદીઆન અને બીજા વંશોએ રાજ કર્યું હતું. એ બાબે આપણને કોઇ તવારીખનવેશનો ચોક્કસ આધાર નથી.

---

1 Maçoudi, par B. de Meynard, Vol. II, pp. 105-6.

2 Tabari, par Zotenberg, Vol. I, pp. 99-100.

3 હીજરી ૧૨૬૬ ની મુંબઇની આવૃતી, પા. ૧૪૯, લીટી ૧૫: Mirkhond's History, translated by Shea p. 51.

કયોમર્સની એક પાદશાહ તરીકે હકીકત.—

પેહેલવી—ફ્રૃદુમ યાઈત્યુનતાર ઇ શપીર દીન (દીનકર્દ. વોલ્યુમ ૧. પા. ૩૫.)

અર્થ—(ગયોમર્દ) ભલી દીનનો પેહેલવેહેલો લાવનાર હતો.

ફીર્દોસી, માસુદી, તબરી, મીરખોન્દ વિગેરે તવારીખનવેશો પ્રમાણે એ પેહેલવેહેલો ઈરાનનો પાદશાહ હતો. તે એક ભલો પાદશાહ નિવડયો હતો. ફ્રૂર્વર્દીન યશ્તમાં[1] એને માટે જે કહે છે કે તેણે પેહેલવેહેલાં અહુરમજ્દની શિખામનો સાંભળી હતી, તે આ બાબતને ટેકો આપે છે. પેહેલવી દીનકર્દમાં પણ એને પેહેલવેહેલો ભલો દીન લાવનાર કહ્યો છે.

શાહનામા પ્રમાણે એ પાદશાહની આપણને નીચે મુજબ હકીકત મલે છે:—

૧. તખ્ત અને કોલાહ સાથે પાદશાહી કરવાનો રિવાજ એ પાદશાહે ચાલુ કીધો અને તેમ કરી તે પોતે પેહેલો પાદશાહ થયો.

૨. તેનું પાદશાહી મથક પાહાડી મુલકમાં હતું.

૩. પોષાક પેહેડવાની શરૂઆત એનાં વખ્તથી

---

૧ ફ્રૂર્વર્દીન યશ્ત ફ. ૮૭.

થઇ. તે અને તેનાં વખ્તનાં લોકો પેહેલાં ચાંમડાંનો પોષાક પેહેડતાં.

૪. જાનવરો ઉપર અને તેમાં ફાડી ખાનારાં જાનવરો ઉપર પણુ તે કાબુ ચલાવતો હતો.

૫. એ પાદશાહનો સીઆમક નામનો બેટ્ટો હતો જે દુશ્મન દેવો સાથ લડતાં માર્યો ગયો હતો.

૬. એ પાદશાહે ૩૦ વર્ષ રાજ્ય કર્યું હતું.

કયોમર્સ માટે આપણે જરા વિગતે વિચાર કર્યે, તે આગમચ આપણે જોઇએ, કે માણુસ જાતના સુધારા વધારાની તવારીખના સંબંધમાં કયોમર્સની આગમચના જમાનાની અને તેના અને તેની પછીના તેહમુરસ અને હોશંગ જેવા પાદશાહોના જમાનાની શી હાલત હતી.

કયોમર્સ (ગયોમર્દ) ની આગમચ માણુસ જાતની હાલત.

પેહેલવી—મિન ગયોમર્દ સુદ દેનમન્ ચેહવુન્ત... આઇગ અયોક્શુસ્તચ મિન તને વલૂમન ચેહબુન્ત વ બરેહનીત. (મીનોખેરદ બા. ૨૭ ફ. ૧૪–૧૮).

અર્થ.—ગયોમર્દથી (દુન્યાને) ફાયદો આ થયો હતો...કે તેના શરીરથી ધાતુ ઉત્પન્ન થઇ અને પેદા થઇ.

માણુસ જાત પોતાની અસલ સાદી (primitive) હાલત, જે હાલમાં જાણે એક રીતની જંગલી હાલત ગણાય, તે હાલતમાંથી સુધરતી હાલતમાં આવતી ગઇ, તે હાલતનું અને તે ફેરવાતા જમાનાનું થોડુંક ચિત્ર, જેમ અવસ્તા પેહેલ્વી પુસ્તકો ઉપરથી, તેમ ફીર્દોસી, માસુદી, તબરી, મીરખોન્દ જેવા તવારીખનવેશો ઉપરથી, તેઓએ કયોમર્સના તેમજ તેની પછીના હોશંગ તેહમુરસ જેવા પાદશાહોના રાજ્યોનું જે વર્ણન કર્યું છે, તે વર્ણન ઉપરથી આપણને માલુમ પડે છે. એ પાદશાહોની આગમચ માણુસ જાત તેની અસલી સાદી હાલતમાં હતું. તેઓમાં હકુમત કરનાર યા સરદાર તરીકે કોઇ હતું નહિ. સર્વ પોતાના મનના ફાંટા પ્રમાણે કામ કરતા. એક તાયફા યા કોમ તરીકે ચોકકસ વ્યવસ્થા જેવું તેઓમાં કાંઇ હતું નહિ.

વળી તેઓ માટે રહેવાનાં આપણાં જેવાં મકાનો ન હતાં કે જેથી તેઓ ઋતુના ફેરફારો સામે પોતાનો પુરતો બચાવ કરે. વળી તેઓમાં પોષાક જેવું કાંઇ ન હતું. અસલમાં માણુસજાત નગ્ન યા અર્ધનગ્ન હાલતમાં રહેતાં. કોઇ અંગ ઢાંકતાં તો પાંદડાંથી ઢાંકતાં. ગયોમર્દે ચાંમડાંનો પોષાક દાખલ કર્યો હતો. તેની પછી બીજા પાદશાહોએ ઉન જેવી ચીજોનાં કપડાં બનાવવાનું દાખલ કર્યું.

તેઓની આગમચ જાનવરોને માણુસજાતની સેવામાં લાવવામાં આવ્યાં હતાં નહિ. માણુસજાત પોતે અર્ધું જંગલી જાનવરી હાલતમાં હતું. કયોમર્સ અને તેની પછીના પાદશાહોએ જાનવરોને પાલવા માંડયાં અને તેઓને માણુસજાતની સેવા બજાવતાં કર્યાં. એઓની આગમજ માણુસજાત કાચ્ચો ખોરાક ખાતાં. આતશનો ઘર સંસારી (domestic) કામમાં ઉપયોગ જેવું નહતું. એ પાદશાહોએ આતશ ઉપર ખોરાક પકાવવાનું શરૂ કર્યું.

એઓ આગમચ ખનીજ (mineral) પદાર્થો માણુસના ઉપયોગમાં આવી હતી નહિ. એ પાદશાહોએ તેઓનાં હથ્યાર બનાવવા માંડયાં અને તેઓનો ખેતીમાં અને ઉદ્યોગોમાં ઉપયોગ કરવા માંડયો. મીનો ખેરદના શબ્દો પ્રમાણે અને જાદસ્પરમ[1] અને દાદેસ્તાને દીની[2] પ્રમાણે કયોમરસે ધાતુનો પેહેલવેહેલો ઉપયોગ કરવા માંડયો હતો.

એ સર્વ શારીરિક બાબત થઇ. પણુ માનસીક બાબતોમાં પણુ સુધારો વધારો થયો. અસલ આદમીનું જ્ઞાન ઘણું કોતાહ હતું. એ પાદશાહોના વખતમાં તે જ્ઞાન વધતું ગયું અને માણુસ વધુ જ્ઞાની બનવા લાગ્યું.

---

૧ જાદસ્પરમ, બાબ ૧૦, ફ. ૨. S. B. E., Vol V. p. 183. ૨ દાદિસ્તાને દીની, બાબ ૬૪, ફ. ૭ S. B. E, Vol. XVIII, p. 199.

ફકત મનના સાધારણ જ્ઞાનમાંજ નહિ પણ રવાનની (spiritual) ઉન્નતીની બાબતમાં પણ વધારો અને સુધારો થવા લાગ્યો. માણસજાત પોતાના ખુદાને જેમ પીછાનવો જોઇએ તેમ પીછાનતો નહુતો. તે અલબતે કોઇ અનદીઠ શક્તિ માટે ખ્યાલ બાંધતો હોય પણ તે ડર અને બીહીકનો હતો, નહિ કે ચાહ યા મોહબત અને માનનો. ફર્વર્દીન યશ્ત કહે છે તેમ, અને દીનકર્દ તેને ટેકો આપે છે તેમ, કયોમર્સ પેહેલો હતો, કે જેણે અહુરમજદની શિખામનો સાંભળી અને જેણે માણસજાતમાં એક દીન, એક કાયદો દાખલ કર્યો. અહુરમજદ તરફ પોતાનું ચિત લગાડવા કાજે કોઇ કેબલાની જે જરૂર દિસી, તે હોશંગના વખતમાં આતશની સેતાયશ સાથે દાખલ થઇ.

હવે આપણે કયોમર્સ પાદશાહનાં રાજ્યના સંબન્ધમાં મલતી કેટલીક હકીકતોનો જરા વિગતે વિચાર કર્યે.

પાદશાહ તરીકે તાજ અને તખ્ત સાથે હકુમત કરવાનો રીવાજ.—ફીર્દોસી કયોમર્સ માટે કહે છે કે "તખ્ત અને કોલાહ (સાથે પાદશાહી કરવા)નો રિવાજ કયોમર્સે ચાલુ કીધો...કયોમર્સ દુનિયામાં પાદશાહ થયો અને પેહેલવેહેલાં પહાડોમાં પોતાની જગ્યા લીધી. તેના તખ્ત અને નસીબની શરૂઆત પહાડમાંથી થઇ."[1]

---

1 જુઓ મારૂં "શાહનામું, મીનોચેહેરના રાજ્ય સુધી," પાનું ૧૫.

આ મુજબ પેહેલવેહેલો પાદશાહી કરનાર કયો-મર્સ હતો અને પાદશાહીની નિશાણી તરીકે તાજ પેહેરનાર અને તખ્તે બેસનાર પણ તે હતો.

(ક) પાદશાહી કરવાનો રિવાજ—પાદશાહીના રિવાજના સંબંધમાં આપણે એ જોઇએ છિએ કે જેમ આ દુનિયામાં સઘલાં ખાતાંઓ, રિવાજો, રીતો, એક પછી એક પ્રફુલ્લીત થઈ પ્રગટી નિકળ્યાં છે, તેમ તાજ પેહેરવાના સંબંધમાં પણ બન્યું છે. અસલમાં માણસ જાતની પેદાયશની શરૂઆતમાં માણસો કુદરતી હાલતમાંજ વસ્રવિના રહેતાં. તેઓ જંગલનાં ફુલ ફલ ઉપર પોતાનું ગુજરાન કરતાં; સર્વ જણ પોતપોતાની મરજીના માલિક હતાં, સર્વ જણ પોતપોતે છુટાં હતાં. જ્યાં મળ્યું ત્યાં ઝાડપાનનાં ફળો ખાધાં, અને જ્યાં પડવાનું મળ્યું ત્યાં રહ્યાં. આસ્તે આસ્તે તેઓમાં સંસારી તબેઓ આમેજ થઇ. તેઓ એકમેક સાથે વસવા લાગ્યાં. કુદરતની અચોક્કસ રૂતુ સામે બચાવ શોધવા તેઓ ઝુફડાંઓ બાંધી રહેવા લાગ્યાં. એમ પાંચ પચીશ ઝુફડાંઓ એકઠાં થઇ તેઓનાં ગામો બન્યાં. ગામોનાં શેહેરો બન્યાં. એમ વહેવાર આગળ વધતો ગયો. એમ જ્યારે કોઇ સંસારી સંબંધ તળે યા કોઇ સંસારી આંકોશ તળે તેઓ રહેવા લાગ્યાં, ત્યારે આસ્તે આસ્તે પોતામાંથી કોઇ એકને ચઢતો, કોઇ એકને વડો ગણવાની જરૂર તેમને કુદરતી રીતે

પડતી ગઇ. એ મુજબ ત્યારે એક ચોક્કસ ધણી, જે તન અને મનનું બીજાઓ કરતાં વધુ કૌવત ધરાવતો, તે એક ટોળકી યા તાયફા યા ગામનો વડો થતો ચાલ્યો.

ઉપર મુજબના માણુસ જાતના વિચારના સંબંધમાં માસુદી નામનો આરબ તવારીખવેશ કયોમર્સની હકીકત આપતાં કહે છે કે તેનાં વખતનાં માણુસોને માલમ પડયું, કે "આપણાં શરીરની રચનામાં અક્કલની યુક્તિ છે, કે જેથી કોઇ ચોક્કસ શક્તિ (faculty), જેની બેઠક હૈડાંમાં છે, તે તરફ તે વિચારો, પછી તે ગમે તેવા હોય, જે તે મેળવે છે, મોકલે છે અને જવાબમાં પાછા મેળવે છે, તે રવાનાં કરે છે. આ શક્તિને આપણું આખું શરીર આપણી સલામતી માટે આભારી છે. જો તે નાશ પામે છે, તો આખું શરીર નાશ પામે છે અને આખાં સાંચાકામનું કૌવત અને એકમેક સાથનો સંબંધ નાશ પામે છે. તેઓએ ધાર્યું કે આ નાની દુનિયા, એટલે કે આપણું ખાકી અને મોતને પાત્ર શરીર, આ ચહડતી શક્તિને આભારી છે; તો તેજ પ્રમાણે મંડળી (society), એક પાદશાહ, કે જે તેને ચલાવે અને જે તેના ઉપર ઇનસાફનો અને અક્કલે ફર્માવેલા કાયદાની ફર્માનબરદારી તરફના માનનો છાપ મારે, તેના સિવાએ હૈયાતી ભોગવી શકે નહિ."[1]

1 Maçoudi, par Barbier de Meynard, Vol. II, pp. 106–7.

માસુદી પ્રમાણે કયોમર્સને તેની પ્રજાએ ઉપલા વિચારોથી વડો નમ્યો. કયોમર્સે તેઓને ફર્માનબરદારીના સોગંદ (oath of allegiance) આપ્યા. મીરખોન્દ પ્રમાણે કયોમર્સે પોતે પણ બરાબર રીતે રાજ્ય કરવા સોગંદ લીધા.[1] ત્યારે ફીર્દોસી અને ઉપર જણાવવા મુજબ માસુદી અને મીરખોન્દ કહે છે કે કયોમર્સના વખતથી પ્રજાનાં વડા તરીકે તાજ પેહેરવાનો અને તખ્તે બેસવાનો રિવાજ શરૂ થયો.

એ પાદશાહે દાખલ કરેલો મુંગે મોંહડે જમવાનો રિવાજ.—માસુદી[2] કહે છે કે જમતી વખતે મુગે મોંહડે જમવું અને કાંઇ વાતચિત કરવી નહિ, અથવા, આપણી ધાર્મિક ભાષાના શબ્દોમાં બોલ્યે તો, "બાજ ધરી જમવું" એવો રિવાજ એ પાદશાહના વખતથી દાખલ થયો. એ પાદશાહના કહેવા પ્રમાણે ખોરાકનું કામ શરીરને પોષણ આપવાનું છે, જેથી જીવનશક્તિને પુષ્ટી અને શાંતિ મળે છે. ખોરાકથી શરીરના દરેક ભાગને પુષ્ટીકારક પ્રવાહી પદાર્થ મળે છે. કલેજાં (liver) અને પાચનશક્તિ માટે કામ કરનારા સર્વ ભાગોને સરખું અને પુરતું પોષણ મળે છે. પણ જો જમતી વેળા માણસ

---

૧ Mirkhond's "History of the Early Kings of Persia," translated by Shea, pp. 48–49.

૨ Maçoudi, par B. De Meynard Vol II, p. 108.

વાત કરતાં વિચારમાં પડે છે તો તેથી શરીરના સર્વ ભાગને સરખું પોષણ મળતું નથી અને તેથી પાચન (digestion) બીગડે છે. અસલી ઇરાનીઓના આ વિચારને હાલના તબીબો પણ ટેકો આપે છે. વાતચીત કરતાં કેટલીકવાર ખુશ વાતચીતપરથી કોઇ ગંભીર બાબત ઉપર ઉતરી પડાય છે કે જ્યારે મગજને ચિંતાતુર બનવું પડે છે. એવી વખતે ખોરાક બરાબર પાચન થતો નથી.

કયોમર્સના રાજ્યની મુદત.

પેહેલવી—ગયોમર્દ દયન અએબદદીઅ સી શન્ત જીવસ્ત (બુનદેહેશ, બાબ ૩૪, ફ. ૨).

અર્થ.—એબ દેનારી પેદાયશ યાને કસોટીવાળી દુન્યામાં ગયોમર્દ ૩૦ વર્ષ જીવ્યો.

પાદશાહ કયોમર્સે ૩૦ વર્ષ રાજ્ય કર્યું હતું. બુનદેહેશમાં કહે છે કે આહરેમને પોતાની બુરી અસર દુનિયાની પેદાયશ ઉપર ચાલુ કરી ત્યાર પછી તે ૩૦ વર્ષ જીવ્યો હતો. એ ઉપરથી કદાચ ફીર્દોસીએ એના રાજ્ય અમલનાં ૩૦ વર્ષ આપ્યાં હોય. માસુદી કહે છે કે એના રાજ્યની મુદત બાબે મતફેર છે. કોઇ તે મુદત ૧૦૦૦ વર્ષની જણાવે છે. તબરી એના રાજ્ય અમલનાં ૭૦૦ વર્ષ આપે છે. કયોમર્સ પછીના એક પાદશાહ શાહ જમશેદનાં રાજ્યનાં

ફીર્દોસી ૯૦૦ વર્ષ જણાવે છે. જોહાકનાં તે ૧૦૦૦ જણાવે છે. તે બાબત ધ્યાનમાં લેતાં મીરખોન્દ કયોમર્સનાં જે ૭૦૦ વર્ષ આપે છે તે ખાસ ધ્યાન ખેંચે છે. તબરી પણ કહે છે કે ખુદ કયોમર્સ પછી ૧૭૦ વર્ષ સુધી કોઇ પાકકો પાદશાહ હતો નહિ; માણસો ભરવાડ વગરનાં મેંઢાં સમાન હતાં. પેશદાદીઅન પાદશાહોથી ખરેખરી ઇરાનની પાદશાહી શરૂ થઇ. તે વધુ કહેછે કે તેઓના વંશના અમલમાં ચાર ચાર વખત પાદશાહી તેઓના હાથમાંથી જતી રહી હતી.[1] એવું દિસે છે કે ઉપલી લાંબી મુદતો કોઇ એક પાદશાહ યા પુરૂષની નહિ હોય પણ તેના વંશની હોય. એટલે કે કયોમર્સ અને તેનાં વંશે ૭૦૦ વર્ષ રાજ કર્યું હોય. તેમજ જમશેદ અને તેનાં વંશે ૯૦૦ વર્ષ રાજ કર્યું હોય. આ બાબતના સંબંધમાં યાદ રાખવું જોઇએ કે એઓના જમાના, આપણે ઉપર કહ્યું તેમ, માણુસ જાતની તવારીખના પુરાણા અસલ (primitive) જમાના હતા, જ્યારે લાંબા આરસા બાદ રિવાજો, રસમો અને હાલતો પ્રગટી નિકળતાં.

કયોમર્સ પાદશાહનાં રાજ્યની હકીકત ઉપરથી મળતો ધડો.—આ પાદશાહનાં રાજ્યની હકીકત ઉપરથી આપણને જે એક મુખ્ય ધડો

---

1. Tabari, par Zotenberg, Vol. I p. 5.

મલે છે તે તેના પાદશાહ બનવાની બાબતના સંબંધમાં છે. મંડળીના કાયદા કાજે, એક તાયફા, કોમ યા પ્રજાની સલામતી અને આબાદી કાજે, જરૂરનું છે કે, માણસોની લાયકાત મુજબ જે ચહડ ઉતર દરજ્જા હોય છે, તે દરજ્જાનાં ચહડ ઉતર માણસોએ એકમેક વચ્ચેનો સંબંધ બરાબર રીતે વફાદારીથી જાળવવો. ઉતરતે દરજ્જેનાઓએ ચહડતે દરજ્જેનાઓ તરફ-પછી તે દરજ્જો ઘર સંસાર કે રાજમંડળમાં હોય—જાળવવો. નાનાઓએ વડીલોને માન આપવું. વડીલોએ નાનાઓ તરફની પોતાની ફરજ બજા લાવતા રહેવું. આ એક નિયમનો, વ્યવસ્થાનો કાનુન છે. એમ નહિ હોય તો એક તાયફા, કોમ યા પ્રજાના રાજ્યમાં ગેર વ્યવસ્થા અને અંધેર (anarchy) વ્યાપી રહે અને માણસોનાં જાનમાલની સલામતી રહે નહિ. માણસજાતની તવારીખની શરૂઆતના તબક્કામાં માણસો નિયમ વગર, ગમે તેમ, જાનવરો માફક રહેતાં, ખાતાં, પીતાં અને ફરતાં. પણ પછી જ્ઞાન અને અક્કલનું ગોહર તેઓમાં વધુ દાખલ થતાં તેઓએ જોયું કે તેઓના વખતની મંડળીનાં ભલાંને ખાતર જરૂરનું હતું, કે તેઓએ પોતામાંથી એકને પોતાનો વડો ચુંટી કાહાડવો અને તે વડાને, તેના ઇનસાફને, તેણે ઘડેલા કાયદાકાનુનને માન આપવું.

હાલ આપણે દુનિયામાં દાખલ થયલા એવા નિ-

ધમીત અમલના શરૂઆત પછી સેંકડો અને હજારો વર્ષના જમાનાઓમાંથી પસાર થઇ ચોક્કસ હાલતે પોંહોચ્યા છિએ. ત્યારે આપણે એ ગુજર પામેલા વખતની શિખામણ અને અનુભવ સાથે વધારે સારી રીતે જોવું અને સમજવું જોઇએ, કે આપણે ગેરવ્યવસ્થાથી દૂર રહી હમેશાં વ્યવસ્થાને પસંદ કરવી. એવી વ્યવસ્થા આપણા અવસ્તાના 'અશોઇ' શબ્દમાં સમાયલી છે. તે વ્યવસ્થાનો, તે અશોઇનો ખ્યાલ આપણને શિખાડે છે, કે આપણે આપણ સર્વના, કુલ પેદાયશના વડા અને પિતા અહુરમજદ તરફ, આપણા રાજ્યના વડા તરફ, આપણાં કુટુંબના વડા તરફ, આપણી મંડળીના વડાઓ તરફ ફરજોથી બંધાયલા છિએ.

બાબ છઠો.

હોશંગ.

અવસ્તા—"હઓષ્યંઘ્રહે તખ્મહે અષઓનો ફ્રવષીમ યજમઇદે; પઇતિશ્તાતેએ માજઇન્યનાંમ દએવનાંમ, વરેન્યનાંમ્ચ દ્રવતાંમ પઇતિશ્તાતેએ દએવો-કર્શ્તહે ત્અએષંઘ્રહે. (ફર્વર્દીન યસ્ત, ફ. ૧૩૭)

અર્થ—જોરાવર હોશંગના ફરોહરને માજંદરાની દેવોની અને ગીલાનના બુરા માણસોની સામે થવાને

માટે અને દેવનાં ઉતપન્ન કરેલાં દુઃખોની સામે થવાને માટે અમો આરાધીએ છિએ.

ગયોમર્દ પછી બીજો પાદશાહ હોશંગ હતો. એને માટે અવસ્તામાં[1] આપણને કેટલુંક લખાણ મલે છે. અવસ્તામાં એનો એક એલકાબ 'પરધાત' છે. એ શબ્દ પેહેલવીમાં અને ફારસીમાં 'પેશદાદ' થયો. તે ઉપરથી એનું વંશ 'પેશદાદ' ગણાયું. વંદીદાદની ૨૦ મી પર્ગર્દની પેહેલવી સરેહ[2]માં કહે છે કે "એણે પાદશાહી ઇનસાફ પેહેલવેહેલાં ચાલુ કર્યો," ત્યારે એણે ઇનસાફ (અવસ્તા 'ધાત,' પેહેલવી અને ફારસી દાદ) ઈરાનમાં પેહેલે (અવસ્તા પર, ફા. 'પેશ') ચાલુ કીધો, તે ઉપરથી એને 'પરધાત' અથવા 'પેશદાદ' કહ્યો છે અને એના

---

૧ યસ્તો. ૫ (આવાં), ફ. ૨૧; ૯ (ગોશ), ફ. ૩; ૧૩ (ફર્વર્દીન), ફ. ૧૩૭; ૧૫ (રામ), ફ. ૭; ૧૭ (અશીશવંગ), ફ. ૨૪; ૧૯ (જમ્યાદ), ફ. ૨૬.

૨ આ પર્ગર્દ મુજબ પેગામબર જરતોસ્ત અહુરમજદને પુછે છે કે, "જુદા જુદા સદ્‌ગુણો ધરાવનારાઓમાં સર્વથી પેહેલો યા સરસ પુરૂષ કોણ હતો"? તેના જવાબમાં એવા સદ્‌ગુણો ધરાવનારાઓમાં 'પરધાત' એટલે કાયદા (ધાત અથવા દાત)માં આગળ અથવા પુર્વીન (પર) એવાઓને પણ જણાવે છે. એમ જણાવતાં પીશદાદ શબ્દની સરેહમાં કહે છે કે "પીશીદાતાન ચગુન હોશ્યંગ, આઇ પીશદાદીઅ આઇ ચેહવુન્ત આઇગ દાદે ખુદાઈઅ ફર્દુમ વલમન રોબાક કર્દ" એટલે "હોશંગ જેવો પેશદાદ; એટલે પેશદાદનો અર્થ એમ થાય છે કે ખુદાનો ઈન્સાફ પેહેલે તેણે ચાલુ કર્યો."

એ એલકાબ ઉપરથી એનું વંશ 'પરધાત' અથવા 'પેશદાદ' (પેશદાદીઆન) કહેવાયું છે.

જાદસ્પરમનાં પેહેલવી લખાણ પ્રમાણે એના રાજ્યમાં આતશ સંબંધી કોઇ મોટો કુદરતી બનાવ બનયો હતો. ફીર્દોસી પ્રમાણે એ બનાવ તે આતશની શોધનો હતો. કહે છે કે એક દિવસે હોશંગ પાદશાહ ફરતો હતો ત્યારે તેણે એક સાંપને જોયો. તેની તરફ તેણે તેને મારવા પથ્થર ફેંકયો, જે બીજા પથ્થરને જઈ અથડાવાથી બન્નેના ઘસારાથી આતશ ઉત્પન્ન થયો. એ આતશને હોશંગે રોશન કરી એક જગ્યાએ સ્થાપ્યો અને તેની શોધની શુક્ર ગુજારીમાં એક જશન કર્યું. એ જશન "જશને સદેહ" નામે યાદગાર થયું અને તે દર વર્ષે રોજ આવાં અને માહ દેહને દીને ઇરાનમાં પાલવામાં આવતું.[1] એ દિવસે શેહેરમાં અને ખેતરોમાં મોટો આતશ સલગાવવામાં આવતો. ફાર્સીમાં 'સદેહ' શબ્દનો અર્થ "બળતો મોટો આતશ" થાય છે. તે ઉપરથી એ જશનને એ નામ મલેલું ધારવામાં આવે છે.[2] ઇરા-

---

૧ એ જશનની વધુ હકીકત માટે જુઓ મારૂં પુસ્તક, "જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો," ભાગ ત્રીજો, પાનું ૧૩૫.

૨ એ જશનના દિવસો જુદા જુદા લખનારાઓ જુદા જુદા આપે છે. હેરબ્લો (D' Herbelot) કોઈક પૂર્વભણીના લખનારાઓને આધારે તે બહમન મહિનો ને મેહર રોજ આપે છે. એક ફાર્સી પુસ્તક તે બહમન મહિનો ને આવાં રોજ આપે છે.

નના મોટા પાદશાહો, જેવા કે લોહરાસ્પ, નોશીરવાન અને ખુસ્રુ પર્વેજ, માટે આપણે વાંચ્યે છિએ કે તેઓએ એ જશન મોટા મહિમા સાથે પાળ્યાં હતાં. "કાખે સદેહ" એટલે "સદેહનાં જશન માટેનું દિવાનખાનું," એવે નામે ઇરાનમાં એ જશન માટે ખાસ મકાનો બંધાતાં.

આપણી કોઇક યશ્તો[1] પ્રમાણે હોશંગ પાદશાહે ખુદાતાલા હજુર દુઆ ગુજારી હતી કે તે દેવો યાને બુરા આદમીઓના બેત્રત્યાંઉશ ભાગ ઉપર ફતેહ મેળવે. દાદેસ્તાને દીની[2] પણ કહે છે કે એ પાદશાહે દેવોનાં બે તૃતીયાંશ ભાગને માર્યા હતા. પેહેલવી મીનોખેર્દ[3] પણ એમ કહે છે અને તે માઝીનદરાનના મુલક સાથ એ બાબત જોડે છે. માઝીનદરાનના મુલકના લોકો ઇરાનીઓમાં ઘણા હરામી અને બુરા ગણાય છે, માટે ઉપલાં વર્ણન ઉપરથી દિસે છે કે આ પાદશાહે એ દેવો યાને બુરા લોકોના મુલક ઉપર હુમલો કરી તેના મોટા ભાગને સજા કરી હતી. ફીર્દોસી પ્રમાણે તેણે લોખંડની શોધ કરી હતી. તેણે એ ધાતુને, તેની મીશ્રિત હાલતમાં ખાણોમાંથી બહાર કહાડીને, તેની સાથના મીશ્રીત પદાર્થોથી જુદી

---

૧ આવાં યશ્ત, ફ. ૨૨; રામ યશ્ત, ફ. ૮; જમ્યાદ યશ્ત, ફ. ૨૬.

૨ બાબ ૧૫, ફ. ૫. ૩ બાબ ૨૭ ફ. ૧૯.

પાડી હતી. તેણે એ ધાતુનાં કુહાડી, કરવત, ચાંચવા વિગેરે હથિયારો બનાવ્યાં હતાં.

એ પાદશાહે ઇરાનમાં પાણીનાં બાંધકામો (water works) કર્યાં હતાં અને તેમ કરી ખેડુતોને તેઓનાં ખેતીનાં કામમાં ઘણી મદદ કીધી હતી. એની આગમચ લોકોના મોટા ભાગનો ખોરાક કુદરતી મેવા ઉપર હતો, પણ એણે ખેતીને ખિલવી ઘણી ચીજો ખોરાક માટે ઉત્પન્ન કરાવી. વળી તેણે ગાય ગોસ્પંદોને બીજાં જંગલી જાનવરો, ગોર્ખરો અને હરણોથી છુટાં પાડી તેઓને માણસોના ખેતી વિગેરેના ઉપયોગમાં લાવવાનું શરૂ કર્યું, જે જાનવરો ખેતીનાં કામમાં આવે એવાં હતાં તેવાંઓને તે ખેતીનાં કામમાં લાવવા લાગ્યો. વલી જાનવરોનાં ચામડાંને પોષાક તરીકે તે વધુ ઉપયોગમાં લાવવા લાગ્યો. આ પાદશાહના રાજ્યનાં વર્ણનની છેવટે ફીર્દોસી શિખામનના જે નીચલા શબ્દો કહે છે તે ધ્યાન પુગાડવા જોગ છે. તે કહે છે કે "તેણે ઘણું બખશ્યું અને ફેલાવ્યું અને ખાધું અને સોંપ્યું. પોતે ચાલ્યો ગયો અને નેકીના નામ સિવાય કાંઇ લઇ ગયો નહિ. ચાલીસ વર્ષ સુધી ખુશી અને માન, અને ઇનસાફ અને બખ્શેશ સાથે તે સરફરાજ હતો."[૧]

૧ જુઓ મારૂં પુસ્તક, "શાહનામું, મીનોચેહેરના રાજ્ય સુધી," પાનું ૨૧.

એ પાદશાહના રાજ્યના એક મુખ્ય બનાવ ઉપરથી ધડો.

એક જરથોશ્તી નજરે એ પાદશાહના રાજ્યનો મુખ્ય બનાવ "આતશની સેતાયશ"ની સ્થાપનાનો હતો. તે જમાનામાં "સેતારાની સેતાયશ" અને "સેતારેશનાસી" પર લોકોનો વધુ વિશ્વાસ હતો, તે સામે એ શુભ કોશેશ હતી. વળી તે વખતે ફેલાયલી કોઇ મૂર્તિપૂજા સામે પણ એ એક ભલી કોશેશ હતી. માણસ જાતનો ખવાસ ખુદા ઉપર પોતાનું ધ્યાન લઇ જવા માટે પોતાની નજર સનમુખ કોઇ નજરે પડતી ચીજ માગે છે. એવી ચીજ તરીકે ઈરાનીઓ હજુર નુરી આતશ એણે રજુ કર્યો હતો.

એના વખતથી અસલી ઇરાનીઓ ખરા માઝદયસ્નાન ગણાતા આવ્યા છે. ખરૂં છે કે અવારનવાર દએવયસ્ની ગેરરીતીઓ જોર મારતી હતી, પણ મોટે ભાગે દેશમાં ખરો માઝદયસ્નાન ધર્મ પગભર હતો.

સર ઉવીલીયમ જોન્સ પુરાણા ઇરાની ધર્મ માટે જે ઉમદા વિચારો[1] જણાવે છે તે માર્ક-

---

૧ "A firm belief that one supreme God made the world by His power, and continually governs it by his providence; a pious fear, love, and adoration of Him; a due reverence for parents, and aged persons; a fraternal affection for the whole human spe-

હુશંગ હોશંગ પાદશાહના વખતથી ઇરાનને લાગુ પાડે છે.[1]

બાબ સાતમો.

તેહમુરસ્પ.

અવસ્તા—તેમ યજત તખ્મો ઉરૂપ અજિન-વાઓ...અઓમ જઇધ્યત અવત આયપ્તેમ દજદિ મે વયુશ યો ઉપરો-કઇર્યો, યત બવાનિ અઇવિ-વન્યાઓ-વીસ્પે દએવ મષ્યાચ, વીસ્પે યાતવો પઇરિકાઓસ્ચ, યત બરાનિ અંઘ્રેમ મઇન્યૂમ ક્રમિતેમ અસ્પહે કેહર્પે ત્રિસલેમ અઇવિ-ગામનામ, વ પઇરિ જેમો કરન (રામ યશ્ત, ફ. ૧૧. ૧૨).

અર્થ—તે (રામ યજદ) ને હથ્યારબંદ તેહમુ-રસ્પે આરાધ્યો...તેણે (તેહમુરસ્પે) તે (રામ યજદ) ને અરજ કીધી કે ઓ વાયુ! (તું) જે ચહડતાં કામોનો કરનાર (યાને જોરાવર અથવા વાતાવરણના ઉપરના ભાગમાં કામ કરનાર), તે આ બખશેશ મને આપ,

---

cies and a compassionate tenderness even for brute creation." Sir W. Jone's Works, Vol I, p. 87.

૧ Markham's General Sketch of the History of Persia, p. 4.

કે હુ તમામ દેવોને, બુશ માણસોને, તમામ જાદુગરો અને પરીઓને મારનારો થાઉં. આહુરેમનને તાબે કરીને ત્રીસ વર્ષ સુધી જમીનના બે છેડાની આજુ-બાજુ (એટલે એક નાકેથી બીજે નાકે) ઘોડાના રૂપમાં તેને લઇ જાઉં.[1]

હોશંગ પછી તેહેમુરસ્પ એક જાણીતો પાદશાહ થયો. અવસ્તા[2] પ્રમાણે એ પાદશાહનું નામ તખ્મ ઉરૂપ હતું. એનું અસલ નામ ફક્ત "તખ્મ"[3] એટલે "મજબુત"[4] હતું. તેને ઉરૂપ શબ્દ લાગી એ નામ "તખ્મ ઉરૂપ" બન્યું.[5] પછી એનું પેહેલવી પાજંદમાં 'તેહમુરસ્પ' બન્યું. પછી સેવટના 'પ' નો લોપ થઇ ફારસીમાં તેહમુરસ બન્યું.[6]

---

૧ આ ફકરાને લગભગ મલતા ફકરા માટે જુઓ જમ્યાદ યશ્ત, ફ. ૨૯, અને મીનોખેરદ, બાબ ૨૭ ફ. ૨૧.

૨ ફર્વર્દીન યશ્ત, ફ. ૯૮; રાંમ ફ. ૧૧; જમ્યાદ, ફ. ૨૮, પેગામ્બર જરથોશ્તની આફ્રીન, ફ. ૨.

૩ ફર્વર્દીન યશ્ત ફ. ૯૮.

૪ રૂસ્તમ પેહેલવાનના એલકાબ 'તેહમતન' માં આપણે એ શબ્દ ફા. 'તેહેમ' (સં. तक्वन = German tuchtig) તરીકે જોઇએ છિએ.

૫ ફા. 'તેહમતન' તે અવસ્તા "તખ્મ તનું," જે સરોશ-યજદનો એક એલકાબ છે, તેનું બીજું રૂપ છે.

૬ પાછળથી-જો કે એ પાદશાહના નામ તરીકે નહિ-એ 'તેહમુરસ' નામ 'તેહમુર' બન્યું. હાલમાં આપણું પારસી નામ 'તેહમુલ' અથવા તેહમુલજી એ તખ્મઉરૂપનું એક પછી

એ પાદશાહના "દેવબંદ" અને "નયાવન્દ" એલકાબો—એ પાદશાહને અવસ્તામાં "દએવોત્બિશ" એટલે "દેવોને દુઃખદેનાર યા જેર કરનાર" અને શાહનામામાં "દેવબન્દ" એટલે દેવોને બાંધનાર કહયો છે; એમ કહેવાનું કારણ આ, કે તેણે દેવો જેવા બુરા આદમીઓ ઉપર પુરતો કાબુ મેલવી તેઓનો દોર તોડયો હતો. રામ યશ્તમાં[1] એ જે દુઆ ગુજારે છે, કે દેવો ઉપર તે ૩૦ વર્ષ સુધી હકુમત ચલાવે, તે એ મતલબે છે. પેહેલવી મીનોખેરદ[2] એ બાબતને ટેકો આપે છે. બુનદેહેશ[3] પણ એ બાબતનો એશારો કરે છે.

એક બનેલું રૂપ છે. ફાર્સી નામ 'તેહમીના' જે શાહનામા પ્રમાણે તેહમતન રૂસ્તમની બાયડીનું નામ હતું, તે એ 'તખ્મ' નામના ફાર્સી રૂપ 'તહમ' ઉપરથી બનેલું છે. પેહેલવીમાં સ્રીલિંગ બનાવવાની એક રીત 'ઇ' યા 'ઇક' લગાડવાની છે. તે મુજબ એ નામ અસલમાં 'તેહમતન' પરથી 'તેહમતની' અથવા 'તેહમતનીક' હોય. તે ઉપરથી તે તેહમીના બન્યું હોય. હાલમાં એ 'તેહમીના' નામનાં પણ છેવટના 'ના'નો લોપ થઇ 'તેહમી' નામ પારસીઓમાં વપરાવા લાગું છે.

૧ "યત બવાનિ અઇવિ-વન્યાઓ વીસ્પે દએવ મશ્યાચ" (રામ યશ્ત, ક. ૧૨). અર્થ-સર્વ દેવો અને બુરા આદમીઓને હું મારનાર થાઉં. ફીર્દોસી એના મોંહમાં જે નીચલા શબ્દો મેલે છે, તે જાણે અવસ્તાના ઉપલા શબ્દોનો તરજુમો છે: "જ. હરજાએ કુટે કુનમ દસ્તે દીવ," એટલે "સર્વ જગ્યાથી હું દેવના હાથ ટુંકા કરૂં." (મોહલ, વા. ૧ પા. ૪૨). ૨ બાબ ૨૭, ક. ૨૨. ૩ બાબ ૩૪, ક. ૪.

મીરખોન્દ કહે છે કે કોઇ લખનારાઓ કહે છે કે એ પાદશાહની 'દેવો' સાથેની લડાઇમાં અને તેઓ ઉપરની ફતેહના સંબંધમાં 'દેવો' તે માણુસ જાતના હવશો અને ભુંડી ટેવો સમજવાં.

એ પાદશાહે સર્વ બુરા આદમીઓને શેકસ્ત આપી હતી, તે ઉપરથી એક મિસલ આપી અલંકારીક રીતે શાહનામામાં કહે છે, કે એ પાદશાહે "આહરેમનને કોઇ યુક્તિથી બાંધ્યો, અને જાણે એક સેતાબ ઘોડા ઉપર બેસે તેમ તેની ઉપર બેઠો."[1] રામ[2] યશ્તમાં એ પાદશાહ આહરેમન ઉપર કાબુ મેલવવાને જે મથાળે મેલેલા ફકરા પ્રમાણે દુઆ ગુજારે છે, તે ઉપરથી એ વિચાર ફીર્દોસીએ પેહેલવી પુસ્તકો મારફતે લીધો છે.

મીરખોન્દ પ્રમાણે એનો એક એલકાબ "નગ્રાવન્દ" એટલે હથ્યારબંધ હતો. મીરખોન્દના આ કહેવાને અવસ્તાથી ટેકો મલે છે; સબબ કે યશ્તોમાં[3]

---

૧ મોહલ, વા. ૧ પાનું ૪૪.

૨ સરખાવો રાંમ યશ્તના શબ્દો સાથે મીનોખેરદના નીચલા શબ્દો: "વ તેહમુરસે હુરૂપસ્ત સુદ દેનૂમન યેહલુન્ત આઇગશ ગજીસ્તે ગનાક મીનોઇ દરવન્દ સી શન્ત પવન બારે દાશ્ત" એટલે ભલા તેહમુરસથી (જેહાનને) ફાયદો આ થયો હતો કે તેણે લીઆનતી ભર્યા આહરેમનને ૩૦ વર્ષ સુધી ઘોડા માફક (કાબુમાં) રાખ્યો. (બાબ ૨૭ ફ. ૨૧).

૩ રામયશ્ત ફ. ૧૧; જમ્યાદ ફ. ૨૮.

એ પાદશાહનું એક વિશેષણ "અજિનવન્ત" (અજિ-નવાઓ) એટલે "હથ્યારબંદ" છે. આ સબબે પેગામબર જરથોશ્તની આફ્રીનમાં એ પાદશાહને નામે દુઆ દેવામાં આવે છે કે ".જેનંઘહુતેમ બવાહિ યથ તખ્મોઉરૂપ"¹ એટલે "તેહમુરસની માફક તું હથ્યાર-બંદ થાજે." યાદ રાખવું કે તેહમુરસના નામ સાથની આ દુઆ અને તેહમુરસનો ઉપલો એલકાબ તેના બુરા પુરૂષોનો દોર તોડવાના સંબંધમાં છે. બુરાઓનો દોર તોડી ભલાઓનું સારૂં કરવું હોય તો હથ્યારનો ઉપયોગ કરવો વાજબી છે. નહિ તો નહિ. અવસ્તા પ્રમાણે ધર્મગુરૂઓના પેશા સાથે પણ કેટ-લાંક હથ્યારો જોડાયાં છે તે આ મતલબે છે.

એણે દાખલ કરેલા ઉદ્યોગ હુનરો અને રેવાજો.

એ પાદશાહે મેંઢા બકરાંના બાલ કાપી તેનો ઉન તરીકે પેહેલવેહેલો ઉપયોગ કરવા માંડયો. ઉન કાંતવાનું તેના વખતથી શરૂ થયું. કપડાં બનાવવાનો હુનર પણ તેણે દાખલ કર્યો. ફીર્દોસી કહે છે કે લખવાનો હુનર પણ એ પાદશાહે દાખલ કર્યો. જે દેવો યા બુરા આદમીઓ સામે તે વારે ઘડીએ લડી તેઓનો દોર તોડતો હતો, તે દેવોથી તે એ હુનર

¹ આફ્રીને પેગામ્બર જરથોશ્ત, ફ. ૨.

શિખ્યો હતો. આ બાબત દેખાડે છે કે અહુરમજ્દના ડહાપણ અને કરામતથી બુરામાં બુરા આદમીઓમાં પણ કાંઇ સારા યા ભલાંનો અંશ હોય છે. જે દેવોએ એ પાદશાહના ઈરાન મુલકને ત્રાસ પમાડી નુકસાન કરવાની કોશેશ કરી હતી, તે દેવોએ તેના મુલકમાં લખવાનો હુનર દાખલ કર્યો હતો. વળી આ બાબત બીજું આ શિખાડે છે કે બુરાઓ તરફ આપણે હમેશ ધિક્કારની લાગણીથી નહિ પણ દયા અને માયા મેહેરબાનીની નજરથી જોતાં રહેવું. તેઓમાં પણ કોઇ નાની ભલાઇનો યા કોઇક જ્ઞાન યા હુનરનો અંશ હોય, જે આપણને ઉપયોગી થઇ પડે. માટે બનતાં સુધી તેઓને નુકસાન થાય એવી રીતે સજા કરવાને બદલે તેઓ ભુંડાઇ તજી ભલાઇ અખત્યાર કરે અને પોતામાં ભલાઇનો જે થોડો પણ અંશ હોય તે ખિલવે તેવી કોશેશ કરવી જોઇએ.

જાનવરોને પાલી માણુસ જાતના ઉપયોગમાં લાવવાનું એણે શરૂ કર્યું. તે ઘોડા, ખચ્ચર અને ગધેડાઓને માણુસ જાતના, ખાસ કરી, રાજ્યના ઉપયોગમાં લાવ્યો. ગાયગોસપંદોનું રક્ષણ કરવા તેણે કુતરાઓને શિખવ્યું. કોઇ યુક્તિથી તે ચિતા અને શિયાલ જેવાં જાનવરોને પણ પોતાના કાબુમાં લાવ્યો હતો. વળી બાજ અને સકરા જેવાં પક્ષીઓને પાળવાની તેના વખતથી શરૂઆત થઇ. જાનવરો સાથે નર્માશથી વરત-

વાને તેણે માણસોને શિખવ્યું. મર્ઘાને પાળી, તેને તે માણસ જાતની સેવામાં લાવ્યો. એ પક્ષી સવારનાં પોહોરમાં વાસી માણસ જાતને બીદાર કરી માણસ જાતની ઘણી સેવા બજાવે છે.[1]

એક ભલા દસ્તુરની સલાહ મુજબની એની ભલી જીંદગી.

અહુરમજ્દની તમામ પેદાયશોમાંથી, ઉપર મુજબ ઝાડપાનો, જાનવરો, પક્ષીઓ વિગેરેને ફાયદેમંદ રીતે માણસ જાતના ઉપયોગમાં લાવી તેણે ફર્માવ્યું કે "ખુદાતાલાની નિઆએશ કરો, દુનિયાને પેદા કરનાર સાહેબની સ્તુતિ કરો, કારણ કે તેણે આપણને જંગલી જાનવરો ઉપર કાબુ આપ્યો છે. તેણે આપણને એ રસ્તો દેખાડયો છે. તેને સેતાયશ હોજો."[2]

એ પાદશાહ પોતાના ભલાં રાજ્ય અને નેક કારોબાર માટે શીદસ્પ નામના પોતાના એક દસ્તુરને આભારી

---

૧ મર્ઘા સવારનાં પોહોરમાં વાસી માણસોને બીદાર કરે છે, તેથી તેઓ ઉદ્યોગી બને છે. ઉદ્યોગી આદમીઓ ઘણાં ભલાં કામો કરી શકે છે. એવાં ભલાં કામો એક માણસને બેહેસ્તી બનાવે છે. (વંદીદાદ પર્ગર્દ ૧૮, ફ. ૧૬). એ સબબે મર્ઘા, જેમ અસલી ઇરાનીઓમાં તેમ હાલના પારસીઓમાં, એક પવિત્ર પ્રાણી ગણાયો છે. (એ બાબે જુઓ "ઇરાની વિષયો, ભાગ ત્રીજો" નામના મારા પુસ્તકમાં "ખોર્શેદ ઉગવા આગમચ વાસતો વંદીદાદમાં જણાવેલો પરોદર્સ મર્ઘા અને તેનો નીતિજનક પોકાર," એવે નામનો વિષય).

૨ ફીર્દોસી.

હતો. "એ દસ્તુર ખુદાતાલાની યાદમાં મશગુલ રહેતો. પાદશાહના (બુલંદ) સેતારાનું તે મૂળ હતો અને બદખાહીનો જાન તેનાથી બંધ હતો. તે પાદશાહને સઘળો નેકીનો રાહ દેખાડતો અને રાસ્તીથી ચઢતો દરજ્જો મેલવવાની ખાહેશ રખતો. (તેની સલાહથી) પાદશાહ બદીથી એવો તો સ્વચ્છ થયો હતો કે તેનાથી ખુદાઇ નુર પ્રકાશતું હતું. જ્યારે (કોઇ પાદશાહને) એવો કાર આગાહ દસ્તુર હોય, ત્યારે તું (તે) પાદશાહમાં પણ ખુબીઓની આશા રાખ"[1]

ઉપલા ફકરામાં ફીર્દોસી જે કહેછે કે, એ પાદશાહની ભલાઇને લીધે તેના મોહ ઉપરથી ખુદાઇ નુર પ્રકાશતું, તેને જમ્યાદ યશ્ત[2] ઉપરથી ટેકો મલે છે. ત્યાં કહે છે કે, એ પાદશાહ સાથ કેઆંની ખોરેહ, જે ખુદાઇ બખશેશ ગણાતું, તે જોડાયલું હતું.

એના નામ સાથ શુભ વિચારે જોડાયલો અપવાસનો રિવાજ—મીરખોન્દ નામનો તવારીખનવેશ કહે છે કે અપવાસ કરવાનો રિવાજ એક શુભ મતલબે એના રાજ્યમાં શરૂ થયો હતો. કહે છે કે એક વર્ષ ઘણો મોટો દુકાલ પડયો અને લોકો ખોરાક અને પાણીથી તવળવા લાગ્યાં. તે વખતે એ પાદશાહે ફર્માન બહાર પાડયું કે તવંગરોએ ફક્ત એકજ વખત ખાનું ખાવું અને સવારનું ખાનું

---

૧ ફીર્દોસી. ૨ જમ્યાદ યશ્ત, ફ. ૨૬.

નહિ ખાઈ તે ગરીબોને આપવું.[1] એ વખતથી અપવાસનો રિવાજ શરૂ થયો, અને તે અસલમાં, આ રૂડી મતલબે, કે શક્તિવાળાઓ એક ખાનાથી પરહેજ રહી તે ગરીબોને અન્નદાન તરીકે આપે. આપણે હાલમાં પણ કોઇક વાર એવીજ રીતે કોઈ આદમી યા આખાં ભલાં કુટુંબની વાત વાંચિએ છિએ, કે તેઓ દેશના કોઇ દુકાલ વખતે યા શેહર ઉપરનાં સંકટ વખતે મનમાં ઠરાવ કરેછે કે "આટલા મહિના આપણે ચાહ નહિ પીવી યા શાકર યા એવી કોઇ મોજની ચીજનો ઉપયોગ નહિ કરવો, અને તેમ કરતાં બચેલા પૈસા દુકાલ યા એવું બીજું સંકટ તાળવા માટે ગરીબો કાજે આપવા." એવું કામ એ પાદશાહની શિખવણી મુજબ છે. અપવાસના હાલના રિવાજમાં અને તે પાળવાની રીતિમાં એવું કેટલુંક જોવામાં આવેછે, કે જે ઉપર જણાવેલી તેહમુરસ જેવા શાહની કોઇ મતલબથી જુદું છે. વળી તે સાથે કેટલાકો દેહને કષ્ટ દેખાડવાનો વિચાર જોડે છે કે તેથી આત્મા યા રવાનની વૃદ્ધિ થાય. કેટલાકો રવાનની બેહેતરીનો કાંઇ પણ ખ્યાલ કરવા વિના ફક્ત અપવાસમાં સવાબ માને છે. એ સબબે અપવાસ કરવો જરથોશ્તીઓમાં નારવા ગણાયો છે.[2]

---

1 Mirkhond's Raozat-us-Safa, translated by Davial Shea, p. 87.

2 શેખસાદી પણ કહેછે, કે અપવાસ પાળજો તો આવી

એ પાદશાહની સહનશીળતા—મીરખોન્દ પ્રમાણે સહનશીળતા (toleration) આ પાદશાહનો એક સદગુણ હતો. તે બીજી દીનવાળાઓ તરફ તેઓની દીનને લીધે દુશ્મની રાખતો નહિ હતો. તે કહેતો કે "તમારો ધર્મ તમે પાળો. હું મારાને વળગી રહું છું" એ પાદશાહના આ શબ્દો આપણ સર્વએ યાદ રાખવા જોગ છે. આપણે બીજી દીનવાળાઓ તરફ સહનશીળતા જાલવવી જોઇએ. ખુદ આપણી દીનવાળાઓમાં જેઓ દીનની બાબતના કોઇક ખુસાલ યા વિચારમાં આપણાથી છુટા પડતા હોય, તેઓ તરફ તો વધારે સહનશીળતા દેખાડવાને આપણે બંધાયલા છિએ. આપણા પેગામ્બર જરથોશ્તની જીંદગી આપણને એ બાબે ખાસ બોધ દેછે. તેવણની મરજી હતી કે તેવણની દીન સર્વ લોકોમાં ફેલાય. પણ તે માટે તેવણ જબરજસ્તી યા સખ્તાઇ પસંદ કરતા ન હુતા, પણ સમજાવત અને સભ્યતાભરી તકરાર પસંદ કરતા હતા.

એનાં રાજ્યની મુદત અને વર્તણુક ઉપરથી બોધ—આ પાદશાહે કુલે ૩૦ વર્ષ રાજ્ય

મતલબે પાળવો કે પોતે નહિ ખાઇ બીજાને ખવડાવવું. તે બરાબર છે, પણ અપવાસ પાળી એક વખત ખાનું નહિ ખાઇ તેથી બચાવેલા પૈસા પોતેજ રાખી તે બીજી વખત પોતાનાજ ઉપયોગમાં લેના તે બરાબર નથી.

કર્યું હતું, એમ, જેમ અવસ્તા[1] ઉપરથી તેમ પેહેલ્વી[2] ફારસી[3] પુસ્તકો ઉપરથી પણ માલમ પડે છે.

એ પાદશાહના રાજ્યની હકીકત ઉપરથી આપણે બે જાતનો બોધ લેવાનો છે.

૧. એક આ કે, આપણ સર્વએ "દેવો" એટલે બુરા વિચારો અને હવસો, અને બુરા માણસો વિગેરેને બાંધવાની, એટલે તોડવાની કોશેશ કરવી.

૨. આપણા સ્વાર્થના ભોગે પર્માર્થ કરવો.

૩. આપણ સર્વએ બીજાઓ તરફ સહનશીળતા દેખાડવી.

બાબ સાતમો.

જમશેદ.

યિમહે વીવ'ડ્હનહે અષઓનો ફ્રવષીમ યઝમઇદે, સૂરહે પોઉરૂ-વાંથ્વહે, પઇતિશ્તાતેએ અઇનિશ્તોઇશ દએવો-ફ્રકર્શ્તયાઓ. હએચ'ડ્હસ્ચ અવાસ્ત્રહે, ઇથ્યે-જ'ડ્હસ્ચ મર્ષઓનહે (ફર્વર્દીન યશ્ત, ફ. ૧૩૦)

૧ રામ યશ્ત, ફ. ૧૨; જમ્યાદ યશ્ત ફ. ૨૯.

૨ મીનોખેરદ, બાબ ૨૭, ફ. ૨૨.

૩ શાહનામું; મીરખોન્દ.

અર્થ—વીવંઙ્હાનના છોકરા પવિત્ર, બહાદુર અને પુષ્કળ ટોળાંવાળા જમશેદના ફ્રોહરને, દેવોથી ઉત્પન્ન થતાં દુ:ખોની સામે થવા માટે, લીલોતરીનો નાશ કરનાર ભીનાશની સામે થવા માટે, અને નાશ લાવનાર મોતની સામે થવા માટે અમો આરાધિએ છિએ.

એ પાદશાહનું અવસ્તાનું નામ "યિમ"[1] છે. પેહેલવી[2] અને પાજંદ[3] પુસ્તકોમાં અને માસુદી[4]એ એને "જમ" લખ્યો છે. હરફોની તબ્દીલના કાયદા પ્રમાણે, યિમ અને જમ એ બન્ને શબ્દો એકજ છે. તબરી[5] ફ્રીર્દોસી, મીરખોન્દ અને બીજા ફારસી લખનારાઓ એને જમશેદ કહે છે. એ પાદશાહનાં અવસ્તાના નામ 'યિમ' સાથે 'ક્ષએત' નામનો એલકાબ જોડાઇ એને અવસ્તામાં[6] 'યિમ ક્ષએત' કહ્યો છે. તે ઉપરથી પાછળથી ફારસીમાં

---

૧ યઝશ્ને હા ૯ ફ. ૪; હા ૩૨ ફ. ૮; વંદીદાદ પર્ગર્દ ૨; ફ. ૫–૭; પર્ગર્દ ૧૯, ફ. ૩૯; યશ્ત આવાં ફ. ૨૫; ગોશ ફ. ૮; ફર્વર્દીન ફ. ૧૩૦; રામ ફ. ૧૫; અશી ફ. ૨૮; જમ્યાદ ફ. ૩૧, આફ્રીને સ્પીતામાન જરથોશ્ત ફ. ૩

૨ બુનદેહેશ બાબ ૩૧ ફ. ૩; મારી બુનદેહેશ પાનું ૧૬૪.

૩ હમકારાની આફ્રીન.

૪ Maçoudi, traduit par Barbier de Meynard, Vol II, p. 112.

૫ Tabari, traduit par Zotenberg, Vol I p. 102.

૬ યઝશને હા ૯ ફ. ૪; હા ૩૨ ફ. ૮; વંદીદાદ પર્ગર્દ ૧૯, ફ. ૩૯; યશ્ત આવાં ફ. ૨૫; ગોશ ફ. ૮; રામ ફ. ૧૫; અશી ફ. ૨૮; જમ્યાદ ફ. ૩૧; આફ્રીને સ્પીતામાન જરથોશ્ત, ફ. ૩.

'યિમ ક્ષએત'નું જમશેદ નામ બન્યું. એનાં 'યિમ' નામનો અર્થ 'ય્મ' એટલે 'રાજ્ય કરવું,' એ ધાતુ ઉપરથી 'રાજ્ય કરનાર' થાય છે.

એ પાદશાહના એલકાબો—એ પાદશાહને અવસ્તામાં બે એલકાબો લગાડેલા છે. ૧ ક્ષએત અને ૨ હ્વાંથ્વ[1]. એમાં 'ક્ષએત' શબ્દનો અર્થ 'ક્ષિ' એટલે 'રાજ્ય કરવું અથવા ચળકવું,' એ ધાતુ ઉપરથી "રાજ્ય કરનાર" અથવા "ચળકતો, નુરવાળો, ખોરેહવાળો" થાય છે. એ બેમાંથી પાછળો અર્થ એટલે "ખોરેહ યા નુરવાળો" વધારે દરૂસ્ત દિસે છે. તેનો સબબ આ કે જમ્યાદ યશ્ત[2] ઉપરથી માલમ પડે છે કે એને એક પ્રકારનું ખોરેહ યા નુર હતું. પેહેલવી તરજુમો કરનારાઓ પણ એ શબ્દનો અર્થ "ખોરેહવાળો" કરે છે. દાદેસ્તાને દીનીમાં એને "ઘણા તેજવાળો" 'કહ્યો છે.

એના બીજા એલકાબ 'હ્વાંથ્વ'નો અર્થ સારી રીતે (રૈયતની) પાસબાની કરનાર" અથવા "નેક ટોલાંવાળો થાય છે. પેહેલવી તરજુમો કરનારાઓ પાછળો અર્થ કરે છે, જેને ફારસી ગ્રંથકારો ટેકો આપે છે. ફીર્દોસીનો એને મલતો શબ્દ "શાહ રમે" છે, અને બર્જો કામદીનની ફારસી રેવાયતમાં "હુ રમે" એટલે "નેક ટોલાંવાળો" છે.

---

[1] વંદીદાદ ફર્ગર્દ ૨. ફ. ૨; ૧૯, ફ. ૩૯; યશ્ત ફર્વર્દીન, ફ. ૧૩૧; જમ્યાદ ફ. ૩૧. [2] જમ્યાદ યશ્ત ફ. ૧૩.

એના બાપનું નામ—અવસ્તામાં એ વીવંઘ્હન[1] અથવા વીવંઘહતરનો જમશેદ કહેવાયો છે, સબબ કે તે એ નામના પુરૂષનો બેટો હતો.[3] પેહેલવી બુનદેહેશ[4] પણ એને વીવંઘ્હાઓનો છોકરો જણાવે છે. હોમ યશ્ત[5] પ્રમાણે, એના બાપ વીવંઘ્હાને હોમ યજદની સ્તુતિ અને ક્રિયા કરી અહુરમજ્દની દુઆ ગુજારી હતી. તે દુઆગુજારી કબુલ કરી અહુરમજ્દે તેને ત્યાં એ બેટાનો જન્મ આપ્યો હતો. ફીર્દોસી અને બીજા તવારીખનવેશો એને તેહમુરસ્પનો છોકરો જણાવે છે, તે ભુલ ભર્યું છે. તેહમુરસ્પ પછી ગાદીએ આવનાર એને જણાવ્યો છે, તેથી તેઓએ ભુલથી એને તેહેમુરસ્પનો બેટો ગણ્યો છે. એવું દિસે છે કે તેહમુરસ્પ એનો વડો ભાઇ હતો.

એ પાદશાહ એક ભલો સઓષ્યન્ત હતો—પાછલાં પુસ્તકોમાં એને એક સઓષ્યન્ત, એટલે ફાયદો કરનાર અથવા પેગામ્બર તરીકે જણાવ્યો છે, તેના એશારા અવસ્તામાંથી ઘણા મલે છે. પુરાણા ગાથામાં[1] એને બુરા લોકોને શિખામન દેતો જણાવ્યો છે. વંદીદાદ પ્રમાણે અહુરમજ્દે પેગામ્બર જરથોશ્તની આગમચ એ પાદશાહને જરથોશ્તી દીન શિખવી હતી. એ

---

૧ વંદીદાદ પર્ગાદ ૨ ફ. ૬, ૩૧; ફર્વર્દીન યશ્ત ફ. ૧૩૦.

૨ ય.જસ્ને, હા. ૯, ફ. ૪. ૩ એજ પુસ્તક.

૪ બુનદેહેશ, બાબ, ૩૧, ફ. ૩. ૫ ય.જસ્ને હા ૯ ફ. ૪

૧ હા. ૩૨ ફ. ૮.

અહુરમજ્દનો ઘણો માનીતો પુરૂષ હતો. અહુરમજ્દની બીશારતી શિખામન પ્રમાણે ચાલી એણે એક નવો વર યા સ્વસ્થાન સ્થાપ્યું હતું અને એ નવા સ્વસ્થાનનો કારોબાર એણે એક રાજ્ય કર્તા તેમજ ધર્મ શિખવનાર તરીકે એવો તો સરસ ચલાવ્યો હતો કે તે સ્વસ્થાનમાંથી નિંદા, મગરૂરી, અપવિત્રાઈ, દુશ્મનાઇ, કંગાલિયત, ઠગાઇ, નીચપણું, અપ્રમાણીકપણું, અદેખાઇ વિગેરે દુર્ગુણો દૂર થયા હતા.[1] યશ્તો પ્રમાણે તેણે દેવો અને પાપી માણસો ઉપર ફતેહ મેળવી હતી અને બુરા આદમીઓ પાસેથી દોલત જેવાં સુખનાં સાધનો છીનવી લેઇ તેઓને સજા કરી હતી[2] અને અદેખાઇને દુર્ગુણ પોતાના દેશમાંથી મોટે દરજ્જે દૂર કરવાને તે શક્તિવાન થયો હતો.[3] તેણે હફ્તકેશ્વર જમીનના બુરાઓ ઉપર ફતેહ મેલવી હતી.[4] એ એક બંદગીગોર પાદશાહ હતો. હુકઇર્ય નામનો પહાડ તેની બંદગીની ખાસ જગ્યા હતી, જ્યાં અહુરમજ્દની બંદગી કરી તે પોતાની પ્રજા ઉપર ભલાઇથી રાજ્ય કરવાને દુઆ ગુજારતો હતો.

એ પાદશાહે સ્થાપેલો વર યા મુલક— અવસ્તા પ્રમાણે એની જીંદગીનો મોટો બનાવ આ હતો

---

૧ વંદીદાદ પર્ગર્દ. ૨, ફ. ૩૭; યજશ્ને હા ૯, ફ. ૫.

૨ આવાં યશ્ત ફ. ૨૬. ૩ રામયશ્ત, ફ. ૧૬.

૪ જમ્યાદ યશ્ત, ફ. ૩૧.

કે, એણે, ઉપર એશારો કીધો છે તેમ, અહુરમજદની બીશારતથી એક વર અથવા મુલક યા સ્વસ્થાન સ્થાપ્યું હતું. એવું દિસે છે કે પેહેલે એના દેશમાં માણસની અને ઢોરોની વસ્તી અતી ઘણી વધી ગયાથી બીમારી અને સંકટનું જોર વધુ હતું. વળી તનની એવી બિમારીઓ સાથે મનની બિમારી યા દુર્ગુણો પણ વધુ દાખલ થયા હતા. એ સર્વ દૂર કરવા કાજે તેણે તનદરૂસ્તીના નિયમો મુજબ એક નવો મુલક વસાવ્યો અને તેમાં હવા અને ઉજાશ પુરતાં મળે એવાં મકાનો બનાવ્યાં. તેવા નવા મુલકમાં તે થોડાંક ચુન્નદાં ભલાં નરનારીનાં જોડકાં યા કુટુંબો સાથે અને ગાય ગોસપંદોના સર્વથી સરસ જોડકાંઓ સાથે જઇને રહ્યો. લોકોની તન દરૂસ્તી અને મન દરૂસ્તી ઉપર ઘણું ધ્યાન આપવાથી એ નવા મુલકનાં લોકો જેમ તને તેમ મને સુખી નિવડ્યાં અને એનો જમાનો જાણે ઈરાનનો સુખી સોનેરી જમાનો (golden age) બન્યો. હાલમાં એક ભલો પાદશાહ અથવા એક ભલી સરકાર જેમ પોતાનાં દેશમાં માણસોની વસ્તી વધતી જાય ત્યારે વસ્તીની ચોકસ ગણત્રી કરીને તે ગણત્રીના પ્રમાણ મુજબ માણસોનાં રેહેઠાણ માટે નવા લત્તાઓ ઉભા કરે અને નવાં મકાનો બનાવે, તેમ પાદશાહ જમશેદે પોતાનાં દેશમાં જમીનના સુધારાની યોજના દાખલ કરી ત્રણ ત્રણ મરતબે વધતી જતી વસ્તીની સગવડ માટે ગોથવણ કીધી.

આ બાબની શરૂઆતમાં મેલેલા ફ્રવર્દીન યશ્તના ફકરા ઉપરથી આપણે જોઇએ છિએ કે એને એ યશ્તમાં એનાં ત્રણ કામ માટે યાદ કર્યો છે.

૧. દેવોથી ઉત્પન્ન થતાં દુઃખોની સામે થવા માટે.

૨. લીલોતરીનો નાશ કરનાર બીનાસની સામે થવા માટે.

૩. નાશ લાવનાર મોતની સામે થવા માટે.

એ ત્રણે કામો તેણે પોતાનાં નવા મુલકનાં સંબંધમાં કર્યા હતાં. તેણે તનદરૂસ્તીના કાયદાઓ મુજબ હવા ઉજાશ સાથનાં મકાનો બાંધી બંધાવી દુઃખ દરદો ઘટાડ્યાં હતાં. તેણે બીનાસવાળી જમીન પુરીને ખેતીને માટે વધુ જગ્યા પુરી પાડી હતી. તેણે દુઃખ દરદો ઘટાડી અને ખેતીની આબાદી કરી, અનાજની વૃદ્ધી કરી, કવખતનાં મોતને દૂર કરી દેશનું મરણનું પ્રમાણ ઘણું ઘટાડયું હતું. તનની દરૂસ્તી સાથ તેણે મનની દરૂસ્તી સ્થાપી. તેણે જેમ એક ભલા પાદશાહ તરીકે તેમ એક ભલા મોબેદ યા ધર્મગુરૂ તરીકે અમલ કરી તન અને મનની બદીઓ ટાળી. શાહનામા[૧] પ્રમાણે તેણે પોતાને જેમ પાદશાહ તેમ મોબેદ તરીકે જાહેર કર્યો.

---

૧ મનમ ગોફ્ત બા ફરેં એ યઝદી
હમ શેહર્યારી ઓ હમ મુબદી
બદાનરા ઝ બદ દસ્ત કુતે કુનમ
રવાનરા સુએ રોશની રેહ કુનમ.

જમશેદે મંડળીના કરેલા ચાર મુખ્ય વર્ગો—રાજગાદી ઉપર આવ્યા પછી જમશેદે મંડળીના ચાર મુખ્ય વર્ગો કીધા. ૧ ધર્મગુરૂનો, ૨ લડવૈયાઓનો, ૩ ખેડુતોનો અને ૪ હુન્નરમંદો યા કારીગરોનો. તેણે ઇચ્છયું, કે દરેક વર્ગવાળાઓ પોતાના ધંધાધાપા ઉપર ખાસ ધ્યાન આપી તે ધંધાઓને ખીલવે અને તેમાં કુશળ થાય. દરેકે પોતે ઉદ્યોગી થવું, એ તેની મતલબ હતી. ઉદ્યોગના સંબંધમાં શાહ જમશેદના આ સોનેરી શિખામણના શબ્દો છે, જે ફીર્દોસી ખાસ કરી યાદ કરે છે કે "આળસાઇ એક છુટા માણસને ગુલામ કરે છે."[૧]

ફીર્દોસી મુજબ તેણે બાંધકામના અને પોષાકો અને ખુશબોઇ બનાવવાના હુન્નરોને, અને દર્યામાં સફર કરવાના હુન્નરને, અને એ વિગેરે તરેહવાર એલમ હુન્નરોને ઉત્તેજન આપી માણસ જાતના આરામ અને રાહતમાં ઘણો વધારો કીધો હતો. તેથી તેની વહાલી પ્રજા તેને માટે આફ્રીનના પોકારો કરવા લાગી હતી.

એ પાદશાહની મોટી ખામી—એ પાદશાહની એક મોટી ખામી આ ગણાઇ છે કે જ્યારે અહુરમ-

---

૧ ચે ગોફત આન સખુન ગુઇ આઝાદેમર્દ
કે આઝાદે કાહિલી બન્દે કર્દ

અર્થ—તે છુટા મનના સખુન બોલનાર મરદે કેવા (સારા) આ શબ્દો કહ્યા છે, કે "આળસાઈ એક છુટા માણસને ગુલામ બનાવે છે."

જદની મેહેરથી તે પોતે આબાદ અને સુખી બન્યો અને પોતાના મુલકને અને પોતાની રૈયતને તેણે આબાદ અને સુખી બનાવ્યાં, ત્યારે તે મગરૂર થયો. એક જરથોશ્તી માટેના અવસ્તાના સોનેરી શબ્દો, "અહુરાઇ મજદાઇ વીસપા વોહૂ ચિનહ્મી[1]" એટલે "તમામ નેઆમતો અહુરમજદ્ તરફથી હું માનું છું", તે એ નામીચો પાદશાહ ભુલી ગયો અને સર્વ આબાદીનું મૂળ પોતેજ હોય એમ તેણે મગરૂરીભર્યો ખ્યાલ કીધો એ બાબે વંદીદાદમાં સિદ્ધા નહિ પણ આડકતરા એશારા છે. વંદીદાદમાં[2] કહે છે કે જમશેદને તેની (મગરૂરીભરી) જબાને મોતલાયક કીધો અને ખરાબીમાં નીચે નાખ્યો. જમયાદ યશ્તમાં પણ કહે છે કે જ્યારે તે મગરૂરીથી "જુઠા અને નારાસ્ત સખુનો" બોલ્યો,[3] ત્યારે તેનું ખોરેહ તેનાં મોંહપરથી જતું રહ્યું અને તેની પડતી આવી.

પાદશાહ જમશેદ અને જમશેદી નઓરોજ—"જમશેદી નઓરોજ" નામનું મુબારક જશન, જે બાહારની મોસમની શરૂઆતમાં દર સાલ તા. ૨૧ મી માર્ચને દીને પડે છે, તે જશન શાહ જમશેદનાં નામ સાથ જોડાયલું છે. એ મેષવિષુવ (Vernal Equinox)

---

૧ ય. જશ્ને, હા ૧૨, ફ. ૯. ૨ ફર્ગર્દ ૨, ફ. ૬.

૩ "દ્રએગેમ વાચિમ અંધૂહઇથીમ" જમ્યાદ યશ્ત ફ. ૩૪.

નું મોસમનું જશન છે. શાહે પોતાના મુલકને આબાદ કરી એ દિવસને એક જાહેર મોટાં જશન તરીકે પાળ્યો અને તેને જાહેરરૂપ આપ્યું. તેથી એ જશન તેનાં નામ સાથ જોડાયું. ઇરાનની તવારીખમાં જેમ 'જશને સદેહ' શાહ હોસંગના નામ સાથે, અને 'મેહેરંગાનનું જશન' શાહ ફરેદુનનાં નામ સાથે મશહુર થયલાં છે, તેમ જમશેદી નઓરોજનું જશન શાહ જમશેદનાં નામ સાથે મશહુર થયલુ છે. પાદશાહ જમશેદે જયારે એક ફતેહમંદ દીન-શિખવનાર અને એક ફતેહમંદ પાદશાહ તરીકે, બુરા આદમીઓથી જુદું, ચુંટી કહાડેલાં (અઇર્યન) આદમીઓનું મોહોટું નવું સંસ્થાન (ઇરાનવેજ) સ્થાપ્યું અને તેને તન અને મનની બદીઓથી નિરાળું કરી આબાદ અને સુખી કર્યું, ત્યારે એમ કર્યા પછી એ બનાવની યાદગારીમાં તેણે એક ફર્વર્દીન મહિનો અને હોરમજદ રોજે એ ઇરાનવેજના તખ્તે ગાદીનશીન થઇ એક મોહોટું જશન કર્યું. એ જશન ત્યારબાદ તેના નામથી જમશેદી નઓરોજ તરીકે તવારીખમાં મશહુર થઇ રહ્યું છે.

પેહેલવી ફારસી પુસ્તકો પ્રમાણે એ પાદશાહની થોડીક વધુ હકીકતો—બુનદેહેશ પ્રમાણે જમશેદે ખ્વારીજમના ગદ્મનરે હુમંદ પહાડ ઉપર ફરોબા નામનો આતશ તેની દાદગાહે સ્થાપ્યો હતો.

દાદેસ્તાને દીનીમાં એને હોશંગ, તેહેમુરસ અને ફરેદુન સાથે ગયોમર્દની પેહડીનો અને નેકીનાં કામ કરનારો નામાંકિત પુરૂષ ગણ્યો છે[1] અને ગયોમર્દ અને જરથોશ્ત સાથે ફ્રશોકર્દના કામને મદદ કરનાર જણાવ્યો છે.[2] મીનોખેરદ કહે છે કે કએકાઉશ અને ફરેદુન સાથે જમશેદને અહુરમજ્દે સંપૂર્ણ અમ્મર બનાવ્યો હતો, પણ આહરેમને એઓનાં મન ઉપર ખરાબ અસર કરી હતી.[3]

પાછલી કેતાબો ઉપર આવતાં દસાતીર, દબેસ્તાન વિગેરે એને પએગામ્બર તરીકે જાહેર કરે છે. ફીર્દોસી પણ એને શરૂઆતમાં એક ધર્મી પાદશાહ અને એક મોબેદ તરીકે જણાવે છે.

હખામીનીઅન પાદશાહોનાં પર્સીપોલીસના બાંધકામોને ભુલમાં તખ્તે જમશેદનું નામ મલ્યું છે, તેનો એસારો આપણે મીરખોન્દની 'રોઝ તુસ સફા'માં જોઇયે છિએ.

પાદશાહ જમશેદનો અંત--પાદશાહ જમશેદનું મોત કુદરતી રીતે નહિ પણ પારકાને હાથે નિપજ્યું હતું, તે અવસ્તા[4] ઉપરથી માલુમ પડે છે જ્યાં જોહાકને અને સ્પિત્યુરને જમશેદથી ઉડી જતાં નુરને

---

૧ બાબ ૨, ફ. ૨૦. ૨ બાબ ૩૬, ફ. ૨. ૩ બાબ ૮, ફ. ૨૭-૨૮. ૪ જમ્યાદ યશ્ત ફ. ૪૬.

મેલવવાની તજવીજ કરતા જાહેર કર્યા છે. સ્પિત્યુર જે નદેહેશ[1] પ્રમાણે જમશેદનો ભાઇ થતો હતો, તેને જમયાદ યશ્તમાં જમશેદને કાપી નાખનાર જણાવ્યો બુનદેહેશમાં જમશેદના ભાઇ સ્પિત્યુરને જોહાક સાથે મલી જઈ જમશેદને મારી નાખતો જણાવ્યો છે. વલી ફીર્દોસી અને બીજા તવારીખનવેશો જણાવે છે કે જમશેદ જોહાકને હાથે માર્યો ગયો હતો. એ ઉપરથી દિસે છે કે જમશેદનો દાહાડો જોહાકને હાથે બરગશ્તે થયો હતો અને તે જોહાકની કુસળવણીથી સ્પિત્યુર નામનો શખસ, જે તેનો ભાઇ હતો, તેને હાથે માર્યો ગયો હતો. ફીર્દોસી પ્રમાણે જમશેદની મગરૂરીથી નારાજ થઈ કેટલાક ઇરાનીઓ જોહાક આગળ ગયા અને તેઓએ તેને ઇરાન ઉપર હુમલો લાવવા કહ્યું. તેણે તેમ કર્યું અને જમશેદનું રાજ્ય લેઇ લીધું. જમશેદ કેટલોક વખત નાસભાગ કરતો છુપાયો પણ આખરે જોહાકને હાથ પકડાયો અને માર્યો ગયો.

જમશેદનાં રાજ્યનાં વર્ષો—બુનદેહેશ[2] કહે છે કે જમશેદે ૭૧૬૬ વર્ષ રાજ્ય કર્યું હતું, જેમાંનાં છેલ્લાં ૧૦૦ વર્ષ તો જોહાકને હાથે હાર ખમવાથી નાસભાગમાં પસાર થયાં હતાં. મીનોખેરદ[3] કહે છે કે

---

૧ બાબ ૩૧, ફ. ૫; જુઓ મારી બુનદેહેશ, પાનું ૧૬૫.

૨ બુન્દેહેશ, બાબ, ૩૪, ફ. ૪. ૩ બાબ ૨૭, ફ. ૨૪.

તેણે આલમનાં લોકોને ૬૧૬૩ વર્ષ અને ૧૬ દાહાડા સુધી દુઃખ અને બિમારી વિનાનાં કર્યાં હતાં. ફીર્દોસી પ્રમાણે એણે ૭૦૦ વર્ષ રાજ્ય કર્યું હતું. બીજા લખ-નારાઓ પણ એનાં રાજ્યની મુદત લાંબી જણાવે છે. પણ એનાં અને બીજા આગળા પાદશાહોનાં રાજ્યની જે આવી લાંબી મુદત જણાવી છે તે તેઓનાં પોતા-નાંજ રાજ્યની સમજવી નહિ પણ તેઓનાં વંશ અને ઓલાદનાં રાજ્યની સમજવી.

શાહ જમશેદની જીંદગી ઉપરથી મળતો ધડો—શાહ જમશેદની જીંદગીના એહવાલ ઉપરથી આપણને કેટલાક ધડા મલે છે, જેમાં નીચલા મુખ્ય છેઃ—

૧ જેમ જમશેદે કર્યું હતું તેમ, આપણ સર્વએ આપણી આજુબાજુ તનદરૂસ્તી અને મનદરૂસ્તી પાંથરવાની કોશેશ કરવી જોઇએ, એટલે કે આપણા મનુષ્ય ભાઇબંદો સફાઈ, સુગડાઇ, સ્વચ્છતાથી રહે તેમ કરવાની કોશેશ કરવી. તેઓનાં મકાનો પુરતી હવા અને ઉજાશ દાખલ થાય એવાં બનાવવાની કોશેશ કરવી, કે તેથી માણસો પુરતી તંદરૂસ્તી સાથે રહે અને કવખતનાં યાને અકાલ મરણ તેઓથી બનતાં સુધી દૂર રહે. માણસની તંદરૂસ્તી તેઓના મનની દરૂસ્તી ઉપર સારી અસર કરે છે.

૨ આપણે જ્ઞાન સંપાદન કરતા રહેવું અને આ-

પણા મનુષ્ય ભાઇબંધોમાં તે ફેલાવવું. તેઓને જ્ઞાની કરવાં કે તે જ્ઞાનના બળે તેઓ પોતાનું ભલું શોધતાં રહે.

૩ આપણે નીતિવાન થવું અને આપણી આજુ-બાજુનાંઓને નીતિવાન કરવાં. અદેખાઇ, અંતરા, નિંદા, અપ્રમાણિકપણું વિગેરે દુર્ગુણોથી દૂર રહેવું અને આજુ-બાજુનાંઓને દૂર રાખવાં.

તન, મન અને રવાનની આ મુજબ વૃદ્ધિ સોધ-વાથી આપણે, જેને સોનેરી જમાનો કહે છે, તેવો સોનેરી જમાનો, નાના પાયા ઉપર, આપણી બનતી કૂમીની હદે, ઉત્પન્ન કરવાને શક્તિવાન થઇયે છિએ, અથવા, આપણી ધર્મસંબંધી ભાષામાં બોલ્યે તો, ફ્રશો કેરેતી અથવા ફ્રશોગર્દની સોનેરી હાલત ઉત્પન્ન કરવાના માર્ગ ઉપર ચાલ્યે છિયે. આવાં કામોમાં જમ-શેદ જેવા સોશ્યનતનો દાખલો આપણી નજર સનમુખ રાખી આપણ દરેકે જાણે નાના સોશ્યન્તો બનવાની કોશેશ કરવી જોઇએ.

૪ સેવટે જે મુખ્ય ધડો આપણે લેવાનો છે તે આ કે કદી મગરૂરી કરવી નહિ. સર્વનું ભલું કરવાને આપણા બાજુબળથી પુરતી તદબીર કરવી, પણ તેમ કરી "મજદયસ્નો અહ્મી"વાળાં આપણા એકરારનામાંના "અહુરાઈ મઝદાઇ વીસ્પા વોહૂ ચિનહ્મી" શબ્દો યાદ કરી, સર્વ નેઆમતોના સાહેબ તરીકે, સર્વ ફતેહના

આપનાર તરીકે, સર્વ ભલાં કામોના કરાવનાર તરીકે, તે સાહેબનેજ પિછાણવો. સઘલાં ભલાંનું મૂળ તે સાહેબજ છે, એમ સમજી કમીનાપણાંથી જીંદગી ગુજારવી.

બાબ આઠમો.

જોહાક.

તાંમ યઝત અઝ્‌િશ થ્રિજફ્રાઓ દહાકો, બવ્‌રોઇશ પઇતિ દંઘ્‌હુઓવે......આઅત હીમ જઇધ્યત, અવત આયપ્તેમ દજદ્‌િ મે વંઘ્‌ઉહિ સેવિશ્તે અરેદ્વી સૂર અનાહ્‌િતે, યથ અઝેમ અમષ્યાં કેરેનવાનિ વીસ્પાર્ઇશ અવિ કર્ષ્વાંન યાઇશ હપ્ત. નોઇત અહ્માઇ દથત તત અવત આયપ્તેમ અરેદ્વી સૂર અનાહિત. (આવાં યશ્ત ક. ૨૯–૩૧)

અર્થ—તે (અર્દવીસૂર અનાહિત)ને ત્રણ મોંહુવાળા દહાક(જોહાક)એ બવરી (બાબીલોન)ના મુલકમાં આરાધી........તેણે તેને અર્જ ગુજારી કે ઓ ભલી ફાયદો કરનારી અર્દ્‌વીસૂર અનાહિત! તું મને આ બખ્શેશ આપ, કે હું સર્વ કેશ્વરો, જે સાત છે, તેઓને (એટલે હપ્ત કેશ્વર જમીનને) માણસ વિનાની

એટલે તારાજ કરૂં. અહુર્વીસૂર અનાહિતએ આ બખ્શેશ તેને નહિ આપી.

અવસ્તા[1] પ્રમાણે એ પાદશાહનું નામ 'અજિ દહાક' હતું; એ નામ ટુંકમાં પેહેલવીમાં[2] 'દહાક' તરીકે વપરાવા લાગ્યું. પેહેલવીમાં 'દ,' 'જ' તરીકે પણ વંચાય તેથી તે પાછળથી ફારસીમાં જહાક અથવા જોહાક તરીકે બન્યું. ફીર્દોસી એ નામ જોહાક આપે છે; ફીર્દોસી[3] કહે છે અને બુનદેહેશ[4] એ કહેવાને ટેકો આપે છે કે એને બીવરસ્પ કહેતા. પેહેલવી જબાનમાં 'બીવર'નો અર્થ "દસ હજાર" થાય છે, અને એની પાસે ૧૦૦૦૦ અરબી ઘોડાઓ (અસ્પ) હતા, તેથી એને બીવરસ્પ કહ્યો છે.

---

૧ યજશ્ને હા ૯ ફ. ૮; વંદીદાદ પ્રગરદ ૧, ફ. ૧૮; આવાં યશ્ત, ફ. ૨૯; બેહેરાંમ યશ્ત ફ. ૪૦; જમ્યાદ યશ્ત ફ. ૫૦.

૨ બુનદેહેશ બાબ ૨૯ ફ. ૯; જુઓ મારી બુન્દેહેશ પા. ૧૪૯.

3 કુજા બીવરસ્પશ હમી ખાન્દન્દ.
ચુનીન નામ બર પેહલવી રાન્દન્દ.
(મોહલનું શાહનામું, વાલમ ૧, પા. ૫૬).
અર્થ—તેને બીવરસ્પ પણ કહેતા. એનું નામ પેહેલવીમાં કહેતા.

૪ "દહાક (જોહાક) મૂન બીવરસ્પ કરીતુન્દ" (બુનદેહેશ, બાબ ૨૯, ફ. ૯).
અર્થ—જોહાક જેને બીવરસ્પ કહેતા.

જોહાક પાછળથી બેવફા બેટો અને જુલમગાર પુરૂષ બન્યો—શ્રી૰ દોસી પ્રમાણે એ બચપણમાં ભલો હતો, પણ પાછળથી બુરાઓની સંગતથી ખરાબ માર્ગે ગયો અને પોતાના બાપને બીવફા નિવડી તેણે તેને મારી નાખ્યો. "એવું બન્યું કે, એક દહાડો સવારના પોહોરમાં એબ્લીસ (એટલે કે એક મોટો બુરો પુરૂષ) એક ભલું ઇચ્છનારનાં રૂપમાં આવ્યો. તેણે તેના (મર્દાસના) છોકરાનું દિલ નેકીથી ફેરવ્યું અને તે જવાને તેના બોલવા ઉપર કાન ધર્યા...........તેણે (એબ્લીસે) કહ્યું કે 'મારી પાસે ઘણીક વાતો છે કે જે મારા સિવાય કોઇ જાણતું નથી.' તે જવાને તેને કહ્યું કે 'તું તે મને શિખવ.' તેણે તેને જવાબ દીધો કે, 'પેહેલ વેહેલાં હું તારી પાસે વચન માગું છું. ત્યાર પછી હું તારી આગળ સર્વ સખુનો ખુલ્લા કરીશ.' પેલો જવાન નેક દિલનો હતો, તેથી તેણે તેને વચન આપ્યું, અને જેમ તેણે ફરમાવ્યું તેમ સોગંદ ખાધા કે 'તારો ભેદ કોઇ આગળ હું મુદલ ખોલીશ નહિ. જે સખુન તું કહેશે તે હું સાંભળીશ.' ત્યારે તેણે તેને કહ્યું કે 'ઓ નામવર! શું કરવા મેહલમાં તારા સિવાય બીજો કોઇ પાદશાહ હોવો જોઇએ? જયારે તારા જેવો છોકરો હોય ત્યારે બાપ શું કરવા જોઇએ? મારાથી એ શિખામણ તારે સાંભળવી જોઇએ. આએ ઉમ્મરના ખાધેલા (એટલે બુઢા) ધણી ઉપર જમાનો

લાંબો વખત સુધી ટકી રહેશે. (માટે) તું તેને ઘડી કરી નાંખ (એટલે તેને મારી નાખી તેના જમાનાને ટુંકો કરી નાંખ), જ્યારે જોહાકે (આ વાત) સાંભળી ત્યારે વિચાર કીધો અને બાપના ખુનથી તેનું દિલ દરદભર્યું થયું. તેણે એબ્લીસને કહ્યું કે 'એ સજાવાર નથી. તું બીજી વાત કહે, કારણ આએ વાત કામની નથી.' તેણે જવાબ દીધો કે 'આ સખુનથી જો તું ફરશે તો મને આપેલા વચનથી અને સોગંદથી તું ફરશે. તારી ગર્દન ઉપર સોગંદ અને બંદ રહેશે. તું ખોહાર થશે અને તારો બાપ કીર્તિવંત કાયમ રહેશે.' (આવી વાતથી) પેલા આરબ મરદ (જોહાક)નું સર તે ફાંદામાં લાવ્યો અને એમ બન્યું કે તેણે તેનું ફર્માન પસંદ કર્યું."

તેણે સોગંદ ખાવાની કરેલી ભુલ.— ફીર્દોસીનું આ વર્ણન આપણને શિખાડે છે કે કોઇ બાબતના સોગંદ લેવા એ ઘણું ખોટું કામ છે. જોહાકે વગર વિચારવે પેલા બુરા ધણીના કહેવા પ્રમાણે અમલ કરવાને સોગંદ લીધા અને તેથી તે એક બુરા કામમાં ફસ્યો. અસલી ઇરાનીઓમાં સોગંદ ખાવાની મનાઇ હતી. આદરબાદ મારેસપંદ પોતાના બેટાને શિખામણ દે છે કે "સચ્ચાઇને માટે તથા જુઠાઇને માટે સોગંદ ખાતો ના," એટલે કે "ખરા કે ખોટા સોગંદ ખાવા નહિ." અસલી ઇરાનીઓમાં સચ્ચાઈ માટે એટલો બધો ભાવ

હતો, કે પોતાના બોલવાને સાચ્ચું દેખાડવા માટે સોગંદ ખાવા, એ પોતાની સચ્ચાઇ ઉપર પોતેજ શક નાખવા બરાબર અને પોતા માટે સ્વમાન (Self-respect) નહિં જાળવવા બરાબર હતું. હિરૉડોટસ પ્રમાણે, સાઇરસ પાદશાહને જાહેર બજારો સામે અભાવ હતો, તે એટલાજ માટે, કે ત્યાં વેચ લે માટે તરેહવાર ખરા ખોટા સોગંદ ખાવામાં આવે છે. તેટલા માટેજ બચ્ચાંઓની નિશાળોને જાહેર બજારોથી દૂર રાખવામાં આવતી, કે બચ્ચાંઓ ત્યાં ખવાતા સોગંદની ટેવ શિખે નહિં. એક યોજદાથ્રગર મોબેદને સોગંદ ખાવાની મનાઈ એજ સબબે છે.

એબ્લીસના સોગંદ તોડવા બાબેની ધમકીના ઉપલા શબ્દોથી, અને પોતાને જલદીથી સત્તા ભોગવવાની મળશે તેની લાલચથી, જોહાકનું દેલ ફર્યું અને તે પોતાના બાપને મારી નાખવા તૈયાર થયો.

જોહાક અને તેનો બાપ.—ફીર્દોસી કહે છે કે તેનો બાપ મર્દાસ દરરોજ પાછળી રાત્રે બરી બામદાદે અંધારામાં ઉઠી પોતાના બાગમાં બંદગી કરવા જતો હતો. તે બાગમાં તેના જવાના રસ્તા ઉપર જોહાકે પેલા બુરા પુરૂષની શિખવણીથી એક ખાડો ખોડ્યો. તેમાં તેનો બાપ અંધારામાં પડયો અને જખમી થઇ મરણ પામ્યો. એ પ્રમાણે પોતાના પિતાનું ખુન કરી

આ કમબખ્ત છોકરો પોતાના બાપના મુલક બવરી યા બાબીલોનનો માલેક થયો. તેનો મુલક આરબોનો મુલક હતો.

ઇરાન ઉપર એની ચહડાઈ અને તેનો જુલમી અમલ.—આ અર્સામાં ઇરાનનો પાદશાહ જમશેદ, પોતે અખત્યાર કરેલી મગરૂરીને લીધે, પોતાની રૈયતને અકારો થઇ પડયો હતો. તેની રૈયતને કાને જોહાકની વાત આવી કે તે એક તવંગર અને જોરાવર પાદશાહ હતો. તેથી તેઓએ, તેને લગતી ખરી બાતેનની હકીકત જાણ્યા વગર, તેને અરજ કીધી કે ઇરાનપર લશ્કર લાવી તે ઇરાનનો પાદશાહ થાય. તેણે તેમ કર્યું. જમશેદથી બેદીલ થયલા ઇરાની ઉમરાવોની મદદથી તેણે ઇરાનનું તાજ અને તખ્ત લીધાં અને ઈરાનનો પાદશાહ થયો.

ત્યાર પછી પેલોજ એબલીસ યા બુરો શખ્સ, એક બાવરચીના વેશમાં તેની પાસે આવ્યો અને એક બાવરચી તરીકે તેને ત્યાં ચાકરી રહ્યો. તેણે તરેહવાર સ્વાદીશ્ત ખાનાની વાણીઓ પકાવી જોહાકનું દેલ જીતી લીધું. એ વખતે લોકોનો મુખ્ય ખોરાક વનસ્પતીનો હતો. પણ આ બુરા ખવાસના બાવરચીએ ઈંડાં અને માંસનો તરેહવાર ખોરાક તેને ચખાડી તેનાં મનને ઉશકેર્યું અને પોતા તરફ જીતી લીધું. એમ જોહાકનું

દીલ જીતી લેઈ તેની પરવાનગીથી તેની બેઉ ખાંધો ઉપર તેણે બોસા લીધા. તેમ કરતાં તેની ખાંધો ઉપર દરદો ઉભરી નીકળ્યાં. ફીર્દોસી કહે છે કે બે સાંપો ઉગી નીકળ્યા. પણ એનું એ લખાણ કોઈ અલંકાર દિસે છે. તે સાંપો તે કોઇ પ્રકારનાં દરદો હતાં. આ દરદથી જોહાક ઘણો કંતાળવા લાગ્યો અને કોઇ પણ તબીબ તે દરદ સાજું કરી શકયો નહિ. થોડા વખતમાં પેલો બુરો ધણી એક તબીબના રૂપમાં જોહાકની પાસે આવ્યો અને તેનાં દરદના ઉપાય તરીકે સલાહ આપી, કે જોહાકે દરરોજ બે માણસને મારી નખાવી તેઓનાં ભેજાં તે દરદ પર મેલવાં, કે તેથી આરામ થાય. જોહાકે તેમ કર્યું અને તેને આરામ થવા લાગ્યો. પણ તેથી દર સાલ સેંકડો નીર્દોશ માણસોનાં જાન જવા લાગ્યા. તેથી દેશમાં તેના જુલમથી હોકાર ઉઠી રહ્યો. પછી તેની રૈયતના બે પુરૂષો, અર્માઈલ અને કર્માઈલ, હિમ્મત કરી તેની સેવામાં બાવરચી તરીકે રહ્યા. જ્યારે તેઓ આગળ દરરોજ બે માણસો લાવવામાં આવતાં કે તેઓનાં ભેજાં કાહાડી પાદશાહનાં દરદ પર મેલવા તૈયાર કરવામાં આવે, ત્યારે તેઓ કોઇ તદબીરથી એક ધણીને મારતા અને બીજાને છોડી દેતા, અને તે છોડી દીધેલા પુરૂષને બદલે એક બકરાંનું ભેજું વાપરતા હતા.

કાવેહ નામના આહન્ગરે (લોહવાડે) જોહાક સામે બળવો ઉઠાવવો—આ વખતે ઇરાનમાં

કાવેહ નામનો આહન્ગર યાને લોહવાડ હતો. જોહાકનાં દરદ ઉપર મેલવા માટે માણસનાં ભેજાં કાહાડવા કાજે તે બીચારાના કેટલાક છોકરાઓને મારી નાખવામાં આવ્યા હતા. છેવટે જ્યારે તેના એક છેલ્લા છોકરાને પણ એ કામ માટે પકડવામાં આવ્યો, ત્યારે તે જીવ ઉપર આવ્યો અને જોહાક પાદશાહની દરબારમાં દોડયો. આ વખતે પાદશાહ જોહાક, તરફથી, દરબારીઓ અને અમીર ઉમરાવો પાસે, એક મેહેજર યાને દસ્તાવેજ ઉપર સહી લેવામાં આવતી હતી. તે દસ્તાવેજમાં પાદશાહ જોહાકની સિફત ગાઇ હતી અને તેને ભલો પાદશાહ ચિતારવામાં આવ્યો હતો. કાવેહ આહન્ગર પોતાની ફર્યાદ પોકારતો એ વખતે પાદશાહની દરબારમાં આવી લાગ્યો. જોહાકે તેની ફર્યાદ શું હતી તે પુછયું. કાવેહે જણાવ્યું કે પાદશાહના દરદના એલાજ માટે તેના ૧૮ છોકરાઓમાંથી ૧૭ ને મારી નાખવામાં આવ્યા હતા અને હવે છેલ્લાને પણ તે કાજે પકડવામાં આવ્યો છે. જોહાકે તેનો છોકરો તેને હવાલે સોંપવાનો હોકમ આપ્યો અને તેને થંડો પાડયો. પછી તેણે તેને પેલા મેહેજર ઉપર સહી કરવાને કહ્યું. કાવેહે તે દસ્તાવેજ, જેમાં પાદશાહની ખોતી સિફત કીધી હતી, તે વાંચ્યો. પછી એવા ખોટા દસ્તાવેજ ઉપર અમીર ઉમરાવો અને બીજાઓએ સહી કીધી હતી તે માટે ગુસ્સે થયો અને તે દસ્તાવેજ ઉપર

સહી કરવાને બદલે તેને ફાડી નાખી જમીનપર નાખી તેને પગથી કચડી નાખ્યો. પછી પોકાર કરતો પોતાના બચી રહેલા છોકરાને લઇને શાહની દરબારમાંથી બાહેર પડયો. પાદશાહ તેની હિમ્મતભરી વર્ત્તણુકથી દંગ થઇ ગયો અને તેને અટકાવવાની હિમ્મત કરી શકયો નહિ. પછી કાવેહ શેહેરનાં બજારમાં આવ્યો અને પોતે જે ચામડું પગ ઉપર નાંખી લોહાડ તરીકે હથોડા ઠોકતો હતો, તે ચામડાંના ટુકડાને એક લાકડી ઉપર લટકાવી તેનો વાવટો બનાવી તે વાવટા હેઠળ શાહ જોહાકના જાલેમ દોર સામે તેણે બળવો ઉઠાવ્યો.

કાવેહ આહન્ગરના દાખલા ઉપરથી ધડો—કાવેહ આહન્ગરની શાહનામાની હકીકત દેશાભિમાનનો બોધ આપણ હજુર ધરે છે. તેણે જ્યારે દેશ ઉપર પાદશાહથી જુલમ પડતો જોયો, ત્યારે તે, પોતાના જાન વટીકની દરકાર કર્યા વિના, હિમ્મતથી પાદશાહની દરબારમાં ફર્યાદ કરવા ગયો અને પછી હિમ્મતથી બીજાઓને પોતા સાથે લેઇ ફરેદુન આગળ ગયો.

આપણ જરથોશ્તીઓને ફર્માન છે કે દેશના રાજા, હાકેમ યા સરદારને વફાદાર રહેવું અને તેઓના હુકમોને માન આપવું. પણ એ વફાદારી આંધળી વફાદારી નથી. જ્યારે કોઇ પણ શક્તિવાળો ધણી પછી તે દેશનો પાદશાહ યા કોઇ બીજો હોય, બુરો નિવડે

તો તેનો દોર તોડવાને એક જરથોશ્તીએ હિમ્મત કરવી. કુસ્તી ભણતાં, "અહુરમજ્દ ખુદાએ"ની બંદગી ભણતાં એક જરથોશ્તી ઘણીક વાર દર રોજ ભણે છે કે "દુશ પાદશાહાં અવાદશાં બાદ" એટલે "બુરા પાદશાહો વગર પાદશાહીના થજો." અહિં પાદશાહ શબ્દને તેના અસલ પેહેલવીરૂપ "પાતુખશાહ"ને બોહોલે અર્થે લેવો, એટલે કે "શક્તિવાન યા તવાંન્ગર શખ્સ." એક શક્તિવાન યા તવાંન્ગર (પાતુખશાહ યા પાદશાહ) શખ્સ, જો બુરો અને જુલમગાર હોય, તો તેનો દોર તોડવો જોઇએ. એજ મતલબે આફ્રીનમાં દુઆ ભણવામાં આવે છે કે "દાનાં પાદશાહાં બાદ, દુજદાનાં અવાદશાં (અપાદશાં) બાદ" એટલે "દાનાવો હોય તે પાદશાહ થાજો, જે દાનાત્ર નહિ હોય યાને બુરા હોય તે પાદશાહી યા સત્તા વગરના થજો."

કાવેહ આહન્ગરના કાવીઆની ઝુન્દાની હકીકત—ઇરાનના પાદશાહોનો વાવટો યા ઝુન્દો શાહનામાં અને બીજાં તવારીખનાં પુસ્તકોમાં "કાવીઆની" ઝુન્દાને નામે ઓલખાયો છે. ફારસીમાં 'ક' અને 'ગ' નજદીક સરખી રીતે લખાય છે તે ઉપરથી કોઇ લખનાર એને ગાવિઆની ઝુન્દો કહે છે. એ ઝુન્દાની શરૂઆત ઉપર મુજબ થઈ હતી. એ ઝુન્દા હેથળ કાવેહ, બીજા ઘણાક ઇરાનીઓ સાથે, ફરેદુન, જેને માટે આ-

પણે હવે પછી બોલીશું, તેની આગળ ગયો, અને તે સર્વ ઈરાનીઓએ ફરેદુનને જોહાકનાં મુલક અને લશ્કર ઉપર હુમલો કરવાને કહ્યું. ફરેદુને એ લોકોને અને એઓએ ઉડાવેલા આ નવા વાવટાને આવકાર આપ્યો અને તે વાવટાને પોતાની તરફથી કેટલોક સીંગાર્યો.

આરબોને હાથ ઈરાનનું રાજ્ય ગયું, ત્યાંસુધી એ વાવટો ઇરાની સલતનતના વાવટા તરીકે વપરાતો હતો. હબીબ ઉસ સઇઅર અને રોઝ તુસ સફા આધારે મેજર પ્રાઈસ જે તવારીખ આપે છે, તેમાં કહે છે, કે કેદેશ્યાની લડાઇ વેળા જ્યારે આરબોને હાથ તે વાવટો ગયો. ત્યારે જુદે જુદે વખતે તે ઉપર જરજવાહેર વળગાવવા માટે કપડાંનો જે વધારો કરવામાં આવ્યો હતો, તેની લંબાઇ ૨૨ ફીટ અને પોહોળાઈ ૧૫ ફીટની થઇ હતી. જોહેરા નામના જે સિપાહને હાથ તે આવ્યો હતો, તે સિપાહને તેના બદલામાં ૩૦ હજાર સોનાના સિક્કા આપવામાં આવ્યા હતા, અને તે ઉપરનું જરજવાહેર લશ્કરને વેહેંચી આપવામાં આવ્યું હતું.[1]

જેમ વાવટાઓ દરેક પ્રજાની તવારીખમાં અગ-

---

1. "Chronological Retrospect or Memoirs of the principal events of Mahomedan History," by Major David Price, Vol. I, pp. 116–17. મીરખોન્દની રોજતુસસફાનાં વર્ણન માટે જુઓ શીઆનો તરજુમો, પા. ૧૩૭.

ત્યનો ભાગ લે છે, તેમ ઇરાની પ્રજાની તવારીખમાં પણ એ કાવયાની વાવટાએ અગત્યનો ભાગ લીધો છે. એ વાવટા ઉપર ફરેદુનના વખત પછી કોઇક ચિત્રો પાડવાનું શરૂ થયું હોય. ઝેનોફોન પ્રમાણે ઇરાની પાદશાહોના વાવટા ઉપર એક નેજા ઉપર ઉઘાડેલી પાંખ સાથે એક ગરૂડ પક્ષી (Eagle) પાડવામાં આવતું હતું.

કાવેહ આહન્ગર અને તેની સાથના ઇરાનીઓને મદદ કરનાર ફરેદુનની બચ્ચગી અને જવાનીની હકીકત.

પેહેલવી—ફરાનક ઇ વધરસ્ના ફ્રસ્તા ઉર્વતગાઇ ...ગદ્દમને ફરીદુન દયન જ઼રેહ ફરાખોકન્ત ઇતીબૂનેસ્ત ...વલ તોરા ચેહબૂન્ત વદ્ ગદ્દમન બરા વલ તોરા વજ઼લૂન્ત. તોરા યાઇત્યૂન્ત શીર દ્રૂખ્ત. વ વલ સે બેન્મન ઈ જ઼ીઅશ બૂદ ચેહબૂન્ત.

અર્થ—ફરાનક વધરસ્ના ફ્રસ્તા ઉર્વતગાઇની (છોકરી) હતી...ફરેદુનનું ખોરેહ ફરાખોકન્ત દરિયામાં બેઠું હતું ...જ્યાં સુધી કે તે ખોરેહ તે ગાયને ગયું ત્યાં સુધી તે ગાયને આપ્યું. તે ગાયને લાવ્યા અને દુધ દોહ્યું; અને ત્રણ છોકરા, જે તેણીને થયા હતા તેઓને આપ્યું. (બુનદેહેશ બાબ ૩૧, ફ. ૩૧-૩૨. મારી બુનદેહેશ પા. ૧૭૨-૧૭૩).

આબતીન નામના એક ભલા પરહેજગાર પુરૂષને ત્યાં તેની બાયડી ફરાનકને પેટે ફરેદુન નામના એક બાલકનો જન્મ થયો હતો. કહે છે કે જાલેમ જોહાકને એક દિવસે સ્વપ્નો આવ્યો. તેમાં તેણે ત્રણ લડાયક મરદો જોયા, જેઓમાં એક કદમાં સર્વનાં ઝાડ જેવો અને ચેહેરામાં પાદશાહ જેવો હતો. તેના હાથમાં ગાયની સીકલનો ગુરૂજ હતો. તે જવાને તે ગુરૂજ જોહાકના માથા ઉપર માર્યો અને તેને બંદીવાન પકડી દેમાવંદ પહાડ ઉપર બંધ કીધો. આ સ્વપનાની હકીકત સૂચવે છે કે તેના જુલમગાર અમલથી જોહાકનાં અંતઃકરણે તેને દંખ્યું હોય, તો તેમાં અજબ થવા જેવું નથી.

કહે છે કે જોહાકને એ સ્વપનાનાં પરિણામમાં કહેવામાં આવ્યું કે, "ફરેદુન નામનું એક બાળક, આબ્તીન નામના એક ભલા પુરૂષને ત્યાં પેદા પડશે. પુરમાએ નામની એક ગાયનાં દુધથી ઉછરી તે બાળક એક લડાયક જવાન બની તેને મારશે." આ પરિણામ અટકાવવા, કહે છે કે, જોહાકે ગામેગામ સેપાહો મોકલી બાળક ફરેદુનની ખબર કાહાડવા માંડી. ફરેદુનનો બાપ આબતીન તેને હાથ આવ્યાથી તેણે તેને મારી નખાવ્યો. ફરેદુનની માતા ફરાનક એ બનાવને લીધે પોતાનાં બાળકને લઇને જંગલ ભણી ન્હાઠી. તેણીએ 'પુરમાએ' નામની એક સુંદર દુધાળી ગાય માટે સાંભળ્યું હતું.

તેથી તેણી તે ગાયનો માલેક,.જે એક ખેડુત હતો, તેની આગળ ગઇ અને બાળક ફરેદુનને તેને સોંફ્યો, કે તે તેને તે ગાયનાં દુધ ઉપર ઉધારે. જોહાકને તે ગાય સંબંધી ખબર પડતાં તેણે પોતાના સેપાહોને તે તરફ મોકલ્યા. ફરાનકને એ બાબે ખબર પડતાં તેણી પોતાનાં બાળકને ત્યાંથી લઇ હિંદુસ્તાન ભણી ન્હાઠી. જોહાકનાં માણસોએ આવી તે નિર્દોશ ગાયને મારી નાખી. ફરેદુનની શોધ કરતાં તે હાથ આવ્યો નહિ, તેથી તેઓએ તેનું ઘર સળગાવી દીધું. પછી ફરાનકે પોતાના બેટાને અલબુર્જ પર્વતના એક પહાડ ઉપર એક દીનદાર પુરૂષને હસ્તક રાખ્યો. ફરેદુન ૧૬ વર્ષની ઉમ્મરનો થયો, ત્યારે તેણે પોતાની માતાથી પોતાની નશલ યાને બુનિયાદ જાણવા માગી. ફરાનકે તેને જોહાકને હાથે તેનો બાપ આબતીન અને દુધ આપનાર પુરમાયે ગાય માર્યા જવાને લગતી હકીકત જણાવી. એ સર્વ હકીકત જાણી ફરેદુને જોહાક ઉપર પોતાના બાપનો કિનો લેવાનો વિચાર કીધો.

ફરેદુન આગળ કાવેહ આહન્ગર અને બીજા ઇરાનીઓનું આવી પોહોંચવું—એ અરસામાં કાવેહ આહન્ગર અને તેની સાથના બીજા ઇરાનીઓને જોહાકના સ્વપનાની અને તેને લીધે ફરેદુન માટેની તેની ચિંતાની હકીકત વિષે ખબર પડી હતી. તેથી તેઓ

ખબર કાહાડતા કાહાડતા, ફરેદુન જે પહાડમાં રહેતો હતો તે પહાડ આગળ, પોતે ઉઠાવેલા બલવાનો કાવીઆની ઝુન્ડો લેઇ આવી પોંહતા અને ફરેદુનને જોહાક સામે લશ્કર લેઇ જવાને અરજ કીધી. ફરેદુને તે અરજ કબુલ રાખીને લડાઇ ઉપર જવા માટે પોતાની માતાની રજા માગી. તેની માતાએ રજા આપી અને ખોદા હજુર દુઆ ગુજારી કે "એ મારા જેહાનદાર! આ મારા ફરજંદને હું તારા હવાલામાં સોંપું છું. તેના જાનને બુરાઓની ધાસ્તીથી તું દૂર રાખજે અને બીવકુફોથી આ દુન્યાને ખાલી રાખજે."[1]

ફરેદુનના વખતથી ઉપયોગમાં આવતા ગાવીઆની ગુરૂજની હકીકત.

અવસ્તા—"યજાઇ વજ્રેમ હુનિવિખ્તેમ કમેરેધે પઇતિ દએવનાંમ." (ખોર્શેદ નીઆએશ ક. ૧૫)

અર્થ—દેવોના માથા ઉપર મારવાને કાજે (બોહલાં ખેતરવાળા મેહર યજદના) સારી રીતે વજનદાર કરેલા ગુરૂજને હું આરાધું છું.

ખોરશેદની નીઆએશ અને ખોરશેદ યસ્તના ઉપલા ફકરા પ્રમાણે, અસલ ઇરાનમાં ગુરૂજ એક ધાર્મીક હથ્યાર ગણાતો. ઇરાનની પુરાણી તવારીખમાં

---

[1] ફીરદોસી.

જેમ કાવેહ લોહાડના હાથે બરપા થયલો "કાવીઆની ઝુન્દો" જણાયલો છે, તેમ ફરેદુને બનાવેલો ગાયની સીકલનો "ગાવીઆની ગુરજ" વખણાયલો છે. ફીર્દોસી પ્રમાણે, જ્યારે કાવેહ આહન્ગર અને તેના કાવીઆની ઝુન્દા હેથળ એકઠા થયલા ઇરાનીઓએ ફરેદુનને જોહાક ઉપર હુમલો લાવવાને કહ્યું અને તેમ કરવાને ફરેદુન કબુલ થયો, ત્યારે લડાઇની તૈયારીઓમાં એક તૈયારી તેણે પોતા માટે એક ગુરજ બનાવવાની કીધી.

ફરેદુનના વખત પછી ગુરજ ઇરાનીઓનાં લડાયક હથ્યારોમાં એક અગતનું હથ્યાર ગણાતો આવ્યો છે. તે જેમ શારીરિક જોર, સત્તા, હકુમત અને અમલની નિશાણી તરીકે, તેમ માનસીક અને નીતિમાન જોર, સત્તા, હકુમત અને અમલની પણ નિશાણી તરીકે ગણાતો આવ્યો છે. એ સબબે તે જેમ રથેશ્તારો (લડવૈયાઓ) નું તેમ આથોરનાનો (ધર્મ ગુરૂઓ) નું પણ હથ્યાર ગણાયો છે. આ સબબે હાલમાં પણ નાવરની ક્રિયા, જેમાંથી પસાર થવા બાદ એક ધર્મગુરૂનો બેટો એક ધર્મગુરૂ ગણાય છે, તે ક્રિયામાં ગુરૂજ અગતનો ભાગ લે છે, અને એક નાવર થતો જવાન, દરેહમેહેરમાં નાવર માટે ક્રિયા કરવા જતાં તે પોતાની ખાંધે મેલી

ચાલે છે અને ચાર દિવસ સુધી પોતાની પાસેજ રાખે છે.[1]

ફરેદુને જોહાક સામે લડાઇમાં જવું અને કંગે દીઝહુખ્ત ઉપર હુમલો કરવો.

"તેમ યજ઼ત અજ઼િશ થ્રિજ઼ફાઓ દહાકો ઉપ કિવરિન્તેમ દુજ઼િતેમ" (રામ યશ્ત ફ. ૧૯).

અર્થ—તે (રામ યજદ) ને ત્રણ મોહોડાંવાળા અજ઼િદહાકે (જોહાકે) કિવરિન્ત દુજ઼િત આગળ આરાધ્યો.

આવાં યશ્તમાં[2] અને રામ યશ્તના ઉપલા ફકરામાં જોહાક દુનિયામાં જ઼બરદસ્તી ચલાવવાની દુઆ ગુજારે છે. તે દુઆ બર આવતી નથી. એ બેઉ યશ્તોના શબ્દો પ્રમાણે તેની દુઆ એક સરખી છે, પણ આવાં યશ્ત પ્રમાણે તે એ દુઆ બવરી યાને બાબીલોનમાં ગુજારે છે, જ્યારે રામ યશ્ત પ્રમાણે કિવરિન્ત દુજ઼િત નામની જગ્યાએ ગુજારે છે. એ ઉપરથી દિસે છે કે બાબીલોન તરફ પાદશાહ જોહાકની ઉપલાં નામની એક

1 ગુરૂજની વધુ હકીકત માટે જુઓ મારો વિષય "The Gurz (Mace) as a Symbol among the Zoroastrians" (Journal of the Anthropological Society, Vol VIII, No. 7, pp. 478-96.) "જુઓ મારૂં પુસ્તક" "Anthropological Papers" pp. 313-329. 2 ફ. ૨૯.

જગ્યા હતી. શાહનામા પ્રમાણે જોહાકનો બએતુલ મુકદદસ (જેરૂસેલમ) નામનો મુલક હતો, જેને પેહેલવી જબાનમાં કન્ગે દુજહુખ્ત કહેતા.[1] ત્યાં તેનો એક મેહેલ હતો. મુજમલ ઉલ તવારીખ પ્રમાણે જોહાકનો "કલન્ગ દીસ" નામનો જે મેહેલ હતો, તે એ કિવરિન્ત દુજિત અથવા કન્ગે દુજહુખ્ત છે. હુમજા ઈસ્ફહાની કલન્ગ દીસ માટે જે કહે છે કે લોકો તેને 'દીસ હીત' કહેતા તે એજ મકાન છે.

ત્યારે ફરેદુન જોહાકના બાબીલોનવાળા એ મુલક ઉપર હુમલો લઇ ગયો. ફીર્દોસી કહે છે કે જવાન ફરેદુનની કીર્તીવંત કુનેહથી તેના બે ભાઇઓને તેની અદેખાઈ આવવા લાગી. તેઓએ એક વખત જ્યારે તે એક પહાડની તળેટીએ સુતો હતો ત્યારે તેની ઉપર એક મોટો પથ્થર ગબડાવ્યો કે તે કચડાઇ મરે. ફરેદુન વખતસર બીદાર થઇ ખસી ગયો અને બચ્યો. તેણે જાણ્યું કે તે પથ્થર ગબડાવનાર તેના ભાઇઓ હતા પણ તે મોટાં દેલથી તે બાબે અખાડા કરી ગયો. માર્ગમાં તેણે અરવન્દ અથવા દજ્લે નદી ઓલંગી અને બગદાદ ભણી આવી પોહોંચ્યો અને ત્યાંથી ઉપલા મેહેલવાળાં શેહેર ઉપર હુમલો લઇ ગયો. એ બુલંદ મકાનના ઉંચા અને ભપકાભર્યા દેખાવથી ફરેદુન

૧ શાહનામું; Vuller ની આવૃત્તિ, વા. ૧, પા. ૫૨.

અજબ થયો. તેણે તે શેહેર લીધું. તે વખતે ઝોહાક બીજે મુલક ગયલો હતો.

ફરેદુને બે ઈરાની બાનુઓને ઝોહાકના બંદમાંથી છોડવવી.

અવસ્તા--આઅત હીમ જઇધ્યત, અવત આયપ્તેમ દજદિ મે, વંઘૂઉહિ સેવિશ્તે અરેદ્વી સૂરે અનાહિતે,..........ઉત હે વન્ત અજાનિ સંઘહવાચિ અરેનવાચિ યોઈ હેન કેહર્પ અએશ્ત જજ્ઞતેએ ગએથ્યાઇચ, યોઇ અચ્દ્દોતેમે.[1]

અર્થ--તેણે (ફરેદુને) તે (આવાં અર્દવીસૂર અનાહિત) ને અર્જ કીધી કે ભલી ફાયદો કરનાર અર્દવિ સૂર અનાહિત! તું મને આ બખ્શેશ આપ કે........હું તેની બે ચહવાયલી સ્ત્રીઓ સવંઘહવાચ અને અરેનવાચ (શેહેરનાજ અને અર્નવાજ), જેઓ આ દુનિયાની બાનુઓમાં ઘણાં ખુબસુરત બદનવાળી છે અને જેઓ (દુખના) ઉંડા ખોહમાં પડેલી છે, તેઓને હું છોડવું.

ફીર્દોસી પ્રમાણે ઝોહાકનું શેહેર જીતી તેનો મેહેલ પોતાને હાથ કરી ફરેદુને ઝોહાકને હાથ ફસેલી બે

---

૧ આવાં યશ્ત, ફ. ૩૪; ગોશ યશ્ત, ફ. ૩૪ અને રામ યશ્ત ફ. ૨૪

ઈરાની બાનુઓને તેઓના બંદ અને દુઃખમાંથી છોડવી. તે તેઓનાં નામ અર્નવાજ અને શેહેરનવાજ આપે છે. અવસ્તાના ઉપલા ફકરાઓમાં ફરેદુન જે બાનુઓ માટે દુઆ ગુજારે છે તે એ બાનુઓ છે. ફીર્દોસીના શાહાનામાની કોઈક નકલ પ્રમાણે એ જમશેદ પાદશાહની બેહેનો હતી અને બીજી કોઇક નકલ પ્રમાણે તેની બેટીઓ હતી. શાહનામા પ્રમાણે જ્યારે જોહાકે જમશેદ ઉપર ફતેહ મેલવી હતી ત્યારે તેણીઓ તેને હાથ બંદ પડી હતી. અવસ્તામાં એમ જણાવવામાં આવતું નથી. વળી તેણીઓ જમશેદની કોઇ ખેશી હતી તે પણ ત્યાં જણાવવામાં આવતું નથી, તે વધારે દરૂસ્ત દિસે છે. તેણીઓએ પોતાની હકીકત ફરેદુનને કહી અને તેઓ જાલેમ જોહાકને હાથ ફસી હતી તેની વિગત કહી. ફરેદુને જોહાક ક્યાં હતો તે બાબે તેઓને પુછ્યું અને તેઓએ જણાવ્યું કે તે હિંદુસ્તાન ભણી ગયો હતો.

ફરેદુને જોહાકને હરાવી તેને દેમાવંદ પહાડ ઉપર બંધ કરવો.

પેહેલવી—"ફ્રીદુન અમતશ દહાક બરા વખ્દુન્ત...ફ્રે દમાવન્દ બરા બસ્ત" (બુનદેહેશ, બાબ ૨૯, ફ ૯)

અર્થ—ફરેદુને જ્યારે જોહાકને પકડયો ત્યારે... તેને દેમાવન્દ પહાડ ઉપર બાંધ્યો.

પાજંદ—"દેમાવન્દ કુહ કે દર્વન્દ બીવરસ્પ અંદર બસ્તે એસ્તેદ" (હમકારાની આફ્રીન).

અર્થ--દેમાવન્દ પહાડ, જેમાં બુરા બીવરસ્પ (જોહાક)ને બંધ કર્યો છે.

જ્યારે ફરેદુને જોહાકનું શહેર અને મેહેલ હાથ કર્યાં ત્યારે જોહાકનો સરદાર, જેનું નામ કુનદર્વ હતું, તે પેહેલે ફરેદુનને શરણ થયો, અને પછી જ્યાં જોહાક હતો ત્યાં ગયો અને તેને સઘળી હકીકતથી વાકેફ કર્યો. જોહાક સેતાબીથી પોતાનાં શેહર ભણી લશ્કર સાથે પાછો ફર્યો અને જે મેહેલમાં ફરેદુન હતો તે મેહેલ ઉપર તેણે ઘેરો નાખ્યો. ઇરાની પ્રજા જોહાકના જુલમથી કંતાલી ગઇ હતી, તેથી સર્વ પ્રજા ફરેદુનની તરફ થઇ ગઇ. જોહાક અને ફરેદુન મેહેલમાં હાથોહાથ લઠયા અને ફરેદુને જોહાકને કેદ પકડયો. તેણે તુરત એક જાહેરનામું બાહાર પાડી લોકોને હવે પોતાનાં હથ્યાર છોડી પોતાને ધંધે ધાપે લાગવા કહ્યું. સઘલી રૈયતે ફરેદુનને પાદશાહ તરીકે કબુલ રાખ્યો. પછી ફરેદુને જોહાકને દમાવન્દ પર્વત ભણી લેઇ જઇ ત્યાં એક પહાડ

ઉપર તેને બંધ કર્યો. દીનકર્દ [1] પ્રમાણે, ફરેદુન જોહાક સામે પેહેલે બહાર પડયો ત્યારે તેની ઉમ્મર ઘણી નાની હતી. કુદરતી ખોરેહની બરકતથી તેણે ફતેહ મેળવી. [2] એણે દમાવંદ ઊપર જોહાકને બંદ કર્યો તે બાએ માસુદી [3] પણ બોલે છે.

જોહાકની જીંદગી ઉપરથી લેવો જોઇતો ધડો.

૧ જોહાકની જીંદગીની હકીકત ઉપરથી જે મુખ્ય ધડો મલે છે તે આ, કે જે ધણી પોતાના પિતાને સાચ્ચો નિવડે નહિ, તે કોઇને સાચ્ચો નિવડે નહિ. તે પોતે સુખી થાય નહિ અને બીજાઓને સુખી કરે નહિ. પોતાના બાપની દોલતનો જલદીથી માલેક થવા કાજે અને તે દોલતથી જીંદગી એશઆરામમાં ગુજારવા કાજે જોહાકે પોતાના તે નેકજાદ બાપને મારી નાંખ્યો. પણ તેનાં પરિણામમાં, નહિ તે પોતે સુખી નિવડયો કે નહિ બીજાઓને સુખી નિવાડી શકયો.

૨ વળી બુરૂં કામ અંતઃકરણને દંખ દે છે. રાતદાહડો જોહાકનું અંતઃકરણ તેને દંખતું રહ્યું, જેના પરિણામમાં તે તરેહવાર સ્વપના જોતો અને તે સ્વપનાથી બીહીને અને બીજી રીતે ચિંતા

---

૧ દફતર ૭, બાબ ૧, ફ. ૨૫. ૨ દફતર ૭, બાબ ૧૧, ફ. ૩.
3 Maçoudi, par Barbier de Meynard, Vol II, p. 113.

રાખીને એક ભુલ પાછળ બીજી ભુલો કરતો. પોતાના બાપને મારી નાખી તેણે ફરેદુનના બાપને મારી નખાવ્યો અને પછી ખુદ ફરેદુનને મારી નખાવવાની કોશેશ કરવા લાગ્યો. વળી તે રૈયતના ઘણાકોને બેજાન કરવા લાગો. છેવટે પોતાનાં ભુંડા કામોની સજા પામ્યો

૩ જીંદગીમાં ખાલી જ્ઞાન કરતાં નીતિમાન વર્ત્તણુક આપણને વધારે યારી દેછે. જોહાક જાતે જ્ઞાની, ચબાક અને હુશિયાર હતો. તેને નામે સ્પીતામાન જરથોશ્તની આફ્રીનમાં દુઆ દેવામાં આવે છે કે 'જોહાક જેવા હજાર તદબીરવાળા થજો" (હજંઘ્ર-યઔશ્રુત્યો બવાહિ યથ અજ્જોઈશ દહાકાઇ).[1] પણ નીતિમાન વર્ત્તનુક વિના જ્ઞાન-પછી તે ગમે તેટલું હોય તોપણ-સેવટે ફાવતું નથી.

બાબ ૯ મો.

ફરેદુન

અવસ્તાઃ—તાંમ યજત થ્રએતઓનો..... દજદિ મે વંઘઉહિ સેવિશ્તે દ્વાસ્પે તત્ આયપ્તેમ, યત બવાનિ અઇવિ-વન્યાઓ અ.જીમ દહાકેમ...અષ્-

---

૧ પેગામ્બર જરથોશ્તની આફ્રીન, ફ. ૩.

અઓજંઘ્હેમ, દએવીમ્ દ્રુજેમ, અઘેમ ગએથાંચ્યો દ્રવન્તેમ, યાંમ અષ-અઓજસ્તેમાંમ દ્રુજેમ ક્રચ કેરેન્તત્ અંઘ્રો મઇન્યુશ્, અવિ યાંમ અસ્તુવઈતીમ્ ગએથાંમ, મહર્કાઇ અષહે ગએથનાંમ (ગોશ યશ્ત ફ. ૧૩-૧૪)

અર્થ—તેણી (ગોશ યજદ) ને ફરેદુને આરાધી (અને મોરાદ માગી કે) "ઓ ભલી ફાયદો કરનારી દ્રવાસ્પ ! મને આ બખ્શેશ આપ, કે હું જોહાકને મારનાર થાઉં, (કે જે જોહાક) પુરતાં કૌવતવાળો, દેવને લગતો દરૂજ, મુલકોને ખરાબ કરનાર દરવંદ (છે), જે પુરતા કૌવતવાળા દરૂજને આ હાડમંદ દુન્યામાં અશોઇના મુલકોનો નાશ કરવા કાજે આહરેમને પેદા કીધો.

મથાળે મેળેલા ફકરા પ્રમાણે, અને એજ મુજબ આવાં[1] અને રામ[2] અને અશીશવંઘ[3] યશ્તો પ્રમાણે, ફરેદુને દુઆ ગુજારી અને અને દુઆ બર આવવાથી, જોહાકે ઇરાન ઉપર, અસલ ઇરાની-નહિ એવું જે પારકું રાજ્ય સ્થાપ્યું હતું, તે દૂર કરીને, ઇરાનનો નાશ કરનાર એ જોહાકને બંદમાં નાખીને અસલી પેશદાદીઆન રાજ્ય પાછું સ્થાપ્યું.

---

૧ આંવા યશ્ત, ફ. ૩૩—૩૪. ૨ રામ યશ્ત ફ. ૨૩—૨૪. ૩ અશીશવંઘ યશ્ત, ફ. ૩૩—૩૪. ૪ યજશ્ને હા. ૯, ફ. ૭.

અવસ્તામાં એનું નામ થ્રએતઓન છે, અને એના બાપનું નામ આથવ્યાન છે, જે શાહનામા પ્રમાણે આબ્તીન છે. બુનદેહેશમાં[1] ફરેદુનને 'અસ્પયાન'નો ફરેદુન કહ્યો છે. એ અસ્પયાન તે આથવ્યાનનું બીજું રૂપ છે. હોમ યશ્ત[2] પ્રમાણે એના બાપે હોમ યજદની સ્તુતિ કરી, તેની ક્રિઆ કરી, અહુરમજદ પાસે એક બેટા માટે દુઆ ગુજારી હતી. તે દુઆ બર આવી અને તેને ત્યાં ફરેદુનનો જન્મ થયો હતો.

એના બાપને બુનહેશમાં અસ્પયાન પુરતોરા કહ્યો છે.[3] એ નામમાં "પુરતોરા"નો અરથ પુષ્કળ બલદવાળો યા ગાય ગોસ્પંદવાળો થાય છે. આગળા જમાનામાં ઘણાંક ઈરાની નામો ગાયગોસ્પંદ, ઘોડા, ઉંઠ વગેરે જાનવરો ઉપરથી પડતાં હતાં, સબબ કે એક ધણી પાસનાં ગાય ગોસ્પંદની સંખ્યાથી તેની દોલત ગણાતી હતી. તે મુજબ ફરેદુનના બાપનું નામ, અને તેની ચહડતી વંશાવળી, જે બુનદેહેશમાં[4] આપી છે તે મુજબ એના વડીલોનાં નામો, એમ "તોરા" યાને

---

૧ બાબ ૩૧ ફ. ૭. ૨ યજશ્તે, હા. ૯, ફ. ૭.

૩ "મિન અસ્પયાન પુર તોરા ફરેદુન જાત" (બુનદેહેશ, બાબ ૩૧, ફ. ૭)

અર્થ—અસ્પયાન પુરતોરાથી ફરીદૂનનો જન્મ થયો.

૪ બાબ ૩૧ ફ. ૭.

ગાય ગોસ્પંદોનાં નામ સાથ જોડાયલાં હતાં. ફરેદુનનો બાપ આથવ્યાન અથવા આબ્તીન એમ ઘણાં ગાય ગોસ્પંદનો ધણી હતો, તેને સ્પીતામાન જરથોશ્તની આફ્રીનથી અને વિશ્તાસ્પ યશતમાં આપેલી એક દુઆથી ટેકો મલે છે. ત્યાં એ ધણીને નામે દુઆ દેવામાં આવે છે કે "પોઉરૂગો બવાહિ યથ આથ્વ્યાનોઈશ,[1]" એટલે "આથવ્યાનની માફક પુશ્કળ ગોસ્પંદવાળા થજો," "પઓઉરૂગાવો યથ આથવ્યાનોઈશ"[2] એટલે "આથવ્યનની માફક પુષકલ ગોસપંદવાળા (થજો)." આગળ જોહાકનાં રાજ્યની હકીકતમાં જણાવ્યું છે તેમ ફરેદુનને માટે દુધ આપનાર ગાયનું નામ "પુરમાગે" હતું. એ નામને પણ ઉપલા અવસ્તાના "પોઉરૂગો" અથવા "પઓઉરૂગાવો" શબ્દો સાથ સંબંધ દિસે છે.

બુનદેહેશ પ્રમાણે ફરેદુન જમશેદનાં વંશનો હતો. તેની અને જમશેદ વચ્ચે આસરે ૯) પેહેડી હતી. એઓ વચ્ચે નવ યા નવથી પણ વધુ પેહેડી હોય એ સંભવીક છે. જમશીદ પછી ઇરાનની ગાદી ઉપર આવનાર જોહાકનું રાજ્ય ૧૦૦૦ વર્ષનું જણાવ્યું છે, તેનો એ ઉપરથી ખુલાસો મલે છે કે, એ એક હજાર વર્ષનું રાજ્ય ફકત એક પાદશાહનું નહિ પણ જોહાકનાં પા-

---

૧; આફ્રીને સ્પીતામાન જરથોશ્ત ફ. ૪.

૨ વીશ્તાસ્પ યશ્ત ફ. ૨.

રકાં આરબ વંશનું રાજ્ય હતું. ફીર્દોસી પણ ફરેદુનના બાપદાદા માટે બોલતાં, તેહમુરસ્પ અને એના વચ્ચે ઘણી પેહેડીઓ થઈ હોય એમ બોલતો જણાય છે.

બુનદેહેશ[2] પ્રમાણે એને બર્માયુન અને કતાયુન નામે બે ભાઈઓ હતા. એ બે નામો શાહનામામાં પુરમાયે અને કયાનુશ કરી મલે છે.

શાહ ફરેદુન અને જશને મેહેરંગાંન.

જેમ જમશેદી નઓરોજનું જશન, જે રૂતુના જશન તરીકે મેષ વિષુવ (vernal equinox)નું જશન છે, તેને શાહ જમશેદ સાથે સંબંધ છે, તેમ જશને મેહરંગાન, જે રૂતુનાં જશન તરીકે તોલા વિષુવ (autumnal equinox)નું જશન છે, તેને શાહ ફરીદુન સાથે સંબંધ છે. ઇરાનના મુલકનો જાલેમ જોહાકના પારકાં રાજ્યની ઝુસરીથી છુટકો

૧ જ તેહમુરસે ગોર્દ બુદશ નેજાદ.
પદર બર પદર બર હમ દાશ્ત યાદ (મોહલ, વા. ૧ પા. ૮૨)

અર્થ—બાહાદુર તેહમુરસથી તેની ઓલાદ હતી. તે બાપદાદેથી એમ ઓલાદની યાદ રાખતો હતો.

૨ બાબ ૩૧. ફ. ૮.

૩ પરગર્દ ૧ ફ. ૧૮.

૪ રામયશ્ત ફ. ૨૩; અશીશવંઘ યશ્ત ફ. ૩૩.

કરી એ પાદશાહ ઈરાનનાં તખ્ત ઉપર બેઠો, અને એ મોટા બનાવની યાદમાં તેણે એ જશન, મેહેર મહિનો અને અહુરમજ્દ રોજે, મોટા મહિમા સાથે પાળ્યું. ત્યારે પછી મેહેર મહિનાનો મેહેર રોજ, જે મહિનાના નામવાળા રોજનાં જશનનો દિવસ છે, તે દિવસે એ જશન પળાવા માંડયું.

ફરેદુનની માતા ફરાનકને જ્યારે ખબર પડી કે તેણીનો બેટો ફતેહમંદ નિવડયો છે અને ઈરાનનો પાદશાહ થયો છે, ત્યારે તેણીએ અહુરમજદના હજારો શુક્રાના કીધા અને તે સાહેબની શુક્રગુજારીમાં ગરીબોને ખેરાત અને મદદ કીધી.

ફરેદુને પોતાના ત્રણ બેટાઓને યમનના પાદશાહની ત્રણ બેટીઓ સાથે પરણાવવું.

પેહેલવી—"સે દુખ્તર બોખ્ત ખૂસ્રુ તાજિકાન શાહ બરા બવીહૂનસત વ પવન નીશ્મનીઅ પૂસરાન ચેહબૂન્ત" (માદીગાને બીના એ ફ્ર્વર્દીન રુમે ખોર્દાદ ફ. ૧૪-૧૫).

અર્થ—(ફરેદુને) આરબોના પાદશાહ બોખત ખુસ્રુની ત્રણ બેટીઓને પસંદ કીધી અને પોતાના છોકરાઓને બાયડી તરીકે શાદીમાં આપી.

પેહેલવી—અત્રશ દશ્ત તાજીક પવન ખ્વીશીઅ વ આવાદીઅ બરા વલ બાતખુસો ઇ તાજીક શાહ ચેહબૂન્ત પતવન્દ ચેખસૂનશ્ને એ નેફ્શૂમન રાએ (શત્રોઇહા એ અઇરાન, ફ. ૫૦. જુઓ મારી અઇ-યાદગારે જરીરાન વિગેરે પા. ૧૦૮-૯).

અર્થ—અને તેણે (ફરેદુને)' દશ્તે તાજીક (અથવા આરબોનું દશ્ત શેહર) માલિકી અને આબાદી સાથે બાતખુસો, જે આરબોનો પાદશાહ, તેને પોતાની સાથે સગપણ જાલવી રાખવા માટે આપ્યું.

પાદશાહ ફરેદુનને ત્રણ બેટાઓની વૃદ્ધી થઇ હતી. તેઓનાં નામ સેલમ, તુર અને એરચ હતાં. જ્યારે તેઓ ઉમ્મરે પુગ્યા ત્યારે ફરેદુને તેઓને પરણાવવાનો વિચાર કર્યો. તેણે જંદેલ નામના પોતાના એક નામીચા દરબારીને પોતા હજુર બોલાવી તેને ફર્માવ્યું કે તે જુદે જુદે મુલકે ઇજ તેના ત્રણે બેટાઓને લાયકની પુત્રીઓ શોધી કાહાડે. જંદેલ ગામે ગામ ખબર કાહાડતો યમનના મુલક ભણી આવ્યો. ત્યાં તેને ખબર પડીકે તે મુલકના સર્વ[1] રાજાને ત્યાં

---

૧ શાહનામાનો આ 'સર્વ' રાજા, તે પેહેલવી "શત્રોઇહાએ અઇરાન"નો 'બાત ખુસરો' છે, જેને ત્યાં "તાજીક શાહ" એટલે

ત્રણ ચાલાક અને સુંદર બેટીઓ હતી, જે ઇરાનના પાદશાહના ત્રણે બેટાઓને લાયકની હતી. તેણે પોતાના પાદશાહ તરફથી તેના બેટાઓ કાજે તેણીઓના હાથની માગણી કરી. સર્વ રાજાએ કેટલોક વિચાર કરી તે માગણી બહાલ રાખી, પણ તે એવી સરતે કે, તે શાહાજાદાઓ તેને મુલક આવે અને તે તેઓની વર્ત્તણુક વિગેરેથી વાકેફ થાય. જંદેલ આ જવાબ સાથ ઇરાન પાછો ફર્યો અને ફરેદુનને સઘલી હકીકત કહી. ફરેદુને પોતાના બેટાઓને યમનના પાદશાહની હજુરમાં કેવી રીતે વર્ત્તવું, તે બાબે કેટલીક શિખામન દીધી અને તેઓને યમન ભણી મોકલ્યા. સર્વ રાજાએ તેઓની હિમ્મત, દલેરી, સારી વર્ત્તણુક વિગેરે બાબે કેટલીક તપાસ લીધી અને તેમ કરી તેઓને પોતાની બેટીના ખાવીંદ થવાને લાયકના જોયા. તેણે તેઓને પોતાની બેટી શાદીમાં આપી. પછી ત્રણે શાહજાદાઓ પોતાની શાહ-જાદીઓ સાથે ઇરાન પોતાના બાપને મુલક પાછા ફર્યા. આ શાદીની ભેટમાં ફરેદુને પોતાના વેવાહી પાદશાહને "દશ્તે તાજીક" નામનો મુલક આપ્યો.

"આરબોનો પાદશાહ" કહયો છે. એ બાત ખુસરો તે દીનકર્દ (S. B. E. XVII, West, Dinkard VII, ch. 1,34)નો પાત ખોસરોબ છે. વંદીદાદની ૨૦ મી પર્ગર્દની પેહેલવી સરેહમાં જે 'પાત સરૂબ' માટે બોલવામાં આવેછે, તે એ 'બાતખુસરો' અથવા 'સર્વ' પાદશાહ છે.

ફરેદુને પોતાના મુલકની પોતાના ત્રણ બેટાઓમાં કરેલી વાંટણી

પેહેલવી—"બીનાએ ફ્રુર્વર્દીન ચુમે ખોર્દાદ, ફરીદૂન, ખલૂકૂનશ્નેએ ગેહાન કર્દ, અરૂમ વલ સેલમ દાદ વ તોર્કસ્તાન વલ તુજ દાદ અઇરાન શત્ર વલ અઇરચ દાદ" (માદીગાને બીના એ ફ્રરવર્દીન ચુમે ખોર્દાદ, ફ્ર. ૧૨–૧૩)[1]

અર્થ—ફ્રુર્વર્દીન મહીનો ને ખોર્દાદ રોજે ફ્રરેદુને દુનિયાની વાંટણી કરી; સેલમને રૂમનો મુલક આપ્યો, તુજ (તુર) ને તુર્કસ્તાન આપ્યું, એરચને ઇરાન શેહેર આપ્યું.

પોતાના બેટાઓને પરણાવવા પછી ફ્રરેદુને તેઓને પોતાનો મુલક વેંહેચી આપ્યો કે તેઓ તે ઉપર પોતે રાજ્ય કરે. તેણે સર્વ મુલકના ત્રણ ભાગ કર્યા. તેણે વડા બેટા સેલમને રૂમ અને ખાવરનો મુલક આપ્યો, તુરને તુરાન અને ચીનનો મુલક આપ્યો અને નાના બેટા એરચને ખુદ ઇરાનનો મુલક, જે વધારે અગતનો અને કિમતી ગણાતો હતો, તે આપ્યો. એરચ તેના સદગુણોને લીધે તેનો વધારે માનીતો

---

1 The Pahlavi Texts, by Dastur Dr. Jamaspji Minocheherjee p. 103.

અને વાહલો હતો, તેથી તેણે તેને એ કિમતી મુલક આપ્યો.

ફરેદુનના નાના બેટા એરચનું તેઓના ભાઈને હાથે માર્યા જવું.

પેહેલવી—"સેલમ વ તુર અઇરીચ વ ફર્ઝન્દાન હૂબખ્તગાન હમાએ જ઼કતલુન્ત" (બુનદેહેશ, બાબ ૩૧ ફ. ૧૦. મારી બુનદેહેશ પા. ૧૬૯)

અર્થ—સેલમ અને તુરે એરચને અને (તેનાં) બખ્તાવર ફરજંદોને સઘળાંને મારી નાંખ્યાં.

પાદશાહ ફરેદુને પોતાના મુલકની વાંટણી કરતી વખતે પોતાના નાના બેટા એરચને તેની હુશિયારી અને તેના ભલા ગુણોને લીધે ખુદ ઇરાનનો મુલક આપ્યો, તેથી તેના બીજા બેટાઓ સેલમ અને તુર દલગીર થયા અને તેઓ નાના ભાઇ એરચની અદેખાઈ કરવા લાગ્યા. પેહેલે સેલમનાં મનમાં એ બાબે ખરાબ વિચાર આવ્યો અને તેણે એક કાસદને પોતાના ભાઇ તુર આગળ મોકલી એ બાબે તેને ઉશકેર્યો. તુર તેના વિચાર સાથે એકમત થયો. પછી બેઉ ભાઇઓ એકઠા મળ્યા અને તેઓએ પોતાના બાપ ફરેદુન ઉપર એ બાબે પત્ર લખ્યો. એ પત્રમાં તેઓએ તુંડાઇ વાપરી પોતાના બાપ ઉપર સખ્ત લખાણ કર્યું. ફરેદુને તે પત્રનો

જવાબ લખ્યો અને તેમાં તેઓએ વાપરેલી સખ્ત ભાષા માટે સખ્ત શબ્દોમાં ફર્યાદ કીધી અને જણાવ્યું કે દેશના ફાયદા માટે, જે વાજબી લાગ્યું તે, તેણે કર્યું હતું. એ જવાબમાં તેણે પોતાના બે બેટાઓનું આ સોનેરી શિખામન ઉપર ધ્યાન ખેંચ્યું કે, "જે પ્રમાણે તમો વાવશો તે પ્રમાણે પાક કાપશો."[1] એમ જવાબ મોકલાવી તેણે પોતા આગળ પોતાના બેટા એરચને તેડી સઘલી હકીકતથી તેને વાકેફ કર્યો અને સેલમ અને તુર તેના ઉપર હુમલો લાવે તે સામે લડવા કાજે તૈયાર થવા કહ્યું. એરચે તેમ કરવાને બદલે પોતાના ભાઇઓ આગળ પોતે જઇ તેઓને સમજાવવા મરજી જણાવી. તેણે બાપને કહ્યું કે "મને તાજ, તખ્ત કે કોલાહ કાંઈ જોઇતું નથી. હું તેઓ આગળ વગર લશ્કરે દોડતો જાઉં અને કહું કે 'ઓ મારા નામદારો! તમો, જેઓ મારા તન અને જાનના જેવા મને પ્યારા છેઓ, તેઓ મારી ઉપર ગુસ્સે ના થાઓ અને કિનો ના રાખો. દીનદાર લોકોને કિનો રાખવો છાજતો નથી. આ દુનિયાની ઉપર એટલી બધી ઉમેદ ના રાખો. જુઓ કે તેણે જમશેદની સાથે કેવી બદી કીધી! સેવટે તે આ દુનિયામાંથી જતો રહ્યો, અને નહિ તે રહ્યો, કે નહિ તેનું તાજ, તખ્ત કે કમરબંધ.

---

૧ "હમાન બર કે કારીદ આન બર રૂઇદ."

સેવટે મારે તમારી સાથે એકસરખી રીતે જમાનાનો સ્વાદ ચાખવો છે.' (એ પ્રમાણે કહીને) હું તેઓનું કીનાખોર દિલ દીનના માર્ગ ઉપર લાવીશ. હું કીનો લેઉ તેના કરતાં આએ વધારે સજાવાર દિસે છે."

ફરેદુને આનાકાનીથી એરચને ભાઇઓ આગળ જવાની રજા આપી અને તેઓ ઉપર એક કાગળ આપ્યો કે તેઓ તેની સાથે મેહેરબાનીભરી રીતે વર્તે. એરચ તેઓ આગળ ગયો. તેઓ પોતાના લશ્કર સાથે તેને એસ્તેકબાલ લેવા આવ્યા. તેઓનાં લશ્કરે એરચને જોઇ તેની શાનશોકત ઉપર આફ્રીન કીધી. પોતાના લશ્કરને એ મુજબ એરચ ઉપર ફીદા થતું જોઈ તે ભાઇઓને વધુ અદેખાઇ લાગી. ત્રણે ભાઇઓ એક તંબુમાં ભેગા મળ્યા. તુરે એરચ સાથે ઘણી તુંડાઇથી બાત કરવા માંડી, ત્યારે એરચે ઘણી નર્માશ દેખાડીને જણાવ્યું કે, તેને તાજો તખ્ત કાંઇ જોઇતું નથી.

એરચે આવી નર્મી દેખાડવા છતાં, તુરે ઘાટકી રીતે એક ખુર્સી ઉંચકી નિર્દોશ એરચનાં માથામાં મારી. શાહજાદા એરચે પોતાના જાન માટે ઓજર-ખાહીથી સલામતી માગી અને કેટલાક ભલા સખુનો કહ્યા, જેમાં આ પ્રસિદ્ધ થયલા સખુનો પણ હતા કે "એક દાનો ખેંચનાર કીડીને પણ આજાર ના

હે, કે તેને પણ જાન છે અને તેનો જાન (તેના મનથી) મીઠો છે."[૧]

એરચના નર્મ શબ્દોની કાંઇ અસર થઈ નહિ અને તુરે એક ખંજરથી તેને મારી નાખ્યો. તેણે તેના સરને તેનાં તનથી છુટું પાડી ફરેદુન ઉપર મોકલ્યું અને કેહવાડયું કે "લે, આ તારા નાજમાં (ઉછરેલા છોકરા)નું માથું, કે જેની ઉપર અમારા નેઆગાનોનું તાજ ખુલ્લું મેલવામાં આવ્યું હતું. હવે ગમે તો તેને તાજ આપ કે ગમે તો તખ્ત આપ."

ફરેદુને એરચના ખુન માટે બેટાઓ ઉપર કીના લેવો.

પેહેલવી—"મિન અઇરીચ...દૂખ્તી જાદ... બેન્તમન ગન્જા ચેહવૂન્ત...જક બેન્તમન ફરીદૂન પવન નેહાન દાશ્ત. મિન જક દૂખ્ત દૂખ્તી જાદ. જક દૂખ્ત ફરીદૂન પવન નેહાન કર્દ વદ દેહ પતવન્દ ......મીનોચેહર જાદ, મુનશ સેલમ વ તૂચ જકત-લૂન્ત પવન કીને અઇરચ" (બુનદેહેશ બાબ ૩૧, ફ. ૯ થી ૧૨; મારી બુન્દેહેશ પા. ૧૬૬-૧૬૮)

---

૧ મ આઝાર મુરી કે દાને કશસ્ત.
કે જાન દારદો જાને શીરીન ખુશસ્ત.
(કલકત્તા એડીશન, વા. ૧, પાનું ૬૭.)

અર્થ—એરચથી એક છોકરી જન્મી...(તે) છોકરી ગનજા (નામની) હતી. તે છોકરીને ફરેદુને છુપાવી રાખી. તે છોકરીથી એક છોકરી જન્મી. તે છોકરીને દસ પેહેડી સુધી ફરેદુને છુપાવી...(સેવટે તેણીની ઓલાદથી) મીનોચેહરનો જન્મ થયો, જેણે એરચના કીનામાં સેલમ અને તુરને મારી નાખ્યા.

ફરેદુન પોતાના વાહલા બેટાના પાછા ફરવાની રાહ જોતો હતો. તેને બદલે તેને તેનું સર છુટું થયલું કાલબુદ મળ્યું. તેણે અત્યંત દલગીર થઇ અહુરમઝ્દ હજુર રડતી આંખે આજેજી કરી અને આ બન્ને બુરા બેટાઓને સજા કરવાનો મનમાં ઠેડાવ કીધો.

બુનદેહેશ પ્રમાણે એરચને ત્યાં એક છોકરી હતી. તેણીને ફરીદુને ઘણી સંભાળથી છુપી રીતે ઉધારી કે રખેને સેલમ અને તુર તેણીને હેરાન કરે. તેણીને તેણે પરણાવી. તેણીની ઓલાદથી એક છોકરી અવતરી. તે છોકરીને તેણે પસંગ નામના એક લાયક પુરૂષ સાથે પરણાવી. તેઓને પેટે એક બેટાનો જન્મ થયો, જેનું નામ ફરેદુને મીનોચેહર રાખ્યું.

બુનદેહેશ મીનોચેહરનો જન્મ ફરેદુનથી છેક દસમી પેહડીએ જણાવે છે, તે આ મતલબે બરાબર દિસેછે કે ફીરદોસી ફરેદુનની રાજ્ય હકુમતનાં વર્ષો

૫૦૦ જણાવે છે. ત્યારે આપણે આગળ જમશેદના વીગેરેના રાજ્યના સંબંધમાં કહ્યું તેમ, એક વંશની હકીકત, તે વંશનું નામ ધરાવનાર એકજ પાદશાહના રાજ્ય સાથ, પાછળા લખનારાઓએ જોડી દીધી છે.

મીનોચેહેર જ્યારે એક લડાયક મરદની જવાન વયે પોહોંચ્યો ત્યારે ફરેદુને તેને સેલમ અને તુર સામે લડવા માટે લશ્કર આપી તૈયાર કર્યો. જ્યારે સેલમ અને તુરને મીનોચેહેરની બાહાદુરી અને ચબ્રાકીની ખબર પડી અને જ્યારે તેઓએ તેને લડાઈ માટે તૈયારી કરતો જોયો, ત્યારે તેઓએ તેનાથી બીહીને એક કાસદને ફરેદુન આગળ મોકલી પોતાની આગલી વર્ત્તણુકની માફ માગી અને લડાઇથી હાથ ઉઠાવવા કહ્યું, પણ ફરેદુને તેમ કર્યું નહિ. મીનોચેહેર સેલમ અને તુર સામે લડાઇ લેઇ ગયો અને તે લડાઇમાં તેઓને હરાવી તેણે તેઓને મારી નાખ્યા. મીનોચેહેરે તે બન્નેનાં માથાં કાપી શાહ ફરેદુન ઉપર મોકલ્યાં. ફીરદોસી પ્રમાણે શાહ ફરેદુને એમ પોતાના બન્ને બેટાઓ ઉપર ત્રીજા બેટાનાં ખુનનો કીનો તો લીધો પણ તેથી તેને સંતોષ થયો નહિ, પણ તે હવે એકને બદલે ત્રણ બેટાઓનાં મરણનો શોક કરવા લાગ્યો અને તેવી ગમગીનીની હાલતમાં મરણ પામ્યો.

ફરેદુનની કીનાખોર વર્ત્તણુક માટે ઠપકો. તે ઉપરથી લેવો જોઈતો ધડો.

પેહેલવી—"ઓહરમજદ જમ વ ફરીદૂન વ કાઊસ અહૂશ યેહબૂન્ત હૂમંદ વ આહવવન અએતૂન વર્તીનીત યેગૂન આશ્ના" (મીનો ખેરદ, બાબ ૮, ફ. ૨૭–૨૮)

અર્થ—ઓહરમજદે જમશેદ, ફરેદુન અને કાઉસને અમર્ગી આપી હતી, પણ આહરેમને, જેમ જણાએલું છે તેમ, તે ફેરવી નાખ્યું.

મીનોખેરદમાંના ઉપલા ફકરાની મતલબ આ છે કે, જમશેદ, ફરેદુન અને કાઉસ ઘણા ભલા પાદશાહો હતા. અહુરમજદે તેઓને કીર્તિની અમર્ગી આપી હતી. પણ તેઓ આહરેમનની કુસળવણીથી એકાદ ભુલમાં ફસ્યા અને પોતાની કીર્તિ ધુલમાં નાખી. જમશેદની ભુલ તેની મગરૂરી હતી. કાઉસની ભુલ પોતાની શક્તિ ઉપરાંતનાં અશકય કામો માથે ઉથાવવાની અને તે માટે ઓંહોસ કરવાની હતી. ફરેદુનની ભુલ, આપણે ઉપલી હકીકતમાં જોયું તેમ, આ હતી કે, તે પોતાના છોકરાઓ સાથે નાદાન થયો અને તેઓ સામે તેણે કિનો ધરાવ્યો. અલબતે એ છોકરાઓ પોતાના પિતાને બીવફા નિવડયા હતા અને

તેઓએ પોતાના ભાઈ સામે નિર્દયપણું દેખાડયું હતું, પણ એક પિતા તરીકે, તેણે તે બેટાઓ તરફ દરગુજરી દેખાડવી હતી અને તેઓને સુધારવાની કોશેશ કરવી હતી. તેને બદલે તેણે મનમાં કિનો રાખ્યો, અને જયાંસુધી તેઓને મારી નખાવ્યા નહિ ત્યાંસુધી સંતોષ પામ્યો નહિ. એ તેની ખામી હતી. મીનોખેરદમાં એક બીજે ઠેકાણે પણ ફરેદુનની આ વર્તણુક ઠપકાભરી ગણી છે. ત્યાં કહે છે કે તેની આ વર્ત્તણુકથી તેનાં બેહેશ્તમાં જવાના માર્ગમાં અટકાવ થયો હતો.[1]

ફરેદુનની જીંદગીનો આ બનાવ ત્યારે આપણને બોધ આપે છે કે આપણે કિનાખોર નહિ થવું. કોઇએ આપણું બુરૂં કર્યું હોય તો તે માટે તે ઉપર કિનો લેવાનો ખ્યાલ બાંધવો નહિ પણ તેને તેનાં બુરાં કામથી સમજાવતથી યા બીજી કોઇ નમ્ર રીતે પાછો રાખવાની યા સુધારવાની તદબીર કરવી.

ફરેદુન એક કીર્તિવંત અને ફતેહમંદ પાદશાહ ગણાયો છે.

અવસ્તા—વેરેથ્રજાઓ બવાહિ યથ થ્રએતઓનો. (પેગામ્બર જરથોસ્તની આફ્રીન, ફ. ૨)

અર્થ—ફરેદુનની માફક ફતેહમંદ થજો.

---

(૧) બાબ ૫૭, ફ. ૨૧.

અવસ્તા—ઉગ્રેમ કવએમ ખરેનો મઝ્દધાતેમ્ યજમઇદે.....યિમ વારેથ્રગ્નેમ્ યિમ્ બરત્ તખ્મો થ્રએતઓનો, યત્ અજ઼િશ દહાકો જઇનિ (જમ્યાદ યશ્ત ફ. ૯૧-૯૨)

અર્થ—મજદના પેદા કરેલાં મજબુત કેઆની ખોરેહને અમો અરાધીએ છિએ...કે જે ખોરેહ ફરેદુન ધરાવતો, કે જે (ફરેદુનને હાથે આ ખોરેહની બરકત) થી જોહાક માર્યો ગયો હતો.

અવસ્તા—તાંમ યજત...વિફ્રો નવાજો, યતદિમ ઉસ્ચ ઉજ્જ્દવાંનયત્ વેરેથ્રજાઓ તખ્મો થ્રએતઓનો, મેરેઘહે કેહર્પે કહર્કાસહે (આંવા યશ્ત, ફ. ૬૧)

અર્થ—જ્યારે ફતેહમંદ મજબુત ફરેદુને તે (વીફ્રેનવાજ) ને કહર્કાસ પક્ષિના આકારમાં ઉપર ઉરાડી મેલ્યો ત્યારે વિફ્રનવાજે તેણી (અરદ્વીસૂર) ને આરાધી.

ઉપલા અવસ્તાના ફકરાઓમાં જણાવવા મુજબ ફરેદુન ઈરાનના કીર્તિવંત અને ફતેહમંદ પાદશાહોમાંનો એક ગણાયોછે. એ સબબે પેગામ્બર જરથોશ્તની આફ્રીનમાં એને નામે દુઆ દેવામાં આવે છે. આવાં યશ્તમાં પણ એને ફતેહમંદ કહ્યો છે, પણ ત્યાં એની ફતેહની બાબતમાં વિફ્રાનવાજ નામના પુરૂષના સંબંધમાં જે કહેવામાં આવે છે, તે બાબતનો એશારો

બરાબર સમજ પડતો નથી. પ્રોફેસર દાર્મેસ્ટેટે ધારેછે કે, તે જોહાક ઉપર હુમલો લેઈ ગયો, તે વખતે, માર્ગમાં તેને સરોશ યજદથી જે બીશારત થયલી પ્રીદાંસી જણાવે છે, તેનાં સંબંધમાં અને તાઇગ્રીસ નદી ઉપરના વહાણુવાળાઓએ પેહલે તેને મચક નહિ આપી, તે બાબેનો એ કોઇ એશારો છે.

ફરેદુન એક તબીબ તરીકે

અવસ્તા--થ્રએતઓનહે આથવ્યાનોઇશ અષ-ઓનો ફ્રવષીમ યજમઇદે, પઇતિશ્તાતેએ ગરેનાઉશ્ચ તપ્નઓશ્ચ નએજહેચ સારસ્તોઇશ્ચ વાવર્‌ષ્યાઓસ્ચ, પઇતિશ્તાતેએ અજિ-કર્શ્તહે ત્બએષંઘહે (ફર્વર્દીન યશ્ત, ફ. ૧૩૧)

અર્થ--કીડ, તાપ, કોહવાત, ટાઢયો તાવ, બુરી શેહવતની સામે થવા માટે અને સાંપથી ઉત્પન્ન થતાં દુ:ખોની સામે થવા માટે આથવ્યાન (આબતીન)ના બેટા અશો ફરેદુનનાં ફરોહરને અમે આરાધ્યે છિએ.

અવસ્તા--મેરેઘહે પેષો-પરેનહે વારેન્જનહે પેરેનેમ અયસએષ...યિમ થ્રએતઓનો તખ્મો બરત્ (બેહરામ યશ્ત, ફ. ૩૫-૪૦)

અર્થ--તુંએ પાંખ ફફરાવતાં પેષોપરેન પક્ષિને

સોધવું જોઇએ...કે જે પક્ષિ બહાદુર ફરેદુન રાખતો હતો.

ફરેદુન એક તબીબ તરીકે જણાયલો હતો, એમ કેટલાક પાછલાં પુસ્તકો ઉપરથી માલુમ પડે છે. આ બાબતને, મથાળે મેળેલો પેહેલો ફકરો ટેકો આપે છે, કે જેમાં કેટલાક દરદોના અસરકારક એલાજો શોધી કાહાડવાની તેની સેવાઓ યાદ કરી તેને આરાધ્યો છે. અસલી તબીબો ભાજીપાલા અને ખનીજ વસાંનાં (vegetable and mineral drugs) સાથે જાનવરી ચીજો પણ દવાઇનાં વસાણાં તરીકે વાપરતા હતા. હાલના તબીબો પણ તેમ થોડીક હદે વાપડે છે. મથાળે મેળેલા ફકરાઓમાંનો બીજો ફકરો એ બાબતનો એશારો દિસે છે. દવાદારૂના એલાજો શોધી કાહાડનાર તરીકેની એની આવી કીર્તિ ઉપરથી સમજ પડે છે કે પાછળના જમાનામાં એના નાંમ સાથે કેટલાંક તાવીજો શા સબબે જોડાયલાં છે. એઓમાં એની 'ખશ્નુમન' એટલે એના ફરોહરને ખુશી કરનારૂં કોઇક ભણતર પણ લખ્યું છે.

બાબ દશમો.

મીનોચેહેર

અવસ્તા—"મનુશચિથ્રહે અઇર્યાવહે અષઓનો ફ્રવષીમ યજમઇદે" (ફ્રર્વર્દીન યશ્ત, ક. ૧૩૧)

અર્થ—એરચના અશો મનુશચિથ્ર (મીનોચેહર) ના ફ્રરોહરને અમો આરાધીએ છિએ.

એ પાદશાહનું અવસ્તાનું નામ મનુશચિથ્ર અને પેહલવીનું નામ માનુશચેહેર છે. દસાતીરમાં એને મીરોજાદ કહયો છે. ફ્રર્વર્દીન યશ્તમાં એને એરચનો મીનોચેહેર કહ્યો છે, પણ તે એરચથી કેટલી પેહડીનો હતો તે જણાવ્યું નથી. શાહનામા પ્રમાણે તે એરચની છોકરીની છોકરીનો છોકરો થાય.

મીનોખેરદમાં એરચને એનો એક નેયાગાન યા વડવો (નયાક) કહ્યો છે, પણ તે કેટલી પેહેડીનો વડવો તે જણાવ્યું નથી. બુનદહેશ[૧] પ્રમાણે એને ફ્રીશ, નોદર અને દુરાસોબ નામના છોકરાઓ હતા, જેઓમાંથી દુરાસોબથી પેગામ્બર જરથોશ્તની અને મોબેદોની, એમ બે પેહડી ઉતરી હતી, અને બીજા બે બેટાઓથી એક પાદશાહની અને બીજી મોબેદોની

૧ બાબ ૩૧, ક. ૧૩.

પેહડી ઉતરી આવી હતી. જાદસ્પરમ[1] અને દીનકર્દ[2]નાં લખાણુ પ્રમાણે પણુ મીનોચેહેરના એક બેટા દુરાસ્રોબથી પેગામ્બર જરથોશ્તની પેહડી અને બીજા બેટા નોદરથી શાહ ગુશ્તાસ્પની પેહડી ઉતરી આવી હતી.

એની જન્મ ભુમી. એના નામનો અર્થ.

પેહેલવી—"કુફે માનુશ મસ જક કુફ મુનશ માનુશચેહેર પતશ જાત" (બુનદેહેશ, બાબ ૧૨, ફ. ૧૦. મારી બુનદેહેશ પાનું ૪૦)

અર્થ--માનુશનો પહાડ મોટો છે. તે તે પહાડ છે કે, જેમાં માનુશચેહર (મીનોચેહેર) નો જન્મ થયો હતો.

બુનદેહેશમાં પહાડોનું વર્ણન કરતાં, ઉપર મુજબ, માનુશના પહાડને મીનોચેહેરની જન્મ ભુમી જણાવે છે. મીરખોન્દની 'રોજતુસ સફા' એ બાબત ઉપર વધારે રોશની નાખે છે. ત્યાં કહે છે કે, જ્યારે સેલમ અને તુરે એરચને મારી નાખ્યો, ત્યારે એરચની બાયડી તેઓથી બીહિને એ પહાડમાં નાસી ગઇ હતી. ત્યાં તેણીએ મીનોચેહેરને જન્મ આપ્યો અને તેથી તેનું નામ માનુશચેહર (માનુશ ચિથ્ર એટલે જેનું તોખમ

---

૧ બાબ ૧૬, ફ. ૧૩. S. B. E., Vol. XLVII, p. 147.

૨ દફતર ૭, બાબ ૨, ફ. ૭૦, S. B. E., Vol. XLVII, p. 34

માનુશ પહાડમાં જાહેર થયું તે) પડયું. એ પુસ્તકમાં[1] આ પહાડને માનુશાન અથવા અનુશેહરાન કહયો છે.

એણે કરેલાં નેહેરોના પાણીના બાંધકામ.

પેહેલવી--બૂને ખાનાન માનૂશચેહેર કૂન્દ મય હમાક લખવાર વલ અયોક જીનાક રમીતૂનીત ચેગુન ઇમલ્લૂનેત આઈગ યજબહૂનમ ફરાતે પૂર માહીક મૂન બેનપ્રૂશમન રોબાન રાએ ખક્રૂન્દ માનૂશચેહેર મય ઇન્સ્યૂન્ત વ ખવારીનીદ. (બુનદેહેશ, બાબ ૨૦, ફ. ૧૧; મારી બુનદેહેશ, પાનાં ૯૪-૯૫.)

અર્થ--ઝરાઓનાં મુખ મીનોચેહેરે ખોડયાં હતાં અને તે સઘળાં પાણીને પાછાં એક જગ્યાએ લઇ ગયો હતો (શબ્દાર્થ: ફેંકયાં હતાં), કારણ કે કહે છે કે "માછલાંથી ભરાયલી ફરાત (નદી)ને આરાધું છું કે જેને મીનોચેહરે પોતાનાં રવાન (ના સવાબને) માટે ખોદી, પાણીને પકડયું અને પીવડાવ્યું" (એટલે એક જગ્યાએ પાણીને એકઠું કરીને નેહરો મારફતે માણસોના પીવાના ઉપયોગ માટે ફેલાવ્યું.)

દેજલત અને ફરાત, એટલે તાઇગ્રીસ અને યુફ્રેટીસ નદીઓ, જે બે નદીઓવાળો મુલક મેસો-પોટેમીઆને નામે જણાયલો છે, તે નદીઓનું વર્ણન

(૧) Mirkhond's Rauzat-us-Safa, translated by David and Shea, p. 165.

મીનોચેહેરે તે ઉપર નેહરનાં જેવાં પાણીનાં બાંધકામો કર્યાં હતાં અને ખેતીને માટે અને પીવાને માટે પાણી પુરૂં પાડયું હતું. અસલી ઇરાન પોતાનાં પાણીનાં બાંધ કામો માટે જાણીતું હતું. હાલમાં પણ મુસાફરો, જેમ કારૂન નદી ઉપર તેમ પુર્વે છેક બલુચીસતાનમાં કેટલાંક પુરાણાં પાણીનાં મોહટાં બાંધકામો જોએ છે અને તેની તારીફ કરે છે. એવાં પાણીનાં બાંધકામો ખેતીના ઉપયોગ માટે પણ હતાં, તેનો એશારો બુનદેહેશમાં મલે છે, સબબ ત્યાં એ બાબે કહે છે કે, (ત્યાં માણુસો) "જમીન ઉપર ખોરાક ઉત્પન્ન કરે છે"[1]. એનાં પાણીના બાંધકામો બાબે મીનોખેરદમાં[2] પણ એશારો છે. ત્યાં એણે દુનિયાને કરેલા નીચલા ત્રણ મોટા ફાયદા જણાવે છે. ૧ તેણે સેલમ અને તુરને મારી તેઓના ડરથી લોકોને છોડવ્યાં. ૨ તેણે પાદશ્ખ્વાગર આગળનો મુલક, જે અફ્રાસ્યાબે ઇરાન પાસે લઇ લીધો હતો, તે પાછો મેળવ્યો. ૩ તેણે મોટાં ફાયદાકારક પાણીનાં બાંધકામો કર્યાં. તુર્કી અફ્રાસ્યાબનું નામ પણ પાણીનાં બાંધકામો સાથે આપણાં પુસ્તકો પ્રમાણે જોડાયલું છે પણ તે કેટલીક

---

૧ મદમ જ્મીક ખ્વારશ્ને વાદ્દૂનન્દ. બાબ ૨૦, ફ. ૧૦; મારી બુનદેહેશ, પાનું ૯૪, લીટી ૧.

૨ બાબ ૨૭ ફ. ૪૪.

કરતાં બુનદેહેશમાં ઉપર પ્રમાણે જણાવે છે કે, વખત પાણીના બાંધકામોથી ઇરાનને પાણી પોંહચાડતી કોઇક નદીના માર્ગો ફેરવી નાખી ઇરાનને હેરાન કરતો, અને પોતાની સલતનતના મુલકને ફાયદો આપતો. તેની એવી એક કોશેશની સામે થઇ મીનોચેહરે ઇરાનને વધુ નેઆમત પોંહચાડી હતી એમ મીનોખેરદ ઉપરથી દિસે છે. જાદસ્પરમનાં જરતોશ્તનામાવાળાં[1] લખાણમાં પણ આપણે મીનોચેહેરનાં પાણીનાં બાંધકામો (Irrigation works) નો એશારો જોઇએ છિએ. ત્યાં પોતપોતાના દેશોને પાણીથી ફાયદો કરવાની અફ્રાસ્યાબ અને મીનોચેહેરની કોશેશો આપણે જોઇએ છિએ.

દીનકર્દ[2] પણ એ બાબે બોલે છે અને મીનોચેહરને ઇરાનની જમીનને સુધારનાર અને ફળદ્રુપ કરનાર કહે છે. એ કેતાબ પ્રમાણે એણે પાણીનાં નેહર જેવાં બાંધકામોથી પારકા મુલકો સાથનો ઇરાનનો વેહવાર પણ વધાર્યો હતો.

મીરખોન્દ પોતાની રોજતુસફામાં પણ એ બાબત જણાવે છે અને કહે છે કે, મીનોચેહરે યુફ્રેતીસ

---

૧ જાદસ્પરમ બાબ ૧૨ ફ. ૩; S. B. E. Vol. XLVII p. 134.

૨ દફતર ૭, બાબ ૧, ફ. ૨૯-૩૦; S. B. E. Vol. XLVII, p. 11.

નદીની નેહેર ખોહડી હતી અને ઈરાનમાં પાણી દાખલ કર્યું હતું.[1]

મીનોચેહેરનું અફ્રાસ્યાબને હાથે પાદશખ્વાર્ગર પહાડમાં બંદ પડવું.

પેહેલવી--"અમત ફ્રાસ્યાવ માનૂશચેહર લેવતૂમન અઈરાનગાન દયન ગરે પાદશૂખ્વાર્ગર ગેરફ્તાર કર્દ સીજ વ હાત મદમ શેદકૂન્ત અગ્રીરદ મિન યજદાન અયાફ્ત બવીહૂનસ્ત. અવશ જક નીઓકીઅ રકબહૂન્ત આર્ગશ જક સેપાહે નીવે અઈરાનગાન મિન જક સખ્તીઅ બોખ્ત (બુનદેહશ, બાબ ૩૧, ફ. ૨૧-૨૨ મારી બુનદેહેશ પા. ૧૭૦-૧૭૨)

અર્થ--જ્યારે અફ્રાસ્યાબે મીનોચેહરને ઇરાનીઓ સાથે પાદશખ્વારગર પહાડમાં બંદ કીધો અને તેની ઉપર રંજ અને દુઃખ નાખ્યું, ત્યારે અગ્રેરસે ખુદા પાસે દુઆ માગી. તેણે તે દુઆ મેળવી. તેણે તે બહાદુર ઇરાની લશ્કરને તે મુશકેલીથી છોડવ્યું.

અફ્રાસ્યાબને હાથે એક મોટી હાર અને તેને હાથે પાદશખ્વારગર પહાડના ઘેરામાં લાંબો વખત બંદ રહેવું, એ મીનોચેહરના રાજ્યનો એક મુખ્ય બનાવ હતો. બુનદેહેશે એશારો કરેલા આ બનાવ ઉપર

---

1 Mirkhond's Rozat-us-safa, translated by Shea, pp. 186-87.

શાહનામાથી કેટલીક રોશની પડે છે. પણ ફરક આ છે કે, બુનદેહેશ જ્યારે એ બનાવ મીનોચેહેર માટે જણાવે છે ત્યારે શાહનામું તે તેના બેટા નોજર માટે જણાવે છે. પણ બુનદેહેશ ખરી છે. મીરખોન્દ, પોતાની 'રોજ તુસ સફા'[૧] માં, 'તારીખે મઆજમને આધારે, બુનદેહેશનાં લખાણને ટેકો આપે છે. તે કેતાબ પ્રમાણે એક વખત અફ્રાસ્યાબે મીનોચેહેર ઉપર હુમલો કર્યો અને મીનોચેહેર બતંગ આવી ગયો; ત્યારે તે આમલનો કિલ્લો, જે તબરીસ્તાનમાં એક અજીત કિલ્લો હતો, તેમાં ભરાઇ બેઠો. અફ્રાસ્યાબે તે કિલ્લા ઉપર ઘેરો નાખ્યો. મીનોચેહેરે આજેજ થઈ સુલેહનો પેગામ કેહેવાર્યો અને પોતાના મુલકનો કેટલોક ભાગ આપી સુલેહ કીધી અને બંદમાંથી છુટો થયો. ત્યારપછી લાંબા વખતે, મીનોચેહેરે એ ફરજીઆત છોડેલો મુલક પાછો જીતી લીધો હતો, તેના કેટલાક એશારા આપણને મલે છે. મીનોખેરદ[૨] એ બાબે બોલે છે અને કહે છે કે "પાતશખ્વારગરની જમીનથી દુજકોના મૂળ સુધી (નો મુલક), જે અફ્રાસ્યાબે કોલકરાર પ્રમાણે

---

૧ Translation of Shea pp. 186-87.

૨ બાબ ૨૭. ફ. ૪૪. મિન જમીકે પાતશખ્વાર્ગર વદ બૂને દુજકો ચેગૂન ફ્રાસ્યાક વષ્દૂન્ત ઇકવીમૂનાત પવન પતમાન મિન ફ્રાસ્યાક લખ્વાર ઈનસ્યૂન્ત વ વલ ખ્વીશીઅ એ દશાન શેહેર યાઇત્યૂન્ત (એર્વદ તેહમુરસની આવૃત્તિ પા. ૯૦)

લીધો હતો, તે અફ્રાસ્યાબ પાસેથી પાછો લીધો અને ઈરાન શેહેરના કબજામાં લાવ્યો." જાદસપરમનું પેહેલવી જરથોશ્તનામું, દીનકર્દ, વજરકર્દદીની અને બુનદેહેશ એને ખાસ કરી "અઇરાન દહ્યોપત" એટલે "ઇરાનનો દેશપતિ" કહે છે, તે આજ સબબે દિસે છે, કે એણે ઈરાનની સિમા વધારી હતી.

મનોચેહેર અને જશને તીરંગાન.

અવસ્તા—યિમ અંઘહુત એરેક્ષો ક્ષ્વિવ્ઈષુશ ક્ષ્વિવિ-ઇક્ષ્વતેમો અર્યનાંમ અઇર્યો, ક્ષુથત હચ ગરોઇત ખન્વન્તેમ અવિ ગઇરીમ. (તીર યશ્ત, ફ. ૬.)

અર્થ—જેમકે ઘણી ઝડુડપથી તીર ફેંકનાર એરેક્ષ નામનો એક કાબેલ તીરંદાજ, જે ઇરાનીઓના ઇરાનીએ (એટલે જે નામીચો ઇરાની હતો તેણે) ક્ષુથ નામના પહાડ પરથી ખનવન્ત પહાડ સુધી (તીર ફેંકયો હતો).

અવસ્તાના આ ફકરામાં જે બનાવનો એશારો કર્યો છે તે મીનોચેહેરના રાજ્યમાં બનેલો એક બનાવ છે, જે ઉપર પાછળાં ફારસી તવારીખનાં પુસ્તકો રોશની નાખે છે.

પાદશાહ મીનોચેહેર અને અફ્રાસ્યાબ વચ્ચે થયલી લડાઇમાં, મીનોચેહેર પાદશાખ્વારગર પહાડમાં બંદ થવા પછી તેઓ વચ્ચે સુલેહ થઇ હતી. તે

સુલેહની સરતોમાં, મીરખોન્દ[1] 'તારીખે મઆજમ'ને આધારે જણાવે છે કે, એક સરત આ હતી કે એ બેઉ પાદશાહોએ પોતાનાં મુલકની હદો નક્કી કરવી. તે માટે નકી થયું હતું કે આરીશ નામનો તીરંદાજ જેને અવસ્તાના ઉપલા ફકરામાં એરેક્ષ કહ્યો છે અને જે એ ફકરામાં જણાવવા પ્રમાણે એક નામીચો તીરંદાજ એટલે તીર ફેંકનાર હતો, તેણે દેમાવંદ પર્વત, જેનો તીર યશ્તમાં જણાવેલો ઉપલો ક્ષુથ પહાડ એક ભાગ હતો, તે ઉપરથી પોતાનાં પુરતાં જોશથી એક તીર ફેંકવો, અને તે તીર જ્યાં પડે ત્યાંની જગ્યાની સિધી લીટીમાં બેઉ પાદશાહોના મુલકની સરહદ નક્કી કરવી. કહે છે કે આરીશે (એરેક્ષે) બામદાદે એક તીર ફેંક્યો તે છેક બપોરે જમીન ઉપર પડયો. અવસ્તાના ઉપલા ફકરામાં કહે છે કે, ત્યાંથી તીર ખનવન્ત પહાડ આગળ પડયો. એ ખન્વન્ત પહાડ એક બહુ દૂરનો પહાડ છે. આ મુજબ એરેશે મારેલા તીરથી મીનોચેહરના હાથમાં મોટો મુલક રહયો. આ બનાવ માટે આલબીરૂની[2] પણ બોલે છે.

એમ સહવારે ફેંકેલો તીર છેક બપોર સુધી

---

1 Translation by David Shea, pp. 75-76.

2 "The Chronology of Ancient Nations" by Albiruni, translated by Dr. Sachau, p. 205.

ફેંકાતો યા ઉડતો રહયો તે અજબ અને સહરાગાત ભર્યું દિસે છે. પણ તે માટે એક તવારીખનવેશ ખુલાસો કરે છે કે, એમ થવાનો સબબ નીચલો હતો. આરીશે જે તીર ફેંકયો તે તીર હવામાં ઉડતાં એક પક્ષીને લાગ્યો અને તે તેનાં પીછાંમાં ભરાઇ રહયો. પછી તે પક્ષી થોડુંક જખમી થયલું ઉડતું ઉડતું છેક બપોરે એક જગ્યાએ પડેલું મલવાથી તે જગ્યાએ મુલકની હદ મુકરર થઈ.

આ બનાવ તીર મહીનો અને તીર રોજ, જે તીરંગાનનાં જશનનો રોજ છે, તે દિવસે બન્યો હતો. તેથી એ જશનનો એ બનાવ સાથે સંબંધ જોડાયો છે. તિશ્તર સેતારાની ચાલની ઝહડપ, તીર યશ્ત[1]માં તીરની ઝહડપ સાથ સરખાવામાં આવી છે, તે બાબત ધ્યાનમાં લેતાં, તિશ્તર તીર યજદની યશ્ત, તે યજદને નામના મહિના અને રોજનું તીરંગાનનું જશન, અને એક સેતાબ તીર ફેંકનાર એરેશ નામના તીરઅંદાજની વાર્તા, એ સર્વનો સંબંધ અજબ દિસે છે.

મીનોચેહેર અને ઇરાનીઓને મદદ કરનાર અફ્રેરસ

અવરતા—તાંમ યઝત...હઓસ્રવ...દજદિ

---

1 ફ. ૬.

મે વંઘઉહિ સેવિશ્તે દ્રવાસ્પે તન આયપ્તેમ. યથ અજેમ્ નિજનાનિ મઇરિમ તૂઇરીમ ફ્રંઘસ્યાનેમ... કએન ..અગ્રએરથહેચ નરવહે.

અર્થ—તે (દ્રવાસ્પ યાને ગોશ યજદ) ને કએ-ખુશ્રુએ આરાધી કે "ઓ ભલી ફાયદો કરનારી દ્રવાસ્પ! તું મને આ બખ્શેશ આપ કે હું ઘાટકી તુરાની અફ્રાસ્યાબને બહાદુર અગ્રેરસના કિનામાં મારૂ."

શાહ મીનોચેહેર અફ્રાસ્યાબને હાથે પાદશખ્વાગર પાહાડના કિલ્લામાં ઘેરાઇને બંદ પડયો, ત્યારે બુનદેહેશ[1] મુજબ અગ્રેરસે તેના ઇરાની લશ્કરને મુશકેલીમાંથી છોડવ્યું. એ અગ્રેરસ, જેનું અવસ્તાનું નામ અગ્રએ-રથ છે, તે તુરાની પાદશાહ અફ્રાસ્યાબનો ભાઈ હતો. તે જો કે તુરાની હતો અને તેથી ઇરાનનો દુશ્મન હતો, તોપણ તે પોતાની દુશ્મની વટીકમાં આશીર્વાદની આ દુઆ, કે "બા દુશ્મનાન બ દાદેસ્તાના કુશ," એટલે "દુશ્મનો સાથે વાજબી રીતે વર્ત્તજે," તે મુજબ, વાજબી શાહે વર્ત્તતો. એની એવી વર્ત્તણુકને લીધે ચીરડાઇને અફ્રાસ્યાબે તેને મારી નાખ્યો હતો. તેની ભલી વર્ત્તણુકને લીધે ફર્વર્દીન [3]યશ્તમાં તેનાં ફરેહરને યાદ કર્યું છે.

હવે અવસ્તાના ઉપલા એશારાનો અને બુનદે-

---

૧ સરખાવો, જમયાદ યશ્ત, ફ. ૭૭. ૨ બાબ ૩૧, ફ. ૨૧—૨૨. ૩ ફ. ૧૩૧.

હેશથી તેને મલતા ટેકાનો ખુલાસો શાહનામા ઉપરથી મલે છે. ફરક માત્ર એટલોજ છે કે, ઉપર જણાવ્યું તેમ, જ્યારે બુનદેહેશ એ બનાવ મીનોચેહેરનાં રાજ્યમાં જણાવે છે ત્યારે શાહનામું તેના વારેસ નોદરનાં રાજ્યમાં જણાવે છે. ફીરદોસી પ્રમાણે, અફ્રાસ્યાબને નોદર સાથે ત્રણ લડાઇઓ થઇ હતી, જેમાં આખરે નોદર અને કેટલાક ઇરાની સરદારો અને સિપાહો કેદ પકડાયા. એક આગળી લડાઇમાં અફ્રાસ્યાબના સરદાર વેસેનો છોકરો બાર્માન એક ઇરાની સરદાર કારનને હાથે માર્યો ગયો હતો. તે કિનાનો ખાર વેસેને મળે, તેટલા માટે અફ્રાસ્યાબે નોદરને મારી નખાવ્યો અને પછી તેની સાથના સરદારો અને સિપાહોની મોટી સંખ્યાને મારી નાખવાનો હોકમ આપ્યો. એ વેળાએ અગ્રેરસ વચમાં પડયો અને અફ્રાસ્યાબને એવા સંખ્યાબંદ ફર્માબરદાર સરદારોને અને સિપાહોને મારવાથી હાથ ઉઠાવવા સમજાવ્યું અને માંગી લીધું કે તેઓને તે "સારી" નામની જગાએ બંધ કરે, પણ મારી નહિ નાખે. અફ્રાસ્યાબે અગ્રેરસની અર્જ કબૂલ રાખી અને તેથી એ ઇરાનીઓના જાન બચ્યા, એટલુંજ નહિ, પણ વળી થોડુંક પછી તેઓને અગ્રેરસની એક તાલમેલથી છુટકારો પણ મળ્યો.

એ વાતની જ્યારે અફ્રાસ્યાબને ખબર પડી, ત્યારે તેણે અગ્રેરસને કટલ કર્યો. એ વર્ણન ઉપરથી ત્યારે

સમજ પડે છે કે પાછળથી ઇરાની કએખુસ્રુ તુરાની અફ્રેરસનો કિનો શા માટે લેવા માંગે છે ?

શાહ મીનોચેહેર અને કુસ્તી.

મીનોચેહેર બે નેહાદ તાજે કેઆન.

બે બસ્તશ બ જીન્નાર ખુનીન મેઆન.

(શાહનામું મોહ્લ વા. ૧ પા ૨૧૦)

અર્થ—મીનોચેહેરે કયાની તાજ પેહેડયું અને (પોતાના વડીલ એરચના) ખુનનો બદલો લેવા કમ્મરને કુસ્તીથી બાંધી.

જરથોશ્ત પેગામ્બરની આગમચ ઇરાનમાં જે દીન જાએજ હતી તે માજદયસ્ની દીન હતી. તે પોઇર્યોત્કએષી એટલે આગળા તરીકાવાળી દીન તરીકે જણાયલી હતી. દરેક મહાન પેગામ્બર પોતાની નવી દીન દાખલ કરતાં પોતાનાં મુલકની આગળી દીનમાં જે સારૂં હોય તે કબુલ રાખી રહેવા દેછે અને જે પોતાને ભુલભર્યું દિસે છે તે કાહાડી નાખવા કહે છે. આ મુજબ પેગામ્બર જરતોશ્તે જરથોશ્તી દીનમાં આગળી પોઇર્યોત્કએષી માજદયસ્ની દીનનાં કેટલાંક ભલાં તત્વો રહેવાં દીધાં હતાં, અને તે આજ સુધી કાયમ રહેલાં છે. એ તત્વોમાં કુસ્તી બાંધવાનો એક રેવાજ છે. એ

રેવાજ શાહ જમશેદનાં રાજ્યમાં પણ હતો એમ દાદેસ્તાને[1] દીની ઉપરથી માલમ પડે છે.

મીનોચેહેર પાદશાહનો કુસ્તી બાંધવાના રેવાજ સાથનો સંબંધ કોઇક પેહેલવી પુસ્તક અને શાહનામા ઉપરથી માલમ પડે છે. જાદસ્પરમનાં[2] લખાણમાં મીનોચેહેર આગળ સ્પેંદારમદને કુસ્તી, જેને માજદયસ્ની ધર્મની નિશાણી ગણી છે, તે સાથે હાજર થતી જણાવી છે. કમ્મર ઉપર કુસ્તી બાંધવી, તે એક ભલા કામ માટે ચોક્કસ ઠેરાવ કરી તે ઠેરાવને અમલમાં મેલવા કાજે તૈયાર થવાનો વિચાર કરવા બરાબર છે.

મીનોચેહેર એક અક્કલમંદ પાદશાહ. તેનો અંત.

પેહેલવી—જક ઇ કોલા દો ખેરદ ચેગૂન આહલોબન માનૂશચેહર. દાદેસ્તાને દીની, બાબ ૩૭, ફ. ૩૫; એ. તેહમુરસની આવૃત્તિ, પા. ૮૪, લીટી ૮-૯.)

અર્થ—જે અશો મીનોચેહેરની માફક બન્ને (આસ્નીદે અને ગોશો) સુત અક્કલ (ધરાવે છે).

મીનોચેહેર ઇરાનના પાદશાહોમાં એક ભલો પાદશાહ ગણાયો છે. દાદેસ્તાને દીનીના ઉપલા ફકરા પ્રમાણે તેનામાં જાતી અક્કલ હતી, એટલુંજ નહિ, પણ તેણે

---

૧ બાબ ૩૯ ફ. ૧૬. જુઓ સદ દર, બાબ ૧૦.

૨ બાબ ૨ ફ. ૩. S. B. E. Vol XLVII, p. 134.

દાનાવોથી જ્ઞાન મેલવીને પણુ વધુ અક્કલ મેલવી હતી. શાહનામાં પ્રમાણે રાજગાદીએ આવતાં તેણે અહુરમજ્દ તરફ પોતાને ભક્તિભાવ જાહેર કરી દુનિયામાંથી બદી ટાલવાને પોતાને વિચાર જાહેર કર્યો હતો. મીરખોન્દ[1] પોતાની 'રોજ઼ તુસ સફા'માં એણે રાજગાદીએ આવતાં કરેલું એક લાંબુ સુંદર ભાષણ આપેછે, જેમાં તેણે એક પાદશાહ તરીકે ઘણાક ભલા વિચારો જણાવ્યા છે. તેણે ઇરાન દેશમાં પાણીની નેહરોથી ખેતીની ઘણી આબાદી કીધી હતી અને લોકોને સર્વ રીતે સુખી કરવાની કોશેશ કીધી હતી. તે ૧૨૦ વર્ષની ઉમ્મરે મરણ પામ્યો હતો. મરતી વખતે તેણે પોતાનાં બેટા નોદરને પોતા હજુર તેડી કેટલીક શિખામણ આપી અને પોતાના મુલકની સરહદ ઉપર આવેલા લોકોથી ખબરદાર રહેવાને તેણે તેને ફર્માવ્યું. અફ્રાસ્યાબ કોઈ વેળા હુમલો લાવશે, એવો સંભવ જણાવી તે વખતે સામ અને જાલની સલાહ લેવાને તેણે તેને ફર્માવ્યું. તેના બેટા નોદરના રાજ્યનું વર્ણન કરવા આગમચ આપણે અંહી મીનોચેહેરના પેહેલવાન સામના બેટા જાલનાં દાસ્તાનની અને તેના બેટા રૂસ્તમનાં શરૂઆતનાં દાસ્તાનની હકીકત ટુંકમાં જોઈ જઇએ.

1 Mirkhond, translated by David Shea, pp. 177-85.

બાબ અગીઆરમો.

જાલ અને રૂસ્તમની હકીકત.

જાલના જન્મ અને જવાનીની વાર્તા—મીનોચેહેરના વખતમાં સામ નામનો તેનો નામીચો પેહેલવાન હતો. તેને ત્યાં જાલ નામે એક બેટો પેદા પડયો હતો, જેનાં શરીર ઉપર જન્મતાંને વાર એક બુઢા આદમીની માફક સફેદ બાલ ઉગેલા હતા. તે જોઇ સામ દલગીર થયો. એવા એક બેટા માટે લોકો મશકેરી કરશે, એવા ખ્યાલથી તે તે બેટાને જંગલમાં મુકી આવ્યો કે જયાં તે તડકા અને ટાઢથી અને ભુખે અને તરસે મરણ પામે. કહે છે કે તે જંગલમાં સીમોર્ગ નામનું એક પક્ષી એક બુલંદ પહાડ ઉપર રહેતું. તેણે તે બાલકને જોયું. તેના મનમાં મેહેર આવી, તેથી તે તે બાલકને ઉઠાવી પોતાનાં મકાનમાં[1] લઈ ગયું અને ત્યાં તેને કુમલાં નાજુક જાનવરોનું લોહી પાઈ ઉછેર્યો. જાલ એક બહાદુર છોકરા માફક ઉધર્યો. તેના રેહેઠાણ

---

૧ એમ જીઆનગાર પ્રાણીઓ વટીકને હાથે ઉધરેલા બાલકોના કેટલાક દાખલા નોધાયલા છે. આ દેશમાં એવા એક વરૂની માદાથી ઉધરેલા છોકરા (wolf-boy)નો દાખલો નોંધાયલો છે. એ છોકરાને મેં પોતે આગ્રા ખાતે જોયો હતો. (જુઓ એ બાબે Natural History Society સનમુખનો મારો વિષય.)

આગળથી પસાર થતી વંજારોથી તેની બાહાદુરી માટે આજુબાજુ ખબર ફેલાઈ. કહે છે કે પાછળથી સામે પોતાના બેટાને તજી દેવા માટે પસ્તાવો કર્યો અને તેની સોધમાં પેલાં જંગલ ભણી ગયો. ત્યાં જઈ તેણે જાલને સીમોર્ગ પાસેથી મેલવ્યો અને પોતાને મકાને ખુશી સાથે લાવી તેને પેહેલવાની તર્બિયતથી ઉછેર્યો. સામે જાલને પાદશાહ મીનોચેહેરના તેડાવાથી તેની આગળ રજુ કર્યો. પાદશાહ તેનું કદાવર તન અને હુશ્યારી જોઇ ખુશી થયો. પછી જ્યારે સામ મીનોચેહેરનાં કહેવાથી માઝીન-દરાન ઉપર હુમલો લઇ ગયો ત્યારે જાબુલસ્તાનમાં પોતાનાં મુલકની સલતનત પોતાના બેટા જાલને સોંપી ગયો.

જાલ અને રોદાબેની વાર્તા—એક વખત જાલ ઇરાની શાહાનશાહતમાં ફરતો ફરતો કાબુલના મુલકમાં આવ્યો, જેનો રાજા મેહેરાબ જોહાકની ઓલાદનો હોવાથી તેને માટે શાહ મીનોચેહેરને અને સામને સારો વિચાર હતો નહિ. ત્યાં જાલ અને મેહેરાબ વચ્ચે મોલાકાત થઇ. પછી જાલે ત્યાં મેહેરાબની બેટી રોદાબેની ખુબસુરતીની વાત સાંભળી. બીજા હાથ ઉપર મેહેરાબની રાણી સીનદોખતે મેહેરાબને જાલની હકીકત પુછી. તેના જવાબમાં મેહેરાબે જાલની જવાં-મરદી વિગેરેની તારીફ કીધી. તે તારીફ તેઓની બેટી રોદાબેએ સાંભળી, આથી જાલ અને રોદાબે

બન્ને એકમેકની મોહબતમાં પડયાં, અને એકમેક સાથની મુલાકાત બાદ શાદી કરવાનો વિચાર કર્યો. પણ વાંધો આ હતો કે, નહિ સામ કે નહિ મીનોચેહેર પાદશાહ આ લગ્ન પસંદ કરે, સબબ રોદાબેનો બાપ મેહેરાબ જોહાકની તોખમનો હતો. આ સબબે જાલે ઠેરાવ કર્યો કે પોતાના દરબારીઓની સલાહ લે.

લગ્નના ફાયદા બાબે જાલના સખુનો—

જાલે શાદી કરવાના ફાયદા બાબે નીચે પ્રમાણે દરબારીઓને કહ્યું:—

"તે દાદારે આ દુનિયાની વૃધ્ધિ જોડાં મારફતે કીધી છે, કારણ કે એકથી (એટલે જોડાં વગર) વૃદ્ધિ થતી નથી. તે કેર્દેગાર સિવાય કોઇ પણ એકલો નથી. તેનેજ નથી કોઇ ભાગ્યો કે જોડયો કે યાર. તેણે જે પણ પેદા કર્યું છે, તે જોડાં તરીકે પેદા કર્યું છે. છુપાંમાંથી તેણે ગુપચુપ રીતે એમ જાહેર રીતે પેદા કર્યું છે. બુલંદ આસ્માનમાંથી, તું આ સખુનનો વિચાર કરશે તો જોશે કે, એજ રીતે દુનિયાની પેદાયશ છે. જમાનો માણુસજાતથી આરાસ્તે થયો, અને સઘળી ચીજો તેનાથી કિમતી બની. અગર જો જેહાનમાં જોડું ન હતે, તો શકિત છુપી પડી રહેતે. વળી જોડાં વગર એક જવાન મર્દ ખોદાતાળાની દીન બરાબર પાળી શકે નહિ. વળી એક માણુસ ઉંચી તોખમનું હોય, પણ જોડાં

વગર (એટલે બાયડી યા ખાવિંદ વગર) તે નહિ-મળતાવડા સ્વભાવનું થાય. એક જેહાંપેહલવાન ફરજંદથી રોશન રવાનનો થાય તેના કરતાં બીજું નેક શું હોય? જ્યારે માણુસનો જવાનો (યાને મરવાનો એટલે બુઢાપાનો) વખત આવે, ત્યારે ફરજંદથી તેનો નરોજ (નવો દહાડો) જાણે પાછો આવે છે. દુનિયામાં ફરજંદથી નામ રહે છે, કે ફલાણો જાલનો છોકરો છે અને ફલાણો સામનો છોકરો છે. તેનાથી (એટલે ફરજંદથી) તાજ અને તખ્ત સણગાર પામેલું રહે છે. તેનું (બાપનું) નામ જાય છે, પણ એનું (દીકરાનું) નસીબ ચાલુ રહે છે."

લગ્ન માટે જાલે બાપની અને શાહાની બહાલી મેળવવી—દરબારીઓએ જાલનો વિચાર જાણી તેને સલાહ આપી કે તેણે સામ ઉપર કાગજ લખી તેની બાહાલી મેળવવી. જાલે બાપ ઉપર કાગળ લખ્યો. સામ આ વાત જાણી દલગીર અને ચિંતાતુર થયો, કે એ લગ્ન શાહ મીનોચેહેરને પસંદ પડશે નહિ. તેણે પોતા તરફથી આનાકાની સાથે પસંદગી જણાવી, પણ એવી સરતે કે, મીનોચેહર તે બાબે પરવાનગી આપે. મીનોચેહેરને આ વાતની ખબર પડતાં, તેણે સામને પોતાની દરબારમાં બોલાવ્યો. સામ દરબારમાં ગયો પણ તે પાદશાહને જાલ અને રોદાબેનાં લગ્ન માટે

કાંઇ પણ કહે, તે આગમજ શાહે તેને હોકમ ફર-માવ્યો કે તેણે એકદમ કાબુલના પાદશાહ મેહેરાબના મુલક ઉપર હુમલો કરવો. સામને એક ફર્માનબરદાર સરદાર તરીકે તે હુકમ માથે ચહડાવવો પડ્યો. કાબુલ તરફ જઇ પોંહચતાં જાલને જ્યારે એ વાતની ખબર પડી ત્યારે તે બાપ આગળ આવી રડતી આંખે એ પગલાં સામે ફર્યાદ કરવા લાગ્યો.

મેહેરાબ રાજા પોતે પણ પોતાની બેટીનાં લગ્ન જાલ સાથ કરવાને ખુશી હતો નહિ, સબબ કે તે જાણતો હતો કે તેથી તે મીનોચેહેરનો ગુસ્સો પોતા ઉપર ખેંચી લેશે. તેણે જ્યારે સામને પોતાના મુલક ઉપર ચહડાઇ લાવતાં જોયો, ત્યારે પોતાની રાણી સીન્દોખ્ત અને બેટી રોદાબે ઉપર ઘણો ગુસ્સે થયો. પેલી બાજુ સામે જ્યારે પોતાના બેટાને મીનતગુજારી કરતો જોયો, ત્યારે તેને સલાહ આપી કે તે પોતે શાહ મીનોચેહેર આગળ જઇ લગ્ન માટે પરવાનગી મેલવે. જાલ ગયો અને પોતાની હુશ્યારી અને જબાનદરાજીથી શાહની બાહાલી મેળવી કાબુલ ભણી હસ્તે ચેહેરે આવ્યો. પછી તેણે પોતાના બાપની બાહાલી સાથે રોદાબે સાથે શાદી કીધી. તે શાદીનાં ફળમાં તેઓને ત્યાં એક બેટાનો જન્મ થયો. એ બેટ્ટાનો જન્મ રોદાબે ઉપર વાહાડકાપ કરી કરવામાં

આણ્યો હતો, સબબ કે એક બાલક તરીકે માયના પેટમાં રૂસ્તમ ઘણો કદાવર બન્યો હતો.[1]

જાલ અને રોદાબેની વાર્તાનો બોધ— જાલની વાર્તા અને જાલ અને રોદાબેનાં લગનની વાર્તા આપણને કેટલાક બોધ આપે છે.

---

૧ રૂસ્તમને તેની માતાનું પેટ ચીરીને કહાડવાની બાબતનાં વર્ણનમાં આપણે જોઇએ છિએ કે શસ્ત્રવિધા તે જમાનામાં જણાયલી હતી. એ બાબે મી. એલેકઝાંડર રોજર્સ પોતાનાં શાહનામા (પા. ૧૨૫) માં કહે છે કે—"This (the birth of Rustam) is described in considerable detail, and is remarkable in several ways, as of having a knowledge of obstetrics which one would not have looked for in Persia in those early days. The mother is drugged with wine in order to produce insensibility to pain and some surgical operation performed by a male accoucheur (a thing unknown in the East) by means of which the child is alive."

અસલી ઇરાની તબીબો માટે જુઓ મારા "ઇરાની વિષયો," ભાગ ત્રીજામાં "અસલી ઇરાની તબીબું અને તબીબો"નો વિષય (પાના ૩૧ થી ૭૩). એ વિષય ઉપરથી દીસે છે કે અસલ ઇરાનમાં તબીબું કેટલીક હદે સારી રીતે જણાયલું હતું. એ બાબે ડા. ગાઇગર કહે છે—" The act of healing appears in the Avesta as a profession of a high order. It plays no unimportant part in our (Avesta) texts. It had apparantly already attained a degree of perfection." (Civilization of the Eastern Iranians, translated by Dastur Darab P. Sanjana, Vol I, p. 225).

૧. પેહલું તો આ કે, અહુરમજ્દે જેવાં પણ બાળક આપ્યાં હોય તે ઉપર શુકરાના કરવા જોઇએ. માતપિતાની ફરજ છે કે સર્વ બાલકોને સારી રીતે ઉછેરે અને કેળવે. સારી કેળવણીથી એક બદસુરત બાલક પણ નામાંકીત નિવડે.

૨. બીજું અહુરમજ્દે જીયાન્ગાર પક્ષીઓ અને પ્રાણીઓમાં પણ એક પ્રકારની બાળકો માટે મેહેર મેલી છે. ત્યારે માણસની વધારે ફરજ છે કે તેણે પોતાનાં બચ્ચાંઓ તરફ મેહરવંતા નિવડવું.

૩. જાલે પોતાના દરબારીઓને જણાવ્યું તેમ, અહુરમજ્દે પરણેલી જીંદગી સર્વ માટે સરજી છે. શાદીથી પરણેલું જોડું પોતે સુખી નિવડે છે, એટલુંજ નહી, પણ આજુબાજુ બીજાઓમાં પણ સુખ પાંથરવાને શક્તિવાન થાય છે અને વળી માણુસ જાતની વૃદ્ધિનો કુદરતનો કાયદો બર લાવે છે.

૪. લગ્નના સંબંધમાં પરણતાં જોડાએ પોતાનાં માતપીતાની મરજી અને બાહાલી મેલવીને લગ્નનાં ગાંથમાં જોડાવું એ પસંદ કરવા જોગ છે. તેમ બીજા હાથ ઉપર માતપિતાની ફરજ છે કે બચ્ચાંઓને તેઓની પસંદગીના પુરૂષ યા સ્ત્રી સાથે લગ્નના ગાંથમાં જોડવાં.

જેહાં પેહેલવાન રૂસ્તમ એક પરગાજી શુરો પેહેલવાન--જેહાં પેહલવાન રૂસ્તમ, જે ઇરાનનો

એક નામીચો પ્રજાપ્રિય પેહલવાન (National hero) ગણાયો છે અને જેનાં દાસ્તાનથી શાહનામાનો ઘણો ભાગ રોકાયો છે, તેણે કરેલાં કેટલાંક પરાક્રમોની શરૂઆત મીનોચેહેરના રાજ્યથી શરૂ થાય છે માટે અત્રે એ પેહલવાન માટે આપણે થોડોક વિચાર કરીશું.[1]

ઈરાનના ૧૦ પાદશાહો સાથ જોડાયલાં તેનાં કામો.—રૂસ્તમ પેહેલવાને ઘણાક પાદશાહોનાં રાજ્યો જોયાં હતાં. તે મીનોચેહેરનાં રાજ્યના વખતમાં જનમ્યો હતો. તે પછી નોદર, જવ, કેરસાસ્પ, કૈકોબાદ,

૧ શૂરવીર જમાનાના એક ભટકતા નાઇટ (Knight-errant) તરીકે શાર્દાંએ (Chardin, IX 117) રૂસ્તમને યુરોપિયન વાર્તાઓના એમેડીસ (Amadis) સાથ સરખાવે છે. ૧૨ મી સદીમાં લખાયલી એક સ્પેનીશ વાર્તામાં એ એમેડીસનાં પરાક્રમો વર્ણવેલાં છે. વળી આર્થર અને તેની ગોળ મેજના નાઇટો (Arthur and the Knights of the Round Table) ની માફક ઇરાની ઉમરાવો મીનોચેહેર, કાઉસ, અને કએખુસરૂના તખ્તની આજુબાજુ ભેગા મળતા.

વળી શાર્દાંએ, રૂસ્તમનાં પરાક્રમોનાં જેવાં પરાક્રમો યુરોપની વાર્તાઓમાં આર્લેંડ (Orlande)ના ગણે છે, કે જેણે શાર્લેમેનના વખતમાં અજબ પરાક્રમો કર્યાં હતાં. એની ડયુરન્ડલ (Durandal) નામની એક તલવાર, તેજ કામ બજાવતી, કે જે રૂસ્તમનો ગુરજ બજાવતો. આપણે વાંચ્યે છિએ, કે રૂસ્તમ પોતાના ગુરજના ફટકાથી અલબુર્જ પહાડના ટુકડા કરતો હતો. તેમ ઓર્લેન્ડ પોતાની ' ડયુરનડલ' તલવારના એક ફટકાથી પીરેનીજ પહાડનાં ટુકડા કરી નાખતો. તેની તલવારનું નામ Durandal (ફ્રેંચ Dure' en diable i. e. hard as the devil) એટલે " સેતાન જેવી સખત" આ ઉપરથી પડયું, કે તે ઘણી મજબુત હતી.

કૈકાઉસ, કૈખુસ્રુ, કૈલોહરાસ્પ, કૈગુતાસ્પ, અને બહમન મલી બીજા ૯ પાદશાહોનાં રાજ્યોમાં તેનાં પરાક્રમો ફેલાયલાં હતાં. આ લાંબો અર્સો રૂસ્તમની જીંદગીને જાણે પુરાણોક્ત (mythological) ઇતિહાસનો ભાગ બનાવે છે. કેટલીક વાર એમ બને છે કે, એક મહાન પુરૂષે એટલી તો મોટી કીર્તિ પોતાનાં મોટાં અને ભલાં કામોથી મેળવેલી હોય છે કે, તેના મરણ બાદ લાંબે વખતે થયલાં કોઇ બીજા ધણીનાં ભલાં કામો લોકો તેનેજ લાગુ પાડે છે. રૂસ્તમના સંબંધમાં પણ તેમજ બન્યું હોય એ સંભવીક છે. ગમે તેમ હોય, પણ એની જીંદગી અને તે જીંદગી સાથે જોડાયલાં કામો એને એક પરાક્રમી પુરૂષ તરીકે દેખાડી આપણી હજુર ઘણોક ધડો રજુ કરે છે.

રૂસ્તમનાં દાસ્તાન ઉપરથી મલતો ધડો.-

રૂસ્તમ બાબે આપણે ઉપર કહ્યું કે, યુરોપમાં જે જમાનો શૂરવીર જમાનો (Age of Chivalry) તરીકે જણાયલો હતો તે જમાનાના એક નાઇટ (knight) અથવા ઉમરાવ તરીકે તે હતો. યુરોપના એ જમાનાએ પોતાનાં કોઇક તત્વો પૂર્વભણીના મુલક તરફથી લીધાં હતાં. એ બાબે એટકીન્સન નીચે પ્રમાણે કહે છે:—[1]

---

[1] Single combat and the romantic enterprizes of European Chivalry can indeed be traced to the East. Rustam was a most illustrious example of all that is pious, disinterested and heroic (The Shah-nameh. Chandos Classics, p. 347, note).

"યુરોપનાં શૂરાતનપણાના વખતની હાથોહાથ લડાઇની અને અદ્દભુત સાહસકર્મોની શરૂઆત પૂર્વ ભણીથી ગણાય. જેબી કાંઈ પરહેજગાર, બીનસ્વાર્થી અને વીર્યશાળી હોય, તેનો રૂસ્તમ એક ઘણો પ્રસીદ્ધ દાખલો હતો."

રૂસ્તમ ત્યારે આપણને પરહેજગારીનો, બીનસ્વાર્થીપણાનો અને મર્દાનગીનો બોધ આપે છે. પરહેજગારીમાં પોતાના શોખો, મોજો તથા હવશો ઉપરના કાબુનો વિચાર સમાયલો છે. રૂસ્તમ જ્યારે દેશ માટે પોતાની સેવાની ગરજ પડતી ત્યારે, એશઆરામ અને મોજો તજી તે માટે દેશવતો ભોગવી, પોતાનાં લાભો કરતાં દેશના લાભો ઉપર ધ્યાન આપતો. મર્દાનગી અને બહાદુરી–તનની અને મનની બાહાદુરી—નો તે સર્વથી સરસ નમુનો હતો. જ્યાં પણ તે જુલમ જાસ્તી જોતો, ત્યાં તે તોડવા કાજે પોતાની સેવા આપતો હતો. દેશના પાદશાહ તરફ વફાદારી ધરાવવામાં તેમ દેશની સેવામાં તે પેહેલો હતો.

મીનોચેહેર શાહના અમલના વખતનાં રૂસ્તમનાં ઘડો આપનારાં જવાનીનાં પરાક્રમો. રૂસ્તમની આખી જીંદગી, ઉપર જણાવ્યું તેમ, પરાક્રમી હતી. તે માતાનાં પેટમાંજ એવાં એક અંગે ભરેલાં મોટાં બાલક તરીકે ઉછર્યો હતો કે, તેને તેની માતાનું પેટ ચીરીને કહાડવો પડયો હતો. એમ તેનો જન્મ થતાં

તેની માતા જેવી તેની વેદનાથી ફારેગ થઇ કે તેવીજ હુશ્યારીમાં આવતાં બોલી કે, 'રૂસ્તમ,' એટલે "મારો છુટકારો થાયો યા હું બચી." તે ઉપરથીજ ફીર્દોસી કહે છે કે, તેનું નામ રૂસ્તમ પડયું. બાળ-વયમાં તેને પાંચ ધવાડનારીઓનું દુધ પોતાની ભુખ મટાડવા માટે જોઇતું હતું અને મોટપણમાં પાંચ માણુસ ખાય તેટલો ખોરાક તેને જોઇતો હતો. આવા કદાવર નબીરાને જોવા કાજે, કહે છે કે, સામ જે શેહેરમાં જાલેજર રહેતો હતો, તે શેહેરમાં ખાસ કરી ગયો અને તેને જોઇને ખુશી થયો.

હજુર તે નાનો છોકરો હતો ત્યારે એક રાત્રે પાદશાહનો એક સફેદ હાથી છુટો થઇ શેહેરમાં મસ્તી કરી ઘણાકોનાં જાન લેવા લાગ્યો. તે વાત સાંભળી તુરત રૂસ્તમ હાથમાં ગુરૂજ પકડી, રખેવાલોની મનાઇની દરકાર કરવા વિના, બહાર પડયો અને તે સફેદ હાથીને ગુરૂજથી મારી નાખ્યો.

સેપન્દનો કિલ્લો જીતવો--પોતાના જવાન બેટાને એમ લડાયક નિવડેલો જોઇ એક દહાડે જાલે તેને સપન્દનો કિલ્લો જીતવાને મોકલ્યો કે જે કિલ્લો લેતાં સામનો બાપ નરીમાન માર્યો ગયો હતો. નીમકની વંજારનાં ઉંટોના વેપારી સરદાર તરીકેના વેશમાં કેટલાંક માણુસો સાથે રૂસ્તમ તે કિલ્લામાં દાખલ થયો અને તે કિલ્લો લીધો. એ બનાવ બાદ ઇરાનનો પાદશાહ મીનોચેહેર મરણ પામ્યો અને તેનો બેટો નોદર ગાદી ઉપર આવ્યો.

બાબ બારમો

નોદર, જવ અને કેર્સાસ્પ.

નોદર

પેહેલવી—મિન માનૂશચેહર જાત નોદર--(બુનદેહેશ બાબ ૩૧, ફ. ૧૩)

અર્થ--મીનોચેહરથી નોદરનો જન્મ થયો.

શાહ મીનોચેહર પછી નોદર, જવ અને કેર્સાસ્પ નામના ત્રણ નબળા પાદશાહો ઇરાનને મલ્યા. શાહનામા પ્રમાણે મીનોચેહેર પછી તેનો બેટો નોદર ગાદી ઉપર આવ્યો. એનું અવસ્તાનું નામ નઓતર છે. અવસ્તા ઉપરથી એના વિષે કાંઇ હકીકત મલતી નથી; જે મલે છે તે આજ કે, એ નામીચી પેહડીઓનો વડવો હતો. એની પેહડી 'નઓતઇર્ય'ના નામથી જણાયલી હતી.[1] એ જેમ પાદશાહોની એક પેહડીનો તેમ મોબેદોની એક પેહડીનો વડવો હતો. વિસ્તઉરૂશ (ગસ્તહમ) નામનો એક જાણીતો ભલો પરહેજગાર પુરૂષ એની પેહડીનો હતો.[2] પાદશાહ ગુશ્તાસ્પની ઘણા ભાઇઓવાળી (પોઉરૂ

૧ આવાં યશ્ત, ફ. ૭૬,૯૮. ૨ આવાં યશ્ત, ફ. ૭૬; ફર્વર્દીન યશ્ત ફ. ૧૦૨.

બ્રાથ) રાણી હુતોસી, એની પેહડીની હતી.[1] બુન-દેહશ[2] પ્રમાણે ઇરાનનો જાણીતો પેહલવાન તુસ, જેના કામનો એશારો આવાં યશ્ત[3]માં મલે છે, તે પણ એની પેહડીનો હતો. પાદશાહ ગુશ્તાસ્પ પણ એના ખાન્દાનનો હતો[4]. એનાથી ઘણાં નામીચાં કુટુંબો ઉતરી આવ્યાં હતાં, તે ઉપરથી એનું, અને એનો એક પિત્રાઇ, જેનીથી પણ કેટલાંક કુટુંબો ઉતરી આવ્યાં હતાં, તેનું નામ એક કેહેવત તરીકે વપરાતું હતું. હાલમાં કોઈ કહે છે કે "તમારા યા મારા બાપ બપાવા ઉતરી આવે તોપણ હું ફલાણું કામ નહિ કરૂં," તેમ એઓને નામથી કહેવાતું હતું કે "રાચ[5] અને નોદર ઉતરી આવે તોપણ એમ નહિ બને"[6]

ફીર્દોસી પ્રમાણે એણે સાત વર્ષ રાજ્ય કર્યું હતું. અજબ જેવું છે, કે બુનદેહેશ (બાબ ૩૪) માં જ્યાં ઇરાનની ગાદી ઉપર આવી ગયલા હોશંગથી

૧ રામ યશ્ત, ફ. ૩૫. ૨ બાબ ૨૯, ફ. ૬. ૩ આવાંયશ્ત ફ. ૫૩, ૫૮. ૪ આવાં યશ્ત. ફ ૯૮; દીનકર્દ દફ્તર ૯, બાબ ૩૩, ફ. ૫; જાદસ્પરમ, બાબ ૬૬ ફ. ૧૩.

૫ એ રાચ તે આફ્રીનગાનના દીબાચામાં રજશ્ને દુશાસુબ તરીકે જે નામ ભણવામાં આવે છે, તે છે.

૬ દીનકર્દ દફ્તર ૭, બાબ ૨. ફ. ૫ ; બાબ ૩, ફ. ૧૯; જાદસ્પરમ, બાબ ૧૬, ફ. ૧૧; S. B. E. XLVII p. 29, 40, 146.

સિકંદર સુધીના પાદશાહોનાં નામો આપવામાં આવે છે, ત્યાં એનું નામ આવતું નથી. એજ પ્રમાણે બારમા નુસ્ક ચીદ્રસ્તનો ઇન્તેખાબ, જે દીનકર્દના આઠમા દફતરમાં આપવામાં આવે છે, તેમાં પણ હોશંગથી ગુશ્તાસ્પ સુધીના સીલસીલાબંદ પાદશાહોનાં જે નામો જોવામાં આવે છે, તેમાં એનું નામ પાદશાહ તરીકે જોવામાં આવતું નથી.[1] દીનકર્દમાં એનું નામ જોવામાં આવે છે ખરૂં, પણ તે પાદશાહ તરીકે નથી.[2] ફર્વર્દીન યશ્તમાં ઇરાનના પેશદાદીઅન પાદશાહોને યાદ કર્યા છે પણ એ પાદશાહને યાદ કર્યો નથી. આ મુજબ અવસ્તા અને પેહલવી પુસ્તકોમાં એક પાદશાહ તરીકે એને યાદ કર્યો નથી, તેનો સબબ આ દિસે છે, કે તે એક બૂરો પાદશાહ નિવડવાથી તેને વીસારી મેલ્યો હોય.

ફીર્દોસી પ્રમાણે નોદરે રાજગાદી ઉપર આવ્યા પછી થોડા વખતમાં બુરી રીતે અમલ કરવા માંડયો અને તેથી દેશમાં ગરબડ ઉઠવા લાગી. નોદરે જ્યારે આવો મામલો જોયો ત્યારે સામ પેહેલવાન તરફ એક કાસદ મોકલી તેને તેડાવ્યો. સામ આવ્યો કે સર્વ દરબારીઓ તેની આગળ નોદરની ફર્યાદ કરવા લાગ્યા અને ખુદ સામને ઇરાનની ગાદી આપવા માગી. સામે

---

૧ S. B. E. Vol. V p. 329. ૨ દીનકર્દ દફતર ૯, બાબ ૧૩, ફ. ૧૮. S. B. E. Vol. XXXVII, p. 29.

પોતાના પાદશાહને વફાદાર રહી તે લેવાને ના પાડ્યું. પછી સામે નોદરને સારી રીતે રાજ્ય કરવાને સમજાવ્યો અને દરબારમાં સઘળી શાંતી ફેલાવી પોતે માઝીનદરાન ભણી ગયો.

હવે જ્યારે તુરાનના પાદશાહ પશંગને મીનોચેહેરના મરણુની અને નોદરના માઠા કારોબારની ખબર પડી ત્યારે તેણે ઇરાન સામે લડાઇની તૈયારી કરવા માંડી. તેનો બેટો અફ્રાસ્યાબ લડાઇ કરવા કાજે બાપ સાથે એકમત થયો. નોદરે પણ લશ્કર તૈયાર કર્યું. અફ્રાસ્યાબ તેની સામે લશ્કર લઈ ગયો. પશંગે જાલેજરને તેના મુલકમાંજ રોકી રાખવા ૩૦,૦૦૦ આદમીનું લશ્કર સીસ્તાન ભણી મોકલ્યું. તેવામાં સામનાં મરણ પામવાની ખબર આવી, તેથી અફ્રાસ્યાબ ખુશી થયો કે તેથી જાલ બાપના મરણુની ક્રિયામાં રોકાઇ રહેશે. અફ્રાસયાબ સાથની લઠાઇમાં નોદર હાર્યો. તેણે તુરત પોતાનાં કુટુંબની બાનુઓને પોતાના બેટાઓ તુસ અને ગસ્તહમ સાથે અલબુર્જ પહાડ ભણી મોકલી દીધી. વધુ લડાઇ થતાં નોદર ત્રીજી લડાઇમાં પોતે અફ્રાસયાબને હાથ બંધ પડયો.

પેલી બાજુ, જાલના મુલક ભણી ગયલાં તુરાની લશ્કરે જાબુલસ્તાન ઉપર હુમલો કર્યો. જાલ, જે પોતાના બાપનાં મરણુને લીધે બહાર હતો, તે જાબુલસ્તાન

પાછો ફર્યો, અને તેણે લડાઇમાં તુરાનીઓને હરાવી બે નામીચા તુરાની સરદારોને મારી નાખ્યા. તેઓના કીનામાં અફ્રાસ્યાબે પાદશાહ નોદર, જે તેના હાથમાં બંદ પડયો હતો, તેને મારી નખાવ્યો અને પછી પોતે ઇરાનની ગાદીએ બેઠો. આ મુજબ નોદર સાત વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો.

નોદરના મરણ પામવાની ખબર જાણી જાલ ઇરાન ભણી આવ્યો અને અફ્રાસ્યાબ, જે ઇરાનની ગાદીએ ચહડી બેઠો હતો, તેની સામે લડાઇની તૈયારી કરવા લાગ્યો. પણ શરૂઆતમાં તેણે ઇરાનની ખાલી પડેલી ગાદી માટે એક પાદશાહની ખોલ કરી અને તે ઉપર જ઼વ પાદશાહને બેસાડયો.

જ઼વ

અવસ્તા--ઉજ઼વહે તુમાસ્પહે અષઓનો ફ્રવષીમ યજમઇદે (ફ્રૂર્વર્દીન યશ્ત ફ. ૧૩૧)

અર્થ--તુમાસ્પના અશો ઉજ઼વ (જ઼વ)નાં ફ્રોહરને અમો આરાધિયે છિએ.

જવ પાદશાહનું અવસ્તાનું નામ ઉજવ છે. એને અવસ્તામાં તેહમાસ્પનો (બેટો) ઉજવ કહયો છે. બુનદેહેશમાં અને હમઝારાની આફ્રીનમાં તેને "જાબે

તેહમાસ્પાન" એટલે તેહમાસ્પનો જુબ કહ્યો છે. ફીર્દોસી પણ એને "પુહરે તેહમાસ્પ જવ" એટલે "તેહમાસ્પનો બેટો જવ" કહે છે. પણ એવું દિસે છે કે એ તુમાસ્પનો છોકરો નહિ હતો, પણ તેનો કોઇ કુટુંબી હતો અને એ નામથી મશહુર હતો. એ એનું ખાનદાની નામ હોય. જેમ બુનદેહેશ પ્રમાણે તેમ ફીર્દોસી પ્રમાણે એ પાદશાહે પાંચ વર્ષ રાજ કર્યું હતું. એ એક ઘણો પરહેજગાર પાકજાદ પાદશાહ હતો.

ફીર્દોસી પ્રમાણે જ્યારે અફ્રાસ્યાબ નોદર પાદશાહને મારી નાખી પોતે ઇરાનની ગાદી ઉપર બેઠો ત્યારે જાલે તેની સામે લડાઇ ઉઠાવતાં વિચાર કર્યો કે ઇરાનનાં ભલાં માટે કોઇ લાયક ધણીને પાદશાહ તરીકે શોધી કાહડવો જોઇએ. તેણે નોદરના બેટા તુસ અને ગસ્તહમને પાદશાહીને લાયક જોયા નહિ. તેથી તેણે આ જવ, જે ફરેદુનની ઓલાદનો હતો, તેને ગાદી માટે પસંદ કર્યો અને ગાદી ઉપર બેસાડયો. તેની ઉમર ૮૦ વર્ષની હતી તે છતાં તે લાયક હોવાથી જાલે તેને ગાદી ઉપર બેસાડયો. એનાં રાજયમાં ઇરાનમાં એક મોટો દુકાળ પડયો અને તેથી ઇરાનને ઘણું નુકસાન થયું.

કેર્સાસ્પ.

ફીર્દોસી પ્રમાણે જવ પાદશાહ પછી ઇરાનની ગાદી ઉપર તેનો બેટો કેર્સાસ્પ આવ્યો અને તેણે ૮ વર્ષ રાજ્ય કર્યું. જવ પછી એ નામનો પાદશાહ ઇરાનની ગાદી ઉપર આવ્યો હતો, એમ ચોકસ કેહેવાઈ શકાતું નથી. બુનદેહેશ[૧]માં જ્યાં ઇરાનના નામીચા પાદશાહ પેહેલવાનોની વંશાવળી આપી છે, ત્યાં જવના બેટા તરીકે કેર્સાસ્પનું નામ મલતું નથી. ફ્રર્વર્દીન યશતમાં એક કેર્સાસ્પને યાદ કરવામાં આવ્યો છે, પણ તે તો એક જુદો કેર્સાસ્પ છે, કે જેને માટે બીજા અવસ્તામાંથી આપણને એશારાઓ મલે છે. વળી આફ્રીનગાન પાછળ ભણાતી હુમકારાની આફ્રીનમાં, જ્યાં ઇરાનનાં પેશદાદિઅન અને કેઆનિઅન પાદશાહોને યાદ કરવામાં આવે છે. ત્યાં પણ આ કેર્સાસ્પનું નામ યાદ કરવામાં આવ્યું નથી. પણ દીનકર્દમાં[૨] ચીત્રદાદ નામનું નુસ્ક, જેને રેવાયતમાં ચીદ્રસ્ત અથવા ચીરસ્ત તરીકે જણાવ્યું છે, તેનો ઇન્તેખાબ આપતાં કેર્સાસ્પ નામના પાદશાહ માટે બોલવામાં આવે છે, પણ તેને કેકોબાદ પછી અને

---

૧ બાબ ૩૪. ૨ દફતર ૮, બાબ ૧૩, ફ. ૧૨. S. B. E. XXXVII, p. 28.

કૈકાઉસની આગમજ મેલવામાં આવ્યો છે. ગમે તેમ હોય પણ એક પાદશાહ તરીકે તેનું રાજ્ય કાંઇ ઘણું જણાયલું દિસતું નથી.

ફીર્દોસી પ્રમાણે જવ પછી જેવો એ પાદશાહ ગાદી ઉપર આવ્યો કે અફ્રાસ્યાબે ઇરાન સામે પાછી લડાઇ જાહેર કીધી. તેનો બાપ પશંગ, જે તેના ઉપર તેણે પોતાના ભલા ભાઈ અગ્રેરસને મારી નાખ્યો હતો તે માટે ચીરડાયલો હતો, તેણે અફ્રાસ્યાબનાં આ કામ પાછળ થંડું દીલ દેખાડયું.

ફીર્દોસી ઉપરથી કેર્સાસ્પનાં રાજ્યની કોઈ જાણવા જોગ હકીકત મલતી નથી. તે થોડીક સતરોમાં એની નહિ જાણવાજોગ એવી થોડીક હકીકત તમામ કરે છે.

બાબ તેરમો.

કયાન્યન વંશ.

અવસ્તા—"ઉગ્રેમ કવએમ ખરેનો મજ્દધાતેમ યજ્મઇદે."   (યઝ્ઝ્રને હ્ફ્તા ર, ફ. ૧૪)

અર્થ—અહુરમજ્દનાં પેદા કરેલાં મજબુત કયાની ખોરેહને અમો આરાધ્યે છિએ.

અવસ્તામાં મલતું એ વંશનું નામ અને તેની હકીકત—પેશદાદિઅન વંશ પછી ઇરાનની ગાદીએ કયાન્યન વંશ આવ્યું. અવસ્તા પ્રમાણે, એવું માનવામાં આવતું કે તે વંશના પાદશાહો એક ખાસ પાદશાહી ખોરેહ ધરાવતા હતા. તે ખોરેહ 'કયાની' ખોરેહ ગણાતું. પછી એ ખોરેહ પાદશાહી ખોરેહ ગણાવા લાગું. અવસ્તામાં એ કયાન્યન વંશ કવિ, કવન અથવા કવયને નામે જણાયલું છે. એ ખાનદાન પેહેલવી પુસ્તકોમાં પણ 'કએ' ને નામથી જણાયલું છે. શાહનામા પ્રમાણે તે કયાન્યન વંશને નામે

જણાયલું છે. એ વંશના નીચલા પાદશાહો અને શાહજાદાઓનાં નામો અવસ્તામાં મળે છે. 'કવિ કવાત (કએ કોબાદ),[૧] કવિ ઉસધન[૨] (કએકાઉસ), કવિ અર્ષન,[૩] પિસિનંઘહ,[૪] અઇપિવંઘ્હુ,[૫] બ્યર્ષાન,[૬] સ્યાવર્ષાન[૭] (સ્યાવક્ષ), હુસ્રવંઘહ[૮] (કએખુસ્રો), અઉર્વત અસ્પ[૯] (લોહોરાસ્પ), વીશ્તાસ્પ[૧૦] (ગુશ્તાસ્પ), અને સ્પેન્તોદાત[૧૧] (અસફન્દયાર). એ ખાનદાનનો પાયો નાખનાર કોબાદ હતો. બુનદેહેશ (બા. ૩૧) માં એ ખાનદાનની વંશાવળી આપી છે, તે ઉપરથી એ પેહેડીનો નીચલો ઝુમખો ઉપજાવી કાહડયો છે.[૧૨]

---

૧ ફર્વર્દીન યસ્ત ફ. ૧૩૨; જમ્યાદ યસ્ત ફ. ૭૧. ૨ ફર્વર્દીન યસ્ત ફ. ૧૩૨; જમ્યાદ યસ્ત ફ. ૭૧. ૩ ફર્વર્દીન યસ્ત ૧૩૨; જમ્યાદ યસ્ત ફ. ૭૧. શાહનામાનો કએ અરશ. ૪ Ibid. ૫ Ibid ૬ Ibid. ૭ Ibid. ૮ ફર્વર્દીન યસ્ત ફ. ૧૩૨; જમ્યાદ યસ્ત ફ. ૭૪. ૯ આવાંયસ્ત ફ. ૧૦૫; વીશ્તાસ્પ યસ્ત ફ. ૩૪, ૪૬. ૧૦ ફર્વર્દીન યસ્ત ફ. ૯૯. ૧૧ ફર્વર્દીન યસ્ત ફ. ૧૦૩. વીશ્તાસ્પ યસ્ત ફ. ૨૫. ૧૨. એઓમાં જે નામોની પાસે વલાયામાં આંકો મુકયા છે, તે નામોવાળા શખસો રાજગાદીએ આવેલા છે અને એ આંકો તેઓના રાજ કરવાનાં વર્ષો છે.

કયાન્યન વંશાવળી (બુનદેહેશ પ્રમાણે.)

કએકવાત (૧૫ વર્ષ રાજ કર્યું).

અપીવેહે

અર્શ　　વીઆર્શ　　પીશીન　　કાવિશ (૧૫૦ વર્ષ)

માનુશ　　સ્યાવક્ષ

અવિજાવ　　કએખુસ્રુ (૬૦)

લોહરાસ્પ ૧૨૦

વીસ્તાસ્પ (૧૨૦)　　જરીર. બીજા ભાઇઓ (નામ નથી આપ્યાં)

સ્પેન્તદાદ (અસફન્દયાર)

વોહુમન (બહમન) (૧૧૨)　　આતરોતશ　　મીત્રોતશ　　અને બીજા (નામ નથી)

હોમાએ રાણી (બીજું નામ ચેહેરઆજાદ ૩૦ વર્ષ)

દારાં (૧૨)

દારાં (૧૪)

વેદમાં અવસ્તાના ઉપલા કવિ શબ્દને મલતો એક શબ્દ છે, જેનો અર્થ "એક પરહેજગાર ધર્મગુરૂ" થાય છે. કએકોબાદને પણ એ શબ્દ એજ અર્થે અસલમાં લગાડવામાં આવ્યો હોય, કારણ કે તે પેહેલે એક પરહેજગાર પુરૂષ તરીકે એકાંતપણાંમાં ખુદાની બંદગીમાં મશગુલ રહેલો હતો.

બાબ ચઉદમો.

કએકોબાદ.

અવસ્તા—ઉગ્રેમ કવએમ ખરેનો મજ઼દધાતેમ યજમઈદે...યત ઊંપંઘ્રહચલ કવએમ કવાતેમ (જમ્યાદ યશ્ત, ફ્. ૭૦–૭૧).

અર્થ—મજદનાં પેદા કરેલાં મજબુત કેઆંની ખોરેહને અમો આરાધ્યે છિએ કે જે ખોરેહ કએ-કોબાદને પ્રાપ્ત થયું હતું.

એ પાદશાહનું નામ અને ઓલાદ—એ પાદશાહને અવસ્તા[૧]માં કવિ કવાત અને પેહેલવી[૨]માં કવાત અથવા કએકવાદ કહ્યો છે. શાહનામામાં એને

---

૧ ફ્રવર્દીન યશ્ત ફ્. ૧૩૨; જમ્યાદ યશ્ત ફ્. ૭૧. ૨ બુનદેહેશ બાબ ૩૧, ફ્. ૨૪, ૨૫, ૨૮.

કએકોબાદ કહેલો છે. અવસ્તા'માં એને કયાનીઓનાં નામોની ટીપમાં પેહેલો મુકયો છે, તે ઉપરથી અને બુનદેહેશ[2] ઉપરથી માલમ પડે છે કે તે કયાન્યન વંશનો સ્થાપનાર હતો. ફીર્દોસી પ્રમાણે પણ ઝવના છોકરા કેર્સાસ્પના મરણ પછી, કેર્સાસ્પને કંઈ ફરજંદ નહિ હોવાથી, એને એક પહાડ ઉપરથી લાવી ઇરાનનું રાજ્ય આપ્યું હતું. એ પાદશાહ કોણનો છોકરો હતો, તે અવસ્તા, બુનદેહેશ કે શાહાનામા ઉપરથી માલમ પડતું નથી.

કએકોબાદનો આગમચ ઈરાનનો મામલો.

પેહેલવી—આખેર મિન અઉજુબ દુદ ફ્રાસ્યાવ ગેરાંન હલાકીઅ પવન અઇરાન શેત્ર કર્દ વદ કવાદ વલ ખુદાઈઅ નશેસ્ત (એર્વદ તેહમુરસવાળી પારસી પંચાએતે પ્રગટ કરેલી મોટી બુનદેહેશ, પાનું ૨૧૨ લીટી ૫–૬).

અર્થ—અઉજુબ (ઝવ) પછી ફરીથી અફ્રાસ્યાબે ઇરાન શેહેરમાં મોટી હલાકી પહોચાડી, જયાંસુધી કે કવાદ (કએકોબાદ) પાદશાહી ઉપર બેઠો.

કેર્સાસ્પ થોડાંક વર્ષની વગર જણાયલી હકુમત બાદ મરણ પામ્યો કે તુરાની પશંગે ઇરાનપર ચહડાઇ

---

૧ ફર્વર્દીન યશ્ત ક. ૧૩૨. ૨ બાબ ૩૧, ક. ૨૫.

લઇ જવાનો વિચાર કર્યો અને તેમ કરવાને પોતાના બેટા અફ્રાસ્યાબને કેહેવાડયું. ઈરાનનું તખ્ત પાદશાહ વિનાનું હતું, અને દુશ્મન ચહડાઇ લાવતો હતો, તેથી ચિંતાતુર બની ઇરાની સરદારોએ જાલ ઉપર પેગામ મોકલી સલાહ અને મદદ માગી. જાલ પોતે હવે જઇફ થવા આવ્યો હતો, તેથી તેણે પોતાના બેટા રૂસ્તમને ઇરાનની વધુ સેવા માટે બહાર પાડવાનો ઠેડાવ કર્યો. રૂસ્તમને તે બાબે જણાવતાં તે ખુશીથી ઇરાનની સેવામાં બહાર પડવાને તૈયાર થયો. જાલ તેથી ખુશ થયો. પછી તેણે પોતાના બાપ સામનો ગુર્જ, જે સામે માજીનદરાન સામેની લડાઇમાં વાપર્યો હતો, તે રૂસ્તમને લડાઇમાં વાપરવા આપ્યો. પછી જ્યારે રૂસ્તમે પોતા માટે એક લાયક ઘોડાની માગણી કીધી, ત્યારે સામે જાબુલ અને કાબુલથી કેટલાક ઘોડાઓ મંગાવી રૂસ્તમ આગળ રજુ કર્યા. રૂસ્તમે સર્વ ઘોડાઓને, તેઓની કમ્મર ઉપર હાથ દાબી, તપાસી જોયા. તેમ હાથ દાબતાં તે ઘોડાઓ રૂસ્તમનાં જોરથી કમ્મરમાંથી વાંકા વળી જતા હતા. સર્વ ઘોડાઓમાંથી રખશ નામનો એક ઘોડો તેને પસંદ આવ્યો, સબબ કે તે મજબુત હતો અને કમ્મરમાંથી દાબતાં વાંકો વલી ગયો નહિ.

હવે અફ્રાસ્યાબ સામે જાલે લડાઇ જાહેર કીધી,

પણ તેમાં બરાબર મશગુલ થવા આગમજ તેણે જરૂરનું જોયું કે ઇરાનનું તખ્ત, જે કેર્સાસ્પનાં મરણથી પાદશાહ વિનાનું થયું હતું, તેની ઉપર કોઇ પાદશાહને બેસાડવો જોઇએ. એક પાદશાહ વગર ઇરાન નબળું ગણાય. તે ઉપરથી જાલે, કએકોબાદ નામના કોઇ પાદશાહી ખાનદાનના પુરૂષની હકીકત રૂસ્તમને કહી અને પહાડી એકાંતવાસમાંથી કએકોબાદને ખોલી લાવવાને કહ્યું. રૂસ્તમે બાપનો સખુન માથે ચહડાવી એ કામ માથે લીધું અને અલબુર્જ પહાડ તરફ ગયો. અફ્રાસ્યાબે જતાં અને આવતાં રૂસ્તમના માર્ગમાં અડચણ નાંખવાની કોશેશ કીધી, પણ તે ફોકટ ગઇ. રૂસ્તમે કએકોબાદને પહાડો વચ્ચેથી એક નદી કિનારેથી ખોલી કાહડયો અને ઇરાંની બુજોર્ગો તરફથી તેને ઇરાંનની ગાદી લેવાને અરજ કીધી. કએકોબાદે તે બહાલ રાખી અને ઇરાન આવ્યો. ઇરાનના બુજોર્ગોએ તેને ગાદી આપી.

કએકોબાદે રાજગાદીએ આવતાં તુરાની અફ્રાસ્યાબ સાંમે લડાઇ જાહેર કીધી. એ લડાઈમાં જવાન રૂસ્તમ અને અફ્રાસ્યાબ વચ્ચે હાથો હાથ લડાઇ થઈ. તેમાં રૂસ્તમે અફ્રાસીઆબને તેનાં કમરબંદમાંથી પકડી જીન ઉપરથી ઉઠાવી લીધો કે તેને તેમ ઉંચકીને શાહ કએકોબાદ આગળ લેઇ જાય. પણ તેવામાં કમરબંદ

તુટી ગયો. તેથી અફ્રાસ્યાબ છુટો થઇ લડાઇના મેદાન-માંથી ન્હાઠો. પછી ઇરાની લશ્કરે તુરાની લશ્કર ઉપર હુમલો કીધો. તુરાનીઓ હાર્યા અને ન્હાઠા. અફ્રાસ્યાબે પોતાના પિતા પસંગ આગળ રૂસ્તમનાં જોરની સ્તુતિ કરીને ઇરાન સાથે સુલેહ કરવા કહ્યું. પસંગે તેમ કર્યું અને સુલેહની માંગણી કરી. કએકોબાદે તે કબૂલ રાખી. પછી શાહે જાલ અને રૂસ્તમને ભેટ સોગાદો આપી અને રૂસ્તમને જાબૂલસ્તાનથી તે સિંધુ નદી (દર્યા એ સિન્દ) સુધીના મુલકની હાકમી આપી. પછી પાદશાહ પારસના મુલકમાં ઇસ્તખર શેહેર, જે તેની રાજધાની હતું, ત્યાં ગયો. ત્યાં ખુશાલ રહી તેણે ઘણાંક નવાં શેહેરો, ખાસ કરીને રએ શેહેરની આજુબાજુમાં, સ્થાપ્યાં. સેવટે મરણનો વખત આવી પોહચતાં તેણે પોતાના બેટા કાઉસને પોતા આગળ તેડી તેને ઇરાનનું રાજ્ય સોંપ્યું.

એના છોકરાઓ

અવસ્તા—કવોઇશ ઉસધનો...અર્ષ્નો...પિશિનંઘહો...બ્યર્ષાનો અષઓનો ફ્રવષીમ યજમઇદે.

અર્થ—અશો કએકાઉસ, અર્ષન, પિશિનંઘહ અને બ્યરષાનનાં ફરોહરોને અમો આરાદયે છિએ.

ફીર્દોસી પ્રમાણે એને નીચલા ચાર છોકરા હતા. આરેશ, અર્મીન, નશીન અને કાઉસ. એ ચાર

નામો તે અવસ્તા[1]ના અર્પન, બ્યર્ષન, પિશિનંઘહુ અને કવીઉસધન છે. બુનદેહેશ[2] એ નામો અર્શ, બ્યાશ, પીશન અને કાઉસ આપે છે, પણ એઓને કએ-કોબાદના બેટાઓને બદલે એના બેટા "અપીવેહ" (અવસ્તાના અઇપીવંઘહુ[3]) ના બેટાઓ ગણે છે. તબરી[4] એને ૬ છોકરાઓ જણાવે છે.

બુનદેહેશ[5] અને દાદેસ્તાનેદીની[6] પ્રમાણે એની બાયડીનું નામ ફરાનક હતું. તબરી પ્રમાણે એની બાયડી તુર્કસ્તાનની એક શાહજાદી હતી.

એના રાજ્યના બીજા બનાવો.

પેહેલવી—મિન કએકવાત સૂદ દેનમન્ ચેહુવૂન્ત.

અર્થ--કએકોબાદથી (દુન્યાને) આ (ત્રણ) ફાયદા હતા.

પેહેલવી મીનોખેરદ[7] એની જીંદગીનાં ભલાં કામો યા સદગુણો તરીકે નીચલાં ત્રણ જણાવે છે. ૧ ઉપકાર પીછાંનવો (સેપાસદારીઅ), ૨ સારો રાજ્ય કારોબાર (ખુદાઇઅ એ ખુબ), ૩ ક્યાન્યન

૧ ફર્વર્દીન યશ્ત ફ. ૧૩૨. ૨ બાબ ૩૧. ૩ ફર્વર્દીન યશ્ત ફ. ૧૩૨. ૪ Tabari par Zotenberg, Vol I p. 407. ૫ બાબ ૩૧, ફ. ૩૧. ૬ બાબ ૪૩, ફ. ૩૩. ૭ બાબ ૨૭ ફ, ૪૬—૪૮.

વંશને પાછું ચાલુ કરવું. ત્રીજી બાબત કૈર્સાસ્પ પછી ઇરાનમાં પાદશાહી વગરની હાલત (Interregnum) હતી, તેનો એશારો કરે છે. તબરી કહે છે કે એણે દેશમાં નેહેરો સ્થાપી અને દેશના મોટા રસ્તાઓ ઉપર તફાવત દેખાડનારા પથ્થરો (Mile-stones) મેલવાનો રેવાજ દાખલ કર્યો. ફીર્દોસી એનાં રાજ્યનું જે ટુંકું વર્ણન આપે છે, તે વર્ણન પ્રમાણે અફ્રાસ્યાબ સાથેની ઉપલી લડાઇ સિવાય એનાં રાજ્યમાં કોઇ બીજા અગતના બનાવો બન્યા હતા નહિ.

એનાં રાજ્યની મુદત.

પેહેલવી—કએકોબાદ પાન્જદેહ શન્ત.

અર્થ--કએકોબાદે ૧૫ વર્ષ (રાજ્ય કર્યું).

બુનદેહેશ પ્રમાણે એણે ૧૫) વર્ષ રાજ્ય કર્યું હતું. ફીર્દોસી એ મુદત ૧૦૦) વર્ષની જણાવે છે. માલકમ[1] ફીર્દોસીની પોતા પાસેની કોઇ નકલ પ્રમાણે એ મુદત ૧૨૦ વર્ષની આપે છે. તબરી એ મુદત ૧૦૦ વર્ષની જણાવે છે. માસુદી કએકોબાદ માટે કાંઇ કહેતો નથી. શલીબી એના રાજ્યનાં વર્ષ ૧૦૦ જણાવે છે. બુનદેહેશની મુદત ખરી દિસે છે.

---

1 Malcom's History of Persia Vol. I p. 24.

બાબ પંદરમો.

કએકાઉસ.

અવસ્તા--કવોઈશ ઉસધનો અષઓનો ફ્રવષીમ યઝમઈદે (ફ્રર્વર્દીન યશ્ત, ફ. ૧૩૨)

અર્થ--અશો કએકાઉસનાં ફરોહરને અમો આરાધિયે છિએ.

એ પાદશાહનું[1] અવસ્તાનું નામ કવિ ઉસધન અથવા ઉસધન છે. બુનદેહેશ પ્રમાણે એ કએકોબાદના છોકરા અપીવેહે (અવસ્તા અઇપિવંઘું)નો છોકરો થાય. શાહનામામાં એને કએકોબાદનો છોકરો ગણ્યો છે. બુનદેહેશ પ્રમાણે એ અઇપિવેહેના ચાર છોકરાઓમાંનો ચોઠો છોકરો હતો. શાહનામા પ્રમાણે તે કેબાદના ચાર છોકરાઓમાં વડો હતો. અવસ્તામાં એ પાદશાહની જીંદગીના સંબંધમાં નીચલા એશારાઓ મળે છે.

૧ એણે એરેજીફ્ય પહાડ ઉપર અહુરમજદની અને આવાં યજદની સ્તુતિ કરી, અને તેની બરકતથી

---

૧ આવાં યશ્ત ફ. ૪૫; ફ્રર્વર્દીન યશ્ત ફ. ૧૩૨; બેહેરાંમ યશ્ત ફ. ૩૯; જમ્યાદ યશ્ત ફ. ૭૧; પેગામ્બર જરથોશ્તની આફ્રીન, ફ. ૨.

જાદુગર, પરી, કવી અને કરપ જેવા બુરા માણસોનો ઝોર તોડયો.[1]

૨ એ પાદશાહે આકાશમાં ઉંચે ઉડવાની કોઇ યુક્તિ કરી હતી.[2]

૩ એ પાદશાહને કુદરતી ખોરેહ હતું.[3] તે ઉપરથી પએગામ્બર જરથોશ્ત શાહ ગુશ્તાસ્પ ઉપર દુઆ કરતાં ઇચ્છે છે કે "અશ વરેચાઓ (બવાહી) યથ કવઉસ" એટલે "કાઉસના જેવો પુર ચળકાતવાળો થજે."

એની જીંદગી બાબેના અવસ્તાના ઉપલા એશારાઓને બુનદેહેશ નીચે પ્રમાણે ટેકો આપે છે. અવસ્તાના બીજા એશારાને મળતું તે કહે છે કે,[4] તે કોઇ યુકતીથી આકાશ ઉપર ચહડયો હતો. રાજગાદીએ આવ્યા પછી ૭૫ વર્ષે તેણે એમ કર્યું હતું અને તે બનાવ પછી પણ તેણે બીજાં ૭૫ વર્ષ રાજ કીધું હતું. એટલે સર્વ મળીને તેણે ૨૫૦ વર્ષ રાજ કર્યું હતું. બહમન યશ્ત[5]માં અહુરમજ્દ જરતોશ્તને દેવો અથવા બુરાઓ સાથે થયલા અથવા હવે પછી થનારા ત્રણ મોટા ઝઘડાઓ વિષે કહેછે. તેમાં પેહેલવેહેલો ઝઘડો આ પાદશાહનાં રાજ્યમાં દેવો અને

---

૧. આવાં યશ્ત ફ. ૫૫. ૨. બેહેરામ યશ્ત ફ. ૩૪.
૩ જમ્યાદ યશ્ત ફ. ૭૫. ૪ બુનદેહેશ બાબ ૩૪, ફ. ૭.
૫ બાબ ૩ ફ. ૯.

ફરેસ્તાઓ યાને બુરાઓ અને ભલાઓ વચ્ચે જણાવે છે. એ અવસ્તાના એશારાને લગતી પેહેલી બાબદ છે. પેહેલવી જરથોશતનામામાં એ બાએ વધુ લખે છે કે એ પાદશાહે સરીત નામના શખ્સને જંગલમાં મોકલ્યો હતો, કે 'દએરે પરીકાન,' જેમાં પરીઓ રહેતી હતી, તે તોડી નાંખે. શાહનામા પ્રમાણે એ શાહે દજે બહુમન નામનો જે કીલ્લો કએખસરૂ પાસે ભંજાવ્યો હતો, તે પણ દેવોનું મથક હતું. મીનોખેરદ પ્રમાણે જમશેદ, ફરેદુન અને આ કાઉસ પાદશાહને અહુરમજદે ભલા અને અમર કીર્તિવંત બનાવ્યા હતા પણ આહુરેમનની બુરી શિખવણીથી તેઓએ પોતાની જીંદગીમાં એકેક ખરાબ કામ કર્યું, જેમકે જમશેદે મગરૂરી કરી; ફરેદુને રાખરખાવત રાખી ને નાના એરચને ઇરાનનો મોટો મુલક આપી ભાઇભાઇઓમાં કજીઓ ઉત્પન કર્યો, અને બીજા ભાઇઓને હાથે એરચ માર્યો ગયો ત્યારે તેના કીનામાં તેઓને મીનોચેહેરને હાથે મારી નખાવ્યા; કાઉસે તુંદાઇ કરી છેક આસમાન ઉપર ચહડવાની હુલરાઇ કરી.[1] એજ કેતાબમાં[2] કેટલાક પાદશાહોથી થયલાં ભલાં કામો વર્ણવ્યાં છે અને તેમાં આ પાદશાહનું ભલું કામ એ ગણ્યું છે કે એને ત્યાં

---

૧ બાબ ૮ ફ. ૨૭. ૨ બાબ ૨૭ ફ. ૫૪.

સ્યાવક્ષ જેવો ભલો છોકરો પેદા પડ્યો હતો. એજ કેતાબ[1] વળી એ પાદશાહને મળેલા ઉપલા અવસ્તાના ત્રીજા એશારાવાળાં નુરનો એશારો કરે છે અને કહે છે કે જમશેદ અને ફરેદુન સાથે એ પાદશાહે પણ અક્લની ખામી દેખાડી અને અહુરમજદ તરફ નાફર્માની દેખાડી. ફારસી રેવાયતો પણ એને વિષે એ પેહેલવી કેતાબના જેવા વિચારો જણાવે છે.

હવે એ અવસ્તાના ઉપલા કાઉસ સંબંધી એશારાઓને અને પેહેલવી લખાણને શાહનામાંથી કેટલોક ટેકો મળે છે. ફીર્દોસી પ્રમાણે એની માનું નામ ફરહંગ હતું. કાઉસે ગાદી ઉપર આવતાં પેહેલાજ માજીનદરાન, જે બુરા દેવોનું મથક હતું, તે ઉપર હુમલો કર્યો હતો. ત્યાર પછી તેણે હમાવરાનના પાદશાહ ઉપર હુમલો કર્યો હતો. એ બન્ને મુલકો સામેની લડાઇમાં રૂસ્તમે તેને યારી દીધી હતી. દીનકર્દના ૯ માં દફ્તરમા[2] એ પાદશાહ બાબે જે થોડુંક લંબાણથી વર્ણન છે, તે પ્રમાણે એ શરૂઆતમાં ઘણો કીર્તિવંત હતો અને પાછળથી દેવોની કુસલવણી તરફ ફર્યો હતો.

---

૧. બાબ ૫૦ ફ. ૨૧.

૨ S. B. E. XXXVII, Chap XXII ફ. ૪ થી ૧૨.

કાઉસ ઇરાનના નામીચા પાદશાહોમાંનો એક

અવસ્તા—અશ-વરેચાઓ (બવાહિ) યથ કવઉસ (પએગામ્બર જરથોશ્તની આફ્રીન, ફ. ૨)

અર્થ—કાઉસ પાદશાહ જેવા પુરતા ચળકાટ-વાળા થજો.

પેહેલવી—આખેર ગજસ્તે સિકંદર સૂખ્ત વ દયન વલ દર્યાવ રમીતૂન્ત દીનકર્દ હપ્ત ખોદાયાંન અવશ હફ્ત ખોદાયાનીઅ દયન ચેહવૂન્ત હના આઇગ હફ્ત ખોદાયાંન દયન ચેહવૂન્ત... અયોક જકે કાઉશ (શત્રોઇહા એ અઇરાન, ફ. ૫–૬. જુઓ માહરી યાદગારે જરીરાંન શત્રોઇહાએ અઇરાંન, પા. ૫૫–૫૭)

અર્થ—સેવટે લેઆનતી ભર્યા સિકંદરે સાત પાદશાહોની દીનકર્દ (અથવા દીનની એકઠી કરેલી ચોપડીઓ) બાળી નાંખી અને દર્યામાં નાખી દીધી. તે ઊપર સાત પાદશાહીઓ ગુજરી હતી, એટલે કે સાત પાદશાહો થઇ ગયા હતા...અને (તેમાં) એક કાઉશની (પાદશાહી) હતી.

પેહેલવી—કાઉસ મદમ વખ્ફૂન્ત ખૂદાઇઅ ઇ હપ્ત કેશ્વર. ચેહવૂન્ત કબદ વર્જાન વ પૂરગદમન (દીનકર્દ દફતર ૭, દિબાચો ફ. ૩૫. દસ્તુર દારાબ પે. સંજાનાની દીનકર્દ, વાલમ ૧૩૩. પા. ૧૪)

અર્થ—કાઉસે સાતે ખ'ડોની પાદશાહી હાથ કીધી. તે ઘણો કીર્તીવાળો અને દબદબાવાળો થયો.

ઉપલા ફકરાઓ મુજબ કાઉસ એક નામીચો પાદશાહ હતો. શત્રોઇહા એ અઇરાંન નામનું પેહેલવી પુસ્તક ઇરાનમાં જાણીતા થયલા નીચલા સાત પાદશાહોનાં નામો આપે છે. જમશેદ, જોહાક, ફરીદુન, મીનોચેહેર, કાઉસ, કએખુસ્રુ, લોહરાસ્પ, અને ગુશ્તાસ્પ. એ નામીચા સાત પાદશાહોમાંનો એક કાઉસ હતો. જમ્યાદ યશ્તમાં કયાંની ખુરેહનું કેટલુંક વર્ણન છે, કે તે ખુરેહ, જે કીર્તિની ઉપમાં હતું, તે કેટલાક પાદશાહોએ અખતયાર કર્યું હતું. તેવા અખત્યાર કરનારાઓમાં પણ ઉપર આપેલા ફકરા પ્રમાણે કાઉસ એક હતો.

કાઉસ પાદશાહનો વજીર અઓશનર.

અવસ્તા—અઓશ્નરહે પોઉરૂ-જિરહે અષઓનો ફ્રવષીમ યઝમઇદે (ફ્રવર્દીન યશ્ત, ફ. ૧૩૧.)

અર્થ—પુરતી જેહનવાળા અશો અઓશ્નરનાં ફરોહરને અમો આરાધીએ છિએ.

અવસ્તા—પોઉરૂ-જિરો (બવાહી) યથ અઓશ્નરો.

અર્થ—અઓશનરની માફક પુરતી જેહેનવાળા થજો.

અઓશનર નામનો પાદશાહ કાઉસનો એક ચાલાક સલાહકાર વજીર (ફ્ર્માનદાર) અને અમલ કરનાર (રાઇનીદાર) હતો. એ સલાહકાર માટે દીનકર્દ[1] કેટલીક વિગત આપે છે અને કહે છે કે તેનામાં કુદરતી ડહાપણ અને ખોરેહ (ગદ્મન) હતું. તે તકરાર કરવામાં કુશળ હતો. તેણે ફ્રાચીઅ નામના દીન દુશ્મન સાથ તકરાર કરી તેને માહુત કીધો હતો. ઉપર જણાવ્યા મુજબની શાહ કાઉસની સાત ખંડોની પાદશાહીનો અમલ કરવામાં તેનો મુખ્ય હાથ હતો. તેની ડહાપણભરી સલાહથી શાહ કાઉસને, તેના ઇરાન શેહેરને અને તેના આખા મુલકને ઘણું કૌવત હતું, તે એટલી બધી હદ સુધી કે, દાદેસ્તાને દીનીમાં,[2] જ્યાં શાહ હોશંગથી પેશદાદીઅન અને કયાનીઅન પાદશાહોનાં એક પછી એક નામ દેવામાં આવે છે, ત્યાં પણ એક ભલા ડહાપણભર્યા રાજ્યદ્વારી પુરૂષ તરીકે એનું નામ છે. એવું દિસે છે કે, જ્યાં સુધી આ અઓશનર શાહ કાઉસના સલાહકાર તરીકે હતો, ત્યાંસુધી ઇરાનમાં ઘણું ઠીક હતું. કેટલાક

૧ દફ્તર ૭, બાબ ૧, ફ. ૩૬—૩૭; દસ્તુર દારાબ પે. સંજાનાની દીનકર્દ વાલમ ૧૩, પાનું ૧૪—૧૫ S. B. E. XLVII p. 13. ૨ બાબ ૮૮ ફ. ૩૫—૩૬.

બુરાઓ (દેવો) એ પોતાની ચહડતી કરવા માટે એને મારી નાખ્યો. એવું દિસે છે કે ત્યાર પછી શાહ કાઉસે કેટલીક હુલડાઇભરી લડાઇઓ વિગેરે કીધી કે, જેની મુશ્કેલીઓમાંથી જેહાં પેહેલવાન રૂસ્તમે તેને છોડવ્યો હતો. દેવોને હાથ એનાં મારવા જવા બાબે મોટી બુનદેહેશમાં આપણે નીચે પ્રમાણે વાંચિયે છિએ.

પેહેલવી—દયન ખૂદાઇઅ એ કાઉસ દયન હમ હજ઼ારે શએદાઆંન સેતામે ચેહવૂન્ત હૂમન્દ વ અઓશ્નર વલ જ઼કતલૂનશ્ને મદ.

(એર્વદ તેહેમુરસ્પવાળી પારસી પંચાએતે પ્રગટ કરેલી મોહોટી બુનદેહેશ, પાનું ૨૧૨, લીટી ૭-૮)

અર્થ—તેના (એટલે આગળ કહેલા કએકોબાદના) હજારામાં કાઉશની પાદશાહીમાં, દેવો જુલમગાર બન્યા. અઓશ્નર તેઓને હાથે કતળે પહોંતો.

એના રાજ્યની મુખ્ય લડાઇઓ.

પેહેલવી--કારીજ઼ારે રબા સે બાર ચેહવૂનેત અચોક પવન જ઼કે કાઉસ મલેક લેવતમન શેદાઆન વલ બૂજ઼ કૂખ્શીત (પેહેલવી જામાસ્પી, બાબ ૨ ફ. ૬. જુઓ મારી પેહલવી જામાસ્પી, પાનું ૩૭)

અર્થ--મોહોટી લડાઇઓ ત્રણ વાર થશે. એક કાઉસ પાદશાહનાં (વખત) માં, (કે જે) તે દેવોની સાથે બુલંદીમાં લડયો હતો.

ઉપલા એશારાઓ પ્રમાણે શાહ કાઉસની જીંદગી અને તેના રાજય અમલમાં નીચલી મુખ્ય લડાઇઓ થઇ હતી.

૧ માઝનદરાંનના મુલક ઉપરની તેની ચહડાઇ, ત્યાં બંધ પડવું, અને રૂસ્તમે તેને છોડવવું.

૨ હમાવરાંન (યમન) ના આરબ પાદશાહ સામે લડાઇ, તે પાદશાહની બેટી સાથે પરણવું, ત્યાં બંધ પડવું, અને રૂસ્તમે તેને છોડવવું.

૩ તુરાંની પાદશાહ અફ્રાસ્યાબ સાથની લડાઇઓ.

આ લડાઇઓની થોડીક હકીકત નીચે પ્રમાણે છે.

૧ માઝનદરાનના દેવોના મુલક ઉપર કાઉસની ચહડાઇ. ત્યાં તેનું બંધ પડવું અને રૂસ્તમે તેને છોડવવું.

અવસ્તા—તાંમ યજ઼ત અઉર્વો અષ-વરેચો ક્વઉસ એરેન્જિફ્યાત પઇતિ ગરોઇત...આઅત હીમ જઇધ્યત અવત આયપ્તેમ દજ઼દિ મે વંઘૂઉહિ સેવિશ્તે અરેદ્વીસુરે અનાહિતે યથ અજે઼મ ઉપમેમ ક્ષથ્રેમ બવાનિ, વીસ્પનાંમ દખ્યુનાંમ દએવનાંમ

મષ્યાનામ્ચ યાથ્વાંમ પઇરીકનાંમ્ચ સાથ્રામ કઓયાંમ કરફ્નાંમ્ચ (આવાંયશ્ત ફ. ૪૫–૪૬)

અર્થ--તેણી (અરેદ્વીસુર) ને જોરાવર પુરતી કીર્તિવાળા કાઉસે એરેજીફ્ય પહાડ ઉપર આરાધી ...તેણે તેણીને અરજ કીધી કે " ઓ ભલી ફાયદો કરનાર અરેદ્વીસુર અનાહીત ! તું મને આ બક્ષેસ આપ, કે હું સર્વ દેશોનો પાદશાહ થાઉં, દેવોનો અને માણસોનો, જાદુગરો, પરીઓ, જુલમગારો કીક અને કરફોનો પાદશાહ થાઉં (યાને તેઓ ઉપર કાબુ રાખું.)

કએકાઉસ ગાદી ઉપર આવ્યા પછી એક દહાડો પોતાની મીજલસ સમારીને બેઠો હતો, ત્યારે એક માજીનદરાંની ગવેંચો તેની દરબારમાં આવ્યો. તે ગવેંયાએ પોતાના માજનદરાંનનાં[1] મુલકની સિફતમાં એક સુંદર ગાણું ગાયું. તે ગાણું શાહ કાઉસને એક

---

૧ માઝનદરાનના મુલકને આવસ્તામાં માઝન્ય અને પેહેલવીમાં માઝની કહેલો છે (આવાં યશ્ત ફ. ૨૨; ગોશ યશ્ત ફ. ૪; ફર્વર્દીન યશ્ત ફ. ૧૩૭; રામ યશ્ત ફ. ૮; વંદીદાદ પર્ગર્દ ૯ ફ. ૧૩; ૧૦ ફ. ૧૬; ૧૭ ફ. ૯—૧૦). એ અસલી યુનાની અને રોમન લખનારાઓનો હીરકાનીઆ (Hyrcania) નો મુલક છે. ઇરાનના મુલકના મુખ્ય ભાગથી તે અલબુર્જ પહાડથી છુટો પડે છે. તેની જમીન ઘણી ફલદ્રુપ છે. ત્યાંના લોકો ઈરાનીઓને મનથી ઘણા બુરા ગણાતા હતા અને તેઓ તેઓને 'દેવ' તરીકે કહેતા.

'દેવ' ના શબ્દ સમાન થઇ પડયું, કારણકે તે સાંભળી તેણે તે ફળદ્રુપ મુલક જીતવાનો કસદ કર્યો, કે જે કસદ પાર પાડતાં તેની ઉપર ઘણી જફા પડી.

શાહની દરબારના તુસ, ગોદ્રેજ, કેશ્વાદ, ગેવ, બોરરાદ, ગુર્ગીન અને બેહેરાંમ જેવા નામીચા સરદારો, માજનદરાંનના મુલક ઉપર ચહડાઇ કરવાનો શાહનો કસદ જાણી, બહુ દલગીર થયા. તેઓ માંહોમાહે વિચાર કરવા લાગા, કે દેવોથી વસાયલા માજીનદરાંનના જેવા મુલક ઉપર હુમલો કરવાનું જે કામ જમશેદ, ફરેદુન અને મીનોચેહર જેવા શાહોએ દરૂસ્ત નહિ ધાર્યું, તે કામ કાઉશ કરવા માગે છે, માટે તેમ કરતો તેને અટકાવવા માટે જાલને કેહેવાડવું જોઇએ. સર્વએ એકમત થઇ જાલને એ બાબે ખબર આપી અને તેને દરબારમાં તેડાવ્યો. જાલ ગયો અને કાઉસને સમજાવ્યો, પણ કાઉસે પોતાનાં અને લશકરનાં જોર ઉપર મુસ્તાક રહી, તે વખત સુધી નહિ જીતાયલા આ મુલકને જીતવાનો વિચાર માંડી વાળ્યો નહિ.

એક મોટાં લશકર સાથે કાઉસે માજનદરાન ઉપર હુમલો કર્યો અને કેટલોક મુલક જીતી લીધો. માજનદરાંનના પાદશાહને એ બાબે ખબર પડતાં તેણે પોતાનો એક મોટો સરદાર, જે "દીવે સફીદ"

એટલે "સફેદ દેવ[1]"ને નામે જણાયલો હતો, તેને ઈરાંનીઓ સામે લડવા તેડાવ્યો. સફેદ દેવ આવ્યો અને કોઇ યુક્તિથી કાઉસના લશ્કર ઉપર પથ્થરનો વર્ષાદ વર્સાવ્યો[2] અને તે લશ્કરને હારમાર કરી હરાવ્યું, ઘણાકોએ નાસભાગ કીધી અને કાઉસ સાથે ઘણાકો બંદીવાન થયા. પોતાની આવી દુર્દશા થયેલી જોઇ શાહ કાઉસે જાલેજરને યાદ કર્યો અને તેની શિખામણ નહિ માનવા માટે તે પસ્તાવો કરવા લાગો. તેણે પોતાની હાલતથી જાલને વાકેફ કરવા એક કાસદને મોકલ્યો. જાલ એ ખબર સાંભળી ઘણો દલગીર થયો. પછી તેણે પોતાના બેટા રૂસ્તમને ફર્માવ્યું કે શાહ કાઉસને આ મુશ્કેલીમાંથી છોડવે.

---

૧ કહે છે કે માજ્નદરાંનના મુલકમાં બરફ બહુ પડતું અને તેનાં લોકો, તેની થંડી વિગેરેના સબબે, રંગે સફેદ હતા. તેઓનો સરદાર, 'સફેદ દેવ'ને નામે ઈરાનીઓથી ઓળખાતો. "સફેદ દેવ" શબ્દને ત્યારે માજ્નદરાંનના સર્વે સફેદ ચાંમડીવાળા લોકોના એક પ્રતીનીધીની નિશાંણી તરીકે સમજવો.

૨ અંગ્રેજીમાં આ કેહેવત સમાન શબ્દો છે, કે "જ્ઞાન એ શક્તી છે (Knowledge is Power)." તેમ માજ્નદરાંનનાં લોકો લડાઇની કોઇક બાબતોમાં પોતાના જ્ઞાનથી યુક્તીબાજ અને શકિતવાન હતા. કોઈક આદમીઓ પુરતા જ્ઞાનની ગેરહાજરીમાં હાલમાં પણ યંત્રકળાની યુકિતને 'જાદુ' ગણે છે. તેમ દિસે છે કે, ફીર્દોસી પ્રમાણે, માજ્નદરાંનીઓની લડાઈની કોઈ યુકિત કોઈક ઈરાનીઓમાં 'જાદૂ' ગણાતી.

માજનદરાંન જવા માટે બે માર્ગ હતા; એક ૬ મહિનાનો લાંબો, જે માર્ગે કાઉસ ગયો હતો; બીજો બે અઠવાડીયાંનો ટુંકો. જાલે રૂસ્તમને એ ટુંકે માર્ગે જવાને કહ્યું. એ અને એવા બીજા ટુંકા માર્ગો હપ્તખાનને નામે જણાયલા છે. રૂસ્તમ એ માર્ગે જવાને તૈયાર થયો. તેની માતા રોદાબે પોતાના બેટા માટે ચિંતા કરવા લાગી, પણ રૂસ્તમ ખુદા ઉપર ઇતબાર રાખી નિકલ્યો અને હફ્તખાનની[1] સાતે મંજલો તેણે ફતેહમંદીથી પસાર કીધી.

રૂસ્તમે ખુદાતાલાની બંદગી કરી પોતે હપ્તખાન જીત્યું તે માટે તે સાહેબનો ઉપકાર માન્યો. પછી તે શાહ કાઉસ આગળ આવ્યો અને કહ્યું કે

---

૧ 'હફ્તખાંન' એટલે 'સાત ઘરો અથવા મકાંનો (ખાંન)'. કોઈ મુલક ઉપર જવાનાં એવા ટુંકા માર્ગોમાં મુશકેલી ઘણી હોય છે. સાધારણ માર્ગોમાં મુસાફરો દરરોજ એકેક મંજલ કાપે છે, પણ આવા માર્ગો, જે ટુકા હોય છે, તેમાં તેઓ દરરોજ બે મંજલો કાપે છે, પણ તે માર્ગો ઘણા મુશ્કેલ હોય છે. તેમાં કોઈ મંજલે કોઈ મોહટાં જીઆનગાર જાનવરનું મથક હોય છે, કે જે જતા આવતા વટેમાર્ગુઓને હેરાન કરે છે. કોઈ મંજલે કોઈ મોટા લુટારા યા ચોરનું મથક હોય છે, જે 'દેવ'ના નામે જણાયલો હોય છે. આ મુશ્કેલીઓને લીધે મુસાફરો ટુંકા માર્ગને બદલે લાંબા માર્ગો પસંદ કરતા.

"ઓ જ્ઞાન શોધનાર પાદશાહ ![1] તું ખુશી થા, કે મેં દુશમનને માર્યો છે. હવે તું બીજું શું ચાહે છે?" કહે છે કે સફેદ દેવે કોઇ યુક્તિથી કાઉસ અને તેના સરદારોને અપંગ કર્યા હતા, અને તે અંધાપો દૂર કરવાનો એલાજ સફેદ દેવનું લોહી હતું. તેથી કાઉસે તે લોહી પોતાની અને સરદારોની આંખ ઉપર મેળવા કહ્યું. રૂસ્તમે તેમ કર્યું અને સર્વ જોતા થયા.

પછી રૂસ્તમ અને બીજા સરદારોની મશવરતથી, શાહ કાઉસે ફરહાદ નામના કાસદ મારફતે, માઝ઼ન-દરાંનના પાદશાહ ઉપર તાબે થવાનો પેગામ મોકલ્યો. માઝ઼નદરાંનના પાદશાહે તાબે થવાને ના પાડી. ત્યારે રૂસ્તમ પોતે એક કાસદ તરીકે પાદશાહ કાઉસનો પેગામ લઇ તેની દરબારમાં ગયો. ત્યાં માઝ઼નદરાનનો પાદશાહ અને રૂસ્તમ, જેણે પોતાને, પાદશાહનો અને પાદશાહના સરદાર રૂસ્તમનો, કાસદ તરીકે જણાવ્યો હતો, તે બોલાચાલી ઉપર આવ્યા. તેથી પાદશાહે જલાદને હોકમ ફર્માવ્યો કે તે કાસદ (રૂસ્તમ) ને

૧ શાહ કાઉસને નામે આફ્રીનમાં દુઆ દેવામાં આવે છે કે "ચુન કાઉસ આગાહમંદ બેદ" એટલે "કાઉસના જેવા આગાહમંદ થજો," તે શબ્દો આને મળતા છે. કાઉસ જોખમભરી જગ્યાએ જઈ જ્ઞાન મેળવવાની કોશેશ કરતો, તે ઉપરથી એ દુઆ દેવામાં આવે છે.

મારી નાખે. રૂસ્તમે તે જલાદને પકડી ચીરી નાખ્યો અને શાહ કાઉસ આગળ પાછો ફર્યો. પછી લડાઇ થતાં રૂસ્તમે માજ઼નદરાંનના રાજાને મારી નાખ્યો. પછી શાહે મોટી આબરૂ ઇજત સાથે પોતાને મુલક જવા માટે રૂસ્તમને રૂખસદ આપી.

૨ શાહ કાઉસની હમાવરાંનના પાદશાહ સાંમે લડાઇ.

મોટી બુનદેહેશમાં[1] શાહ કાઉસની હમાવરાનનાં મુલકની લડાઇના અને લડાઇ પછીના બનાવના નીચલા એશારાઓ છે.

૧ હમાવરાંનના પાદશાહ સાથે તેની લડાઈ.

૨ ત્યાં તેનું બંધ પડવું.

૩ તે બંદમાં હતો ત્યારે તેનો લાભ લેઇ જ઼ીની-ગાવ નામના એક આરબની સરદારી હેઠળ આરબોએ ઇરાંન ઉપર હુમલો કરવો.

૪ ઇરાંનીઓએ આરબોના એકાએકના હુમલા સામે અફ્રાસ્યાબની મદદ માંગવી.

૫ અફ્રાસ્યાબે તે મદદ આપી ઇરાંનમાં પડાવ

---

૧ એરવદ તેહેમુરસવાળી બુનદેહેશ. પા. ૨૧૨ લીટી ૧૧ થી પાનું ૨૧૩ લીટી ૬. જુઓ "Zend Avesta" par Darmesteter, Vol III, pp. 401–2.

નાખી તેની પાદશાહી કબજે લેવી અને ઘણાક ઇરાનીઓને તુર્કસ્તાંન ભણી હાંકી કહાડી ઇરાંનને વેરાંન કરવું.

૬ રૂસ્તમે આ મામલામાંથી ઈરાંનને બચાવવા માટે પેહેલે હમાવરાંન તરફ જઇ કાઉસને છોડવવો.

૭ તે પછી અફ્રાસ્યાબ સામે લડાઇ કરી ઇરાંનને તેનાં કબજામાંથી છોડવવુ.

માજનદરાંનથી પાછા ફરવા બાદ શાહ કાઉસ મુલકે મુલક ફર્યો. તે તુરાન, ચીન, મક્રાંન ફરી આવ્યો. પછી તે બર્બરનાં મુલક ભણી ગયો. એ બર્બરનાં[1] મુલકનાં લોક પેહેલાં એની સામાં થયાં પણ લડાઇ થતાં થોડાક વખતમાં શરણ થયાં. ત્યાંથી કાઉસ જાબુલસ્તાંન ગયો, અને ત્યાં કેટલોક વખત રૂસ્તમના મેહેમાંન તરીકે રહી તેણે એશઆરામમાં વખત ગુજાર્યો. પણ ફીર્દોસી કહેછે, કે "દુનિઆમાં એશઆરામ સાથે રંજ અને મેહેનત જોડાયલાંજ છે. એક ગુલાબના બાગનાં ખુણાંમાં કાંટા ઉગી નીકળે છે. સઘળાઓ અજમાએશથી કાંઇ શિખે છે. જો કોઇ ઉપર ચહડે

---

૧ એ બર્બરનો મુલક તે હાલનો બેરબેરા (Barbary) છે, જે હાલના સોમાલી કાસ્તા (Somali land) પર આવ્યો છે. જુઓ પ્રોફેસર દાર્મેસ્તેતેનો વિષય, "Expedition de Kai Kaoç, dans le Hamavarân et le Berberistan (E'tudes Iraniénnes II pp. 221-24).

છે તો તેને નીચે ઉતારવા વગર છુટકો નથી." મતલબ કે દુઃખ વિનાનું સુખ નથી. તે મુજબ કેટલાક એશ-આરામ બાદ કાઉસ સાંમે પાછી મુશ્કેલી આવી, અને તે આ, કે મીસર અને શામ (સીરિઆ) ના મુલકમાં એક આરબ સરદાર તેની સામે ઉભો થયો. એક હાથ ઉપર મીસરનો મુલક, અને બીજા હાથ ઉપર બર્બરનો મુલક, અને તેઓની વચ્ચે હમાવરાંન[૧] નો મુલક, એ ત્રણે મુલકના રાજાઓ સાથે મલી કાઉસની સાંમે ઉભા થયા. એ ત્રણે મુલકોના લશ્કરો બર્બરના મુલકમાં કાઉસ સાંમે ભેગાં મળ્યાં. કાઉસ જાબુલસ્તાનથી દર્યાના કિનારા તરફ આવ્યો. તેણે સંખ્યાબંધ વાહાણો તૈયાર કર્યાં અને તે ઉપર લશ્કર સાથે સવાર થઇ તે બર્બરના મુલકને કિનારે ઉતર્યો. ઉપલા ત્રણે મુલકના રાજાઓનાં લશ્કરો અને ઇરાંનીઓ વચ્ચે લડાઇ થઇ, તેમાં ઈરાંનીઓ જીત્યા અને હમાવરાંનનો પાદશાહ પેહેલ વેહેલો શરણ થયો અને તેણે સુલેહ ચાહી. કાઉસે તેની સાથે સુલેહ કીધી.

---

૧. પ્રોફેસર દાર્મેસ્ટેટ પ્રમાણે 'હમાવરાંન' શબ્દ ને 'હીમ્યાર, શબ્દ, જે 'યમન'નું બીજું નાંમ છે, તેનું એક રૂપ છે. ત્યારે હમાવરાંનનો મુલક, તે યમનનો મુલક છે. બુન્દેહેશના ઉપર જણાવેલા પેહેલવી ફકરામાં 'હમબરાંન' શબ્દ છે તેનું હમાવરાંન બન્યું છે. અહીં જે આરબ સરદાર માટે બોલવામાં આવે છે, તે ત્યાં જણાવેલો આરબ સરદાર જીનીગાવ છે.

પછી કાઉસે હમાવરાંનના પાદશાહ પાસે તેની બેટી સોદાબેની લગ્નમાં માંગણી કરી. હમાવરાંનના પાદશાહે, પોતાની નાખુશી છતાં જ્યારે સોદાબેની મરજી જોઇ, અને જ્યારે કાઉસ જેવા મોટા પાદશાહને ના પાડવાનું દરૂસ્ત જોયું નહિ, ત્યારે તે માંગણી કબુલ કરી. કાઉસે પોતાના સરદારોની અનજુમન બોલાવી ઇરાની રીત અને રેવાજ પ્રમાણે સોદાબે સાથે શાદી કીધી.

પોતાની બેટીને કાઉસ સાથ શાદીમાં આપવા છતાં, હમાવરાંનનો પાદશાહ કાઉસ સામે નારાજ હતો, કારણ કે, તેણે તેને હાથે હાર ખાધી હતી અને તેને ખંડણી આપવાને બંધાયો હતો. તેથી તેણે કાઉસ સાથે દગો કરવાની યુકિત કીધી. તેણે તેને પોતાના મુલકમાં શાહે નામનાં શેહેરમાં મેહેમાંન તરીકે બોલાવ્યો અને એક હફતા સુધી મેહેમાંનદારી કીધી અને પછી બર્બરનાં મુલકના લશ્કર સાથ ગોઠવણ કરી તેને અને તેના સરદારને બંદ કર્યા. સોદાબેને પોતાના બાપની વર્ત્તણુક માટે પેહેલેથી શક હતો. તેથી તેણીએ કાઉસને તેની મેહેમાનગીરી કબુલ કરવાથી વાર્યો હતો. પણ કાઉસે તેણીનું કહ્યું માન્યું નહિ. હમાવરાંનના પાદશાહે પોતાની બેટીને હવે પોતાના મુલકમાં પાછી બોલાવી, પણ તેણીએ પોતાના પતિને વફાદાર નિવડી પોતાના બાપની વર્તણુક સાંમે ધિક્કાર બતલાવ્યો અને જે

કિલ્લામાં કાઉસને બંદ કરવામાં આવ્યો ત્યાં જઇ તેની સાથે બંદમાં રહી. પોતાના પાદશાહને સર્વ સરદારો સાથે બંદ પડેલો જોઇ ઇરાંની લશ્કર વહાણો ઉપર સવાર થઇ પાછું ફર્યું અને કિનારે ઉતરી વેરાંન જંગલનો[1] માર્ગ પસાર કરી પોતાને મુલક પાછું ફર્યું.

રૂસ્તમે કાઉસને હમાવરાંનના પાદશાહના બંદમાંથી છોડવવો

પેહેલવી—રૂતસ્તામ મિન સીસ્તાન આરાસ્તે વ યામ્બારાન શાહ વખ્દુન્તે કાઉસ વ અવારીક અઇરાનગાન મિન બન્દ યારીતુન્ત (એ. તેહમુસવાળી બુન્દેહેશ, પાનું ૨૧૩).

અર્થ—રૂસ્તમે સીસ્તાનથી તૈયાર થઇ (આવી) ને યામ બરાન (હમાવરાન) ના પાદશાહને પકડીને કાઉસ અને બીજા ઇરાનીઓને બંદમાંથી મદદ આપી છોડવ્યા.

ઈરાંનની મુશ્કેલીની ખબર સાંભળી રૂસ્તમે એક કાસદને હમાવરાંનના પાદશાહ તરફ મોકલી કાઉસને છુટકો આપવા માંગણી કીધી, અને જણાવ્યું કે, તેમ નહિ કરવામાં આવશે તો તે લડાઇ લાવશે. તે પાદશાહે

---

૧ ફીર્દોસી ઉપરથી દિસેછે કે કાઉસ જાબુલસ્તાન (હાલનાં સીસ્તાંન) તરફથી મકાનના કોસ્તા ઉપર આવી ત્યાંથી બર્બર અને યમનના મુલક ઉપર ચહડાઈ લઇ ગયો હતો. તેનું લશ્કર પણ મકાનનાં કોસ્તા તરફ પાછું ફર્યું અને એ મુલકનો વેરાન ભાગ કાપી ઇરાન ગયું.

તેની માગણી સ્વીકારી નહિ. તેથી રૂસ્તમ પોતાના લશ્કર સાથે દર્યા તરફ આવ્યો અને ત્યાંથી કિસ્તીઓ ઉપર સવાર થઇ અરબસ્તાંનના કિનારા ઉપર ઉતરી હમાવરાંન (યમન) તરફ આવ્યો. હમાવરાંનના પાદશાહે મિસર અને બર્બરના મુલકો તરફથી મદદ માંગી. રૂસ્તમે છુપી રીતે કાઉસને પોતાનાં આવવાની ખબર આપી હતી. ત્યાર પછી એક હાથ ઉપર રૂસ્તમ અને તેના ઈરાંનીઓ અને બીજા હાથ ઉપર મીસર,[1] બર્બર અને હમાવરાંનનાં લશ્કરો વચ્ચે મોટી લડાઇ થઇ. તેમાં વટે રૂસ્તમની સરદારી હેઠળ ઇરાંનીઓ જીત્યા. હમાવરાંનના પાદશાહે સુલેહ માંગી અને કાઉસને છુટો કરવાને કબુલ્યું. રૂસ્તમે એ સુલેહ કબુલ રાખી અને કાઉસ, તેની રાંણી સોદાબે અને ઇરાંની સરદારોને છુટા કર્યા, અને હમાવરાંનની બાહેરના અને માંહેના અર્બસ્તાંનના બીજા આરબો શાહ કાઉસને શરણ થયા. અફ્રાસ્યાબે એ અરસામાં તાજીઓ (અરબો) નાં મુલક ઉપર પણ હુમલો કર્યો હતો. તેથી તેઓએ અફ્રાસ્યાબથી તેઓનો છુટકારો કરવાને પણ શાહ કાઉસને કહ્યું.

---

૧ ફીરદોસી આ બાબદનાં વર્ણનમાં કંઠે મીસરને બદલે સાંમ (સીરીઆ) શબ્દ વાપરે છે. તેનો સબબ આ હિસે છે, કે એ વખતે મિસર (ઈજીપ્ટ)ની હકુમત સાંમ (સીરીઆ)ના મુલક ઉપર હોય.

૩ તુરાંની પાદશાહ અફ્રાસિયાબ સાથની લડાઈઓ.

પાદશાહ કાઉસને તુરાંનીઓ (તે હાલના તુર્કોમાનોના આગલા વડીળો) સાથે ચાર લડાઈઓ નીચે પ્રમાણે થઇ હતી.

(ક) જયારે શાહ કાઉસ હુમાવરાંન (યમન) ના આરબ પાદશાહને હાથ બંદ પડયો ત્યારે અફ્રાસ્યાબે ઇરાંન ઉપર ચહડાઈ કરી હાથ કરેલા મુલકમાંથી તેને હાંકી કાહડવા માટે રૂસ્તમની સરદારી હેઠળ થયલી લડાઇ.

(ખ) કાઉસનો સપેહસાલાર જેહાંપેહલવાંન રૂસ્તમ બીજા સાત પેહલવાંનો સાથે જયારે તુરાંનની સરહદમાં શેકાર કરવા ગયો હતો ત્યારે અફ્રાસ્યાબે એ સર્વ પેહલવાંનોને પકડવા કાજે ઉઠાવેલી લડાઇ.

(ગ) રૂસ્તમના બેટા સોહરાબને સમજાવી અફ્રાસ્યાબે તેને તુર્કી લશકર આપી ઇરાંન ઉપર હુમલો કરાવ્યો તે વેળાની લડાઇ.

(ઘ) અફ્રાસ્યાબે કરેલી ચહડાઈ સામે સ્યાવક્ષની સરદારી હેઠળ થયલી લડાઇ અને તે લડાઇમાં સ્યાવક્ષે સુલેહ કરી તુરાનમાં જઇ રેહેવા બાદ

તેને અફ્રાસ્યાબે મારી નાખ્યો તે ઉપરથી બરપા થયલી લડાઇ.

એ લડાઇઓનું આપણે ટુંકમાં થોડુંક વિવેચન કરીશું.

ક જ્યારે કાઉસ હમાવરાંનના આરબ પાદશાહને હાથ બંદ પડયો ત્યારે અફ્રાસ્યાબે ઇરાંન ઉપર ચહડાઇ કરી હાથ કરેલા મુલકોમાંથી તેને હાંકી કહાડવા રૂસ્તમની સરદારી હેઠલ થયલી લડાઇ.

પેહેલવી—રૂતસ્તાંમ...લેવતમન ફ્રાસ્યાવ... કારીજાર કર્દ. મિન તેમમન...વલ તુર્કસ્તાંન રમીતુન્ત. ઇરાંન શત્ર મિન ન્મોક આવાતાંન (એ. તેહેમુસ ન્રાળી મોટી બુનદેહેશ, પા. ૨૧૩.

અર્થ—રૂસ્તમે અફ્રાસ્યાબ સાથે લડાઇ કીધી. તેને ત્યાંથી તુર્કસ્તાન તરફ હઠાવી નહસાડયો. ઇરાંનનાં મુલકને ફરીથી આબાદાંન (કીધો).

એવું દિસે છે કે જ્યારે શાહ કાઉસને બંદ કરી હમાવરાંન (યમન) નાં આરબોએ ઇરાંન ઉપર હુમલો કર્યો ત્યારે તે તકનો લાભ લેઇ અફ્રાસ્યાબે ઇરાંન ઉપર હુમલો કરી ઇરાંનના કેટલાક ભાગ ઉપર હુમલો કર્યો. તેણે ઇરાન ઉપર ચહડી આવેલા આરબોને મારી

હઠાવ્યા અને ઈરાંનનો કેટલોક ભાગ હાથ કર્યો. એવું દિસે છે કે કોઇક ઇરાંનીઓએ અફ્રાસ્યાબને આરબો સાંમે ઈરાંનને મદદ કરવાને બોલાવ્યો હતો[1]. અફ્રાસ્યાબે ત્રણ વર્ષ સુધી આરબો સાંમે લડી તેઓને હરાવ્યા. પછી તેણે પોતે ઈરાંનમાં પડાવ નાખ્યો. આ મામલો જોઇ ઇરાનીઓએ રૂસ્તમ ઉપર કેહેણ મોકલી તેને ઇરાંનને આ મુશ્કેલીમાંથી છોડવવાને અરજ કીધી. રૂસ્તમે લડાઈ કરી ઈરાનને છુટકારો આપ્યો.

શાહ કાઉસે આકાશ ઉપર ઉડવાની કરેલી કોશેશ.

અવસ્તા—આઅત ગ્રઓત અહુરો મજદાઓ મેરેઘહે પેષાપરેનહે વારેન્જનહે પરેનેમ અયસએષ સ્પિતમ જરથુશ્ત્ર...તેમ વષત કવઉસ (બેહેરાંમ યશ્ત, ફ. ૩૫–૩૯.)

---

૧ ફીર્દાસી આ બાબે ખોલ્લું લખતો નથી. પણ ઉપર જણાવેલા પેહેલવી ફકરાંને આધારે આ બાબત ખોલ્લી દિસે છે. ઈરાંનીઓને મનથી તુરાનીઓ કરતાં આરબો વધારે દુશ્મન હતા. પેહેલવી પુસ્તક પ્રમાણે, અફ્રાસ્યાબ અને શાહ કાઉસની ચહડતી પેહેડી એક વંશથી ઉતરી હતી, તેથી જાલેમ જોહાકની ઓલાદના આરબો કરતાં તેઓને મનથી ફરેદુનના બેટા તુરની ઓલાદના તુરાંનીઓ વધારે બેહેતર હતા. અફ્રાસ્યાબને હાથ થોડો વખત ઈરાંનીઓનું ક્ર્આંનીઅન ખોરેહ વટીક ગયું હતું.

અર્થ--ત્યારે અહુરમજદે કહ્યું, કે ઓ સ્પિતમાન જરથુશ્ત્ર ! મોટી પાંખવાળું વારેન્જન (ગુરૂડ) પક્ષી તું મેલવ...તે પક્ષીને કાઉસ પાદશાહે (પોતાની બેઠક હવામાં ઉંચકી જવા) મદદે બોલાવ્યું.

પેહેલવી—આખેર શએદાઆન મદમ અઓશે કાઉસ હમ પુર્સીદન વ અએશમ જ્કે વલ્મન અઓશ મકદરૂનીઅ વલ કાઉસ મતન.. અવશ વલ ખુદાઇઅ આસમાન ગાસ ઇ અમહોસપંદાન આર્જુ-ફીનીવન (દીનકર્દ દફ્તર ૯ બાબ ૨૨, ફ. ૫-૬. સુદગર નસ્કની ૨૧ મી પર્ગર્દ વહીશ્તોઇશ્તનો સાર. મી. ધ. મે. માદને પ્રગત કરેલી દીનકર્દ, વાલમ બીજું, પાનું ૮૧૬ લીટી ૫ થી ૯. (S. B. E. vol. XXXVII, p. 221).

અર્થ--સેવટે દેવોએ કાઉસનું મરણ લાવવા બાબે મસલત કરવી અને અએશમ દેવે તેનું મોત પસંદ કરી કાઉસ આગલ આવવું...(પછી કાઉસે) આસ્માનની જગ્યા, જે અમેશાસપંદોની (જગ્યા) તેની પાદશાહીની ખાહેશ કરવી.

અવરતા પેહેલવી—આઅત ફ્રઓત અહુરે મજદાઓ ફ્રાકેરેસ્તો અસ્તોવીધોતુશ જીરીજાઓ અપઇરીઅચો યહ્યત હચ નએચિશ બુન્જયાત અઓશંઘુહતાંમ મષ્યાનાંમ...નોઈત ઉસ્યાંસ્તચો નોઈત નીયાં

[પેહેલવી. ને કે ૫ વલી વલ વજેત (ક ૫ થી અસ્માં અન્દર શહેત) ચુન કહોશ] (અઓગમઇદેચા દાર્મસ્ટેટેની ફ્રેંચ જંદ અવસ્તા, વાલમ ૩, પાનું ૧૬૧. સર જમશેદજી ત્રાંસલેશન ફંડના આસરા હેથળ, મી૦ મે. પા. માદને પ્રગત કરેલી અઓગમદએચા, પા. ૧૨-૧૩)

અર્થ—અહુરમજદે કહ્યું કે (મોતના દેવ) અસ્તો-વીધોતુને જીવતાંઓના નાશ માટે પેદા કરવામાં આવ્યો છે જેનાંથી કોઇ પણ મોતને પાત્ર આદમી છુટનાર નથી, નહિ (આકાશમાં) ઉંચે ચહડનારાઓ, કે નહિ (જમીનમાં પાટાલમાં) નીચે ભરાનારાઓ, (નહિ તેઓ કે જેઓ બુલંદીએ જાય છે, એટલે ઠેઠ આસ્માનમાં પોહોંચે છે, જેવા કે કાઉસ).

ઉપલા બનાવ બાબે એટલે પાદશાહ કાઉસે આકાશમાં ઉડવાની કોશેશ કરી હતી તે બાબે, અવસ્તાના ઉપલા ફકરાઓમાં આડકતરો એશારો કીધો છે.

ફીર્દોસી કહેછે, કે જે દેવો શાહ કાઉસના તાબા હેઠળ હતા, તેઓએ, તેની ઝુસરીમાંથી છુટવા કાજે, તેનાં મનમાં હદ બાહેર તુરંગો ઉભા કરી તેને હેરાંન કરવાનો વિચાર કીધો. પોતાના સરદાર એબ-લીસની સલાહથી તેઓમાંથી એકે એક દિવસ શાહને કહ્યું કે “તું આ દુનિયાનો મોટો પાદશાહ છે. પણ

તું આસમાનપર શું બને છે તે જાણતો નથી. સૂર્ય અને ચંદ્ર માટે, અને રાત અને દાહડો કેમ બને છે તે માટે, તું કાંઇ જાણતો નથી.” આ ઉપરથી તેણે આકાંશમાં ઉડવાનો ખ્યાલ કર્યો. તે કેવી રીતે ઉપર ઉડયો તે માટે ફીર્દોસી કહે છે કે તરેહવાર વાતો છે. તેનાં કહેવા પ્રમાણે, મુખ્ય વાત એ કેહેવાઇ છે કે, તેણે એક બેઠકને ચારે છેડે જાનવરનાં માસના મોટા કટકા બાંધ્યા અને ખાસ પાળેલાં ગરૂડ પક્ષીઓને તેની નીચે બાંધ્યાં. તે પક્ષીઓ, ઉપર બાંધેલાં માસ તરફ ધસ્તાં, અને તેમ કરતાં, તેઓ ઉપર લટકેલી બેઠક ઉપર ચહડતાં. એમ કેટલુંક સુધી આકાશમાં ઉડી તે આ મુલકનાં એક બીઆબાંન જંગલમાં પડ્યો. રૂસ્તમ અને બીજા ઇરાંની સરદારોએ કેટલીક ખોલ કરી તેને સોધી કાહડયો, અને તેની હુલડાઇ માટે તેને ઠપકો આપ્યો. શાહ કાઉસ પોતે શરમીંદો થઈ ગયો.

પછી કાઉસે અફ્રાસ્યાબ, જે ઈરાંનનો મોટો ભાગ હાથ કરી બેઠો હતો, તેના ઉપર નામુ લખી તેને તે મુલક છોડી જવાને જણાવ્યું. અફ્રાસ્યાબ પોતે એ વખતે તાજીઓ (આરબો)ના મુલકમાં હતો, સબબ કે તેણે તે મુલક ઉપર હુમલો કર્યો હતો. અફ્રાસ્યાબે ઉપલાં નામાંનો જવાબ કાઉસની મરજી મુજબ

નહિ આપવાથી કાઉસે તેની ઉપર હુમલો કર્યો અને હરાવ્યો. તે પછી અફ્રાસ્યાબ પાછો પોતાનાં તુરાંનના મુલક ભણી ગયો અને કાઉસ ઇરાન ભણી પાછો ફર્યો.

(ખ) રૂસ્તમ બીજા સાત પેહેલવાંનો સાથે તુરાંનની સરહદમાં શિકાર કરવા ગયો ત્યારે અફ્રાસ્યાબે એ સર્વ પેહેલવાંનોને પકડવા કાજે ઉઠાવેલી લડાઇ.

એક દિવસે રૂસ્તમ કેટલાક ઇરાંની સરદારો સાથે શિકારગાહમાં ગયો હતો. ત્યાં તે સર્વએ શિકાર કરી કેટલાક દિવસો આરામમાં પસાર કરી વિચાર કર્યો કે અફ્રાસ્યાબના તુરાનના મુલકમાં શિકાર કરવા જવું. અફ્રાસ્યાબને ખબર પડે અને તે એકાએક હુમલો લાવે તે બાબે સાવચેત રહી તેઓ તેના મુલકમાં શિકાર કરવા લાગા. અફ્રાસ્યાબને ખબર પડતાં રૂસ્તમ અને તેની સાથના તુસ, ગેવ, બેહેરાંમ, જંગેહ ગુરાજ., ગુર્ગીન, જ.વારહ જેવા નામીચા સરદારોને પકડી લેવાની તેણે સારી તક જોઇ. તેણે પોતાના વજીર પીરાંનને તેડાવી લશ્કર તૈયાર કરી ઉપલા ઈરાની સરદારો ઉપર હુમલો કરાવ્યો. તેનો એક સરદાર પીલ્‌સમ, જે પીરાનનો ભાઈ થતો હતો, તેણે ઘણાક ઇરાની પેહેલવાનોને હરાવ્યા. પણ રૂસ્તમે છેવટે તેને

અને સર્વ તુરાંની લશ્કરને હરાવ્યું અને પછી તેઓ સર્વ ઇરાન ભણી પાછા ફર્યા. આ શિકારગાહની લડાઈમાં રૂસ્તમ સાથે સાત પેહેલવાનો હતા, તેથી તે લડાઇ "શિકારગાહની રૂસ્તમ અને સાત પેહેલવાનોની લડાઈ"ને નામે જણાયલી છે.[1]

(ગ) રૂસ્તમના બેટા સોહરાબને સમજાવી અફ્રાસ્યાબે તેને તુર્કી લશ્કર આપી તેની પાસે ઇરાન ઉપર હુમલો કરાવ્યો, તે બાબેની લડાઇ.

એક દિવસે જ્યારે રૂસ્તમનું દીલ જરા ગમગીન હતું, ત્યારે તેણે થોડાક દિવસ બહાર શિકારે જવાને વિચાર્યું. તે રખસને નામે જણાયલા પોતાના ચુનન્દા ઘોડા ઉપર સવાર થઇ તુરાન ભણી ગયો, અને સમનગાંન શેહેર, જે હાલના તુર્કોમાનોનો મુલક ગણાય છે, ત્યાં શિકાર માટે આવ્યો. ત્યાં શિકારથી ફારેગ થઇ પોતાનાં રખશને ચરતો મુકી મેદાનમાંજ એક રાત્રે સુઈ ગયો.

બીદાર થતાં જોએ છે તો પોતાનો ઘોડો મલે

૧ ચુ આન દીદ રૂસ્તમ અવા છફ્ત ગોર્દ
બ તુર્કી બર ઇશાન યકી હુમ્લે બોર્દ.

નહિ. તેના પગળાં જોતો જોતો તે સમનગાંનનાં[1] શેહરમાં આવી પોંહતો. ત્યાંના પાદશાહની બેટી તેહેમીના સાથ પીછાંન થતાં બન્નેની શાદી થઇ. તેહેમીના આશાવંતી હાલતમાં આવતાં રૂસ્તમે તેણીને એક મોહરો આપ્યો અને કહ્યું કે "જો તારે પેટે બેટી અવતરે તો એ તેણીનાં માથાનાં બાલમાં બાંધજે અને બેટો અવતરે તો તેની બાજુ ઉપર બાંધજે." પછી રૂસ્તમ પોતાને મુલક ગયો. તેહેમીનાએ એક બેટાને જન્મ આપ્યો, જે લડાયક અને બાહાદુર નિવડયો. તેનું નામ તેણીએ સોહરાબ રાખ્યું. તે મોટો થતાં તેની હિમ્મત અને દલેરીની વાત, આજુબાજુ ફેલાતાં તુરાની પાદશાહ અફ્રાસ્યાબને કાંને ગઇ. ત્યારે તેણે હોમાંન અને બાર્માન નામના પોતાના સરદારોને કહ્યું, કે "તમો સોહરાબ આગળ જઇ તેની હજુર આપણું તુરાની લશ્કર રજુ કરી, તેની તેને સરદારી આપી તેને સમજાવીને તેની પાસે ઇરાન ઉપર ચહડાઇ કરાવો. એ લડાઇમાં સોહરાબ કે રૂસ્તમ, બન્નેમાંથી કોઇપણ માર્યો જશે તો તે આપણાં લાભનું છે, કારણ

---

૧ ખોરાસાનની સરહદમાં આવેલું સમલગાન (Semalgan) શેહેર, જે આસ્ત્રાબાદ-બુજનુર્દના રસ્તા (Astrabad—Boojnourd road) ઉપર આવેલું છે, અને જે હાલમાં કુર્દ તાયફાવાળાનું શેહર છે, તેને મેજર સઈક્સ એ સમનગાન શેહર ધારે છે. ("Ten Thousand Miles in Persia or Eight years in Irân," by Major Sykes, p. 17).

જો બન્ને બહાદુર બાપ દીકરા સાથે મલશે તો આપણાં તુરાનને ઘણું ભારી પડશે. માટે એવી યુકિતથી કામ લેજો કે બાપ દીકરા એકમેકને મલે નહિ અને પીછાને નહિ.” તે સરદારો સોહરાબ આગળ ગયા અને તેને તુરાંની લશ્કરની સરદારી લઇ ઇરાન મુલક ઉપર હુમલો કરવાને સમજાવ્યો. દલેર સોહરાબ કબુલ થયો. તેનાં મનમાં આવ્યું કે તે લડાઇમાં નામ કાહાડે અને પોતાનાં બાપને ઈરાનનું રાજ્ય આપે.

સોહરાબ તુરાંની લશ્કર સાથે ઇરાંન ભણી જવા નિકલ્યો. તેહમીનાએ તેની સાથે પોતાના ભાઇ જીન્દે રજમને મોકલ્યો કે તે તેને તેનાં બાપ સાથે મેળવી ઓળખાંણ કરાવે. માર્ગમાં જ્યારે તુરાંની લશ્કર ઇરાંનની સરહદ ઉપરના દજ[1] સપીદ નામના કિલ્લા આગળ આવ્યું, ત્યારે તે કિલ્લાનો સરદાર ગસ્તહુમ (ગજદમ) તેની સામે થયો.

ગજદમ પોતે જઇફ થયો હતો, માટે પેહેલવાન હજીર સોહરાબની સાંમે થયો. પણ તે લડાઇમાં હાર્યો.

---

૧ આ ‘સપીદ’નો કિલ્લો તે હવોર્નર સીપનદનો કિલ્લો ધારે છે, કે જે રૂસ્તમે આગળ જણાવવા પ્રમાણે જીતી લીધો હતો. તે જમ્યાદ યસ્ત (ક. ૬) નો સ્પેનતોદાત અને બુનદેહેશ (બાબ ૧૨ ક. ૨૩) નો સ્પેન્યાદ છે. આ પહાડ અને અસફન્દયારના નામ મલતાં આવે છે, તે ઉપરથી યુસ્તી એ પહાડને ગુમ્બદાનનો પહાડ ધારે છે, જે ઉપર ગુસ્તાસ્પે અસ્ફનદીયારને બંદ કીધો હતો.

આ મામલો જોઇ ગજદમની બાહાદુર બેટી ગોર્દઆફ્રીદ મરદનો પોષાક પેહેરી લડાઇમાં આવી. લડાઇમાં તેણીની કોલાહ સોહરાબે ઉંચકી લીધી ત્યારે તેણીના બાલ છુટા થઇ ગયા. તે ઉપરથી સોહરાબે જાણ્યું કે તેનો હરીફ તો એક ઇરાંની બાંનું હતી. રાત પડતાં ગજદમ છુપાછુપ કિલ્લો ખાલી કરી ઇરાંન ભણી નિકળી ગયો. તે આગમચ તેણે શાહ કાઉસ ઉપર પત્ર લખી તેને સર્વ હકીકતથી વાકેફ કીધો હતો.

શાહ કાઉસે સર્વ હકીકત જાણી, પોતાના દરબારીઓની સલાહથી, દેશના બચાવ માટે રૂસ્તમને જાબુલસ્તાંનથી તેડી લાવવા ગેવ નામના સરદારને મોકલ્યો. રૂસ્તમ આવ્યો પણ તેને આવતાં જરા મોડું થવાથી, પાદશાહ, તેણે બજાવેલી આગલી તરહેવાર સેવાઓ ભુલી જઇ, તેનાં ઉપર ગુસ્સે થયો. તેથી રૂસ્તમ દરબાર છોડી પાછો ચાલી ગયો. પણ કાઉસ પાછળથી પોતાની વર્તણુક માટે પસ્તાયો, તેથી ઇરાંની સરદારોના આગ્રહથી, અડી ભીડીએ દેશની સેવા બજાવવાની ફરજના ઉમદા ખ્યાલથી રૂસ્તમ પાછો આવ્યો અને સોહરાબ અને તેનાં તુરાંની લશકર સામે કેટલીક લડાઇ કીધી. તેહમીનાએ બંને બાપ દીકરાને ઓળખાંણ કરાવવા પોતાનાં ભાઇ જીન્દે રજમને મોકલ્યો હતો, તે રૂસ્તમને હાથે પેહેલે માર્યો ગયો, તેથી બન્ને બાપ બેટા ભુલમાં એકમેક સાથે લડયા.

એક વખત હાથોહાથની લડાઇમાં કુસ્તીમાં રૂસ્તમ સોહરાબને હાથે જમીન ઉપર પડયો હતો. સોહરાબ તેને મારી નાખતે, પણ રૂસ્તમે આગ્રહ કરવાથી તેણે તેને જવા દીધો. બીજે દિવસે કુસ્તીમાં સોહરાબ નીચે પડતાં રૂસ્તમે તેને ખંજર ભોકી મારી નાખ્યો. સોહરાબે મરતાં મરતાં કહેલા શબ્દોથી રૂસ્તમને ખબર પડી, કે તેને હાથે તેનો પોતાનો બેટો માર્યો ગયો હતો. તેથી તે ઘણો ગમગીન થયો. પણ તેને સબુરી પકડી દેશની સેવા બજાવવાનું ચાલુ રાખ્યું.

(ઘ) અફ્રાસ્યાબે કરેલી ચહડાઇ સામે સ્યાવક્ષની સરદારી હેથળ થયલી લડાઇ અને તે લડાઈમાં સ્યાવક્ષે સુલેહ કરી તુરાંનમાં જઇ રહેવા બાદ તેને અફ્રાસ્યાબે મારી નાખવો અને તે ઉપરથી બર્પા થયલી લડાઈ.

પાદશાહ કાઉસના વખતમાં ઇરાંન અને તુરાંન વચ્ચે થયલી ચાર લડાઈઓમાંથી છેલ્લી લડાઇમાં શાહના બેટા સ્યાવક્ષે ઇરાની લશ્કરની સરદારી લીધી હતી. એ લડાઇનાં પરિણામે ઇરાંન અને તુરાંન વચ્ચેનું વેર વધાર્યું હતું. એ લડાઇનું વર્ણન કરવા આગમચ, તેમાં ઇરાની લશ્કરની સરદારી લેનાર સ્યાવક્ષની થોડીક હકીકત આપણે જાણીશું.

સ્યાવક્ષ.

અવસ્તા—શ્રીરેમ કેહર્પેમ અનાવગ્રવનેમ બવાહિ યથ કવ સ્યાવર્ષાનો.

અર્થ—કયાની સ્યાવક્ષની મીસાલે તું ખુબસુરત શરીરનો અને બીગુનાહ થજે.

પેહેલવી—જવીત દુદ ફ્રાસ્યાવ કોખશીત વ કએ સ્યાવક્ષ વલ કારીજાર સાતુન્ત. (મોટી બુન્દેહેશ, પાનું ૨૧૩, લીટી ૭.)

અર્થ—બીજી જુદે વખતે અફ્રાસ્યાબે મારામારી કીધી અને કએ સ્યાવક્ષ લડાઈ ઉપર ગયો.

અવસ્તા પેહેલવી—ઉપલા અને બીજા ફકરાઓ ઉપરથી સ્યાવક્ષ બાબે નીચલી હકીકત માલમ પડે છે.

૧ સ્યાવક્ષ ખુબસુરત હતો અને તેના ચેહરા ઉપર કયાંની ખોરહ હતું.

૨ તે એક બીગુનાહ ભલો અશો મરદ હતો.

૩ તેની સામે તેની સાવકી માતા સોદાબેએ ખોટું આળ મેળ્યું હતું.

૪ તેણે અફ્રાસ્યાબ પાદશાહનો આસરો લીધો હતો. તેને અફ્રાસ્યાબે મારી નાખ્યો હતો, જેના કિનામાં તેના બેટા કએખુસ્રુએ અફ્રાસ્યાબને ચએચસ્ત (હાલના ઉરૂમીઆ) સરોવર નજદીક માર્યો હતો. એ કામમાં

તેને હોમ ફારશી નામનાં એક ભલા પરહેજગાર મરદે મદદ કીધી હતી.

શાહ કાઉસની રાણી સોદાબે, જે હમાવરાનના પાદશાહની બેટી હતી, તેણી સ્યાવક્ષની સાવકી માતા હતી. તેણીથી સ્યાવક્ષ ઘણો હેરાન થતો હતો. તેણીએ તેનાં સાંમે કોઇક આળ મેલ્યાં હતાં જે આળ સાંમે તેણે પોતાને નિર્દોશ સાબેત કીધો હતો.[1]

આ બનાવ બનવા બાદ થોડા વખતમાં અફ્રાસ્યાબે ઇરાન ઉપર પાછો હુમલો કર્યો. સ્યાવક્ષ પોતાની સાવકી માતાની વર્ત્તણુકથી કંટાળી ગયો હતો. તેથી તેણે એ લડાઇ ઉપર જવાનો વિચાર કર્યો, એવા ખ્યાલથી કે તેમ કરવાથી તે એક તો તેણીથી દૂર થાય, અને બીજું તો લડાઇમાં નામ કહાડવાની તેને તક મલે. એ ખ્યાલથી જ્યારે કાઉસે દરબારમાં અફ્રાસ્યાબ સાંમે જતાં લશકરની સરદારી લેવા બાબે પુછપરછ કરી ત્યારે સ્યાવક્ષે પોતે જવા માગ્યું. શાહ કાઉસે તેની માગણી સ્વીકારી અને રૂસ્તમ, જેણે

---

૧ સ્યાવક્ષનું દાસ્તાન સીનદીબાદ નામાની વાર્તાને મલતું આવે છે. જુઓ મારૂં પુસ્તક "Asiatic Papers," pp. 45-52 માં વિષય, નામે "The so-called Pahlavi origin of the Sindibad-Nâmeh or The Story of seven Masters." જુઓ એ વિષય માટે Journal of the B. B. R. A. Soceity, vol XVIII pp. 206-12.

એ શાહજાદાને બચગીમાં લશ્કરી કેળવણી આપી હતી, તેની સંગતમાં લડાઇપર મોકલ્યો. એ લડાઇમાં ઇરાંનીઓ જીત્યા અને તેઓએ બલ્ખ તુરાનીઓના હાથમાંથી લઇ લીધું. કાઉસને એ ફતેહની ખબર પડતાં તે ખુશી થયો અને પોતાના બેટા ઉપર મુબારકબાદીનો પેગામ મોકલી ખબરદાર રહેવા કહ્યું અને જણાવ્યું કે તેણે એક જગ્યાએ પડાવ નાંખી રહેવું અને આગળ વધવું નહિ, પણ તુરાંનીઓ હુમલો લાવે તે માટે રાહ જોવી. અફ્રાસ્યાબ પોતાની હારથી ગભરાયો અને તેણે સુલેહની માગણી મોકલી. સ્યાવક્ષે રૂસ્તમની સલાહ લેઇ તે માગણી કબુલ રાખી સુલેહ કીધી, ખાસ કરીને તે આ સબબે, કે કાઉસે સલાહ આપી હતી કે તેણે આગળ વધવું નહિ, પણ અફ્રાસ્યાબ હુમલો લાવે તે માટે વાત જોવી. આ સુલેહની-સરતો પ્રમાણે અફ્રાસ્યાબે પોતાના ૧૦૦ ખેશી સરદારો સુલેહની જામીનગીરી (Hostages) તરીકે આપ્યા અને કેટલોક મુલક આપ્યો.[૧]

---

૧ અફ્રાસ્યાબ સુગડીઆના, બોખારા, બળખ વીગેરે જે મુલકો ખાલી કરી ગયો, તે, જોકે તેના હાથમાં હતા, તોપણ તે અસલ એક વખત ઇરાંની મુલકો હતા. તેનો બાપીકો તુરાનનો મુલક તો હજુર ઉત્તર પૂર્વ કાશગર તરફ હતો. કેપટન બાઉઅર, જે મધ્ય એસ્યાનો એક જાણીતો મુસાફર છે, તેના જણાવવા પ્રમાણે, જ્યારે તે કાશગરનાં મુલકમાં હતો, ત્યારે કુચાર

આ સુલેહથી કાઉસને વાકેફ કરવા જેહાન પેહેલવાન રૂસ્તમ પોતે ઇરાન ગયો અને શાહને સર્વ હકીકત જણાવી. કાઉસને એ સુલેહ પસંદ પડી નહિ. તે રૂસ્તમ ઉપર ગુસ્સે થયો. તેથી રૂસ્તમ શાહ ઉપર

(Kuchar) ગામમાં એક માણસ તેને છુપી રીતે મધરાતે એક જમીન માંહે ખોદી કાહાડેલું શેહેર જોવા લઈ ગયો હતો. ત્યાં જતાં તેને માર્ગમાં ઘણાં પુરાંણાં બાંધ કાંમોનાં ખંડિએરો, અફ્રાસ્યાબનાં મકાંનો તરીકે બતાવવામાં આવ્યાં હતાં. વળી ખુદ જમીનનાં પેટામાં બાંધેલાં શેહેર (Subterranean town)નું એક ખંડીએર પણ તેને અફ્રાસ્યાબની રાજધાનીનાં ખંડિએર (The remains of Afrasiab's capital) તરીકે બતાવવામાં આવ્યું.

તારીખે રસીદી પ્રમાણે, કાશગરના આગલા સુલતાનો પણ, પોતાને, અફ્રાસ્યાબ, જેને તેઓ બુગાખાંન કહેતા, તેની ઓલાદથી જણાવતા. વળી તેઓ અફ્રાસ્યાબની પેઢી નીચે પ્રમાણે ફરેદુનપર લઈ જતા. અફ્રાસ્યાબ, પીશ, દાદીનશીન, તુર અને આફ્રીદુન. ઈલકખાંન નામનાં તુર્કી તાયફાવાળાઓ "અફ્રાસ્યાબી તુર્કીઓ" એવે નામે જણાયલા હતા. ઇ. સ. બારમી સદી સુધી, એ અફ્રાસ્યાબી તુર્કીઓનું મથક, "બાલાશાકુન" નામે હતું, જે અફ્રાસ્યાબે બાંધેલું જણાવવામાં આવતું. અરબ ભુગોળ નવેશો પ્રમાણે, એ બાલા શાકુનનું શેહેર કાશગર આગળ હતું.

વળી અફ્રાસ્યાબે એક વખત સમરકંદમાં પણ હકુમત કરી હતી. તેથી, જાણીતા મુસાફર બોનવેલો પ્રમાણે, ત્યાં પણ અફ્રાસ્યાબનાં ખંડિયરો (The ruins of Afrasiab) તરીકે જણાએલાં બિશમાર મકાનો જણાએલાં છે. સમરકંદમાં એક બીસ્માર મકાંન હજુર પણ એ મુસાફર પ્રમાણે, અફ્રાસ્યાબની કબર તરીકે જણાયલું છે. તેનું ચિત્ર, બોનવેલો પોતાનાં પુસ્તકમાં બીજા વાલમ (પા. ૩૧) માં આપે છે.

ગુસ્સે થઇ જાબુલીસ્તાન ચાલી ગયો. શાહે એક તુરાની પેહેલવાનને સ્યાવક્ષ આગળ મોકલ્યો કે જો સ્યાવક્ષ પોતે અફ્રાસ્યાબ સામે વધુ લડાઇ કરે નહિ તો તેને ઇરાંન પાછું ફરવું અને પછી તુસ લશ્કરની સરદારી લેઇ તુરાન ઉપર હુમલો કરશે.

સ્યાવક્ષનું તુરાન ભણી અફ્રાસ્યાબ આગળ જવું અને તેની બેટી સાથે શાદી કરી ત્યાં રેહવું.

પેહલવી—સ્યાવક્ષ લખ્વાર વલ અઇરાંન શત્ર લા વજલૂન્ત, પવન આઇ ફ્રાસ્યાવ. ચેગુનશ પવનશ જીનહાર મકદરૂન્ત ઇકવીમૂનાત વલ કાઉસ લા સાતૂન્ત. બરા નેપ્રશમન વલ તુર્કસ્તાંન વજલૂન્ત દુખ્તે ફ્રાસ્યાવ પવન નિશમનિઅ વખ્દુન્ત કએખુસુ અજશ જ઼ર હુન્ત (મોટી બુન્દેહેશ, પાનું ૨૧૩, લીટી ૯ થી ૧૨).

અર્થ—સ્યાવક્ષ ઈરાંન શેહેર પાછો ફર્યો નહિ પણ અફ્રાસ્યાબ આગલ (ગયો). તેણે તેનાંથી આસરો કબુલ્યો હુતો તેથી તે કાઉસ આગલ ગયો નહિ. પણ પોતે તુર્કસ્તાન ભણી ગયો. (ત્યાં) તેણે અફ્રાસ્યાબની બેટીને શાદીમાં લીધી અને તેનાંથી કએખુસ્રુનો જન્મ થયો.

સ્યાવક્ષને બાપના ગુસ્સાની વાત ખબર પડાવાથી તે ઘણો દલગીર થયો. એક હાથ ઉપર અફ્રાસ્યાબને

સુલેહનો જે કોલ આપેલો તે કોલ તોડવા તે માગતો હતો નહિ. બીજા હાથ ઉપર જો તે તુરાંન ઉપર હુમલો લઇ જતો નહિ તો બાપને ગુસ્સે કરે છે. આ મુશ્કેલી વચ્ચે અને વલી ખુદ ઇરાંનમાં તેનાં બાપને ત્યાં તેની સાવકી માતા સોદાબે તેની સાથે સારી રીતે વર્તતી ન હતી, તે સબબે, તેણે ઇરાંન સદાનું છોડી તુરાંનમાંજ એક જગ્યાએ એકાંતમાં વાસો કરવાનું પસંદ કર્યું. એ બાબે અફ્રાસ્યાબને ખબર પડતાં તેણે તેને ખુશી સાથે પોતાના મુલકમાં રાખ્યો અને તેની કેટલીક આગતાસ્વાગતા કીધી. જ્યારે તુસ તુરાનથી આવ્યો અને તેને આ વાતની ખબર પડી કે સ્યાવક્ષ ઇરાંનને છોડી સદાનો તુરાંન જઇ રહ્યો છે ત્યારે તે તુરાંન સાંમે વધુ લડાઇ કરવા વિના ઇરાંન ભણી પાછો ફર્યો. શાહ કાઉસ પણ આ વાત જાણી દલગીર થયો અને હવે બેટાનો ગમ પકડી લડાઇનું નામ પણ લેવા નહિ લાગ્યો.

સ્યાવક્ષ અને તેનાં ઇરાંનીઓ અને અફ્રાસ્યાબ અને તેના તુરાંનીઓ વચ્ચે દડીદાવની રમત. તેથી સ્યાવક્ષ સાંમે ઉભી થયલી કર્સેવજની અદેખાઇ.

એક વખત અફ્રાસ્યાબની સુચનાથી ઇરાંનીઓ અને તુરાંનીઓ વચ્ચે ચોગાન ગુઇ એટલે દડીદાવ

(Ball-bat) ની હરીફાઇની રમત (International match) રમવામાં આવી. ઇરાંનીઓની સરદારી (Captainship) સ્યાવક્ષે લીધી અને તુરાંનીઓની અફ્રાસ્યાબે લીધી. બન્ને ટોળકીઓ (teams) સાત સાત રમનારાઓની બની.[1] આ રમતમાં સ્યાવક્ષની ચબરાકી જોઇ અફ્રાસ્યાબ તેની ઉપર ખુશી થયો. તેથી તેનાં ભાઈ કર્સેવજની સ્યાવક્ષ સાંમે અદેખાઈ ઉભી થઈ. બીજી લડાયક રમતોમાં પણ સ્યાવક્ષે દેખાડેલી ચબરાકીથી, અને વળી પાછળથી કર્સેવજ અને સ્યાવક્ષ પોત પોતાની ટોલકીઓ સાથે દડીદાવની રમત રમ્યા તેમાં પણ સ્યાવક્ષ પોતાની ટોલકી સાથે જીત્યો, તે સર્વ ઉપરથી કર્સેવજ સ્યાવક્ષની વધારે અદેખાઈ કરવા લાગ્યો, સબબ કે અફ્રાસ્યાબની નજરમાં સ્યાવક્ષ વધારે વહાલો થવાથી કર્સેવજ પોતાનો કાબુ ઓછો થતો માંનતો.

---

૧ અસલી ઇરાનીઓની દડીદાવની રમત માટે, જુઓ મારા પુસ્તક Asiatic papers (પાના ૨૩ થી ૩૦) માં " The Game of Ball-bat (chowgan gui) among the ancient Persians, as described in the Epic of Firdousi " નામનો વિષય. જુઓ વિષય માટે Journal B. B. R. As. Society. Vol. XVIII, pp. 39--46.

સ્યાવક્ષે અફ્રાસ્યાબની બેટી સાથ શાદી કરવી અને કંગદેજ઼નું શેહેર બાંધવું. કર્સેવજ઼ના અદેખાદથી તેનું માર્યા જવું.

ત્યાર પછી પીરાંન વજીરની સલાહથી સ્યાવક્ષે અફ્રાસ્યાબની એક બેટી ફ્રીરંગીજ઼ સાથે શાદી કીધી. અફ્રાસ્યાબે સ્યાવક્ષને એ શાદી બાદ કેટલોક મુલક આપ્યો. એ મુલકમાં સ્યાવક્ષે કંગદેજ઼[1] નામે એક સુંદર શેહેર સ્થાપ્યું અને ત્યાં એક મોટો સુંદર મેહેલ બાંદ્યો.

---

૧ આવાં યશ્તમાં એ "કંઘહચ વેરેજન્ય" એટલે બુલંદ કંઘદેજ઼ને યાદ કર્યાં છે. એ 'કંગ' પહાડને જમ્યાદ યશ્ત (ફ. ૪) માં પણ યાદ કરયો છે. બુનદેહેશ (બાબ ૩૨ ફ. ૫) માં જરથોસ્તનાં છોકરા ખોરશેદચેહેરને પાછળથી એ પાહાડના કિલ્લામાં સરદારી કરતો જણાવ્યો છે. બુનદેહેશમાં એ પહાડને ખોરાસાંનના મુલકમાં જણાવ્યો છે. બહમન યશ્તમાં પણ એ કિલ્લાને સ્યાવક્ષે સ્થાપેલો જણાવ્યોછે. મો બ્રેઆલ (De la Geographic de l' Avesta) પ્રમાણે માસુદી એ કિલ્લાને કએખુસ્રુએ સ્થાપેલો જણાવે છે, તે જેમ બહમન યશ્ત તેમ ફીર્દોસી પ્રમાણે ભુલભર્યું છે. સ્યાવક્ષના મરણ બાદ અફ્રાસ્યાબ અને કએખુસ્રુ વચ્ચે અહીં મોટી લડાઇ થઇ હતી, ત્યારે એ કિલ્લો કએખુસ્રુને હાથ ગયો હતો, તે ઉપરથી કદાચ એ ભુલ થઈ હોય. મો. બ્રેઆલ કહે છે કે પાછલા ઇરાંની લખનારાઓ એ બુલંદ પહાડ ઉપરથી પોતાની પહેલી મધ્યાંન રેષા (First Meridian) ગણતા.

એ શહેર સ્થાપવા પછી તેણે સ્યાવક્ષ ગર્દ નામનું શેહેર સ્થાપ્યું. તે શેહેર ઘણું સુંદર હતું. અફ્રાસ્યાબના કહેવાથી કર્સેવજે એ શેહેરની મુલાકાત લીધી. ત્યાં તેણે જે જોયું તે ઉપરથી અને સ્યાવક્ષની જે ચહડતી અને ચબ્રાકી જોઇ તે ઉપરથી તેનાં મનમાં તેને માટે અદેખાઈ વધતી ગઈ. તેથી જ્યારે તે અફ્રાસ્યાબ આગળ પાછો ફર્યો, ત્યારે તેણે તે પાદશાહને સ્યાવક્ષ માટે ખોટું સમજાવ્યું કે તે શાહજાદો વફાદાર હતો નહિ અને તેની દરબારમાં ઈરાનના કાસદો આવજા કરતા હતા વિગેરે. આ ઉપરથી અફ્રાસ્યાબે સ્યાવક્ષ સાથે જાતે વાતચિત કરી તપાસ કરવા માટે તેને પોતા આગળ તેડાવ્યો. તેણે તેને તેડવા કર્સેવઝને મોકલ્યો. કર્સેવઝના કહેવાથી સ્યાવક્ષ આવવા તૈયાર થયો ત્યારે કર્સેવઝે તેને ફરેબ મારી ખોટું સમજાવ્યું કે "જો તું અફ્રાસ્યાબ આગળ આવશે તો તે તુંને મારી નાખશે, કારણ તે તારા ઉપર શક રાખે છે" વિગેરે. એ સલાહ ઉપરથી સ્યાવક્ષે જવાનું માંડી વાળ્યું. ત્યારે કર્સેવજે અફ્રાસ્યાબ આગળ જઈ ખોટું કહ્યું કે "સ્યાવક્ષ આવવા ના પાડે છે અને તારી દરકાર કરતો નથી" વિગેરે. આ ઉપરથી અફ્રાસ્યાબ સ્યાવક્ષ ઉપર ગુસ્સે થયો અને લશ્કર લેઈ તેની સાંમે ગયો. કર્સેવઝે બનેને એકમેક માટે જુઠું સમજાવવાને ચાલુ રાખ્યું. તે સબબે જ્યારે અફ્રાસ્યાબ સામે આવ્યો

ત્યારે સ્યાવક્ષે ગમે તેટલી નર્માશ દેખાડી તોપણુ તેણે પોતાના સેપાહોને તેને પકડવાને ફર્માવ્યું. સેપાહોએ તેમ કરયું. અને સ્યાવક્ષની બાયડી ફીરંગીજે ગમે તેટલી મીનતગુજારી કીધી, તે ઉપર ધ્યાંન નહિ આપી તેણે સ્યાવક્ષને મારી નાખવાને ફરમાવ્યું. તેમ સ્યાવક્ષને મારી નાખવામાં આવ્યો.

પીરાનના વચ્ચે પડવાથી ફીરંગીજનો જાન બચવો.

સ્યાવક્ષની બાયડી ફીરંગીજ આ ઉપરથી પોતાના બાપને ઠપકાના શબ્દો કહેવા લાગી. તે ઉપરથી તેણે તેણીને પણ મારી નાખવાનો હોકમ કર્યો. તેણીને મારી નાખવાની તૈયારી થતી હતી, તેટલાં પીરાંન વજીર આવી લાગ્યો. તે આ સર્વ મામલો ચાલતો હતો ત્યારે અફ્રાસ્યાબની દરબારમાં હતો નહિ, પણુ બાહુરગાંમ હતો. તેને સ્યાવક્ષને મારી નાખવાની વાત ખબર પડતાં તે અફ્રાસ્યાબ આગળ દોડી આવ્યો. આવતાંને વાર ફીરંગીજને મારી નાખવાની તૈયારી થતી જોઈ ત્યારે તેણે તૈયારી કરનારાં માણુસોને તેમ કરતાં અટકાવ્યાં અને અફ્રાસ્યાબ આગળ જઈ તેને નર્મીથી સ્યાવક્ષને મારી નાખવા માટે ઠપકો; આપ્યો. ફીરંગીજ, જેણી આ વખતે સ્યાવક્ષથી આશાવંતી હાલતમાં હતી, તેણીને જીવતી રાખવાને તેણે

અફ્રાસ્યાબને સમજાવ્યો. અફ્રાસ્યાબને ચિંતા હતી કે તેણીને પેટે છોકરો અવતરશે તો તે તેના ઉપર બાપનો કિનો લેશે. તેથી પીરાંને તેને સમજાવયું કે "તું ફીરંગીજને મારે હસ્તક સોંપ. તેણીને ત્યાં ફરજંદ અવતરશે તેને હું તારી આગળ લાવીશ. તે ફરજંદ તારા ઉપર કિનો લે તેવું તુંને માલમ પડે તો પછી તું તેને ગમે તે કરજે." આ ઉપરથી અફ્રાસ્યાબે ફીરંગીજને પીરાંન વજીરને સોંપી.

સ્યાવક્ષના દાસ્તાંનપરથી મલતો ધડો— સ્યાવક્ષનાં દાસ્તાન ઉપરથી આપણને જે ધડો મલે છે તે "કોલની ઓસ્તવારી"નો છે. ઇરાંની બાળકને પાંચ વર્ષની કુમળી ઉમ્મરથી સાચું બોલવાની જે કેળવણી આપવામાં આવતી, તેનાં એક પરિણામ તરીકે કોલ ઉપર ઉસ્તવાર રેહવું, એ એક ઉમદા ઇરાંની સદગુણ હતો. શું હમદીન કે જુદદીન સાથે જુઠું બોલવું નહિ અને આપેલો કોલ પાળવો, એમ અવસ્તા શિખવે છે. તેમાં કહે છે, કે "ઓ સપીતમ! તું કોલ મા તોડતો, પછી તે દરવંદ સાથે કર્યો હોય કે હમદીન સાથે કર્યો હોય, કારણ કે કોલ દરવંદ અને અશો બેઉને માટે છે." (મેહેર યશ્ત ફ. ૨).

સ્યાવક્ષે પોતે આપેલો કોલ, પોતાનો જાન જોખમમાં આવી પડયો તોપણ, તોડયો નહિ. કોલ પાળવા

ખાતર તેણે પોતાનું વ્હાલું વતન છોડયું અને પોતાનું તાજ અને તખ્ત છોડયું. સત્યતાને ખાતર, પોતે આપેલા કોલને ખાતર, પોતાનું વતન તજ્યું, તાજ અને તખ્ત તજ્યું, અને સેત્રટે મારેયો ગયો.

કએખુસ્રુનો જન્મ અને બચગી.

ઉપર જણાવવા મુજબ પીરાંનવજીર ફીરંગીજ઼ને અફ્રાસ્યાબને હાથથી છોડવી પોતાને ઘરે લઈ ગયો અને પોતાની બાયડીને સોંપી. તેણીની આશાવંતી હાલતના માસ પુરા થતાં, તેણીએ એક બેટાનો જન્મ આપ્યો, જે ઘણો ખુબસુરત હતો. પીરાંને યુક્તિથી એ બાબેની અફ્રાસ્યાબને ખબર આપી. અફ્રાસ્યાબને તે વખતે પોતાના જમાઈ સ્યાવક્ષની યાદ આવી અને તેને મારી નાખવા માટે મનમાં પસ્તાવા લાગો, પણ તે સાથે તેને ચિંતા લાગી, કે તે બાળક મોટો થઈ ચંચળ નિવડી તેને પોતાના બાપના કિનામાં હેરાંન કરશે. તે ઉપરથી તેણે પીરાંનને કહ્યું કે એ બાળકને એક ભરવાડને સોંપી દેવો, કે તેથી તે પોતાનાં બાપની હકીકતથી અજ્ઞાન રહે અને વગર કેળવાયલો બોઠડ નીવડે. પીરાંને એક દાયાની સંગતમાં કએખુસ્રુને એક ભરવાડને સોંપ્યો અને ભરવાડને ઘણીક ભેટ સોગાદ આપી તે બાલકને ઘણી સારી રીતે ઉધારવા ફરમાવ્યું.

પછી પીરાંને કએખુસ્રુને તેની માતાની સંગતમાં સ્યાવક્ષ ગર્દનાં શેહર તરફ મોકલી દીધો.

સ્યાવક્ષના કિનામાં ઇરાને તુરાન સામે ઉઠાવેલી લડાઇ.

હવે આ અરસામાં અફ્રાસ્યાબને હાથે સ્યાવક્ષનાં માર્યા જવાની ખબર ઈરાંનમાં શાહ કૌસને અને રૂસ્તમને પડી. રૂસ્તમ શાહની દરબારમાં આવ્યો અને સર્વએ સ્યાવક્ષના કિનામાં તુરાંન ઉપર ચહડાઈ કરવાનો ઠેરાવ કર્યો. રૂસ્તમની સરદારી હેઠળ ઈરાંની લસ્કર તુરાંનપર ચહડાઇ લઈ ગયું. કેટલોક વખત લાંબી લડાઇઓ થઇ. સેવટે તુરાંનીઓ ન્હાઠા. અફ્રાસ્યાબ પોતે ચીનના મુલક ભણી ન્હાઠો અને રૂસ્તમ સાત વર્ષ સુધી તુરાંનના તખ્ત ઉપર બેઠો અને હકુમત ચલાવી. અફ્રાસ્યાબે ચીન તરફ ન્હાસ્તાં પીરાંનને કહ્યું કે કએ-ખુસ્રુને સ્યાવક્ષ ગર્દથી તુરત લેઇ આવે, કે નહિ તો રૂસ્તમ તેને પોતાને હસ્તક લેઇ ઇરાંન લઇ જશે. પીરાંને કએખુસ્રુને તેડાવ્યો. પીરાંનનાં સમજાવવાથી અફ્રાસ્યાબે તેને દૂર દેશ ખોતન ખાતે મોકલી દેવા જણાવ્યું કે તેથી તે રૂસ્તમને યા કોઈ ઇરાંનીને હાથ આવે નહિ અને તેઓને તેની ખબર પડે નહિ.

હવે રૂસ્તમે ઇરાંનથી દૂર લાંબો વખત તુરાંનના પારકા મુલકમાં રહેવાનું પસંદ કર્યું નહિ અને તેથી

તે ઇરાંન ભણી પાછો ફર્યો. જ્યારે ઇરાંનીઓને તુરાંન છોડી ગયલા અફ્રાસ્યાબે જાણ્યા, ત્યારે તે તુરાંન પાછો આવ્યો. તેણે પાછું ફરતાં તુરાંનને ઇરાંનીઓને હાથે ઘણું તારાજ થયલું જોયું. તેના કિનામાં થોડો વખત બાદ તેણે અવારનવાર ઇરાંનના મુલકો ઉપર હુમલા કરવા માંડયા. વળી માઠાં ભાયગે આ વખતે ઈરાનમાં, સાત વર્ષ સુધી મોટો દુકાળ ચાલુ રહ્યો હતો. માટે એ બન્ને સબબે ઇરાંનની ઘણી દુરદશા થઈ.

આ અરસામાં કહે છે કે ગોદ્રેજને સ્વપ્નામાં સરોશ યજદથી બિશારત થઈ કે સ્યાવક્ષને પેટે કએ-ખુસ્રુ જન્મ પામ્યો છે, માટે તેને શોધી કાહડવો કે તેનાં આવવાથી ઇરાંનની દુરદશા ઘણે દરજ્જે દૂર થશે. આ ઉપરથી ગોદ્રેજે પોતાના બેટા ગેવને કએખુસ્રુને શોધી લાવવા મોકલ્યો. આ અરસામાં અફ્રાસ્યાબ તુરાંન પાછો ફર્યો હતો, તેથી તેણે હવે પીરાંનને કહીને કએખુસ્રુને ખોતનથી તેડાવી તેની માએ ફીરંગી-જને પાછો સોંપાવ્યો હતો. હવે ગેવ ગાંમેગાંમ ખોળ કરતો, ઘણે લાંબે વખતે, તે મુલક, કે જ્યાં કએખુસ્રુ પોતાની મા સાથે રહેતો હતો, ત્યાં આવી પોંહતો. ત્યાં ફરતાં ફરતાં એક ખુબસુરત જવાંન (કએખુસ્રુ) ને જોતાં તેનાં મોંહ ઉપર તેને ખોદાઇ નુર (ફર્રે-એ-યજદી) દેખાયું. ગેવે તેને કએખુસ્રુ તરીકે પિછાંન્યો અને તેની સાથની કેટલીક વાત ઉપરથી તે બાબે ખાતરી

કરી. તેઓ એકમેકની મુલાકાતથી ખુશી થઇ પ્રીરંગીજ આગળ આવ્યા. ત્રણેએ મસલત કરી ઇરાંન જવાનો વિચાર કર્યો. તે પેહેલાં પ્રીરંગીજે કએખુસ્રુને તેનાં બાપ સ્યાવક્ષનો ઘોડો મેળવી આપ્યો.

શાહજાદા કએખુસ્રુએ પોતાનાં બાપનો બેહેજાદ ઘોડો હાથ કરવો.

અવસ્તા—અવત આયપ્તેમ દજદિ–મે વંઘ્ઉહિ સેવિશ્તે અરેદ્વીસૂર અનાહિતે..... યત વીસ્પનાંમ સુપ્તનાંમ અજેમ ફ્રતેમેમ થંજયેનિ ”—(આવાં યશ્ત ક. ૫૦)

અર્થ—ઓ ભલી અને ઘણો ફાયદો પોહોંચાડનારી અર્દીસુર અનાહિત! તું આ મોરાદ મને આપ કે સઘળા ઘોડાઓમાંથી હું સર્વથી સરસ ઘોડો જોડું.

અવસ્તાના ઉપલા ફકરા મુજબ કએખુસ્રુ પોતા માટે એક નામીચો ઘોડો મેલવવા કાજે દુઆ ગુજારે છે. શાહનામું અવસ્તાના આ ફકરા ઉપર રોશની નાખે છે, અને શાહ કએખુસ્રુએ એ દુઆ કયારે ગુજારી હતી, કયાં ગુજારી હતી, અને કયા ઘોડા માટે ગુજારી હતી તે દેખાડે છે. જયારે ર્કેસેવજની નિંદાખોર અને અથરામણ કરાવનાર કુસલવણીથી અફ્રાસ્યાબે સ્યાવક્ષને મારી નખાવવાનું પ્રીતુર રચ્યું હતું અને સ્યાવક્ષે પોતે જોયલાં એક સ્વપના ઉપરથી પોતાના જાંનની

આશા મેલી હતી, ત્યારે તેણે પોતાની બાયડી ફ્રીરંગીજને કેટલીક વસિઅત કહી હતી, અને પછી પોતાનાં આરબી ઘોડાના તબેલામાં જઈ પોતાનાં માનીતા ઘોડા બેહેજાદની રડતી આંખે છેલ્લી મુલાકાત લીધી હતી અને તેને છાતીમાં દાબી છુટો મેલી દીધો હતો.

હવે જ્યારે ગેવે કએખુસ્રુને શોધી કાઢયો અને તેને શાહ કાઉસ આગળ લઇ જવા માગ્યો, ત્યારે ફ્રીદોંસી પ્રમાણે, ફ્રીરંગીજે બેહેજાદ વિશેની હકીકતથી કએખુસ્રુને વાકેફ કીધો, અને કએખુસ્રુએ તે ઘોડાને શોધી કહાડી પોતાને સ્વાધીન લીધો.

શાહજાદા કએખુસ્રુનું, કેઆની ખોરેહની બરકતથી સલામત ઇરાન જવું.

અવસ્તા—યત ઉપંઘહચત કવએમ હઓસ્રવંઘહે અમહેચ પઇતિ હુતાશ્તહે (જમ્યાદ યશ્ત, ફ. ૭૪).

અર્થ—જે (કેઆની ખોરેહ) કએખુસ્રુને ભલી પેદા થયલી હિમ્મતને કાજે પ્રાપ્ત થયું.

પોતાનાં બાપના ઘોડા ઉપર સ્વાર થઇ કએખુસ્રુ પોતાની માતા આગળ આવ્યો અને પછી તેણી અને ગેવ સાથે છુપાછુપ ઇરાન જવા નિકલ્યો. જ્યારે પીરાંનને એ બાબે ખબર પડી ત્યારે તે ગભરાયો. હવે અફ્રાસ્યાબને આ સર્વ વાતની ખબર પડી, ત્યારે તે

પણ પાછળ દોડયો. પણ તે તેઓને પકડી કહાડે તેટલાં તો તેઓ ઇરાંનની સરહદમાં દાખલ થઈ ચુકાં હતાં. માર્ગમાં સરહદની નદીને કિનારેના કીસ્તિબાને તેઓને અટકાવ્યા, પણ તેઓ કએખુસ્રુનાં ખોરેહ (ફરૂર) ની બરકતથી હિમ્મત પકડી કિસ્તી વગરં ઘોડા ઉપરજ નદી ઓલંગી ગયાં. ત્યાંથી તેઓ કાઉસ આગળ ગયાં. કાઉસે પોતાના નબીરા કએ-ખુસ્રુને પ્યારથી પોતાની છાતીએ દાબી આવકાર દીધો.

કએખુસ્રુએ દજે બહમન નામનો કિલ્લો જીતવાથી શાહ કાઉસે તેને ગાદી આપી.

અવસ્તા—તાંમ યજ.ત...હુઓસ્રવ.....યત વીસ્પનાંમ ચુખ્તનાંમ અજે.મ ફ્રતેમેમ થંજયેનિ અન-ખરેતાંમ યાંમ દરેઘાંમ નવ–ફ્રાથ્વેરેસાંમ રજુરેમ, યો માંમ મઇર્યો નુરેમ મનો અસ્પએષુ પઇતિ પરેતત (આંવાં યશ્ત, ક. ૪૯–૫૦)

અર્થ—કએખુસ્રુએ તેણી (અર્દવીસુર)ને આરાધી, (અને દુઆ ગુજારી કે "મને આ બક્ષેશ આપ) કે હાલમાં પેલો ઘાટકી મનનો પુરૂષ ઘોડા ઉપર (બેસી) મારી સાંમે લડે છે, તેથી હું નવ ફ્રાથ્વેરેસ જેટલી લંબાઈનાં રસ્તાવાળાં જંગલમાં સર્વ ઘોડાઓ-માંનાં સર્વથી સરસને જોડું."

કએખુસ્રુએ એક બુરા દુશ્મનની સાંમે થવા

માટેનો એસારો છે. આ દુશ્મન તે રામ યશ્તમાં જણાવેલો અઉર્વસાર નામનો ધણી છે, કે જે ત્યાં રાંમ યજ.દ હુજુર દુઆ ગુજારે છે કે તે કએખુસ્રુને હાથથી છુટે. પ્રોફેસર દામસ્ટેટેની તર્ક ખરી દિસે છે કે આ બુરો અઉર્વસાર, તે દજે. બહમન નામના કિલ્લાનો સરદાર યા માલેક હોય, કે જે કિલ્લો જીતવા, નીચલાં વર્ણન પ્રમાણે, શાહ કાઉસે કએખુસ્રુને મોકલ્યો હતો.

કએખુસ્રુ ઇરાંનમાં આવવા પછી, કાઉસ પછી ઇરાંનની ગાદી ઉપર કોણનો હક, તેનો સવાલ ઉઠયો. તુસ, જે આગલા પાદશાહ નોદરનો બેટો હતો, અને જેને તેની નાલાયકાતને લીધે ગાદી મલી નહિ હતી, તેણે કાઉસનાં બેટા ફરેબુર્ઝને ગાદી વારેસ જણાવ્યો. તેણે કહ્યું કે કએખુસ્રુ વડા બેટા સ્યાવક્ષનો બેટો છે ખરો પણ તે એક તુરાંની બાયડીને પેટનો છે, જયારે ફરેબુર્ઝ પાદશાહનો પોતાનો ઇરાની બાનુને પેટનો બેટો છે.” શાહ કાઉસે ઠેરવ્યું કે એ “બન્નેમાંથી જે શાહજાદો લશ્કર લઇ જઈને અર્દ બીલનાં મુલકમાં દજે બહમનનો કિલ્લો જીતે તેને હું ગાદી આપીશ.”

ફરેબુર્ઝ તે કિલ્લો જીતવામાં નિષ્ફળ નિવડયો. પછી કએખુસ્રુએ કોશેશ કીધી અને તે ફાવ્યો.

કએખુસ્રુએ દજેબહમનનો કિલ્લો જીતી આદરગુશસ્પનું આતશકદેહ સ્થાપવું.

અવસ્તા—આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, કવોઇશ હએોસ્રવંઘહહે વરોઈશ હએોસ્રવંઘહહે અસ્નવન્તહે ગરોઇશ મજદધાતહે ચએચિસ્તહે વરોઇશ મજદધાતહે (આતશ નીઆએશની શરૂઆત).

અર્થ—અહુરમજદના પુત્ર આતશની, કએખુસ્રુની, કએખુસ્રુના સરોવરની, મજદના પેદા કીધેલા અસ્નવંત પહાડની, મજદના પેદા કીધેલા ચએચસ્ત સરોવરની (યાદ કરવાને જોતી જાહેર કરે).

પેહેલવી-આત્રો ગુશસ્પ વદ ખોદાઇએ કએ ખુસ્રુબી પવન જક આઈનીને પનાહી એ ગેહાન હમાએ કર્દ અમત કએ ખુસ્રુબ અજદીનચારે વરે ચએચસ્ત હમાએ કુન્દ મદમ વલ બુશે સુસીઆ નેશસ્ત વ તાર તુંમ બરા જદ વ રોશન બરા કદ વદ અજદી-ચાર ખપુન્દ પવન હમ તેમમન પવન અઇવન્દ કુફ આતત્રો ગુશસ્પ બરા વલ દાદગાસ ઇતીબુનેસ્ત (બુનદેહેશ, બાબ ૧૭, ફ. ૭. મારી બુનદેહેશ, પાના ૭૨—૭૩)

અર્થ—કએખુસ્રુની પાદશાહી સુધી આદર ગુશસ્પ એજ રીતે દુનિયાની પાસબાની કરતો હતો જ્યારે કએખુસ્રુએ ચએચસ્ત સરોવરની મૂર્તિઓનાં મકાનો

ખોડી કાહાડયાં ત્યારે તેના ઘોડાની યાળ ઉપર તે બેઠો અને સીહા અંધકારને મારી દૂર કીધું અને સઘળું રોશન કીધું અને તેથી મૂર્તિઓનાં મકાનો ખોડી કહાડયાં. તેજ જગ્યાએ અસ્નવંદ પહાડ ઉપર તેણે દાદગાહમાં આદર ગુશસ્પને સ્થાપ્યો.

પેહલવી—ચએચસ્ત વર ઇ લા સર્માક વાત યખ્સૂનેત મૂનશ પવન બારી ઇતીબૂનેત આતશે ઇ ગુશોસ્પો ઇ પીરૂજગર (જાદસ્પરમ, બાબ ૬, ફ. ૨૨. Dr. West's Text in "The Avesta Pahlavi and ancient Persian Studies" in honour of Dastur Dr. Peshotan B. Sanjana, p. LXXI)

અર્થ—ચએચસ્ત સરોવર, જે પર થંડો પવન ફુંકતો નથી અને જેના કીનારા ઉપર ફતેહમંદ આદર ગુશસ્પ પરથાયલો છે.

કએખુસ્રુએ દજે બહમનનો કિલ્લો જીત્યો અને ત્યાં આદર ગુશસ્પ નામે એક આતશ કદેહ, જે આતશ કદેહને આતશની નીઆએશમાં યાદ કરવામાં આવે છે, તે સ્થાપ્યું.[1] આ ફતેહ ઉપરથી કાઉસે ઇરાંનની ગાદી કએખુસ્રુને આપી. અહીં સ્થાપેલા આ આતશકદેહને આદર ગુશસ્પ નામ એટલા ઉપરથી આપવામાં આવ્યું હતું કે કએખુસ્રુના ઘોડા (અસ્પ)ના કાંન (ગુશ)

---

૧ આ આતશ કદેહની તવારીખ માટે જુઓ મારા "ઇરાની વિષયો" ભાગ ૧ પાના ૧૨૫—૪૮.

ઉપર કોઈ કુદરતી વિજળીક રોશની પડી હતી. તે રોશનીની બરકતથી હિમ્મત લેઈ કએખુસુએ એ કિલ્લો જીત્યો હતો.

આ કિલ્લાવાળો અર્દબીલનો મુલક ગરમ પાણીના ઝહરાઓવાળો અને કુદરતના અદભુત બનાવોને પાત્ર મુલક હતો. તેથી ત્યાં હવાની વિજળી વગેરેનાં દેખાવો (Electric phenomena) સાધારણ હતા.

બાબ સોળમો.

શાહ કએખુસ્રુ.

અવસ્તા—"કવોઈશ હઓસ્રવંઘહો અષઓનો ફ્રવષીમ યઝમઈદે, અમહેચ પઈતિ હુતાસ્તહે, વેરેથ્રઘ્નહેચ પઈતિ અહુરધાતહે, વનઈનત્યાઓસ્ચ પઈતિ ઉપરતાતો, સંઘઉહસ્ચ પઈતિ હુસસ્તયાઓ, સંઘઉહસ્ચ પઈતિ અમુયમ્નયાઓ સંઘઉહસ્ચ પઈતિ અવનેમ્નયાઓ, હથ્રવતહેચ પઈતિ હમેરેથનાંમ" (ફ્રવર્દીન યશ્ત, ક. ૧૩૨–૧૩૩).

અર્થ—ભલી પેદા કરેલી હિમ્મતને માટે, અહુરની પેદા કીધેલી ફતેહને માટે, (બુરાઓને) મારનારી

સરસાઇને માટે, સારી શિખામણુ આપનારી કહેતીઓ માટે, અસરકારક કહેતીઓ માટે, નિષ્ફળ નહિ થાય એવી કહેતીઓ માટે, હરીફોને હરાવનાર કૌવતને માટે, અશો કએખુસુનાં ફરોહરને અમો આરાધ્યે છિએ.

ફર્વર્દીન યશ્તને મથાળે મેલેલો ફકરો એ પાદશાહની કારકીર્દી અને વર્ત્તણુકનો જાણે ટુંકમાં ખ્યાલ આપે છે. એ ફકરા મુજબ એ પાદશાહ હિમ્મતવાન અને ડાહયો હતો. તેણે ઇરાન દેશ માટે તુરાન ઉપર કેટલીક ફતેહો મેલવી હતી. તેણે ઇરા-નીઓને ઘણીક ડાહી શિખામનો દીધી હતી. આ પાદશાહનું નીચલું વર્ણન આ ફકરા મુજબની તેની હકીકત ખરી પાડે છે.

ફીર્દોસી કહે છે કે તેણે રાજગાદીએ આવતાં મજબુત ઇન્સાફ સ્થાપ્યો. જ્યાં વેરાની હતી ત્યાં આબાદી કીધી. જ્યાં બદી હતી ત્યાં નેકી પાંથરી. જ્યાં ગમગીની હતી ત્યાં ખુશી પાંથરી.

અવસ્તા—"તાંમ યજ़ત અર્ષ અઇર્યનાંમ દખ્યુનાંમ ક્ષથ્રાઈ હનકેરેમો હઓસ્રવ." (અશીશવંઘ યશ્ત, ફ. ૪૧.)

અર્થ—તેણી(અશીશવંઘ)ને ઇરાનના દેશોના રાજ્યને એક કરનાર કએખુસ્રુએ આરાધી.

શાહ કએખુસ્રુની સિફ્તમાં અવસ્તાના ઉપલા ફકરામાં અને ગોશ યશ્તમાં એક સિફ્ત આ છે, કે એ પાદશાહ ઇરાનના રાજ્યોને એક કરનાર (જોડી દેનાર) હતો. એની મતલબ આ દિસેછે કે તેણે પોતાના રાજ્યના જુદા જુદા ભાગોને એકમેક સાથ વધારે સંબંધમાં લાવી જોડી દીધા[૧]. આમ કરવા માટે એક પગલું, જે પેહેલે જરૂરનું તે તેણે પેહેલે લીધું અને તે આ કે પાદશાહી ઉપર આવતાં તેણે પોતાની નજદિક પોતાના સર્વ સરદારો અને હાકેમોને ભેગા કીધા અને તેઓને બે ભલા શબ્દો કહયા અને પછી પોતે પોતાના મુલકોમાં ફર્યો. જ્યાં તેણે વેરાની જોઈ ત્યાં આબાદાની કરવાનાં સર્વ પગલાં ભર્યાં. ઇનસાફને સર્વ જગ્યાએ સારા પાયા ઉપર મુકયો. સર્વ મુલકોમાં ફરી આવી જગ્યાએ વ્યવસ્થા સ્થાપી. પછી પોતે સ્થાપેલાં આદર ગુશસ્પનાં આતશ બેહરામમાં ગયો અને ત્યાં ખુદાની શુકરગુજારી કરી.

---

૧ કોઇક યુનાની લખનાર લખી ગયો છે કે ઇરાનનું તપાળખાતું હખામીનીઅન પાદશાહોના વખતમાં પગભર હતું. એવું દીસે છે પાદશાહ કએખુસરૂએ પણ પોતાના સર્વ મુલકમાં મુસાફરી કરી એ મુલકો વચ્ચેનો વેહેવાર એક કીધો. અને ઇરાંનનાં રાજ્યોને એક કરનાર કહયો છે તે આ સબબે પણ હોય. ફારસી નામાઓમાં કાસદ માટેનો શબ્દ આપણો 'હલકારો' જોઇએ છીએ. તે કદાચ અસલમાં અવસ્તા શબ્દ હનકાર (સાથે કરી નાખનાર) જે કએખુસરૂને લગાડયોછે તેનું રૂપ હોય.

કએખુસ્રુએ પોતાના બાપ સ્યાવક્ષના ખુનનો અફ્રાસ્યાબ ઉપર કિનો લેવા માટે શાહ કાઉસ આગળ સપત લેવા.

અવસ્તા--તાંમ યજત અર્ષ અર્યનાંમ દખ્યુનાંમ ક્ષથાઇ હનકેરેમો હુઓસ્રવ......દજદિ-મે વંઘુ ઉહિ સેવિશ્તે દ્રવાસ્પે તત આયપ્તેમ, યથ અજેમ નિજનાની, મઇરીમ તુઇરીમ ફ્રંઘ્રસ્યાનેમ, પસ્નેવરોઇશ ચએચિસ્તહે, જફ્રહે ઉર્વ્યાપહે, પુથ્રો કએન સ્યાવરષાનાઇ જુ.રોજતહે નરહે, અઘ્રએરથહેચ નરવહે." (ગોશ યશ્ત ફ. ૨૧-૨૨)

અર્થ--તેણી (દ્રવાસ્પ)ને બહાદુર ઇરાન દેશોના રાજ્યોને જોડી નાખનાર કએખુસ્રુએ આરાધી (અને દુઆ માગી) કે "અએ ભલી (તથા) ઘણોાજ ફાયદો કરનારી દ્રવાસ્પ ! (તું) આ મુરાદ બખશ, કે ઉંડા (તથા) બોહળાં પાણીવાળા ચએચસ્ત (નામના) સરોવરની પેલી પાર (અથવા પછવાડે) ખુની તુરાની અફ્રાસ્યાબને હું જાસ્તીથી માર્યા ગયલા બહાદુર સ્યાવક્ષના અને બહાદુર અગ્રેરસના કિનામાં મારૂં."

ઉપલી અરજ કએખુસ્રુ અશીશવંઘ યશ્ત (ફ. ૪૧-૪૨)માં પણ ગુજારે છે. ગોશ અને અર્શીશવંઘ યશ્તોના ઉપર જણાવેલા ફકરામાં એશારો કરવા પ્રમાણે શાહનામા મુજબ કએખુસ્રુએ ઇરાંનના આખા મુલક-

માં ફરી આવી, શાહ કાઉસના આગ્રહથી આતશ હજુર, જાલ અને રૂસ્તમની સહિ સાથના એક દસ્તાવેજ સાથે, સોગંદ લીધા કે તે એક બેટા તરીકે પોતાના બાપ સ્યાવક્ષનાં ખુનનો કિનો અફ્રાસ્યાબ ઉપર લેશે. ત્યાર પછી તેણે પોતાનાં લશ્કરના મોટા અમલદારો અને સેપાહોની એક તપાશ (Review) લીધી અને સર્વને જણાવ્યું કે તેઓ એક માસમાં લડાઇ માટે તૈયાર થાય.

અફ્રાસ્યાબ સાથે કએખુસ્રુની ત્રણ લડાઇઓ.

અવસ્તા—ઉઘ્રેમ કવએમ ખરેનો મજદધાતેમ યજમઇદે...યત ઇસત મઇર્યો તુઇર્યો ફ્રંઘરસે......આ તત ખરેનો ફ્જગધત......આત્બિતીમ......આ-તત ખરેનો ફ્જગધત......આથ્રિતીમ......આ-તત ખરેનો ફ્જગધત (જમ્યાદ યશ્ત, ક. ૫૫ થી ૬૨).

અર્થ—મજદના પેદા કરેલાં મજબુત કેઆની ખોરેહને અમો આરાધ્યે છિએ......જે (ખોરેહે) ઘાટકી તુરાની અફ્રાસ્યાબે મેલવવાને ઇચ્છયું...તે ખોરેહ તેનાથી નાસી ગયું......બીજી વાર......તે ખોરેહ તેનાથી નાસી ગયું...ત્રિજી વાર તે ખોરેહ તેનાથી નાસી ગયું.

તુરાનના ઘાટકી પાદશાહ અફ્રાસ્યાબે, ઇરાન ઉપર હુમલો કરી ઇરાનના કેઆની પાદશાહોનું રાજ્ય

મેલવવા અને ઇરાનની ગાદીએ બેસવા, મીનોચેહુરથી કાઉસ સુધીના પાદશાહોના વખતમાં, ત્રણ ત્રણ વખત મોટી કોશેસ કીધી, પણ તે કોશેસમાં તે ફાવ્યો નહિ. ગોયા તે ઇરાની કેઆનીઅન ખોરેહ મેળવવાને યા ઇરાની કેઆનીયન તખ્ત ઉપર બીરાજવાની કીર્તિ મેલવવાને ત્રણ ત્રણ મરતબે નિષ્ફળ નિવડયો. તે નિષ્ફળતા પછી તેનો છેવટનો અંત શાહ કએખુસુને હાથે આવે છે. તે લડાઇઓ બાબે થોડોક વિચાર કર્યે.

અફ્રારયાબ સામે કએખુસુની પેહલી લડાઇ. તેમાં ઈરાનીઓની મોટી હાર.

કએખુસુએ કેટલાક પહેલવાનોને જુદે જુદે મુલક ઇરાંનની સત્તા સ્થાપવા મોકલ્યા. તેમાં રૂસ્તમને કહ્યું, કે તેણે તેના બેટા ફરામરોજને હિંદુસ્તાન તરફ કનોજથી સિસ્તાન સુધીનો મુલક જીતવા મોકલવો. તુસ પેહેલવાંનને તેણે તુરાન તરફ મોકલ્યો, પણ તેને ખાસ હોકમ આપ્યો કે તેણે કલાતનાં[1] કિલ્લા તરફથી જવું નહિ, સબબ કે ફરૂદ, જે સ્યાવક્ષની બીજી બાયડી જરીર, તે પીરાંન વજીરની બેટીને પેટે અવતરેલા બેટા તરીકે, તેનો સાવકો ભાઈ થતો હતો,

[1] એ કલાત પાછળથી "કલાતે નાદીર" નામનો કિલ્લો હતો કે જે ફીર્દોસીનાં જન્મ શહેર 'તુસ'થી થોડેક દુર આવ્યો હતો."

તે ત્યાં રહેતો હતો.[1] ત્યાંથી પસાર થતાં કદાચ તેની સાથ લડાઈ બરપા થાય, કે જે લડાઈ કએખુસ્રુ કરવા માંગતો હતો નહિ. તુસ લશ્કર સાથે તુરાંન ભણી જવા નિકલ્યો, પણ કએખુસ્રુએ ના કહેવા છતાં કલાતને માર્ગેજ ગયો. અને માર્ગમાં લડાઈ થતાં ફરૂદ માર્યો ગયો.

હવે તુસ ઇરાંની લશ્કર સાથે તુરાન ભણી કાંસે નદી (કાંસે રૂદ) તરફ આગળ વધ્યો. અફ્રાસ્યાબને ખબર પડી કે ઇરાંની લશ્કર કાંસે રૂદ સુધી આવી પોહતું છે. તે પીરાન સાથ મશવરત કરીને સાંમે ગયો. એક રાત્રે છુપી રીતે તુરાનીઓએ ઇરાનીઓ ઉપર હુમલો કર્યો. ઇરાંનીઓ તે રાત્રે એશઆરામથી શરાબની કેફમાં ગફલતીથી સુતા હતા. ગોદ્રેજ એકલો હુશ્યાર હતો. તુરાનીઓએ ઇરાનીઓને પુષ્કળ માર્યા. તેઓનો નજદીક $\frac{2}{3}$ ભાગ માર્યો ગયો અને જખમી થયો. જખમીની સારવાર કરવા કોઈ તબીબ (બજશ્ક) પણ તૈયાર હતો નહિ. ઇરાંનીઓ તે કિલ્લો છોડી પાછા કાંસે નદી તરફ ન્હાઠા. ગોદરેજે ત્યાંથી એક કાસદ મોકલી શાહ કએખુસ્રુને સર્વ હકીકતથી વાકેફ કીધો. શાહ આ ખબર સાંભળી દલગીર થયો. એકતો તુસે

---

૧ કએખુસ્રુની માતાનું નામ શાહનામા પ્રમાણે ફીરંગીજ હતું. બુનદેહશમાં આ નામ વીસ્પાન ફ્રયા છે (બાબ ૩૧ ફ. ૧૮). એ નામના પાછળા ભાગ ફ્રયા ઉપરથી ફીરંગેજ બન્યું છે.

તેના હોકમનો અનાદર કરી કલાતનો માર્ગ લઈ, ત્યાં તેના ભાઈ ફરૂદને મારી નાખ્યો, તેનો શાહને ગમ લાગો હતો, અને બીજું તો તુસ બેદરકાર રહી ઇરાંની લશ્કર ઉપર આવી નામોસી લાવ્યો. શાહે પોતાના કાકા ફરેબુર્જ ઉપર એક નામું લખી તેને ઇરાંની લશ્કરનો સેપાહસાલાર બનાવ્યો અને તુસને બોલાવી લીધો. પછી તુંસને બહુ ઠપકો આપી બંદીખાંને નાંખ્યો.

ફરેબુર્જે લશ્કરની સરદારી લેઈ રેહામ પહેલવાનને પીરાંન આગળ મોકલી એક માસની લડાઈથી મેહેતલ માગી. પીરાંને તે આપી. ફરેબુર્જે તેનો લાભ લઈ લશ્કરને પાછું બરપા કરયું અને લડાઈ કરી. તે લડાઈમાં પણ ઇરાંનીઓ હાર્યા.

આ ખુનખાર લડાઇમાં ગોદ્રેજના ૭૦ બેટાઓમાંથી સાત સિવાય સર્વ માર્યા ગયા. ગેવની પેહેડીના ૨૫ પહેલવાંનો અને શાહ કાઉસના ખાંનદાંનના ૮૦ શાહજાદાઓ માર્યા ગયા. કાઉસનો પોતાનો બેટો રીવનીજ પણ માર્યો ગયો.' તુરાનીઓની બાજુએ પીરાંનના ૯૦૦ કુતંબીઓ અને ખેશીઓ અને ખુદ અફ્રાસ્યાબના ૩૦૦ કુતંબીઓ અને ખેશીઓ માર્યા ગયા. લડાઇનું સેવટ ઇરાંનીઓની મોટી હારમાં આવ્યું અને તુરાનીઓની ફતેહ થઇ. ફતેહની કીર્તિ પીરાંનને આભારી હતી.

આ ખુનખાર લઢાઇમાં પોતાની આવી હાર પછી ઈરાંની સરદારોએ મસલત કરી ઇરાંન ભણી પાછું ફરવાનું દરૂસ્ત ધાર્યું અને તેઓ ઈરાંન પાછાં ફર્યા.

કએખુસ્રુની અફ્રાસ્યાબ સામે બીજી લડાઇ. તુસની પીરાન વેસે સાથે લડાઇ. કામુશ કાસાનનું દાસ્તાન. કામુશનું રૂસ્તમને હાથે માર્યા જવું.

અવસ્તા—તાંમ યજત તખ્મો તુસો રથએશતારો બર્ષએપુ પઇતિ અસપનાંમ...આઅત હીમ જઇધ્યત ...યત બવાનિ અઠવિ–વન્યાઓ અઉર્વ હુનવો વએસકય...યથ અજેમ નિજનાનિ તુઇર્યનાંમ દખ્યુનાંમ પંચસઘ્નાઇ સતઘ્નાઇશ્ચ સતઘ્નાઇ હજંઘ્રઘ્નાઇશ્ચ હજંઘ્રઘ્નાઈ બએવરેઘ્નાઇશ્ચ બએવરેઘ્નાઇ અહાંક્ષતઘ્નાઇશ્ચ દથત અઘ્નાઇ તત અવત્ત આયપ્તેમ અરેદ્વી સૂર અનાહિત (આંવાં યશ્ત, ફ. ૫૩–૫૪).

અર્થ—તેણી આવાં અરદ્વીસુરને બહાદુર પેહેલવાન તુસે ઘોડાની પીઠ ઉપર લઢાઇ લડતાં આરાધી...અને તેણીની પાસે માગ્યું કે હું પીરાન વએસના ખાનદાનના બહાદુર જવાનોને મારનાર થાઉં. હું તુરાની મુલકોનાં પચાસથી સો ઘણા, સોથી હજાર ઘણા, હજારથી દશહજાર ઘણા, દશહજારથી અગણિત ઘણા

લોકોને મારૂં. અર્દવીસુર અનાહિતએ તેની એ મોરાદ બક્ષી.

થોડા વખત બાદ કએખુસ્રુએ અફ્રાસ્યાબ સાંમે બીજી લડાઇ જાહેર કરી, તુસના આગ્રહથી તેને લશ્કરની સરદારી પાછી આપી અને ગેવને તેનો ખાસ સલાહકાર નેમ્યો. ઇરાંની લશ્કર તુરાંનની સરહદ ઉપર આવતાં પીરાંન સાથે કેટલોક પત્રવેહવાર ચાલ્યો. એ પત્ર વેહવારમાં વખત કાહાડી પીરાંને અફ્રાસ્યાબને તુરત ખબર આપી મોટું લશ્કર મંગાવ્યું. લડાઇમાં પેહેલે દાહાડે તુસને હાથે તુરાંની સરદાર અરજંગ માર્યો ગયો. બીજે દાહડે તુસ અને હોમાંન વચ્ચે હાથોહાથ લડાઇ થઇ, પણ સેવટ કોઇની તરફેણમાં આવ્યું નહિ. ત્રીજે દાહાડે ફરીથી લડાઇ શરૂ થતાં ઇરાંની લશ્કર બરફ, કરાં વિગેરેનાં તોફાંનમાં સપડાયું. મામલો મુશકેલ જોઇ તુસે રાતોરાત ઇરાંની લશ્કર સાથ પાછું હઠવા માંડયું. એમ પાછો ફરી તેણે ત્રીજે દાહાડે લશ્કરને નજદીકના હમાવન પહાડ ઉપર, સલાંમત જગ્યાએ, ચહડાવી દીધું અને શાહ કએખુસ્રુ ઉપર કાસદ મોકલી જાલની સરદારી હેઠળ વધુ લશકર માંગ્યું.

કએખુસ્રુને ઇરાંનીઓની બતંગ હાલતની ખબર પડતાં તેણે રૂસ્તમની સરદારી હેઠળ એક મોટું લશકર તેઓની મદદે મોકલ્યું. રૂસ્તમ ફરેબુર્જને આગલથી

માન અકરાંમ સાથે તે પાહડ ઉપર દાટી અને તેના ઉપર એક બુલંદ કબર બનાવી. પછી ગેરૂઇ, જેણે તેના બાંપ સ્યાવક્ષને મારી નાખ્યો હતો, તેને તેણે મારી નખાંવ્યો.

તુરાંની લશ્કર, જે હવે કોઈ પણ પેહેલવાંનો વગર ત્યાં પડેલું હતું, તેણે શાહ પાસે માફી ચાહી. શાહે તેઓને માફ કરી જીવતદાન બખશ્યું.

હવે પેલા હમાવંનના પહાડી કિલ્લામાં ઈરાંનીઓ ખોરાકની તંગીથી બહુ બતંગ થતા જતા હતા. તેવામાં તુસે એક રાત્રે સ્વપ્નામાં સ્યાવક્ષને જોયો અને તેનાથી હિમ્મતના શબ્દો સાંભળ્યા. તે ઉપરથી હિમ્મત પકડી બહાર નિકલી તુરાંનીઓ સાથે લડાઇ કરવા માંગી. પણ પીરાંને લડાઇ નહિ કરી ફક્ત ઘેરો નાંખી બેસી રહેવાને દરૂસ્ત ધાર્યું. તેવામાં તુરાનીઓની મદદે ચીનનો ખાકાંન, માવરઅનનેહર (Transoxania) નો એક સરદાર નામે ફરસતુસ, મનશુર નામનો સરદાર, અને કામુસ કશાની આવ્યા. વલી સેપંજાબથી રૂમ સુધીના મુલકથી લશ્કર મદદે આવ્યું. એ ઉપરાંત સકલાબના મુલકથી કન્દર આવી પોંહુતો, અને બીવર્દે કાતી એટલે કાતના મુલકનો બીવર્દ અને સગસારથી ગર્ચેહ અને હિંદથી શંગલ, ચેગાનથી ફર્તુસ, ગહાનથી ગહાર, શીકીનથી શમીરાન અને વહરથી ગર્ગુ લશ્કર સાથે આવી પોંહતા.

બીજા હાથ ઉપર ઇરાંનીઓ, શું કરવું, તેની ચિંતામાં હતા. તેવામાં કિલ્લાના બુરજ ઉપરથી ચોકીબાને તુરકસ્તાનના માર્ગ તરફથી લશ્કર આવતું જોઇ તે બાબેની ખબર આપી. તે સાંભળી બુઢ્ઢા ગોદ્રેજ અને બીજા ઇરાનીઓ ગભરાવા લાગ્યા. તેઓએ લશ્કરના બચાવ માટે ખાહી (trenches) ખોડવાનો વિચાર કર્યો (યકી કન્દંહ સાજીમ પાશે સેપહ). તેઓને થોડાક વખતમાં તેજ ચોકીબાને દૂરથી ઇરાંનના મુલક તરફથી એક લશ્કર આવવાની ખબર આપી કે વરૂ, અજદાહ અને સિંહના વાવટાઓ સાથે ઇરાની લશ્કર આવે છે. તે સાંભળી તેઓ ખુશી થયા.

હવે એક ગમ તુરાની અફ્રાસ્યાબની મદદે આવેલા ઉપલા જુદે જુદે મુલકના સરદારોનાં લશ્કરોએ પડાવ નાંખ્યો અને બીજી ગમ ઇરાંનીઓની મદદે આવેલાં ફરેબુર્જનાં લશ્કરે પડાવ નાખ્યો. રૂસ્તમ પોતાનાં લશ્કર સાથે હજુર પછવાડે માર્ગમાં હતો. તેથી ઇરાંનીઓ લડાઈ માટે તેની આવવાની રાહ જોતા હતા, સબબ કે રૂસ્તમે કહેવાડયું હતું કે તેના આવવા સુધી કોઇએ લડાઇ કરવી નહિ. તેટલામાં ચીનના ખાકાને લડાઇની તૈયારી કીધી. કામુશ, બીવર્દ, ખાકાંન, ફર્તુસ અને હિંદી શંગલે બાહાર આવી ઇરાંની લશ્કરને જોઈ લડાઇની તૈયારી કીધી. કામુશ જંગનાં મેદાનમાં

આવ્યો. તેથી ઇરાનીઓ તરફથી ગેવને, અને તે મુશ્કેલીમાં આવવાથી તેની મદદે તુસને, મેદાનમાં આવવાની ફરજ પડી. રાત પડતાં બન્ને તરફનાં સરદારો છાવણીમાં ગયા.

રૂસ્તમની અશ્કબુસ સાથે અને પછી કામુશ સાથે લડાઇ.

સહુવાર પડતાં રૂસ્તમ પોતાનાં લશ્કર સાથે આવી પહોંતો. તેનો વાવતો ઉડતો જોઇ ઈરાનીઓને ઘણી હિમ્મત આવી. રૂસ્તમે ગોદ્રેજથી સર્વ હકીકત જાણી. પછી તુરાંનીઓ તરફનાં લશ્કરે લડાઈ માટે સફ સમારી. રૂસ્તમના રખશે દરરોજ ત્રણ ત્રણ મંજલની કુચ કરી હતી, તેથી રૂસ્તમે તે દીને પોતે લડાઇમાં ઉતરવાનું દરૂસ્ત ધાર્યું નહિ, અને એક પહાડની શરીલ ઉપરથી લડાઈ નેહાલી. તુરાનીઓ તરફથી કાશાનનાં લશ્કરનો અશ્કબુસ નામનો સરદાર મેદાનમાં આવ્યો. ઈરાંની રેહામ તેની સામે લડવા આવ્યો પણ હાર ખાઇ પહાડ તરફ ન્હાઠો. રૂસ્તમ આ મામલો જોઈ પાંઉપેઆદો તેની સાંમે લડવા આવ્યો અને તેને એક તીરથી માર્યો.[1]

---

૧ આ લડાઇનાં વર્ણનમાંના કમાન પર તીર ખેંચવાના ફીર્દોસીના શબ્દો મશહુર થયલા છે. જુઓ મારૂં પુસ્તક "શાહનામું અને ફીર્દોસી," પા. ૬૬-૬૮.

બીજે દિવસે કાશાનનો કામુસ લડાઇનાં મેદાનમાં આવ્યો. અલવા નામનો જાબુલી પેહેલવાન તેનાં સામે ગયો, પણ તુરત માર્યો ગયો. આ મામલો જોઇ રૂસ્તમ લડાઇનાં મેદાનમાં આવ્યો અને કામુશને હરાવ્યો. તેણે તેને પોતાની કમન્દમાં પકડી ઘોડા ઉપરથી નીચે નાખ્યો અને પછી બાંધીને પોતાના લશ્કર ભણી લઇ ગયો. ત્યાં તેના સરદારોએ તેને મારી નાખ્યો.

અફ્રાસ્યાબ સાથની બીજી લડાઇ. તેનો બીજો તબકકો. રૂસ્તમની હિંદના શંગેલ અને ચીનના ખાકાન સાથે લડાઈ.

ઇરાની પેહેલવાન રૂસ્તમ, જેને અફ્રાસ્યાબની મદદે આવનાર ચીનનો ખાકાંન અને બીજા પાદશાહો હજુ રૂસ્તમ તરીકે પીછાનતા હતા નહિ, તેને હાથે કામુસનું, મરણ થયલું જાણી, મદદે આવનાર પાદશાહોનું લશ્કર ચિંતાતુર થયું. તેઓ સર્વ તે પહેલવાંનનું નામ નિશાણ જાણવાને આતુર થયા. પછી પોરાંન ઈરાંની પેહેલવાન (રૂસ્તમ) આગળ ગયો. રૂસ્તમે પીરાંનની કએખુસ્રુ તરફની સેવાઓને આભાર સાથે યાદ કીધી. પીરાંને કએખુસ્રુ અને ફીરંગીઝ માટે, તેણે જે જે કર્યું હતું તેનું, ટુંકમાં વર્ણન કીધું

અને છેવટે ઇચ્છયું કે રૂસ્તમ લડાઈ બંદ કરી સુલેહ કરે. રૂસ્તમે બે સરતોએ સુલેહ કરવા કહી. એક આ, કે જેઓએ સ્યાવક્ષને મારી નાખવામાં ભાગ લીધો હતો, તે સર્વને પીરાંન કએખુસ્રુ આગળ મોકલી દે. બીજી આ, કે પીરાંન પોતે શાહ કએખુસ્રુ આગળ આવે. પીરાનને આ સરતો મુદલ પસંદ આવી નહિ. તેણે પાછો ફરી પોતાના તુરાની સરદારોને અને ચીનના ખાકાન અને બીજા મદદે આવેલા પાદશાહોને સર્વ હકીકત કહી અને જણાવ્યું કે પેલો ઇરાંની પેહેલવાન રૂસ્તમ પોતે છે. આ પછી તુરાંનીઓએ અને મદદગાર પાદશાહોએ ઇરાની ઓ સાથે લડવાની તૈયારીઓ કરી. લડાઇ શરૂ થતાં હિંદુસ્તાનનો રાજા શંગલ રૂસ્તમ સામે લડવા આવ્યો પણ હારીને ન્હાઠો. પછી ઘણી ખુનખાર લડાઇ બન્ને લશ્કરો વચ્ચે ચાલુ રહી. રૂસ્તમ લડતો લડતો ચીનના ખાકાન આગળ ગયો અને તેની સાથે લડાઇ કરી તેને બંદીવાન કરી તુસને સ્વાધીન કીધો.

છેવટે, એ લડાઇ ઇરાનીઓની સંપુર્ણ ફતેહમાં તમામ થઇ. રૂસ્તમે ફરેબુર્ઝ મારફતે આ ફતેહની ખુશ ખબર શાહ કએખુસ્રુને કેહવાડી અને લડાઈમાં મેળવેલી લુટમાંથી કિમતી ચીજો પાદશાહ ઉપર મોકલી. ફરેબુર્ઝે ફતેહનો પેગાંમ અને પેલી કિમતી ચીજો શાહને પોંહોંચાડી. શાહે રૂસ્તમ ઉપર એહસાંન

સાથે માયાભરેલો જવાબ ફરેબુર્જની મારફતે મોકલ્યો અને વધું કહેવાડયું કે રૂસ્તમે હજુર લડાઇ ચાલુ રાખી અફ્રાસ્યાબને કેદ પકડવો.

કએખુસ્રુની અફ્રાસયાબ સાંમેની બીજી લડાઇ ચાલુ. માર્ગમાં માણસખાઉ કાફરનું રૂસ્તમને હાથે માર્યા જવું.

રૂસ્તમ કએખુસ્રુના હોકમ મુજબ આગળ વધ્યો અને સોગ્દના મુલકમાં થઇ બીદાદ નામનું શેહેર, જેમાં માણસને ખાનારાં માણસો રહેતાં, ત્યાં આવી પોહોંતો. ત્યાંનાં લોકો માણસનાં માંસનો ખોરાક લેતા. ત્યાંનો પાદશાહ ખુબસુરત સ્ત્રિઓને મારી તેઓનું માસ ખાતો. તે પાદશાહનુ નાંમ કાપુર હતું. રૂસ્તમે ૩૦૦૦ માણસોનાં લશ્કર સાથે ગસ્તાહમ, બેજન અને હજીરને તેની સામે મોકલ્યા. કાફરનાં લશ્કર સાથે લડાઇ થતાં ઇરાનીઓ હાર્યા અને ગસ્તહમે રૂસ્તમને તેડવા બેજનને મોકલ્યો. રૂસ્તમ પોતે લડાઇનાં મેદાનમાં આવ્યો. તે જોઇ કાફુર પોતે તેની સાંમે ધયો અને લડાઇ કરતાં રૂસ્તમને હાથે માર્યો ગયો. પછી રૂસ્તમે તેનું શેહેર, જેનો કિલ્લો બુલંદ અને અજીત હતો, તેની ઉપર ઘેરો નાખ્યો અને તેની નીચે જમીનમાંથી ખાણુ ખોડી તે ઉપર હુમલો કરી તેને સાગાવી દીધો. પછી ઘણુ દાહડા ત્યાં ખુશી અને

આરામ સાથ આસાયશ લેઇ ચોથે દાહાડે તે ઇરાની લશ્કર સાથ આગળ વધ્યો.

કએખુસ્રની અફ્રાસ્યાબ સાંમેની બીજી. લડાઇ. તેનો ત્રીજો તબક્કો. પોલાદવંદનું રૂસ્તમને હાથ માર્યા જવું.

એ વખતે ચીનના એક પહાડી મુલકમાં પોલાદવંદ નામે એક દલેર પાદશાહ રાજ્ય કરતો હતો. તે પાદશાહ તરફ અફ્રાસ્યાબે એક નામુ આપી પોતાના બેટા શીદેહને મોકલ્યો અને તે પાદશાહ પાસે ઇરાનીઓ સામે મદદ માગી. પોલાદવંદ પોતાનાં લશ્કર સાથે અફ્રાસ્યાબની મદદે તેની આગળ આવ્યો, અને લડાઇ માટે વાતચીત કરી કેટલીક ગોઠવણ કીધી. પછી ઇરાની અને તુરાની બન્ને લશ્કરો લડાઇનાં મેદાનમાં ભેગાં મલ્યાં. લડતાં લડતાં પોલાદ-વંદ, જયાં તુસ પોતાનાં લશ્કરની હરોળમાં લડતો હતો, ત્યાં આવ્યો અને તેની સાથે લઢી તેને ઘોડાનાં જીન ઉપરથી ઉઠાવી નીચે જમીન ઉપર પટકયો. આ મામલો જોઇ ગેવ પોતાના શબ્દેજ ઘોડા ઊપર તેની સામે ગયો. બેજન અને રેહામ તેની કુમકે ગયા. આ પાછલા બન્ને પેહેલવાંનોને પોલાદવંદે જમીન પર ફેંકયા અને ઇરાની લશ્કરના કાવ્યાની ઝુંડા તરફ ધસી તેનાં બે તુકડા કરી નાંખ્યા. રૂસ્તમને ખબર

પડતાં તેણે ખુદાતાલાને યાદ કરી ફતેહ માંગી અને હિમ્મત ધરી પોલાદવંદ સામે ગયો. બન્ને જન હાથોહાથ ઘણો વખત લડયા અને એકમેકનાં જોર માટે ચિંતાતુર વિચાર કરવા લાગ્યા. એ હાથોહાથ હથ્યારની લડાઇમાં કોઇ એક પણ બીજા ઉપર સરસાઇ મેલવી શકયો નહિ, ત્યારે પોલાદવંદે કુસ્તી લડવાની સુચના કરી, એવી સરતે કે, એ કુસ્તીની લડાઇમાં કોઇ બીજો વચ્ચે પડે નહિ. રૂસ્તમે તે કબુલ રાખી. બન્ને ઘોડા ઉપરથી ઉતરયા, અને કુસ્તી રમવા લાગ્યા.

છેવટે રૂસ્તમે પોલાદવંદને કુસ્તીમાં ઉઠાવી જમીન ઉપર ફેંકી મજબુત પટકી નાંખ્યો. રૂસ્તમે જાણ્યું કે તેનાં હાડકાં ભાંગી ગયાં છે અને તે મરણ પામ્યો છે. તેથી તુરત ઘોડા ઉપર સવાર થઇ ઇરાંની લશ્કર તરફ ચાલી ગયો. પોલાદવંદ, જે જાણે મરણ પામ્યો હોય તેમ જમીન ઉપર પડી રહેલો, તે થોડા વખતમાં તુરત ઉઠી દોડી જઇ એકદમ અફ્રાસ્યાબ તરફ ન્હાઠો. હવે અફ્રાસ્યાબ પણ ન્હાઠો. તુરાંન છોડીને તે ચીન અને માહચીનના મુલક ભણી ગયો. રૂસ્તમ અને તેનાં ઇરાની લશ્કરે તુરાનીઓ ઉપર હુમલો કરી તેઓ-ને મજબુત શીકસ્ત આપી અને ઘણી લુટ મેળવી. તેમાંથી કેટલોક કિમતી ભાગ રૂસ્તમે શાહ કએખુસ્રુ ઉપર મોકલ્યો. પછી રૂસ્તમ પોતે ઇરાંની લશ્કર સાથે ઇરાંન ભણી શાહ કએખુસ્રુ આગળ ગયો. શાહે તેને

ઘણા માન સાથે આવકાર આપ્યો. શાહની દરબારમાં ખુશી ખુરમી સાથે એક મહિનો રહી રૂસ્તમ પોતાના ઝાબુલસ્તાનના મુલકમાં પોતાનાં બાપ ઝાલ આગળ ગયો.

શાહ કએખુસ્રુએ પોતાની રૈયતની ફર્યાદની દાદ લેવી. તેનો પેહેલો દાખલો. અકૂવાંન દેવને રૂસ્તમને હાથ મરાવવો.

પાદશાહ કએખુસ્રુ પોતાની રૈયત ઉપર કાંઇ મુશ્કેલી હોય તો તેઓની દાદ લેઇ તે ટાળવાને કાળજી રાખતો હતો. તેનો પેહેલો દાખલો અકવાન દેવ, જે તેની રૈયતને ત્રાસ આપતો, તેને મારી નાખવાને રૂસ્તમને મોકલવાનો છે. કહેછે કે, એક વખત પાદશાહ દરબારમાં દરબારીઓ સાથે બેઠો હતો ત્યારે એક ઘોડાઓનો ભરવાડ આવ્યો અને પોતા અને બીજા ભાઇબંધ ભરવાડો તરફથી ફર્યાદ કરવા લાગ્યો કે "એક ગુર (Onager) જાતનું જાનવર અમારા ઘોડાઓના ટોલામાં આવે છે. તે બંદમાંથી છુટેલા દેવ જેવું દિસેછે અને વળી અમારા ઘોડાઓની ગરદન ભાંજી નાખે છે. માટે તેના ત્રાસથી અમને છોડવ." શાહ કએખુસ્રુને કાને એ બાબત આગળ આવી હતી. તે ઉપરથી તેણે કહ્યું કે "એ કોઇ જાનવર નથી પણ એ તો અકવાંન દેવ છે. માટે તું જા. હું એનો એલાજ કરીશ."[1]

---

1 આ જાનવરનાં રૂપમાં અકવાંન નામના દેવની હકીકતનો ખુલાસો આ દિસે છે, કે કોઈ બદકાર પુરૂષ, એક જાનવરનું રૂપ લેઈ, તે

આ મુજબ જવાબ દેઈ તેણે પોતાનાં સરદારોની સલાહ લેઈ ગુર્ગીનને જાણકરતાં રૂસ્તમ પેહેલવાંનને એ કામ માટે તેડવા મોકલ્યો. રૂસ્તમ આવ્યો અને શાહનાં ફર્માનથી પેલા ઘોડાનાં ગોવાળાંના માલેકે કહેલી જગ્યાએ ગયો. રૂસ્તમને ત્રણ દાહાડા સુધી ખોળ કરતા પછી પેલો જાનવરરૂપી દેવ દિસ્યો. રૂસ્તમે લડી તેને સેવટે મારી નાખ્યો.

બાજુના ઘોડાઓનાં ગોવાળાંનાં માલેકોને હેરાંન કરતો. તે તેઓના ઘોડાનો નાશ કરતો. હાલમાં પણ કોઇ એવા કારગાઓના દાખલા આપણે સાંભળીયે છિએ. થોડુંક ઉપર ઇંગલાંડમાં એક ભાગમાં રાતે છુપાછુપ કોઇ બદકાર પુરૂષ લોકોનાં ઢોરો અને ખાસ કરી ઘોડાઓને મારી નાખતો હતો. તેનો પતો પોલીસ વટીકને મલતો નહિ હતો. તેથી લોકો હબતી જતાં હતાં અને કોઇક અજ્ઞાંની તો તે કોઈ જાદુગરનો ચાળો સમજતાં.

મી. ઉવોર્નર કહે છે કે પ્રોફેસર નોએલડકે એ અકવાન શબ્દને "અકોમન" (બુરૂં મન) નું બીગડેલું બીજું રૂપ લે છે, કે જે "અકોમન." અવસ્તા પ્રમાણે "વોહુમન" એટલે "ભલા મન"નો હરીફ છે. એમ જો લેઇએ તો, આપણા ઉપલા ખુલાસાને ટેકો મલે છે, કે તે મુલકમાં કોઈ બુરો માણસ બુરાં મન યા બુરી નિયતાથી બીજાઓના ઘોડાઓને એક જ્યાંનગાર જાંનવરનું રૂપ ધારણ કરી, હેરાંન કરતો હતો. આ દેવ એક બુરા વિચાર (અક મન) નો કોઈ માણસ હતો. તે આ ઉપરથી દિસે છે કે ફીર્દોસી પોતે કહે છે કે જે માણસ બદીનો ગોલાંમ હોય અને ખોદાની સેતાયશ નહિ કરે અને માણસાઈ કાયદાઓનો અનાદર કરે, તે ધણી માણસ નહિ પણ દેવ છે.

બીજો દાખલો બેજનને ભુંડોનો ત્રાસ કમી કરવા મોકલવો. બેજન અને મનીજેહનું દાસ્તાન.

એક દિવસે જ્યારે પાદશાહ કએખુસ્રુ ખુશી ખુર્મીની મીજલસમાં બેઠો હતો, ત્યારે તેના અર્માની પ્રજામાંનાં કેટલાકો તેની દરબારમાં આવ્યા અને મીંનત-જારી કરી અરજ કીધી, કે તેઓના મુલકમાં ભુંડોનો ઉપદ્રવ ઘણો થયો છે જે તેઓને નુકસાન કરેછે; માટે તે ભુંડોનો નાશ કરવાના કોઈ ઉપાય લેવા. એ ખબર સાંભળી પાદશાહનું દીલ દુઃખી થયું. પોતાની પ્રજા ઉપરનું આ સંકટ ટાળવા માટે તેણે પોતાના પહેલ-વાનોને પુછતાં બેજન તે માટે તૈયાર થયો. શાહે ખુશી થઈ તેને તે કામ માટે મોકલ્યો અને તેની સાથે ગુર્ગીનને ભોમ્યા તરીકે મોકલ્યો. બેજન તે ભુંડોના ત્રાસવાળા મુલકમાં ગયો અને ત્યાં શેકાર વિગેરેથી તેઓને મારી તેઓનો ત્રાસ ટાળ્યો. બેજને પોતાના આ કામમાં ગુર્ગીનની મદદ માગી હતી, તે છતાં રસ્તો દેખાડવા ઉપરાંત તેણે કાંઈ વધુ મદદ કીધી હતી નહિ

પોતાના દેશમાં જો કોઈ જીઆનગાર જાનવરોનો ઉપદ્રવ થતા હોય અને તેથી રૈયતના જાન માલની ખરાબી થતી હોય, તો તે ઉપદ્રવ ટાળવો, એ એક ભલા પાદશાહની ફરજ છે. કએખુસ્રુએ તેમ કર્યું.

એજ મતલબથી આપણી સરકાર, સાપ, વરૂ જેવાં જીઆનગાર પ્રાણીઓના નાશ કરવા માટે, દર સાલ સેંકડો રૂપીઆ ખરચે છે. કોઇક વાર કોઈ મુલકનાં ખેતરોમાં ઉંદરોનો ઉપદ્રવ વધે છે, તો તેવે વખતે તેના નાશની યોજના રચવા એક ખાસ મંડળ (Rat commission) નેમે છે. એક ભલા પાદશાહ તરીકે ત્યારે કએખુસ્રુએ બેજન અને ગુર્ગીન વિગેરેનું જાણે એક 'કમીશન' નેમી ભુંડોનો ઉપદ્રવ ટાળ્યો.

હવે ભુંડોનો નાશ કરી જયારે પાછું ફરવાનો વખત થયો, ત્યારે ગુર્ગીને પડોશના સુંદર મુલકની અને ત્યાં સેહેલગાહે આવેલી મનીજેહ નામની તુરાની પાદશાહ અફ્રાસ્યાબની બેટીની ખુબસુરતીની બેજન આગળ ઘણી તારીફ કીધી. તેથી બેજન તે મુલક જવાને લલચાયો. ગુર્ગીનની મતલબ બેજનને જરા હેરાંન કરવાની હતી, સબબ કે બેજને એકલે હાથે ભુંડોનો ત્રાસ કમી કરવામાં જે ફતેહ મેલવી હતી, તેથી તે જરા અદેખો થયો હતો.

બેજન ખાસ સુંદર પોષાક પેહેરી મનીજેહની છાવણીવાળી જગ્યાએ ફરતો ફરતો ગયો અને એક ઝાડની છાયા હેઠળ બેઠો. એવામાં મનીજેહ ત્યાં આવી લાગી. બન્ને જનને પીછાણ થતાં તેઓ શાદીનાં ગાંથમાં જોડાયાં. પોતાના માતપિતાની પરવાનગી લેઇ,

તેઓએ તેઓની સમતી અને બાહાલીથી તેમ કરવું જોઇતું હતું, તેને બદલે તેઓએ પોતાની મરજી પ્રમાણે નાદાનીથી કામ કર્યું. અફ્રાસ્યાબનો ભાઈ કર્સેવજ, જે ઈરાંનીઓનો કત્તા વેરી હતો અને જેણે ફરેબથી અફ્રાસ્યાબને હાથે સ્યાવક્ષને મારી નખાંવ્યો હતો, ને એ વાતની ખબર પડતાં, તેણે તેથી અફ્રાસ્યાબને વાકેફ કીધો. અફ્રાસ્યાબ આ હકીકત જાણી પોતાની બેટી ઉપર ઘણો ગુસ્સે થયો અને કર્સેવજને ફર્માવ્યું, કે બેજનને પકડી લાવે. કર્સેવજ બેજન આગળ ગયો. બેજન પોતાનાં બચાવમાં સામે થયો અને તે કર્સેવજને મારતે, પણ કર્સેવજે દગાથી તેને સમજાવી લઈ તેનું હથ્યાર મેલાવી દઈ તેને પકડયો અને અફ્રાસ્યાબ આગળ લઈ ગયો. બેજને કેટલોક ખુલાસો કર્યો. અફ્રાસ્યાબ બેજનના હિમ્મત ભર્યા સખુનોથી તેની ઉપર ગુસ્સે થયો અને તેને મારી નાંખવાને કર્સેવજને ફર્માવ્યું. બેજનને ફાંસી દેવાની તૈયારી ચાલતી હતી, તેવામાં પીરાંન વજીરનું ત્યાં આવવું થયું. તેને ખબર પડતાં, તે બેજનને ફાંસી દેતો અટકાવી, અફ્રાસ્યાબ આગળ દોડયો અને બેજનને છોડી દેવા સમજાવ્યું, કે નહિ તો ઇરાન સાથે વધુ વેર ઉઠશે. પીરાંનની સમજાવતથી છેવટે પાદશાહે બેજનને છોડી દેવાડી એક ઉંડા ગારમાં કેદમાં નાંખ્યો. તેણે મનીજેહને પોતાના મેહેલમાંથી કહાડી મેલી. તેણી પોતાના ખાવીંદના બંદીખાનાં

આગળ જઈ રહી, અને રાત દહાડો બહારથી ખોરાક લાવી તે ઉંડા ગારમાં તેને ખવાડતી.

હવે પેલી બાજુ ગુર્ગીન લાંબો વખત બેજનની રાહ જોઈ ઈરાંન ભણી શાહ તરફ પાછો ફર્યો અને શાહને અને બેજનના બાપ ગેવને ખોટી વાત કહી, કે શેકાર કરતાં બેજન કેથે ગુમ થઈ ગયો.

હવે પાદશાહને કેટલોક વખત બાદ ખબર પડી કે બેજન તુરાંનના મુલકમાં એક ઉંડા ગારમાં અફ્રાસ્યાબને હાથ બંધ છે. શાહની ફર્માશથી રૂસ્તમ થોડુંક લશ્કર લઇ બેજનને છોડવવા નિકલ્યો. તુરાંનની સરહદ ઉપર આવી તેણે થોડાક ચુન્નદા સવારો સાથે વેપારીઓનો વેષ લીધો અને એક વેપારી વંજાર તરીકે તે મુલકમાં દાખલ થયો. એક વેપારી વંજાર ઇરાંન તરફથી આવી છે, એવી વાત સાંભળી મનીજેહ તે વંજારના વેપારી આગળ ગઇ. તે વંજારના વડા તરીકે રૂસ્તમે તેણીના તરફથી કેટલીક ખબર બેજન માટે મેળવી, પણ પોતે રૂસ્તમ હતો એવું જણવ્યું નહિ. કેટલીક યુકિત વાપરી બેજનની જગ્યાનો પત્તો મેળવી રૂસ્તમ તે જગ્યાએ ગયો અને તેના ગાર ઉપર મેલેલા ભારી પથ્થરો ખીસાડી નાખી તેમાં કમંદ નાંખી બેજનને બહાર ખેંચી કહાડી છુટો કીધો. બેજનને બહાર કહાડવા આગમજ તેણે તેની પાસે કબુલાત લીધી હતી, કે તે ગુર્ગીનને માફ કરે. ઈરાંન પાછો

ફરવા આગમચ રૂસ્તમે અફ્રાસ્યાબ ઉપર હુમલો કીધો અને તેના લશ્કર સાથે લડાઈ કરી. તેણે તેને મોટી શીકસ્ત આપી. પછી તે ઇરાન ભણી પાછો ફર્યો, જ્યાં શાહ કએખુસ્રુએ તેને સુંદર આવકાર આપ્યો.

શાહ કએખુસ્રુની અફ્રાસ્યાબ સાથે ત્રીજી લડાઈ. બાર રૂખો (પેહેલવાંનો) ની લડાઈ.

કેટલેક વખત બાદ અફ્રાસ્યાબે ઇરાંન સાંમે પાછી લડાઇ ઉઠાવી. તે લડાઇ માટેનાં લશ્કરની સરદારી પીરાનને સોંપી અને પોતાના બેટા શીદેહને ખારજમની સરહદ તપાસવા મોકલ્યો. શાહ કએખુસ્રુને ખબર પડતાં તેણે લશ્કર તૈયાર કર્યું અને ગોદ્રેજને તેની સરદારી સોંપી. તુરાનના પાદશાહે ચીન અને ખોતન તરફથી મદદ માગી. ઇરાંનના શાહે રૂમ, હિંદ અને અર્બસ્તાન તરફથી મદદ માંગી. ઇરાંનના શાહે તુરાંન સાંમેના લશ્કરના ચાર ભાગ કર્યા. એક લશ્કરને રૂસ્તમની સરદારી હેઠળ સીસ્તાન અને હિંદુસ્તાન થઈ, કાશમીર અને કાબુલ તરફ થોભવા વગર, ગજની તરફ મોકલ્યું કે ત્યાંથી ઉતર તરફનો માર્ગ લે અને તે તરફ ફરામરોજને રાખી તે આગળ વધે. બીજું લશ્કર તેણે લોહરાસ્પને સોંપ્યું અને બીજે માર્ગે તુર્કીઓ ઉપર હુમલો કરવા તેને કહ્યું. ત્રીજું ત્રીસ હજાર આદમીનું લશ્કર અશ્કશ નામના સરદારને સોંપ્યું

અને તેને ખારઝમ તરફ અફ્રાસ્યાબના બેટા શીદેહની સાંમે મોકલ્યું. ચોથું મુખ્ય અને મોટું લશ્કર તેણે ગોદ્રેજની સરદારી તળે મેલ્યું અને તેને તુરાંન ઉપર મુખ્ય હુમલો લઇ જવા કહ્યું.

હવે બન્ને લશ્કરો એકમેક સામે કુચ કરી એક જગ્યાએ ભેગાં મલ્યાં. બીજે દિવસે ઇરાંની અને તુરાંની લશ્કરો વચ્ચે ખુનખાર લડાઇ થઇ. એ લડાઈનું કાંઇ પણ છેવટ આવ્યું નહિ. હવે ગોદ્રેજે શાહ ઉપર નામું લખી કેહવાડચું, કે પીરાંન બીજાં લશ્કરની મદદ માગે છે, માટે શાહે પણ વધુ લશ્કર મોકલવું. ગોદ્રેજનો બેટો હજીર તે નામું શાહ આગળ લઈ ગયો. શાહને રૂસ્તમ, લોહરાસ્પ અને અશ્કસ, જેઓને તેણે, ઉપર જણાવવા મુજબ, જુદે જુદે માર્ગે અફ્રાસ્યાબ સામે મોકલ્યા હતા, તેઓનાં લશ્કરોની હીલચાલોની ખબર હતી, કે તેઓ જુદી જુદી બાજુથી અફ્રાસ્યાબનાં લશ્કરને કેમ ઘેરશે. તેથી તે સર્વ હકીકત જવાબમાં તેણે ગોદ્રેજને જણાવી અને લખ્યું, કે તુસને વધુ લશ્કર સાથે મોકલવામાં આવશે અને પછી શાહ પોતે લશ્કર લઇ વધુ મદદે આવશે. તેણે ગોદ્રેજને હિમ્મત રાખી લડવા કહ્યું. પછી શાહે તુસને વધુ લશ્કર આપી દહીસ્તાંનના મુલકમાં ખારઝમ તરફ અશ્કશને મદદ આપવા મોકલ્યો અને પોતે મોટાં લશ્કર સાથે ગોદ્રેજની મદદે જવા નિકલ્યો.

ત્યાર પછી ઇરાંની અને તુરાંની લશ્કર વચ્ચે લડાઇ ચાલી, તેમાં પીરાંન અને ગેવ હાથોહાથ લાંબો વખત લડયા. લહહાક અને ફર્શીદવર્દ નામના તુરાંની પેહેલવાંનો બુદ્ધા પીરાંનની મદદે તેનાં બોલાવવાથી ગયા. ત્યારે ગેવ તે બન્ને સાથે લડવા લાગ્યો. પછી ઇરાંનીઓ તરફથી બેજન, હજીર વિગેરે મદદે આવ્યા. એ દીવસે લડાઇનું કાંઇ છેવટ આવ્યું નહિ.

ત્યાર પછી ગોદ્રેજ અને પીરાંને ઠેરવ્યું કે તેઓ બન્ને પોતપોતાનાં લશ્કરમાંથી ૧૧ ચુનંદા પેહેલવાંનોને પસંદ કરે કે તેઓમાંથી એકેક, સામી બાજુના પેહેલવાંન સાથે લડે. એ ગોઠવણ મુજબ નીચે પ્રમાણે બન્ને બાજુના પેહેલવાંનોની લડાઇ માટે જોડકી બની.

ઇરાની પેહેલવાંન	તુરાંની પેહેલવાંન
૧ ગીવ	ગેરૂઇ, જેણે અફ્રાસ્યાબનાં કહેવાથી સ્યાવક્ષને મારી નાખ્યો હતો.
૨ ફરેબુર્જ	ગુલબાદ
૩ રેહામ	બાર્માન
૪ ગુરાજેહ	સ્યામક
૫ ગુર્ગીન	અન્દરીમાંન
૬ બેજન	રૂઇન
૭ જંગે શાવરાન	અખવાસ્ત
૮ બર્તે	કેહરમ

૯ ફરૂહલ	જંગલેહ
૧૦ હજીર	સેપેહરમ
૧૧ ગોદ્રેજ	પીરાંન

બે ટેકડીઓની વચ્ચેનું એક મેદાંન એ પહેલવાં-નોની જોડકીઓની લડાઇ માટે મુકરર કરવામાં આવ્યું. એક ટેકડી ઇરાંનીઓની સામે હતી. ગોદ્રેજે ઠેરવ્યું, કે જે ઇરાંની પેહેલવાંન પોતાના હુમનબર્દ ઉપર જીત મેળવે, તેણે તે હુમનબર્દનો ઝુન્ડો તે ટેકડી ઉપર લાવવો. બીજી ટેકડી તુરાનીઓની સાંમે હતી. તે માટે પીરાંને પણ ઉપર મુજબ ઠેરવ્યું.

આ મુજબ ગોઠવણ કરી એક પછી એક ઉપલી જોડકીઓ જંગનાં મેદાંનમાં ઉતરી. પેહેલે ફરેબુર્જે શુલ્બાદ સાથ લડાઇ શરૂ કરી. એ સર્વ જોડકીઓ વચ્ચેની લડાઇમાં ઇરાંની પેહેલવાંનો પોતાના હરીફે ઉપર ફતેહમંદ થયા. સર્વએ પોતાના હરીફોને મારી નાખ્યા, સીવાય કે ગેવે, જેણે પોતાનાં હરીફ ગેરૂઇને જીવતો પકડયો અને તેને ટેકડી ઉપર બંદીવાન ખેંચી લઇ ગયો. અફ્રાસ્યાબનાં લશ્કરમાં બે નામીચા પેહેલવાંનો લહ્હાક અને ફર્શીદવર્દ બાકી રહયા હતા. તેઓ હવે ન્હાઠા. ગસ્તહમ તેઓની પુઠે લાગ્યો. તે પછી બેઝન ગહસ્તમને મદદ કરવા ગયો. ગસ્તહમે લહ્હાક અને ફર્શીદવર્દને પકડી પાડયા અને તેઓ સાથે લડી તેઓને મારી નાખ્યા. પણ લડાઇમાં પોતે

પણ સખ્ત જખમી થાઇ મેદાનમાં પડયો. તેવામાં બેજન આવ્યો અને તેના જખમ ઉપર પાટો બાંધી તેને ઈરાંની છાવણી તરફ લાવ્યો.

હવે આ અરસામાં શાહ કએખુસ્રુ ઇરાંની છાવણીમાં બીજાં લશ્કર સાથે આવી લાગ્યો. તેને ઉપલા પેહેલવાંનોની લડાઈની ખબર પડી. તે તુરાંની પીરાંનનાં મરણથી ઘણો દલગીર થયો, સબબ કે તેણે તેનો અને તેની માતાનો જાંન બચાવ્યો હતો. દરેક ઇરાંની પેહેલવાંન, પોતાના તુરાંની હરીફને મારી, તેનું કાલબુદ પોતા સાથે ઇરાની ટેકડી ઉપર લઈ ગયો હતો. તેમ ગોદ્રેજ પણ પીરાંનની લાસને લઇ ગયો હતો. શાહ કએખુસ્રુએ પીરાંનની લાસને ઘણાં માન અકરાંમ સાથે તે પાહડ ઉપર દાટી અને તેના ઉપર એક બુલંદ કબર બનાવી. પછી ગેરૂઇ, જેણે તેનાં બાપ સ્યાવક્ષને મારી નાખ્યો હતો, તેને તેણે મારી નખાવ્યો.

કએખુસ્રુની અફ્રાસ્યાબ સાથે છેવટની લડાઇ, જેમાં તેણે અફ્રાસ્યાબને હરાવી તેને મારી નાખવો.

અસ્વતા—તામ યજત.....હઓઅવ પસ્ને વરોઇશ યએચિસ્તહે..... આઅત હીમ જઇધ્યત .....યથ અજેમ નિજનાની મઇરીમ તૂઇરીમ ફ્રંઘ્રસ્યા નેમ પસ્ને વરોઇશ યએચિસ્તહે...., કએન સ્યા-

વર્ષાનાઇ. (ગોશ યશ્ત ૨૧-૨૨. જુઓ અશીશવંઘ યશ્ત ફ. ૪૧-૪૨)

અર્થ— તેણી (દ્રવાસ્પ) ને (કએ) ખુસ્રુએ ચએચસ્ત સરોવરની પારે આરાધી. તેણે તેણીની પાસે માગ્યું, કે હું ઘાટકી તુરાની અફ્રાસ્યાબને સ્યાવક્ષના કિનામાં ચએચસ્ત સરોવરની પારે મારૂં.

શાહ કએખુસ્રુએ હવે અફ્રાસ્યાબ સામે લડાઇ ચાલુ રાખવા ઘણા મોટા પાયા ઉપર તૈયારી કીધી. તેણે પોતાને તાબેના મુલકોમાં પત્રો મોકલી ત્યાંથી મોટું લશ્કર એકઠું કર્યું અને ઘણાં પેહેલવાંનોને જુદાં જુદાં લશ્કરોની સરદારી આપી. હવે પેલી બાજુ અફ્રાસ્યાબને પીરાનનાં માર્યા જવાની અને કએખુસ્રુએ નવું લશ્કર તૈયાર કરવાની વાત ખબર પડી. તે એ વખતે ગંકન્દ ખાતે હતો. એ શેહેરનું અસલ નામ કુનદજ હતું, જ્યાં ફરેદુંને સ્થાપેલું એક આતશકદેહ, જે ઉપર જંદ અવસ્તાના હરફો લખેલા હતા, તે હતું. ઉપલી ખબર સાંભળી તે ઘણો દલગીર થયો. પણ પોતાના સરદારોએ આપેલી હિમ્મતથી તે કએખુસ્રુની સામે જવા તૈયાર થયો અને મોટું લશ્કર ભેગું કર્યું. કએખુસ્રુને જ્યારે ખબર પડી કે અફ્રાસ્યાબ મોટાં લશ્કર સાથે સામે આવે છે, ત્યારે તેણે લડવાની સર્વ તૈયારી કરી.

અફ્રાસ્યાબના બેટા શીદેહે મેદાનમાં આવી કએ-ખુસ્રુને લડવા માટે બોલાવ્યો. શાહ કએખુસ્રુ પોતે લડવા ગયો. ઘોડા ઉપર હથ્યારથી લડાઇ કરતાં કાંઇ છેવટ નહિ આવ્યું ત્યારે શીદેહની સુચના ઉપરથી પાંઉ પ્યાદા થઇ બન્ને જણ લડયા. એ લડાઇમાં છેવટે શીદેહ કએખુસ્રુને હાથે માર્યો ગયો. તે પછી બન્ને લશ્કરો વચ્ચે ખુનખાર લડાઇ થઇ. તેમાં કએખુસ્રુએ પોતાને હાથે અફ્રાસ્યાબની કુમકે આવેલા કેટલાક સરદારોને મારી નાખ્યા. રાત પડતાં બન્ને લશ્કરો પોતાની છાવણી ભણી ગયાં અને મધરાતે અફ્રાસ્યાબ ગુપચુપ કુનદેજ (કંગે બેહસ્ત) તરફ ન્હાઠો. આ મુજબ ઇરાંનીઓની ફતેહ થઇ અને કએખુસ્રુએ આ ફતેહથી પોતાના બપાવા કાઉસને વાકેફ કીધો.

એ પછી કએખુસ્રુ જેહન નદી ઓળંગી અફ્રા-સ્યાબની પુઠે લાગ્યો અને કંગે બેહેશ્તના જે કિલ્લામાં તેણે આસરો લીધો હતો ત્યાં આવી પુગો. અફ્રા-સ્યાબને બચાવ માટે તૈયારી કરવાની ફરજ પડી. તેણે મોહોટાં લશ્કર સાથે કિલ્લાની બાહાર પડાવ નાખ્યો. ઇરાની લશ્કરે રાત્રે તેઓ ઉપર હુમલો કરી ઘણાકોને માર્યા. વળી આ અરસામાં ખબર મલી, કે રૂસ્તમ, જેને શાહે લશ્કર આપી પુર્વ તરફ મોકલ્યો હતો, તે ત્યાં ફતેહ મેલવી પોતાનાં લશ્કર સાથે નજદીક આવી પુગો હતો. અફ્રાસ્યાબે ગુપચુપ કએખુસ્રુનાં

લશ્કરની સામે નાંખેલી પોતાની છાવણી ઉઠાવી નાખી કે તે દૂરથી આવતા રૂસ્તમ અને તેનાં લશ્કર ઉપર રાત્રે હુમલો કરે. શાહ કએખુસ્રુને ખબર પડતાં તે તેની પુઠે લાગ્યો. અફ્રાસ્યાબ પોતાની મકસદમાં નિષ્ફળ થયો અને પાછો કંગે બેહેશ્તના કિલ્લાવાળાં શહેરમાં ભરાયો, અને કએખુસ્રુ ઘેરો નાખે તો તેની સામે બચાવ કરવા તૈયારી કીધી. તેણે વળી ચીનના ફગકુર ઉપર કાગજ લખી તેની મદદ માગી.

કએખુસ્રુએ અફ્રાસ્યાબને કંગે બેહેશ્તમાં ભરાઇ ગયલો જોઇ તે તરફ કુચ કરી અને રૂસ્તમ સાથે મસલત કરી તે કિલ્લો લેવાની ગોઠવણ કીધી. અફ્રાસ્યાબે આ મામલો જોઇ જેહન મારફતે શાહ કએખુસ્રુ ઉપર ફરીથી સુલેહનો પેગામ મોકળ્યો. જેહને શાહની દરબારમાં દાખલ થતાં પોતાની કરણી કોલાહ ઉતારી શાહને માન આપ્યું. શાહે તેને માન અકરામથી આવકાર દીધો અને તેનો પેગાંમ સાંભળી સુલેહ કરવા ના પાડયું અને જણાવ્યું કે તેને, તેના પિતાને, અને ઇરાંનને અફ્રસ્યાબથી ઘણું દુખ મળ્યું છે. એમ જવાબ કેહવાડી તેણે કંગે બેહેશ્ત ઉપર હુમલો કરી તે હાથ કીધો. અફ્રાસ્યાબ ત્યાંથી ન્હાઠો. અફ્રાસ્યાબનું કુટુંબ તે કિલ્લામાં હતું, તેને કએખુસ્રુએ માફી બક્ષી. પછી કએખુસ્રુએ પોતાનાં લશ્કરને

તુરાની પ્રજા સાથ માયા મેહરબાનીથી વરતવા ફર્માવ્યું અને શાહ કાઉસને પોતે મેળવેલી ફતેહથી વાકેફ કર્યો.

હવે આગળ જણાવ્યું તેમ, અફ્રાસ્યાબે ચીનના ફગફુર પાસે માંગેલી લશ્કર વિગેરેની મદદ ફગફુરે આપી અને તેથી અફ્રાસ્યાબ પાછો કએખુસ્રુની સામે આવ્યો. બેઉ લશ્કરો લડયાં પણ લડાઇનું છેવટ આવ્યું નહિ. ત્યાર પછી અફ્રાસ્યાબે એક રાત્રે ઇરાની છાવણી ઉપર હુમલો કર્યો, પણ તેમાં તે સખત હાર ખાઇ ગયો.

અફ્રાસ્યાબે કંગદેજના કિલ્લા તરફ ન્હાસવું.

અવરેતા—તામ યજ઼ત તખ્મો તુસો રથ-એશ્તારો...યત બવાનિ અઈવિ-વન્યાઓ અઉર્વ હુનવો વએસકય...કંઘહ્ય બેરેજ઼ન્તય અષવનય, યથ અજ઼ેમ નિજ઼નાનિ તુંનામ દખ્યુનામ...બએવરેઘ્નાઈ અહાં-ક્ષ્તઘ્નાઇશ્ચ...

અર્થ—તેણી (અર્દ્વિસુર) ને (કએખુસ્રુના) જોરાવર તુસ પેહેલવાને આરાધી (અને દુઆ માગી કે) હું પાક બુલંદ કંગ (દેજ઼) ના કિલ્લામાં વએ-સક (ખાનદાન) ના બહાદુર જવાનોને મારનાર થાઉં અને હું તુરાનના મુલકના ૧૦૦૦૦ થી અગણિત ઘણા પુરૂષોને મારૂં. (આવાં યશ્ત ફ. ૫૩–૫૪)

ઉપર જણાવેલો મામલો જોઈ અફ્રાસ્યાબ દર્યો ઓળંગી કંગદેજ઼ તરફ ન્હાઠો અને તે કિલ્લામાં નિરાં-

તથી રહેવા લાગ્યો. કએખુસ્રુએ જ્યારે જાણ્યું કે તે દર્યા ઓળંગી ગયો છે ત્યારે દલગીર થયો. પછી તેણે સરદારો સાથે મસલત કીધી અને પોતે દર્યા ઓળંગી તેની પાછળ જવાનો વિચાર કર્યો. તેણે લડાઇના બંદીવાનો અને લડાઇમાં હાથ કરેલો ખજાનો, ગેવની સરદારી હેઠળ દસ હજાર માણસનાં લશ્કર સાથે, શાહ કાઉસ આગળ મોકલી દીધો. એ બંદીવાંનોમાં કર્સેવજ પણ હતો. એ સર્વને કએખુસ્રુએ એક કાગજ લખી કાઉસ આગળ મોકલ્યા અને દર્યા ઓળંગી અફ્રાસ્યાબ પાછળ જવાનો પોતાનો વિચાર જાહેર કર્યો. કાઉસે તે ખબર જાણી તેના ઉપર દુઆ ગુજારી અને જવાબ લખી તેને ફતેહ ઇચ્છી.

શાહે દર્યા ઓળંગવા માટે મક્રાનના રોસ્તા ઉપર આવવાનું હતું, તેથી તેણે મક્રાનના રાજા ઉપર તેને તેમ કરવામાં સગવડ કરી આપવા લખ્યું. તે રાજાએ તેમ કરવાને ના પાડી, તેથી કએખુસ્રુએ તેના ઉપર હુમલો કર્યા અને તેને જીતી લેઈ મારી નાખ્યો.[1]

પછી ૬ માસ ઉપરની સફરનો દર્યા ઓળંગી કએખુસ્રુ કંગદેજ. તરફ ગયો. અફ્રાસ્યાબને તેનાં આવવાની વાત ખબર પડતાં, તે રાત્રે છુપાછુપ તે

---

૧ મક્રાન ઉપરના કએખુસ્રુના હુમલાની વિગત માટે જુઓ મારાં પુસ્તક "જ્ઞાનપ્રસારક વિષયો"માં "બલુચિસ્તાનમાં આવેલો મક્રાનનો મુલક" નામનો વિષય, પાના ૯૬—૧૩૪.

કિલ્લો છોડી ન્હાસી ગયો. કએખુસ્રુ અફ્રાસ્યાબને ત્યાં નહિ જોઇ દલગીર થયો. તેના બાપ સ્યાવક્ષે એ સુંદર કિલ્લો બાંધ્યો હતો.[1] તે જોઈ તે અજબ થયો અને પોતાના બાપની આગલી હકીકત યાદ કરવા લાગ્યો. તે ત્યાં એક વર્ષ રહયો. પછી સ્યાવક્ષગર્દ ગયો. ત્યાંથી તે પછી ઇરાંન ભણી પાછો ફર્યો.

અફ્રાસ્યાબને હોમ નામના આબેદ બંદમાં પકડવો.

અવસ્તા—તાંમ યજત હઓમો ફ્રાષ્મિશ...... આઅત હીમ જઇધ્યત અવત આયપ્તેમ......યથ અજેમ બન્દયેનિ મઇરીમ તૂઇરીમ ફ્રંઘ્રસ્યાનેમ ઉત બસ્તેમ વાધયેનિ ઉત બસ્તેમ ઉપનયેનિ બસ્તેમ કવોઇશ હઓસ્રવંઘહહે જનાત્ તેમ કવ હઓસ્રવ પસ્ને વરોઇશ ચએચિસ્તહે. (ગોશ યશ્ત ફ. ૧૭-૧૮)

અર્થ—તેણી (દ્રવાસ્પ) ને હઓમ ફ્રાષ્મિએ આરાધી......તેણી પાસે આ બક્ષેશ માગી કે હું તુરાની ઘાટકી અફ્રાસ્યાબને બાંધું, બાંધીને ઘસડું, બાંધીને કએખુસ્રુ આગળ લેઇ જાઉં, કે કએખુસ્રુ ચએચસ્ત સરોવરને પારે તેને મારે.

---

૧ પેહેલવી—કંગદેજ ઇ સ્યાવખ્શ બામી કર્દ (પેહેલવી બહમન યશ્ત, બાબ ૩ ફ. ૨૬)

અર્થ—કંગદેજ, જે નામીચા સ્યાવખ્શે બાંધ્યો.

હોમ ફ્રાષ્મિએ એવીજ દુઆ અશીશવંઘ યશ્ત (ફ. ૩૭-૩૯) મુજબ પણ ગુજારી હતી.

અફ્રાસ્યાબ દર્યો ઓળંગી દૂર દેશના કંગદેજના કિલ્લામાં ભરાઇ રહ્યો હતો. ત્યારે ત્યાં પણ તેની પુંઠે કએખુસ્રુ દર્યો ઓળંગી ગયો અને તેથી તે ત્યાંથી પણ ન્હાઠો. હવે અફ્રાસ્યાબે એકાંત ખુને ખંતોળે ભરાઇ રહેવાની જીંદગી અખત્યાર કીધી અને રાજપાતનો ખ્યાલ છોડયો. તે ન્હાસ્તો ભાગતો બર્દઅ નામની એક જગ્યાએ એક ગુફો હતો તેમાં ભરાઈ રહી જીંદગી તમામ કરવા લાગ્યો. હવે એમ બન્યું કે આ એકાંત પહાડી જગ્યામાં હોમ નામનો એક આબેદ યાને પરહેજગાર પુરૂષ રેહેતો હતો. તેણે ખુદાની એબાદતમાં જીંદગી ગુજારવા ત્યાં વાસો કર્યો હતો. આ હોમ તે અવસ્તાના ઉપલા ફકરાઓમાં જણાવેલો હોમ ફ્રાષમી નામનો પુરૂષ હતો. તેને તેના રહેવાસવાળા પાહાડની પડોશના ગોફામાં અફ્રાસ્યાબને આવી પોંહોચવાની ખબર પડી. ત્યારે તે એક દિવસ ગુપચુપ ત્યાં ગયો અને અફ્રાસ્યાબને પકડયો અને તેને એક બંદથી મજબુત બાંધ્યો. અફ્રાસ્યાબે એમ કરવાનો સબબ પુછતાં હોમે જણાવ્યું કે "તેં તારા ભાઇ અગ્રેરસને અને સ્યાવક્ષને મારી નાખ્યા છે, તેથી મેં તુને પકડયો છે." અફ્રાસ્યાબની કાકલુદી છતાં હોમે તેને છોડયો નહિ, પણ તેના ઉપર દયા કરી તેના બંદ જરા ઢીલા કર્યા.

તે ઉપરથી અફ્રાસ્યાબ તે બંદ તોડી છુટો થઇ પડોશનો ખનજસ્ત[1] સરોવર, જે અવસ્તાના ઉપલા એશારાઓ પ્રમાણે ચએચસ્ત હતો અને જે હાલનો ઊરૂમીઆ સરોવર છે, તેમાં પડી તરીને હોમના હાથમાંથી નાસી ગયો. આ સરોવરની પડોશના ભાગમાં આજર ગુશસ્પનું આતશકદેહ હતું, કે જે શાહ કએખુસ્રુએ, આગળ જણાવવા પ્રમાણે, દજે બહમનનો કિલ્લો જીતી બંધાવ્યું હતું. તે આતશકદેહની એબાદત કરવા માટે આ વખતે પાદશાહ કાઉસ અને કએખુસ્રુ તે તરફ આવ્યા હતા. તેઓને મલવા ગોદ્રેજ, ગેવ અને બીજા ઇરાંની પેહેલવાંનો જતા હતા. તેઓએ હોમને આ સરોવરને કિનારે હાથમાં કમન્દ પકડી અહીં તહીં ફરતો જોયો. તેઓએ તેને પુછયું કે તે શું કરે છે. તે ઉપરથી હોમે તેઓને અફ્રાસ્યાબની સર્વ હકીકત કહી. તે સાંભળી ગોદ્રેજે તુરત જઇ કાઉસ અને કએખુસ્રુને તે જણાવી. આ ખબર સાંભળી કાઉસ અને કએખુસ્રુ તુરત હોમ આગળ આવ્યા.

હવે હોમે ઈરાંની પાદશાહોને સુચવ્યું, કે અફ્રાસ્યાબને પાછો તેની ભરાવાની જગ્યામાંથી બાહાર લાવવાનો ઉપાય આ છે, કે તે તેના ભાઇ કર્સેવજનો અવાજ સાંભળે. તે ઉપરથી કર્સેવજ્, જે બંદમાં

---

[1] ચએચસ્ત શબ્દ ફારસીમાં લખાતાં નુકતાંઓનાં ફેરફારથી ખનજસ્ત વંચાય.

હતો, તેને ત્યાં ઘસરતો ઘસરતો લાવવામાં આવ્યો. કર્સેવજ એમ ઘસડાતો આવતાં પોતાનાં દુખનો પોકાર કરવા લાગ્યો. તે પોકાર સાંભળી અફ્રાસ્યાબ પોતાની ભરાવાની જગ્યામાંથી તે સરોવરનાં પાણીમાં તરતો બાહર આવ્યો, કે તુરત હોમ, જે એક બાજુએ ખુણામાં ઉભેલો હતો, તેણે તેનાં ઉપર કમન્દ ફેંકી તેને એકદમ પકડી લીધો અને કાઉસ અને કએખુસ્રુ આગળ રજુ કીધો. કએખુસ્રુએ પોતે તલવારથી અફ્રાસ્યાબને પોતાનાં બાપનાં ખુનના કિનામાં મારી નાખ્યો અને કર્સેવજને જલ્લાદ પાસે મારી નખાવ્યો.

શાહ કએખુસ્રુએ છેલ્લી વસિઅત કરી એકાંતવાસ પકડવો.

પછી શાહ કએખુસ્રુ આજર ગુશસ્પનાં આતશકદેહમાં ગયો અને ત્યાં ખોદાતાલાની બંદગી કરી.[1] આ બનાવ પછી થોડા વખતમાં શાહ કાઉસ મરણ પામ્યો. હવે કએખુસ્રુ તેના બાપનાં ખુનનો અફ્રાસ્યાબ ઉપર કિનો લેવાનું કામ,-તે તેની આખી જીંદગીનું કામ હોય તેમ-ખલાશ થવા બાદ આ દુનિયાનાં રાજપાતથી કંટાળી ગયો અને તેણે એકાંતવાસ પકડ-

[1] જુઓ મારા ઇરાંની વિષયો (ભાગ ૧) માં "આજર ગુશસ્પ નામનાં ઈરાંની આતશ કદેહની તવારીખ."

વાનો વિચાર કર્યો.[1] તે નાહી ધોઇ સફેદ પોષાક પેહેરી એક એબાદતની જગ્યાએ જઇ ખોદાતાલાની બંદગી કરવા લાગ્યો.

પછી પાદશાહે પોતાનાં વજીર ગોદ્રેજને પોતાની છેલ્લી વસિઅતના શબ્દો કહયા. તેણે દેશના બચાવનાં બાંધકામોનો અને દેશના આવજાવના માર્ગો યાને રસ્તાઓને સારી હાલતમાં રાખવાને ફરમાવ્યું, અને દેશમાં સારી તકેદારી રાખવાને નસિએત કીધી. પોતાનાં ખજાનાંમાંથી નીચલાં સખાવતનાં કામો કરવાને તેણે ગોદ્રેજને પોતાનાં વસિએતનામાંના વકીલ તરીકે ફરમાવ્યું.

૧ માબાપ વગરનાં બચ્ચાંઓને પાળવાં.

૨ વિધવાઓને આસરો આપવો.

૩ નાતવાંન થઇ ગયલાં ઘરડાં આસામીઓની બરદાશ્ત કરવી.

૪ વાઘ, સિંહ જેવાં ભયંકર જાનવરોથી જંગલો વેરાંન થઇ ગયાં હોય, તેઓને પાછાં વસાવવાં.

૫ હેર્બદો વગર જે આતશકદેહો નિરૂપયોગી થઇ પડયાં હોય, તેઓને મદદ કરવી.

---

૧ જુઓ મારાં શાહનામાના દાસ્તાનો (ભાગ પહેલો) માં "પાદશાહ કએખુસ્રુનું ગાએબ થવાનું દાસ્તાંન.

૬ જે જવાંનો જવાનીમાં દોલત ખોઇ નાખી લાચાર થઇ ગયા હોય તેઓને ધંધા ધાપા વિગેરેમાં મદદ કરવી.

૭ જે કુવાઓ પાણી વગર સુકાઈ ગયા હોય તેઓને ખોદાવી પાછા સમરાવવા. વળી જે નદી નાળાંઓ, અફ્રાસ્યાબ સાથની લડાઇમાં તેઓના માર્ગો ફેરવી નાખવાથી, સુકાઇ ગયાં હોય, તેઓનાં માર્ગમાં પાણી પાછાં વેહતાં કરાવવાં.

આ મુજબ વસિએત કરી પોતાના ગાદી વારસ તરીકે લોહોરાસ્પને જાહેર કરી કએખુસ્રુ એક જંગલ· માં એકાંતવાસ કાજે ગુમ થઇ ગયો.

બાબ સત્તરમો.

શાહ લોહોરાસ્પ.

પેહલવી—લોહોરાસ્પ ઇ ઉજ.વ ઇ માનુષ કએપીસીન કએ અપીવેહે કએ કવાદ (બુનદેહેશ બા. ૩૧ ફ. ૨૮)

અર્થ—લોહોરાસ્પ, જે ઉજવનો છોકરો હતો,

માનુસનો, જે કએપીસીનનો, જે અપીવેહેનો, જે કએકોબાદનો છોકરો હતો.

પેહલવી—કએ લોહોરાસ્પ સદો બીસ્ત શન્ત. (બુનદેહેશ બાબ ૩૪ ફ. ૭).

અર્થ—કએ લોહોરાસ્પે ૧૨૦ વર્ષ રાજ કર્યું.

અવસ્તા[1]માં એક જગ્યાએ ગુશ્તાસ્પ પાદશાહના બાપ તરીકે એનું નામ અઉવર્તઅસ્પ તરીકે આપણે જોઇએ છિએ. મથાળે મેલેલા બુનદેહશના ફકરા પ્રમાણે એ શાહ કએકાઉસના ભાઇ કએપીસીનના છોકરા માનુષના છોકરા ઉજવનો બેટો હતો. કએખુસ્રુની હૈયાતીમાં એ એક ઘણો નહિ જણાયલો પુરૂષ હતો. જ્યારે શાહે તેને અલાંન લોકો સામે લડાઇ ઉપર મોકલ્યો હતો ત્યારેજ તે જરા જાણમાં આવ્યો હતો. એ સબબે જ્યારે કએખુસ્રુએ તેને પોતાનો ગાદી વારેસ જાહેર કીધો ત્યારે ઇરાંની દરબારીઓ, અને તેમાં બુઢો જાલ વટીક, નાખુશ થયા. પણ શાહે જ્યારે તેઓને તેને માટે ખાતરી આપી કે તે એક ભલો અને પરહેજગાર પુરૂષ નિવડશે, અને જણાવ્યું કે તે પાદશાહી વંશનો છે અને પાદશાહી સદગુણો ધરાવે છે, ત્યારે તેઓ રાજી થયા.

---

૧ આંવાં યશ્ત ફ. ૧૦૫.

એની ભલી પાશાહી.

પેહલવી—મીન લોહોરાસ્પ સુદ દેનમન યેહવુન્ત આઈગશ ખુદાઇઅ ખુબ કર્દ, દયન યજદાન સેપાસદાર યેહવૂન્ત (મીનોખેરદ બા. ૨૭ ફ. ૪-૫)

અર્થ—લોહોરાસ્પથી (ઇરાનને) ફાયદો આ થયો કે તેણે સારી રીતે રાજ્ય કર્યું અને તે યજદાન તરફ હમેશાં આભારી રેહતો.

પેહલવી--અવશ હફ્ત ખોદાયાનીઅ યેહવૂન્ત આઈગ હફ્ત ખોદાયાન યેહવૂન્ત ....અયોક જકે લોહોરાસ્પ (શ્ત્રોઇહા એ અઈરાંન ફ. ૬.)

અર્થ--તે ઇરાંન ઉપર સાત ભલી પાદશાહીઓ થઇ ગઇ હતી, એટલે કે તેમાં સાત પાદશાહો થઇ ગયા હતા......તેઓમાં એક લોહોરાસ્પ હતો.

આપણાં પેહલવી પુસ્તકોમાં એ પાદશાહને એક ભલા પાદશાહ તરીકે યાદ કીધેલો જોઇએ છિએ. પેહેલવી શ્ત્રોઇયા એ અઇરાન પ્રમાણે, તે ઇરાંનના નામીચા સાત પાદશાહોમાંનો એક હતો. મીનોખેરદ પ્રમાણે, તેણે ઇરાન ઉપર ભલી પાદશાહી કીધી હતી, તેથી તે ઈરાન ઉપર ભલાઈ યા આશીર્વાદ પાંથરનારાઓમાંનો એક ગણાયો છે. એ પાદશાહે પોતાનું પાયતખ્ત બલખ શેહરમાં રાખ્યું હતું. ત્યાં તે ભલી રીતે પાદશાહી કરતો હતો અને તે સાથે ખુદાની એબાદતમાં

વખત ગુજારતો હતો. એબાદત કરવા માટે પોતાની પ્રજાને એક મકાન પુરૂં પાડવા તેણે એક મોટું આતશ બેહરામ બાંધ્યું હતું. મીરખોન્દ[૧] કહે છે, કે એ શાહને લોકો 'બલખી' કેહતા હતા. એ દેખાડે છે કે એ પાદશાહે બલખ શેહરને ઘણી અગત્યતા આપીને તેની રોનકમાં વધારો કીધો હતો, અને તેણે પોતાના રાજ્યનો મોટો ભાગ એ શેહરમાં પસાર કીધો હતો. ફીર્દોસી[૨] પ્રમાણે એ પાદશાહે બલખમાં એક આતશ બેહેરામ સ્થાપ્યું હતું. એ આતશ બેહેરાંમ "નઓબહાર"ને નામે જણાયું હતું.

એના બેટા ગુશ્તાસ્પની પોતાના બાપ સાંમે નાફર્માન વર્તણુક.

શાહ લોહારાસ્પને બે બેટા હતા, એક જરીર અને બીજો ગુસ્તાસ્પ. લોહારાસ્પ પોતાની દરબારમાં પાદશાહ કાઉસના જે નબીરાઓ હતા તેઓ તરફ વધારે મમતા દેખાડતો હતો. તેથી તેનો બેટો ગુશ્તાસ્પ દલગીર થતો, એવું વિચારીને, કે "મારો બાપ પોતાના છોકરાના કરતાં બીજાઓ તરફ વધારે મમતા દેખાડે છે." એક દિવસ શરાબની થોડીક ખુમારીમાં તેણે પોતાના બાપ સામે એ બાબે ગુસ્સો કર્યો, અને તેની

---

૧ Mirkhond, translated by David Shea, p. 242

૨ Mohl, Vol IV, p. 279, l. 453,

હૈયાતીમાંજ તેની પાસે રાજ્ય માગવા લાગ્યો. તેના બાપે એ બાબે શિખામણના બે શબ્દો કહેતાં, તે તેની દરબાર છોડી ચાલી ગયો અને પોતાના થોડાક ચુનન્દા સવારોને લેઇ હિંદુસ્તાન, જયાંના એક રાજાએ તેને બોલાવ્યો હતો, તે તરફ નિકળી ગયો. લોહોરાસ્પને એ બાબે ખબર પડતાં તેણે, તે કયાં ગયો તેની ખબર કાહાડવા અને સમજાવીને તેને પાછો તેડી લાવવા, નોજર અને તુસને અને પોતાનાં બેટા જરીરને જુદી જુદી તરફ મોકલ્યા. જરીરે ખબર કાહડી તેને માર્ગમાં કાબુલ ખાતે પકડી પાડયો અને સમજાવીને પાછો લાવ્યો અને બાપ બેટાઓ વચ્ચે સુલેહ કરાવી. શાહ લોહારાસ્પ કાઊશના ખાનદાનનાઓ તરફ મેહેરબાની દેખાડતો હતો, સબબ કે, કએખુસરૂએ, પોતાના ખેશીઓને બાજુ મેલીને, તે, જે જરાક દૂરનો ખેશી હતો, તેને ગાદી આપી હતી. તેથી તે ખેશીઓનાં મનમાં કાંઈ ઓછું નહિ આવે તે કાજે, તે તેઓ તરફ ખાશ મમતા દેખાડતો હતો.

કેટલોક વખત બાદ ગુશતાસ્પે શાહને કએખુસરૂનાં ખાનદાંન તરફ ઘણી મોહોબત દેખાડતો અવાર નવાર ફરીથી જોયો. તે ઉપરથી તે ગુસ્સે થયો અને ગુપચુપ કોઇને સાથે લીધા વિના રૂમ ભણી નીકળી ગયો. શાહ લોહરાસ્પ તે જાણી ઘણો દલગીર થયો અને

આજુબાજુના મુલકો તરફ દરબારીઓને મોકલ્યા કે તેને સમજાવીને પાછો લાવે. પણ તેઓને એનો પત્તો મલ્યો નહિ.

ગુશ્તાસ્પ રૂમની સરહદ ઉપર આવ્યો અને ત્યાં તેણે એક લખનાર (દબીર) તરીકે, યા ઘોડાનાં રખેવાલ, યા ઉંથના સારવાંન, યા લોહાડ તરીકે, અકરી કરવાની તે પેશાવાળાઓ આગળ માંગણી કરી, પણ બધેથી નિષ્ફળ થયો. ત્યારે તે પસ્તાવા લાગો કે "જે કોઈ પોતાના બાપને દુઃખ આપે તેનાં માથાં ઉપર એનાં કરતાં વધારે ખરાબ હાલત આવે"[1] આ મુજબ રંજીદા થઈ તે એક જગ્યાએ બેસી આંખમાં પાણી લાવતો હતો. તેવામાં, તે ગામનો એક મોટો માણુસ, જે ત્યાંથી પસાર થતો હતો, તેને દયા આવવાથી તે તેને પોતાને ત્યાં લઈ ગયો અને ત્યાં રાખ્યો.

ગુશ્તાસ્પ ઉપર રૂમના કએસરની બેટીની ઉતરેલી પસંદગી. તેઓની શાદી.

હવે રૂમનો પાદશાહ, જે કએસર તરીકે ઓલખાતો, તેને ત્યાં એવો રેવાજ હતો, કે જ્યારે તેની કોઈ બેટી પરણુવા લાયકની ઉમ્મરની થતી હતી, ત્યારે તે પોતાની દરબારમાં મોટા દરજાના જવાંન મર્દોની મિજલસ બોલાવતો અને તેમાંથી તે બેટી પોતાને ગમે

---

૧ હમી ગોફ્ત હર કસ કે દર્દે પદર
બે જુયદ બઉન બદતર આયદ બસર

તે જવાંનને ખાવિંદ તરીકે પસંદ કરતી હતી. તે વખતના કએસરની એક બેટી કએતાયુન નામની હતી. તેણી પરણવાલાયક ઉમ્મરની થઈ હતી. તેથી તેણીના બાપે ઉપર મુજબની એક મિજલસ બોલાવી હતી. કએતાયુન તે મીજલસમાં ફરી, પણ પોતાને મનપસંદ જવાંન તેણીએ ત્યાં જોયો નહિ. કહે છે કે તે પછી કએસરે બીજે દરજ્જેના જવાનોની એક બીજી મીજલસ બોલાવી, જેમાં ગુસ્તાસ્પ હાજર થયો. તેણીએ ગુશ્તાસ્પને તે મીજલસમાં જોઈ તેનાં માથાં ઉપર તાજ મેલી તેને પોતાના ખાવિંદ તરીકે પસંદ કર્યો. તેણીના બાપને પસંદ પડયું નહિ, કે તેણી એક એવા બીગાના શખ્સ સાથે શાદી કરે. તેથી તેણે પોતાની બેટીને મેહેલ છોડી જવા કહ્યું. ગુશ્તાસ્પે પણ આવા સંજોગો વચ્ચે કએતાયુનને પોતાની બાયડી બનાવવા માટે આનાકાની કરી. પણ તેણીએ હિમ્મત આપવાથી તેણે તેણીને પોતાની બાયડી કરી અને તે તેણીને પોતાને ત્યાં, એટલે જે મોટા માણુસને ત્યાં તે પોતે પહુરોણા તરીકે ઉતર્યો હતો, તેને ત્યાં લઈ જઈ રહયો. કએતાયુનનાં શરીર ઉપર જે કિમતી જહવેર હતું, તેમાંનું એકાદ નંગ વેચી તેઓએ પોતાનું નવું ઘર માંડયું અને ગુશ્તાસ્પ શિકાર કરી તે ઉપર પોતાનું ગુજરાણુ કરવા લાગ્યો.

હવે એક દાહાડે શેહેરનાં મેદાનમાં કસરતનો અખાડો થયો તેમાં સર્વ પોતાના હુન્નરો દેખાડવા લાગ્યા. ગુશ્તાસ્પે પણ પોતાના હુન્નરો દેખાડયા, તે જોઇ કએસર હેરત થયો. તેણે તેને પોતા આગળ તેડયો. તે તેને પેહેલાં ઓલખી શકયો નહિ. પણ ગુસ્તાશ્પે તેને યાદ આપતાં તેણે તેને ઓળખ્યો. કએસરે હવે તેને પોતાની મેહરબાંની તળે લીધો. હજુર ગુશ્તાસ્પે પોતાને ઇરાનના પાદશાહના બેટા તરીકે પોતાને જાહેર કીધો નહિ. તે શેહેરમાં 'ફ્રરોખજાદ' ના જે નામે ઓળખાતો, તેજ નામે પોતાને ઓલખાવવા લાગ્યો. થોડા વખતમાં રૂમ તરફથી ઇરાન ગયલાં એક એલચીખાતાંનાં પેગામ ઉપરથી લોહરાસ્પને શક જતાં તેણે પોતાના બેટા જરીરને એ દરબારમાં મોકલ્યો. ત્યાં બન્ને ભાઇઓ વચ્ચે મિત્રાચારી ભર્યો મેલાપ થયો. પછી કએસરને સઘળી ખરી હકીકત ખબર પડી અને તે ઇરાનના શાહજાદાને પોતાના જમાઈ તરીકે મેલવવા માટે ખુશી થયો. હવે ગુશ્તાસ્પ પોતાના ભાઈ સાથે ઇરાન આવ્યો અને બાપ સાથે સુલેહ કીધી. લોહોરાસ્પે તેને પોતાની હૈયાતીમાંજ ઇરાનની ગાદી આપી અને પોતે બલખના આતશ બેહરામમાં એકાંત બંદગીમાં વખત ગુજારવા લાગો.

શાહ લોહરાસ્પે બલખમાં સ્થાપેલું આતશ કદેહ.

પેહલવી—"મિન કએ લોહોરાસ્પ સ્દ દેન્‌મન યેહવ્‌ન્ત...દયન યજદાન સેપાસદાર યેહવ્‌ન્ત"

(મિનોખેરદ, બાબ ૨૭, ફ. ૬૪-૬૫)

અર્થ—કએ લોહોરાસ્પથી (ઈરાનને) ફાયદો આ (થયો), કે તે યજદાન તરફ આભારી રેહતો.

મીનોખેરદના ફકરા પ્રમાણે આ પાદશાહ પોતાની જીંદગીનો મોટો ભાગ ખુદાની યાદમાં ગુજારતો હતો. કએખુસ્રુએ તેને રાજગાદી માટે પસંદ કર્યો ત્યારે પણ તે કોઈ જાહેર જીંદગીમાં જણાયલો ન હતો, પણ શાંત રીતે રહી ખુદાની એબાદતમાં વખત ગુજારતો હતો. એવા એક શાંત અને ભલા પુરૂષને અફ્રાસ્યાબ સાથની વર્ષોની લડાઈ બાદ કએખુસ્રુએ ઈરાનનાં ભલાં માટે પાદશાહી કાજે જરૂરનો ધાર્યો હોય. જેમ જીંદગીની શરૂઆતમાં તેમ છેવટે પણ તેણે પોતાનો વખત એકાંતવાસમાં પસાર કર્યો. પોતાના બેટાને રાજ્ય આપી તે એમ શાંત જીંદગી પસાર કરતો. ખુદા તરફની આવી ફર્માનબર્દાર જીંદગીનું તેનું એક મોટું કામ બલખમાં બંધાયલું આતશ કદેહ ગણાય છે, જેનું નામ ફીર્દોસી પ્રમાણે "નઓ બહાર" હતું.

બાબ અઢારમો.

શાહ ગુશતાસ્પ.

અવસ્તા—મોષુ પસ્ચએત નઓતઇરે વીશ્તાસ્પો આઓંઘ્રૂહાંમ દખ્યુનાંમ, આસુ-અસ્પોતેમો બવત. (આવાં યશ્ત, ફ. ૯૮)

અર્થ—ત્યાર પછી જલદીથી નોદરના વંશનો ગુશ્તાસ્પ આ દેશોનો ઘણુા જલ્દી ઘોડા રાખનાર માલેક થયો.

પોતાના પિતા લોહરાસ્પ પાસેથી ઇરાનની ગાદી મેળવી ગુશ્તાસ્પ પાદશાહ થયો. ગાદીએ આવતાં તેણે જાહેર કર્યું કે તે ખુદાની રાહ ઉપર ચાલી ઇનસાફથી રાજ્ય કરશે, અને ભલાઓને યારી દેશે અને ભુંડાઓને સજા કરશે. શાહ લોહરાસ્પ પોતે બલ્ખ[1]માં નઓ બહાર[2] નામના આતશ કદેહમાં એકાંતવાસ પકડી

---

૧ એ બલ્ખ, જેને ફીર્દોસી "બલ્ખે ગુઝીન," એટલે નામીચું બલ્ખ કહે છે, તે વંદીદાદની પેહેલી પર્ગર્દમાં જણાવેલું "બાખ્ધી એરેદ્વો દ્રફ્શામ" એટલે "બુલંદ વાવટાવાળું બાખ્ધી" શેહેર છે. એ શેહેરની વધુ હકીકત બાબે જુઓ મારૂં પુસ્તક "યાદગારે જરીરાન શત્રોઇહા એ અઇરાંન અર્ફીઅ વ સહિગિઅ એ સીસ્તાંન," પાનું ૫૭.

૨ જુઓ ઉપલુંજ પુસ્તક, પાનું ૫૯.

અહુરમજદની બંદગીમાં મશગુલ રહયો. થોડાં વખત પછી તેની રાણી, જેણીનું નામ નાહીદ હતું અને જેણીનું બીજું નામ કએતાયુન હતું, તેણીને પેટે તેને અસ્ફન્દયાર અને પેશોતન નામના બે બેટા પેદા પડયા. ગુશ્તાસ્પ પાદશાહને આજુબાજુના સર્વ પાદશાહો ખંડણી આપતા હતા. પણ તુરાની પાદશાહ અર્જાસ્પ ખંડણી આપતો ન હતો, પણ સામી થોડીક ખંડણી લેતો હતો.

એનાં રાજ્યનો મોટો બનાવ, પેગાંમ્બર જરથોશ્તનું જન્મવું

અવસ્તા—જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમ્ચ ફ્રવષીમ્ચ યજમઈદે.. યેહે જાંથએચ વક્ષએચ ઉશ્તાતેમ નિશ્રવન્ત વીસ્પાઓ સ્પેન્તા-દાતાઓ દામાન. ઉશ્ત નો જાતો આથ્રવ સ્પિતામો જરથુશ્ત્રો .. ઇધ અપાંમ વીજસાઇતિ વંઘૂઉહિ દએન માઝદયસ્નીશ વીસ્પાઇશ અવિ કર્ષ્વાન યાઇશ હફ્ત (ફ્રર્વર્દીન યશ્ત, ક. ૮૭, ૯૩, ૯૪).

અર્થ—સ્પિતમાન અશો જરથોશ્તનાં અશો ફ્રરોહરને અમો અહીં આરાધ્યે છિએ.....કે જે (જરથોશ્ત) ના જન્મથી અને વૃદ્ધીથી સ્પેનામીનોની સર્વ પેદાયશ ખુશાલીના શબ્દો બોલવા લાગી કે આપણે માટે એક અથોરનાન, જે સ્પિતમ જરથોશ્ત, તે ભલે

જનમ્યો...હવે ભલી માજદયસ્ની દીન અહીં હર્તે કેશ્વર જમીન ઉપર ફેલાશે.

અવસ્તા--યેહે જાંથએચ વક્ષએચ અપદૂવરત અંઘ્રો મઇન્યુશ હચ જેમત (અશીશવંઘ યશ્ત, ફ. ૧૯).

અર્થ—જે (જરથોશ્ત)ના જન્મ અને વૃદ્ધીથી આહુરેમન આ પૃથ્વીથી દૂર ન્હાઠો.

શાહ ગુશ્તાસ્પ ઇરાનની ગાદીએ બેસવા પછી થોડેક વર્ષે, બુનદેહેશ[1]ના કહેવા પ્રમાણે ૩૦ વર્ષે, પેગામ્બર જરથોશ્તે પોતાની દીન જાહેર કરી. ફીર્દોસી એ બનાવ બાબે અલંકારીક રીતે નીચે પ્રમાણે કહે છે.

"જમીનમાં એક ઝાડ[2] પેદા થયું, ગુશ્તાસ્પના મેહેલમાં તેનાં અઇવાનની પાસે તે દરખ્ત પુષ્કળ મુળયાંઓ અને ઘણી ડાંખળીઓ સાથનું હતું. શિખામણો તેનાં પાત્રાં, અને અક્કલ તેનાં ફળ હતાં. જે

---

૧ બાબ ૩૪. ફ. ૭.

૨ ફીર્દોસી અહીં પેગામ્બર જરથોશ્તની દીન માટે અલંકારીક રીતે એક 'ઝાડ' તરીકે બોલે છે. આગળ ચાલતાં તે એજ મુજબ પેગામ્બરને હાથે એક સર્વનું ઝાડ, જેને તે "કીશ્મેરનું સર્વ" કહે છે, તે એક આતશ કદેહમાં રોપાયલું જણાવે છે. એ કીશ્મેરના સરવનાં ઝાડ માટે જુઓ મારો વિષય "પેગામ્બર જરથોશ્ત અને સરવનું ઝાડ" (જરથોસ્તી વા. ૧, અંક ૧,).

ધણી એવાં ફળ ખાય (એટલે અક્કલ અખત્યાર કરે) તે કેમ મરણ પામે? તેનાં પગલાં મુબારક હતાં અને તેનું નામ જરથોશ્ત હતું. તેણે તે બુરી કરણીવાળા હારેમનને માર્યો હતો. તેણે જવાન પાદશાહ (ગુશતાસ્પ)ને કહ્યું, કે 'હું પેગામ્બર છું. ખોદાતાલા તરફ રસ્તો દેખાડનાર રેહબર છું.' તે આતશનું એક આફ્રીનગાન્યું લાવ્યો, અને કહ્યું કે 'હું તે બેહેશ્ત-માંથી લાવ્યો છું.' જેહાંનને પેદા કરનાર ખોદાતાલાએ તુંને કેહેવાડયું છે, કે તું દીનને કબુલ કર. આ આસ્માન અને જમીનને તું જો, કે તેઓને મેં ખાક અને પાણી વગર પેદા કર્યા છે. તું જો, કે મેં તેઓને કેમ બનાવ્યાં છે. તું જો કે હું, જે જેહાંનદાર છું, તે સિવાય બીજો એ મુજબ કરી શકે કે? જો તું એમ જાણે કે મેં તે પેદા કર્યાં છે, તો તેં મને જેહાંન આફ્રીન (એટલે જગતનો પેદા કરનાર) ગણવો જોઇએ. (મારા શબ્દો) બોલનાર એટલે પેગામ્બર તરફથી તેની ભલી દીન તું કબુલ કર. તેનાથી તેની રાહ રસમ શિખ."

પેગામ્બર જરથોશ્તની શાહ ગુશતાસ્પને દીન શિખવવાની મોરાદ.

અવસ્તા—તાંમ યજત યો અષવ જરથુશ્ત્રો અઇર્યેને વએજહિ વંઘહુયાઓ દાઈત્યયાઓ.......

આઅત હીમ જાઇધ્યત અવત આયપ્તેમ દજદિ મે વંઘુહિ સેવિશ્તે અરેદ્વી સૂરે અનાહિતે યથ અજેમ હાચયેને પુથ્રેમ યત અઉવર્ત અસ્પહે તખ્મેમ કવએમ વીશ્તાસ્પેમ, અનુમતેએ દએનયાઇ, અનુખ્તેએ દએનયાઇ અનુ-વર્શ્તેએ દએનયાઇ.

દથત અહમાઇ તત અવત આયપ્તેમ અરેદ્વિ સૂર અનાહિત (આવાં યશ્ત, ફ. ૧૦૪–૧૦૬)

અર્થ—અશો જરથોશ્તે ઇરાંન દેશમાં વેહે દાઇતી નદી ઉપર તેણી (અર્દ્વીસૂર અનાહિત)ને આરાધી ...અને તેણીને અરજ ગુજારી કે "એ ભલી ફાયદો પોહોંચાડનારી અર્દ્વીસૂર અનાહિત ! મને આ બક્ષેસ આપ કે, હું બાહાદુર કએ ગુશ્તાસ્પ, જે લોહોરાસ્પનો છોકરો, તેને (મારી) દીનના વિચાર પ્રમાણે, (મારી) દીનના વચન પ્રમાણે, (અને મારી) દીનનાં કામ પ્રમાણે ચલાઉં. અર્દ્વીસૂર અનાહીતએ તેને તે બક્ષેસ આપી.

અવસ્તાના આ ફકરા પ્રમાણે, અને ફીર્દોસીના ઉપલા ફકરા પ્રમાણે, પેગામ્બર જરથોશ્તે પોતાની દીન શાહ ગુશ્તાસ્પની દરબારમાં જાહેર કીધી અને શાહ ગુશ્તાસ્પને શિખાડવાની મરજી જણાવી. એટલુંજ નહિ પણ તેણે તે પાદશાહની રાણી, જેણીનું અવસ્તા પ્રમાણે ઇરાંની નામ હુતોષ હતું, તેણીને પણ તે શિખાડવાની

મરજી જણાવી. તેની દુઆ કબુલ રાખવામાં આવી અને તેની મરજી પાર પડી.

શાહ ગુશ્તાસ્પની રાણી હુતોષ. દીનના ફેલાવા માટે પેગામ્બર જરતોશ્તે સોધેલી તેણીની દીલસોજી.

અવસ્તા—તાંમ યજત યો અષવ જ઼રથુશ્ત્રો ....યથ અજ઼ેમ હાચયેને તે વં.ધુહીમ આઝાતાંમ હુતઓસાંમ, અનુમતેએ દએનયાઓ, અનૂખ્તેએ દએનયાઓ, અન્‌વર્‌શ્તેએ દએનયાઓ, યા મે દએનામ માઝ્‌દયસ્નીમ .જરસ્ચ દાત, અપએચ અઓતાત યા મે વરેજ઼ાનાઇ વં.ધુહીમ દાત ફ્રસસ્તીમ (ગોશ યશ્ત, ક્. ૨૫-૨૬).

અર્થ—તેણી (દ્રવાસ્પ યજદ)ને અશો જરથોશ્તે અરાધી...(અને આ દુઆ માંગી કે) હું ભલી નેક બુન્યાદની હુતોસ (રાણી)ને દીનના વિચાર પ્રમાણે, દીનનાં વચન પ્રમાણે, દીનનાં કામ પ્રમાણે ચલાઉં, જેણી મારી માજ્દયસ્ની દીન ઉપર દિલ (યાને ખરાં દિલથી ધ્યાન) આપે અને પોતાની ઇચ્છા ઓચરે, જેણી મને મારાં (દીન ફેલાવવાનાં) કામ માટે ભલી સલાહ આપે.

પેગામ્બર જરથોશ્તે પોતાની દીનના ફેલાવા માટે,

જેમ પાદશાહ ગુશ્તાસ્પની દીલસોજી અને મદદ શોધી તેમ, શાહની રાણી હુતોસની દીલસોજી અને મદદ શોધી. સબબકે દેશના પાદશાહની રાણીને પોતાની દીનની તરફેણમાં લેવાથી આજુબાજુ ભલી અસર થાય, એટલુંજ નહિ, પણ રાણીના હુતોસ કુટુંબના ઘણા નામીચા નરો ઉપર પણ સારી અસર થાય અને તેઓ જરથોશ્તના ચેલા બને. પેગામ્બર જરથોશ્ત પોતાની આ મોરાદમાં ફતેહ પામ્યા. તેણીની મદદથી તેવણનું કેટલુંક કામ સફળ થયું.

શાહ ગુશ્તાસ્પે જરથોસ્તી દીન કબુલ રાખવી.

અવસ્તા—ઉગ્રેમ કવએમ ખરેનો મજ઼દધાતેમ યજ઼મઇદે...યત ઉપંઘ્હચત કવએમ વીશ્તાસ્પેમ અનુ-મતેએ દએનયાઇ અનૂખ્તેએ દએનયાઇ અનવર્શ્તેએ દએનયાઈ, યત ઇમાંમ દએનાંન આસ્તઓત દુશમઇન્યૂમ સિજ઼્ધો દએવાંન અષવાંન (જમ્યાદ યશ્ત, ક. ૮૩-૮૪.)

અર્થ—મજદના પેદા કરેલાં શક્તિવાન કેઆંની ખોરેહને અમો આરાધ્યે છિએ, જે ખોરેહ દીનના વિચારો માટે, દીનનાં વચનો માટે અને દીનનાં કામ માટે કયાની ગુશ્તાસ્પની પુઠે ગયું. તેથી તેણે આ દીનને વખાણી અને દુશ્મન દેવો, જેઓ અશોઇથી દૂર રેહેનારા, તેઓનો નાશ કીધો.

અવસ્તાના ઉપલા ફકરા પ્રમાણે, પએગામ્બર જરથોશ્તે જે દુઆ ગુજારી હતી, કે પાદશાહ અને તેની રાણી તેની દીન શિખે અને કબુલ રાખે, તે દુઆ બર આવી. ફીર્દોસી એ બાબે કહે છે કે "જ્યારે ભલા પાદશાહે તે (પેગામ્બર જરથોશ્ત) થી તે ભલી દીન સાંભળી ત્યારે તેણે તે સાચ્ચો માર્ગ અને સાચ્ચી દીન કબુલ રાખ્યાં" ત્યાર પછી શાહના ભાઈ જરીર, તેનાં બાપ બુજોર્ગ લોહોરાસ્પ, તેના સરદારો, દાનાવો અને બુજોર્ગોએ પણ તે દીન કબુલ રાખી. તે દીનથી "ખુદાની મેહેર વધુ જાહેર થઈ અને બુરાઓનાં દિલમાંથી બદી કોતાહ થઇ, મુર્તીપુંજા કમી થઇ અને આતશની સેતાયશ વધુ ફેલાઈ."

શાહ ગુશતાસ્પે જરથોશ્તી દીન ફેલાવવી

અવસ્તા—કવોઇશ વીશ્તાસ્પહે અષઓનો ફ્રવ-ષીમ યજમઇદે, તખ્મહે તનુ માંથ્રહે દર્ષિ-દ્રઓશ આહુઇર્યેહે યો દ્રુચ પઉર્વાંન્ચ અષાઈ રવો યઓષ; યો દ્રુચ પઉર્વાનચ અષાઇ રવો વીવઓધ. યો બાજુસ્ચ ઉપસ્તચ વીસત અંઇધ્રહાઓ દએનયાઓ યત આહુરો-ઇશ જરથુશ્ત્રોઈશ. (ફ્રવર્દીન યશ્ત ફ. ૯૯)

અર્થ-અમો અશો, જોરાવર, માંથ્રનાં તનવાળા, સખ્ત હથ્યારવાળા, અહુર મજદના તરીકા પ્રમાણે ચાલનાર, કેઆંની ગુશતાસ્પનાં ફ્રરોહરને આરાધ્યે છિએ,

જેણે હથ્યાર આગળ વધારીને પવિત્રાઇને આગળ વધારી; જેણે હથ્યાર આગળ વધારીને પવિત્રાઇનો વધારો જાહેર કીધો; જે આએ દીન, જે અહુરમજદી જરથોશ્તી છે, તેની બાજુ અને ટેકો આપનાર થવાને કબુલ થયો.

શાહ ગુશ્તાસ્પે પોતે જરથોશ્તી દીન કબુલ કીધી અને તેનાં ખેશ નજદીકનાંઓએ તે કબુલ કીધી. તે પછી તેણે મુલકે મુલક કાસદો મોકલી તે દીન ઉપર લોકોનું ધ્યાન ખેંચ્યું અને પેગાંમ કહેવાડયો, કે "જરથોશ્તનો રાહ કબુલ રાખો અને ચીનઇ મુર્તીઓની પુંજાથી દૂર રહો અને કુસ્તી બાંધો." શાહનો આ પેગાંમ કાસદો મારફતે મુલકે મુલક ફેલાયો અને ઘણાકો જરથોશ્તી દીનની રાહ ઉપર આવ્યા.

શાહ ગુશ્તાસ્પને જરથોશ્તી દીનના સંબંધમાં શાહ અર્જાસ્પ સાથે થયલી ત્રણ લડાઇઓ. તેઓમાંની પેહેલી લડાઈ.

શાહનામાં પ્રમાણે શાહ ગુશ્તાસ્પનાં રાજ્યના મુખ્ય બનાવોમાં તેની શાહ અર્જાસ્પ સામેની લડાઇઓ હતી, જે લડાઇ પેગામ્બર જરથોશ્તની દીન શાહ ગુ-શ્તાસ્પે કબુલ કરી, તે સબબે બરપા થઈ હતી.

અવસ્તા—તાંમ યજ઼ત બેરેજ઼ઈધિશ કવ વીશ્તાસ્પો પસ્ને આપેમ ફ્રજ઼દાનઓમ...આઅત હીમ જઇધ્યત અવત આયપ્તેમ દજદિ મે વંઘઉહિ સેવિશ્તે અરેદ્વી

સૂરે અનાહિતે યત બવાનિ અઈવિ-વન્યાઓ તાશ્રયવન્તેમ દુઝ્દએનેમ પેષનેમ્ચ દએવયસ્નેમ દ્રવન્તેમ્ચ અરેજત્-અસ્પેમ અહ્નિ ગએથે પેષનાહુ.

દથત અહ્માઇ તત અવત આયપ્તેમ અરેદ્વી સૂર અનાહિત (આંવા યશ્ત, ફ઼. ૧૦૮ થી ૧૧૦)

અર્થ—તેણી (અર્દ્વિસૂર) ને ઉંચી નજરવાળા કએ ગુશ્તાસ્પે ફ્રજ્દાનવ (સરોવર)ની પછવાડે યાને કિનારા ઉપર આરાધી. તે વખતે તેણે અર્જ ગુજારી કે "એ ભલી ફાયદો કરનાર અર્દ્વીસૂર અનાહિત ! મને આ બક્ષેસ આપ, કે હું અંધકારને પસંદ કરનાર, બુરી દીનવાળા, દુશ્મની ધરાવનાર દેવયસ્નાંનને અને બુરા અર્જાસ્પને આએ દુનિયામાં લડાઈમાં મારનાર થાઉં." ત્યારે અર્દ્વીસૂર અનાહીતએ તેને તેની મોરાદ બખ્શી.

આ વખતે શાહ ગુશ્તાસ્પ તુરાંની અર્જાસ્પને થોડીક ચોઠાઈ આપતો હતો. તે આપતાં પએગામ્બર જરથોશ્તે તેને અટકાવ્યો, એવું કહીને કે, "આ નવી યજ્દાંપરસ્તી દીન અખત્યાર કરેલા પાદશાહના દરજ્જાને એમ કરવું શોભા ભરેલું નથી, અને વળી આગલા ઈરાંની પાદશાહો એમ કરતા નહિ હતા." પએગામ્બર જરથોશ્તે શાહ ગુશ્તાસ્પને કહ્યું કે "આપણી દીનને છાજતું નથી કે તું દીન વગરના તુર્કીને ખંડણી આપે." તે ઉપરથી શાહે અર્જાસ્પને ખંડણી આપતી બંદ કીધી.

એક બુરા આદમીએ (દેવે) અર્જાસ્પને ગુશ્તાસ્પ સામે અને પેગામ્બર જર-તોશ્ત સામે ઉશકેરવો.

અવસ્તા—તાંમ યજત બેરેજ઼્યઇધિશ કવ વીશ્તાસ્પો......યથ અજ઼નિ...અરેજત અસ્પહે, યથ અજ઼નિ પેષને દર્ષિનિકહે દએવયસ્નહે (અશીશવંઘ યશ્ત, ફ. ૪૯–૫૦)

અર્થ—તેણી (અશીશવંઘ) ને બુલંદ દિલના કએ ગુશ્તાસ્પે આરાધી (અને આ દુઆ માગી કે...) હું અર્જાસ્પને ન્હસાડું અને દેવની પરસ્તેશ કરનાર દર્ષીનિકને લડાઇમાં ન્હસાડું.

અશીશવંઘ યશ્તના ઉપલા ફકરા મુજબ તેમજ ગોશ યશ્ત (ફ. ૩૦) મુજબ પાદશાહ ગુશ્તાસ્પ દુઆ ગુજારે છે, કે તે શાહ અર્જ઼ાસ્પને અને દર્ષિનિક[૧] નામના એક દેવને મારવાને શકિતવાન થાય. યશ્તોમાં નામ દીધેલો આ દર્શિનિક દેવ, તે ફીર્દોસીએ નામ દીધા વગર જણાવેલો એક દેવ યાને બુરો આદમી છે, કે જેણે શાહ અર્જ઼ાસ્પને ગુશ્તાસ્પ સામે લડાઇ કરવાને ઉશ્કેર્યો. તે ઉપરથી તેણે એક નામું પાદશાહ ગુશ્તાસ્પ ઉપર લખાવ્યું. અર્જ઼ાસ્પે તે નામામાં ખોદાનું નામ

---

૧ જુઓ મારી "અવસ્તાનાં વિશેષ નામોની ફરહંગ"માં દર્ષિનિક શબ્દ, પા. ૧૦૭

શરૂઆતમાં લેઇ પેહેલે ગુશ્તાસ્પને ભેટ, લાલચ અને સેવટે ધમકી આપીને નવી દીન છોડી દેવાને ઘણું સમજાવ્યું. શાહ ગુશ્તાસ્પે પએગામ્બર જરથોશ્તની દીન સાંમેની અર્જાસ્પની વર્તણુંક સામે ધિકકાર બતાવી, તે દીન માટે લડવાને પોતાની ખુશી જણાવી.[1]

આ મુજબ બન્ને પાદશાહોએ લડાઇની તૈયારી કરી. એક મોટી લડાઇ થઇ, તેમાં ગુશ્તાસ્પ તરફથી તેના ચાર બેટાઓ, અરદેશર, ઓહુરમજદ, શીદસ્પ, અને નીજવર, શાહના વજીર જામાસ્પનો બેટો ગેરાંમી અને ભાઇ જરીર માર્યા ગયા. લડાઇનું છેવટ ઇરાની-ઓની ફતેહમાં આવ્યું અને અર્જાસ્પ ન્હાઠો. આ ફતેહ પછી શાહ પોતે બલખ ભણી પાછો ફર્યો અને "ખાને ગુશ્તાસ્પી" નામનું આતશ કદેહ સ્થાપ્યું. આ આતશ કદહેમાં આદર બુર્ઝીન નામનાં આતશને સ્થાપવામાં આયેલ.

શાહ ગુશ્તાસ્પે સ્થાપેલું આદર બુર્ઝીનનું આતશ બહેરામ.

અવસ્તા—તવ આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ

---

૧ આ લડાઈની થોડીક હકીકત માટે જુઓ મારૂ "યાદગારે જરીરાન" નામનું પુસ્તક. જુઓ મારાં "શાહનામાનાં દાસ્તાનો", ભાગ ૧ લો, પાનું ૧૪૬ થી ૧૫૩.

૨ જુઓ એ માટે મારા "ઈરાની વિષયો," ભાગ ૧.

...આથ્રો અહુરહે મજ્દાઓ પુથ્ર રઓવન્તહે ગરોઇશ મજ્દધાતહે...ફ્નઓથ્ર યસ્નાઇચ...યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રઓતુ (આતશ નીઆએશ)

અર્થ--ઓ અહુરમજ્દના પુત્ર આતશ! ખુદાતાલાને ખુશી કરવા માટે તારી...અહુરમજદના (આદર બુર્જીન) આતશની, અહુરમજ્દના પેદા કીધેલા રઓવંન્ત પહાડની...આરાધના (વિગેરે) કરવાને, જોતી મારી નજદીક યથા અહુવઇર્યો ભણે.

પેહેલવી—આતશ બુર્જીન મિત્રો આતશ અનહુમા ઐન્મન (આતશ નીઆએશના ઉપલા ફકરાની પેહેલવી સરેહ).

અર્થ—આદર બુર્જીન આતશ અહુરમજદનો પુત્ર.

આતશની નીઆએશની શરૂઆતના ઉપલા ફકરામાં રઓવન્દ પહાડને યાદ કરી તે ઉપરના આતશને યાદ કર્યો છે. તે આતશ એ નીઆએશની પેહેલવી સરેહ પ્રમાણે આદર બુર્જીન નામનો આતશ છે, જેને એક મોટા આતશ બહેરામમાં પરથ્યો હતો. આતશની નીઆએશમાં સેવટે, "રોજ નેકનામ" ભણતાં, જે ત્રણ આતશ બેહેરામો—આદર ગુશસ્પ, આદર ખોર્દાદ, આદર બુર્જીન મેહેર—ને યાદ કર્યા છે, તેમાં એક આતશ બેહેરામ આ રઓવંદ પહાડ ઉપર સ્થાપેલું આતશ બેહેરામ છે. એ રઓવન્દ પહાડ બુનદેહેશ પ્રમાણે

ખોરાસાનમાં છે. એ પહાડની "પુશ્તે વીશ્તાસ્પાન" નામની એક ટેકરી ઉપર એ આતશ બેહેરામ બાંધ્યું હતું.

શાહ ગુશ્તાસ્પને દીન ફેલાવવામાં મદદ કરનારાઓ.

દીનકર્દના સાતમાં દફ્તર પ્રમાણે પાદશાહ ગુશ્તાસ્પને જરતોશ્તી દીન ફેલાવવાના કામમાં મદદ કરનારા પુરૂષોમાં મુખ્ય ચાર હતા. તેઓ, જામાસ્પ, ફરષઓસ્તર, જરીર અને અસફન્દયાર હતા.

જામાસ્પ.

અવસ્તા--તાંમ યજત જામાસ્પો યત સ્પાધેમ પઇરિ અવયેન્ત દૂરાત અયન્તેમ રસ્મઓયો દ્રવતાંમ દએવયસ્નનામ··યથ અજેમ અવત વેરેથ્ર હચાને, યથ વીસ્પે અન્યે અઈરે. (આવાં યશ્ત ફ. ૬૮–૬૯.)

અર્થ--જામાસ્પે જ્યારે લડાઇમાં બુરા દએવયસ્નાનોનાં લશ્કરને દૂરથી આવતાં દીઠું, ત્યારે તેણે તેણી (અર્દ્વીસૂર) ને આરાધી (અને આ મોરાદ માગી) કે જેટલી બીજા સર્વ ઇરાનીઓએ (ફતેહ) મેળવી તેટલી ફતેહ હું મેળવું.

અવસ્તા પહેલવી પુસ્તકો પ્રમાણે જામાસ્પ હવોવ ખાનદાનનો એક દાનાવ પુરૂષ અને શાહ ગુશ્તાસ્પનો

વડો દસ્તુર[1] અને વજીર હતો. તેણે લડાઇનાં મેદાનમાં જાતે ઉતરી અગતનો ભાગ લેવા વિના, દરબારમાંજ રહી, શાહને હિમ્મત અને સલાહ આપી કિમતી સેવા બજાવી હતી. એ પએગામ્બર જરથોશ્તના પહેલા શાગેર્દોમાંનો એક ઉપયોગી આગેવાન શાગેર્દ હતો. તેથી એક જરથોશ્તી, એકરારનામાં (હા. ૧૨ ફ. ૭) માં આ જામાસ્પના તરીકાવાળા થવાનું જાહેર કરે છે. દીનકર્દ પ્રમાણે અહુરમજ્દે જરથોશ્તી દીન ફેલાવવા કાજે એને એક વસીલો કર્યો હતો.[2] એ પુસ્તકનાં સાતમાં દફતર પ્રમાણે અસફન્દયાર, ફ્રષઓસ્તર અને જરીર સાથે એ દીનને યારી દેનારા ચાર પુરૂષોમાંનો એક હતો. યાદગારે જરીરાન પ્રમાણે શાહ ગુશ્તાસ્પ, જે, લડાઇનું છેવટ પોતાની વિરૂધ્ધમાં આવશે, એમ જાણી ઘણી ધાસ્તી ખાઇ ગયો હતો, તેને એણે ઘણીક હિમ્મત આપી હતી. જ્યારે અર્જાસ્પ સાથની પહેલી લડાઇ બાદ ગુશ્તાસ્પ અને અસફન્દયાર, બાપ બેટા વચ્ચે અણબનાવ થયો, ત્યારે આ ડાહ્યા વજીરે સુલેહ કરાવવા ઘણો આગેવાન ભાગ લીધો હતો. એનો એક બેટો, જે ગેરામી નામનો હતો, તેણે પણ દીન માટેની લડાઇમાં આગેવાન ભાગ લીધો હતો.

---

૧ દાદેસ્તાની દીની, બાબ. ૪૪ ફ. ૧૬. ૨ દસ્તુર પેશોતનનું વોલ્યુમ ૧ બાબ ૧.

ફ્રષઓસ્તર.

અવસ્તા--ફ્રેરષઓસ્ત્રા અથ્રા તુ અરેદ્રાઇસ ઈદી હવો ગવા તાઇસિ યેંગ ઉસ્વહી ઉશ્તા-સ્તોઈ (ઉશ્તવદ ગાથા, હા ૪૬, ફ. ૧૬)

અર્થ--ઓ હવોવના ખાનદાનના ફ્રષઓસ્તર! દુન્યાના સુખ માટે જે મદદગારો આપણે પસંદ કર્યા છે, તેઓની સાથે તું ત્યાં (એટલે જ્યાં તેઓને દીન ફેલાવવા મોકલવા ધાર્યા છે ત્યાં) જા.

જેમ જામાસ્પ માટે, તેમ ફ્રષઓસ્તર માટે વીશ્તાસ્પ યશ્ત (ફ. ૧૧) માં દ્વિ વચનમાં બોલવામાં આવે છે, અને બન્નેને ગાથામાં હવોવના ખાનદાનના કહ્યા છે, તે ઉપરથી એ બન્ને ભાઇઓ હતા અને પેગામ્બર જરથોશ્તની દીનને મદદ કરનારા જોડીઆ હતા, એમ દિસેછે. ફ્રષઓસ્તર પણ પએગામ્બર જરથોશ્તનો પહેલો આગેવાન શાગેર્દ હતો, તેથી એના તરીકાવાળો થવાને એક જરથોશ્તી ખાહેશમંદ રહેતો. એણે પએગામ્બર સાથે દીનના સંબંધમાં કેટલીક જાતે પુછપરછ કીધી હતી. કહે છે કે અસફન્દયારે દીનની કેટલીક તાલીમ એની પાસે લીધી હતી. એ પેગામ્બર જરથોશ્તનો ખેશી થતો હતો.

જ઼રીર.

અવસ્તા—તાંમ યજ઼ત અસ્પાયઓધ જ઼ઇરીવઇરિશ...યત બવાની અઇવિ-વન્યાઓ...ઽવન્તેમ્ચ

અરેજત અસ્પેમ અહ્મિ ગએથે પેષનાહુ (આવાં યશ્ત, ફ. ૧૧૨—૧૩).

અર્થ—તે (અર્દ્વીસુર) ને નામીચો ઘોડો રાખ-નાર જરીરે આરાધી (અને મોરાદ માગી) કે હું આ દુન્યાની લડાઇમાં દરવંદ અર્જાસ્પને મારનાર થાઉં.

આવાં યશ્તના આ ફકરા પ્રમાણે અને બીજી યશ્તો પ્રમાણે શાહ ગુશ્તાસ્પની અર્જાસ્પ સામેની લડાઇમાં જરીરનો આગેવાન ભાગ હતો. એ સબબે એ લડાઇનાં વર્ણનનું એક પેહેલવી પુસ્તક, "અયાદ-ગારે જરીરાન" તરીકેનું પોતાનું નામ જરીરના નામ ઉપરથી લેછે. જરીર અર્જાસ્પનો એવો મોટો દુશ્મન હતો, કે આવાં યશ્ત (ફ. ૧૧૭) પ્રમાણે, અર્જાસ્પ પોતે એના ઉપર ફતેહ મેલવવા ખાસ દુઆ ગુજારે છે, જે દુઆ કબુલ રેહતી નથી. શેકન્દ ગુમાની વઝાર (બાબ ૧૦, ફ. ૬૭) પ્રમાણે, એણે જરથોશ્તી દીન અરૂમ (એશ્યા માઇનર) અને હિન્દુસ્તાન ભણી ફેલાવવામાં અસફન્દયાર સાથે ભાગ લીધો હતો. જો એ એશારો ખરો ગણયે તો અર્જાસ્પ સામેની લડાઇની આગમચની એ કોઈ કોશેશ હોય, સબબકે જરીર તો પેહેલી લડાઈમાંજ, યાદગારે જરીરાન પ્રમાણે, બીદરફ્શ નામના તુરાનીને હાથે માર્યો ગયો હતો. દીનકર્દ (દફતર ૭) પ્રમાણે જરથોશ્તી દીનના ફેલાવા માટે, જે ચાર જને

આગેવાન ભાગ લીધો હતો, તેઓમાં એ અસફન્દયાર, ફ્રરષ્ઓસ્તર અને જામાસ્પ સાથે એક હતો. જ્યારે પોતાના ભાઈ ગુશ્તાસ્પને પિતા લોહારાસ્પ સાથે અણુબનાવ થયો હતો, ત્યારે એણે વચમાં પડી સુલેહ કરાવવામાં આગેવાન ભાગ લીધો હતો. દીન દુશ્મન અર્જાસ્પ સામેની એની સખ્ત લડાઇના સબબે લગ્નના આશિર્વાદમાં અને આફ્રીનમાં એને નામે દુઆ ગુજારવામાં આવે છે કે "દુશ્મન જદાર બેદ ચુન જરીર," એટલે "જરીરના જેવા દુશ્મનને મારનાર થજો." એનો નસ્તુર નામનો એક લડાયક બેટો હતો, જેને પણ ફ્રર્વર્દીન યશ્તમાં યાદ કર્યો છે.

આવાં યશ્તમાં જરીરને "અસ્પાયઓધ" એટલે "ઘોડા ઉપર લડનાર" કહ્યો છે. ઘણાં પેહેલવાનો ઘોડાઓ ઉપર લડે છે, પણ જરીરને એ એલકાબ ખાસ કરી શા માટે મલ્યો, તે બાબેનો શાહનામા ઉપરથી ખુલાસો મળે છે. એ પુસ્તક ઉપરથી માલમ પડે છે કે એ સમન્દનાં નામથી ઓળખાતી ઘોડાની જાતના એક નામીચા ઘોડાનો માલેક હતો. તે ઉપરથી એને એ એલકાબ મળ્યો હોય એમ દિસે છે.

જરીરનો બેટો નસ્તુર.

અવસ્તા—બસ્તવરેઇશ અષઓનો ફ્રવષીમ યજમઇદે (ફ્રર્વર્દીન યશ્ત, ફ. ૧૦૩)

અર્થ—અશો બસ્તવઇરીનાં ફ્રોહરને હમો આરાધ્યે છિએ.

ફ્રર્વર્દીન યશતમાં શાહ ગુશતાસ્પનાં રાજ્યના વખતના જે કેટલાક ભલા પુરૂષોને યાદ કર્યા છે, અને તેઓમાં અર્જાસ્પ સામેની લડાઇમાં મદદ કરનારા જે કેટલાકોનાં નામો જોઇએ છિએ, તેઓમાં એક નામ બસ્તવઇરી છે. યાદગારે જરીરાનમાં એ અવસ્તાનું બસ્તવઇરી નામ બસ્તુર બન્યું છે અને ફ્રીર્દોસીનાં શાહનામામાં તે નુકતાંના ફેરકારથી નસ્તુર બન્યું છે. એ નસ્તુર જરીરનો બેટો હતો. અર્જાસ્પ સામેની પેહેલી લડાઈમાં, જ્યારે બીદરફ્રશ, જેનું નામ પેહેલવી અયાદગારે જરીરાનમાં વીદરપ્રસ આપ્યું છે, તેણે જરીરને મારી નાખ્યો, ત્યારે તેનો આ બેટો, જે, યાદગારે જરીરાન પ્રમાણે, સાત વર્ષનાં બચ્ચાં જેવો (હફ્ત શન્તે હુમાનાક) હતો, તે બાપનો કિનો લેવા મેદાનમાં ગયો. ત્યાં શાહ ગુશતાસ્પે તેને તેની ઘણી નાની ઉમ્મરને લીધે પેહેલે એ કામથી વાર્યો, પણ તે છુપી રીતે મેદાનમાં જઈ, પોતાના બાપના કાલબુદને ત્યાં પડેલું જોઈ, શાહ આગળ પાછો આવ્યો અને તેનો હોકમ લઈ લડવા ગયો. તેણે લડાઇમાં પોતાના બાપના ખુની બીદરફ્રશને માર્યો અને પોતાના બાપનો નામીચો ઘોડો, જે બીદરફ્રશ લઇ ગયો હતો, તે પાછો હાથ કીધો.

પછી તેણે અસફન્દયાર અને જામાસ્પના બેટા ગેરામીક કર્દ સાથે મળી દુશ્મનનાં લશ્કરપર હુમલો કરી અર્જાસ્પને છેવટની હાર આપી.

શાહનો બેટો અસફન્દયાર.

અવસ્તા--આઅત અઓખ્ત જરથુશ્ત્રો પુથ્ર કવ વીશ્તાસ્પ..... પઇતિ સ્રુયાઓ યથ... દ્રુજો વનાને તખ્મો સ્પેન્તો-દાતાઇ પોઉરૂ- સ્પક્ષતીમ ત્બિશ્યન્તાંમ પઇતિ- જઇતીમ દુશ્મઇન્યવનાંમ. (વીશ્તાસ્પ યશ્ત, ક. ૨૪-૨૫)

અર્થ--જરથોશ્તે કહ્યું કે "મારા બેટા શાહ ગુશ્તાસ્પ! આ શબ્દો તું ભણ કે...... તેથી બહાદુર અસફન્દયાર દરૂજને મારી હતાડવા કાજે દુઃખો સામે ખબરદારી અને દુશ્મનો સામે ફતેહ મેલવે."

અર્જાસ્પ સામેની શાહ ગુશ્તાસ્પની ફતેહમંદ લડાઇઓમાં તેના બેટા અસફન્દયારનો આગેવાન ભાગ હતો, તે જેમ શાહનામા ઉપરથી તેમ પેહેલવી "યાદગારે જરીરાન" ઉપરથી માલમ પડે છે. લગ્નના આશીર્વાદમાં અને આફ્રીનમાં આ સબબે એને નામે દુઆ દેવામાં આવે છે કે, "નીજવેર બેદ ચુન અસ્ફન્દયાર" એટલે "અસ્ફન્દયારના જેવા નેજાના ઉઠાવનાર થજો." જ્યારે અસ્ફન્દયાર દૂર દેશોમાં દીનનો ફેલાવો કરી ફતેહની કીર્તિ સાથે ઇરાન મુલક આવી પોહોંચ્યો, ત્યારે એક બુરો અદેખો પુરૂષ, નામે ગર્જમ, જે પાદશાહનાં પોતાનાંજ

કુટુંબનો હતો, તેણે શાહ અને તેના બેટા વચ્ચે કજીઓ કરાવ્યો. તેને પાદશાહને કહ્યું કે "અસ્ફન્દયાર લશ્કરની કુમકથી હવે ઘણો પગભર થયો છે અને તે તારી હેયાતીમાંજ ઇરાનની ગાદી મેળવવાનો ઇરાદો રાખે છે."

શાહે પોતાની જવાનીમાં પોતાનાં બાપ લોહોરાસ્પ સાથે સારી વર્ત્તણુક ચલાવી હતી નહિ. તેણે તેની જીંદગીમાંજ તેની પાસે ગાદી માગી હતી, અને તે મેળવવાને ફાંચ્યો હતો. તેની જવાનીની વર્ત્તણુકે, જાણે તેને પોતાના બેટાથી આવી વર્ત્તણુકની આશા રાખતો કર્યો હતો. જવાનીમાં પોતે જે વર્ત્તણુક પોતાના બાપ સાથે ચલાવેલી, તે વર્ત્તણુક ઉપરથી તે પોતાના બેટા અસ્ફન્દયાર ઉપર પણ એવી વર્ત્તણુકનો શક લઇ ગયો, અને પાછળથી, જે તે બેટાનાં મનમાં નહિ હતું તે, તેનાં મનમાં દાખલ કીધું. દાનાવોના કહેવત સમાન આ જે શબ્દો છે કે "બાપને દુઃખ દેઇ કોઇ સુખ નહિ જોય," તે શબ્દો જાણે એ પાદશાહના હકમાં ખરા પડયા. તેણે જવાનીમાં પોતાના બાપને દુઃખ દીધેલું, તેથી મોટપણમાં તે પોતાનાં બેટાથી એવા દુઃખની ચિંતા કરવા લાગ્યો અને કેટલીક હદે તેવું દુઃખ જોયું.

શાહે ગર્જમના શબ્દોથી શકમંદ થઈ પોતાના દસ્તુર અને વજીર જામાસ્પને અસ્ફન્દયાર આગળ એક કાગજ આપી મોકલ્યો અને તેને તુરત પોતા આગળ

તેડાવ્યો. જામાસ્પને પાદશાહના પોતાના બેટા ઉપરના શકની વાત ખબર પડી હતી. અસ્ફન્દયારને પણ તેનો શક ગયો હતો, તેથી તેણે જામાસ્પની સલાહ લીધી અને કહ્યું કે "જો હું બાપ આગળ જાઉં છું તો કદાચ તે મને હેરાન કરશે. જો નથી જતો તો બાપના હુકમનો અનાદર કીધેલો ગણાશે. માટે તું શું સલાહ આપે છે?" જામાસ્પે શિખામણ દીધી કે "દીકરા ઉપર બાપનો ગુસ્સો, દીકરાની બાપ ઉપરની મેહેર કરતાં વધારે ભલો ગણાય છે." જામાસ્પની શિખામણ માની અસ્ફન્દયાર બાપ આગળ ગયો. શાહે દરબાર ભરી દરબારીઓને કહ્યું કે અસ્ફન્દયાર તેનું મોત ઇચ્છે છે. અસ્ફન્દયારે તેવી ઇચ્છાનો મજબુતીથી ઇનકાર કર્યો. પાદશાહે તેનું કેહવું માન્યું નહિ અને તેના હાથમાં જંજીર નખાવી તેને ગુમ્બદાંનના કિલ્લામાં બંદ કરાવ્યો.

શાહ ગુશ્તાસ્પ અને અર્જાસ્પ વચ્ચે બીજી લડાઇ. અર્જાસ્પે ગુશ્તાસ્પની રાજધાની બલ્ખ ઉપર કરેલો હુમલો. શાહ લોહોરાસ્પ અને પએગામ્બર જરથોસ્તનું તે દર્મેઆન માર્યા જવું. છેવટે અસ્ફન્દયારને હાથે ફતેહ.

અસ્ફન્દયારને બંદમાં નાખવા પછી પાદશાહ સીસ્તાંન ભણી ગયો, કે ત્યાં જરથોશતનો ધર્મ અને તેના

જંદ અવસ્તા દાખલ કરે. રૂસ્તમ પોતાના બાપ જાલ સાથે પાદશાહને આવકાર દેવા આવ્યો. એ બેઉ બાપ બેટાઓ અને તેઓના સરદારો જંદ અવસ્તા શિખ્યા અને કમ્મર ઉપર કુસ્તી બાંધી અને પવિત્ર આતશને રોશન કીધો. ત્યાર પછી નજદીક બે વર્ષ સુધી પાદશાહ સીસ્તાંનમાંજ રહ્યો.

હવે અર્જાસપને ખબર પડી કે પાદશાહ ગુશ્તાસ્પે પોતાના બહાદુર બેટા અસ્ફન્દયારને બેડી નાખી કિલ્લામાં બંદ કર્યો છે, અને પોતે પણ, રાજધાની બલ્ખ શેહર છોડી, લાંબો વખત થયો સીસ્તાનમાં મોજ મજાહમાં પડયો છે, અને બલ્ખમાં તો એકાંતવાસ થયલો પાદશાહ લોહરાસ્પ, ફકત થોડાં લશ્કર સાથ રહે છે. તેથી તેણે એ ટક હાથ ધરીને બલ્ખ ઉપર હુમલો કીધો. બુઘો શાહ લોહરાસ્પ જઇફ હોવા છતાં, સામે થયો, પણ છેવટે દુશ્મન તરફના એક તીરે તેને જમીનદોશ્ત કીધો અને પછી તુર્કી દુશ્મનોએ તેનું સર તનથી જુદું કીધું. પછી તુર્કી લોકો બલ્ખ શેહેરમાં દાખલ થયા અને ત્યાં સઘળી ખાનાખરાબી કીધી. તેઓ બલ્ખના પવિત્ર આતશ કદેહમાં દાખલ થયા. ત્યાં મેલેલાં જંદ અવસ્તાનાં પુસ્તકોને બાળી નાંખ્યાં. અને સઘળી કિમતી ચીજો પણ બાળી નાખી. તે આતશ કદેહમાં જે ૮૦ મોબેદો રાત દહાડો બેસી

ખોદાતાલાને યાદ કરતા હતા, તે સઘળાઓને મારી નાખ્યા, અને તેઓનાં લોહીથી ત્યાં બળતો પવિત્ર આતશ પણ બુજાઈ ગયો. એ મોબેદોમાં પએગામ્બર જરથોશ્ત પણ માર્યો ગયો. ફીર્દોસી કહે છે કે "હું જાણુતો નથી, કે એ પએગામ્બરને કોણે મારી નાખ્યો." પણ આપણે પેહેલવી પુસ્તકોને આધારે જાણીયે છિએ કે તેને તુર બરાતુર નાંમના એક તુર્કીએ મારી નાખ્યો હતો.

વળી શાહની બે બેટીઓ, નામે બેહુ આફ્રીદ અને હોમાએ, જેણીઓ બલ્ખમાં હતી, તેણીઓને પણ અર્જાસ્પ પકડી લેઇ ગયો. બલ્ખ શહેરની પાયમાલીની ખબર સીસ્તાન ખાતે સાંભળી ગુશ્તાસ્પની આંખમાંથી આંસુ પડયાં. તે તરત બલ્ખ ભણી જવા નિકળ્યો. રૂસ્તમ તેને એક દિવસના રસ્તા સુધી મુકવા ગયો અને તેને દિલાસો દીધો. શાહે તુરત મુલ્કે મુલ્ક નામાંઓ લખી જુદા જુદા રાજાઓની મદદ માગી. જયારે તમામ લશ્કર ભેગું થયું કે તે અર્જાસ્પ સામે બલ્ખ ભણી ગયો. અર્જાસ્પને જ્યારે ખબર પડી કે ગુશ્તાસ્પ લશ્કરની તૈયારી કરે છે, ત્યારે તેણે પણ તુરાંનથી વધુ લશ્કર મંગાવ્યું. તે લશ્કરો વચ્ચે ત્રણ દિવસ લડાઇ ચાલી અને તેમાં શાહનો બેટો ફર્શીદવર્દ જખમી થયો. અને પાછળથી જખમથી મરણ પામ્યો. વળી શાહનાં કુટુંબનાં બીજાં ૩૬ ફરજંદો માર્યાં ગયાં.

છેવટે પાદશાહને ન્હાસવાની ફરજ પડી. તુરાંનીઓ બે મેલ સુધી તેની પુંઠે લાગ્યા. પછી માર્ગમાં એક પાહડ મલ્યો, કે જે ઉપર જવાનો એકજ છુપો માર્ગ હતો અને તે શાહ ગુશ્તાસ્પ જાણતો હતો. તે તેની ઉપર ન્હાસી ભરાયો. અર્જાસ્પ તે ઉપર જવાનો માર્ગ મેળવી શકયો નહિ. ઉપર ખોરાક પુરતો હતો નહિ, તેથી શાહના સરદારોએ ઘોડાઓને મારી તેઓનાં માંસ ઉપર પોતાની જીંદગી ગુજારવા માંડી.

આવી મુશ્કેલ હાલતમાં શાહ ગુશ્તાસ્પે પોતાના વજીર જામાસ્પની સલાહ માની કે લડાઇ કાજે અસ્ફન્દયારને બંદમાંથી છોડવો. ગુશ્તાસ્પે જામાસપ પાસે પોતાના બેટાને એ બાબે પેગાંમ કેહવાડયો. શાહે એ પેગાંમમાં પોતાની વર્ત્તણુક માટે દલગીરી દેખાડી અને જણાવ્યું કે જો અસફન્દયાર ગઇગુજરી ભુલી જઇને આવે અને અર્જાસ્પ સામે લડો તેને ઇરાન મુલકથી હાંકી કાહડે તો તે તે (અસ્ફન્દયાર)ને પોતાની હૈયાતીમાંજ તાજો તખ્ત આપે. અસ્ફન્દયાર ઘણી આનાકાની સાથે લડવાને માટે બાહાર આવ્યો. તેણે અહુરમજ્દની બંદગી કરી ફતેહ માટે દુઆ ગુજારી. તેણે જાણે માનતા લીધી, કે જો તે ફતેહ મેળવશે તો દુનિયાના જુદા જુદા ભાગોમાં ૧૦૦ આતશ કદેહો અને ૧૦૦ મુસાફરખાંનાઓ બંધાવશે, ૧૦૦૦૦ હજાર કુવાઓ ખોદાવશે, ૧૦૦૦૦૦ દેરમની ગરીબોમાં

સખાવત કરશે, અને દીનનો વધારે ફેલાવો કરશે. પછી તે પોતાના બાપ આગળ ગયો અને બન્ને બાપ બેટા ગઇગુજરી ભુલી જઇ એકમેકને ભેટયા. પછી અસ્ફન્દયારની સરદારી હેઠળ ઇરાંની લસ્કર જીત્યું. અર્જાસ્પ ન્હાઠો અને કુચ પર કુચ કરી તુરાંનમાં રૂઇન દજ નામના કિલ્લામાં ભરાઈબેઠો.

ગુશતાસ્પ અને અર્જાસ્પ વચ્ચે ત્રીજી લડાઇ. હફતખાંન ઓલંગી અસ્ફન્દયારે રૂઇન-દજનો કીલ્લો જીતી અર્જાસ્પને મારવો અને પોતાની બે બનોને છોડવવી.

હવે શાહ ગુશતાસ્પે પોતાના બેટા અસ્ફન્દયારને પોતા પાસે તેડીને કહયું કે તેણે અર્જાસ્પ, જે તેના રૂઇન દજ કિલ્લામાં ન્હાસી ભરાઇ બેઠો છે અને ત્યાં સાથે બંદીવાન તરીકે તેની બે બેટીઓને લેઇ ગયો છે, તેના ઉપર હુમલો કરવો અને તે બેટીઓને બંદમાંથી તુરત છોડવવી. એમ ફતેહ મેળવીને તે આવે તો તેને તાજો તખ્ત આપવાને શાહે કબુલ કીધું. અસફન્દયારે તેમ કરવાને કબુલ કીધું. હફ્તખાંન પસાર કરી અસફન્દયાર રૂઇનદજ આગળ આવી પોહોંચ્યો, અને કોઇ યુકિતથી તેણે તે કિલ્લો લીધો, અર્જાસ્પને માર્યો, અને પોતાની બેનોને અર્જાસ્પના બંદમાંથી છોડવી.

અસ્ફન્દયાર અને રૂસ્તમ.

અર્જાસ્પ ઉપર ફતેહ મેલવી અસ્ફન્દયાર ઇરાંન ભણી પાછો ફર્યો અને ત્યાં આવી તેણે પોતાના બાપ પાસે તેણે આપેલી કબુલાત પ્રમાણે રાજગાદી માગી. તેની માતા કએતાયુને તેને ગમે તેટલો વાર્યો પણ તેણીનું કહ્યું તેણે કર્યું નહિ અને બાપ પાસે રાજ્ય માગવા લાગ્યો. ત્યારે ગુશ્તાસ્પે તેને કહ્યું કે "તેં ઘણી ફતેહ મેલવી છે, પણ તેં જેહાંન પેહેલવાંન રૂસ્તમ ઉપર ફતેહ મેલવી નથી. જો તું એ પેહેલવાંનને મારી આગળ જીવતો બાંધી લાવે, તો તુંને હું રાજ્ય આપું." ત્યારે અસ્ફન્દયારે આનાકાની સાથે તે કબુલ કર્યું અને સીસ્તાન ભણી ગયો. તેણે પેહેલે રૂસ્તમને, તે શું કામ માટે આવ્યો છે તેનો, પેગાંમ કેહવાડયો અને જણાવ્યું, કે જો તે પોતાના હાથમાં બેડી નાંખી પોતાની મેળે શરણ થાય તો લડાઈનું કામ રહે નહિ. અસ્ફન્દયારે પોતાના બેટા બહમન પાસે પોતાનો પેગામ મોકલ્યો. પછી અસ્ફન્દયાર અને રૂસ્તમ મળ્યા. અસ્ફન્દયારે તેને કહ્યું કે "મને તારા હાથમાં બેડી મુકવા દે, કે પાદશાહનો ગુસ્સો તેથી નરમ પડશે. હું તુંને બીજું કાંઈ દુઃખ થવા દેઇશ નહિ." રૂસ્તમે ના પાડયું કે "હાથમાં બેડી મુકવા સિવાય જે તું કાંઇ કહે તે કરૂં." ત્યાર પછી તેઓએ એકમેક સાથે શરાબ પીધો.

ત્યાર પછી બન્ને જણુ પોતાનાં લશ્કરોને એકલાં મેલી એકમેકને મળીને હાથો હાથ લડયા. લડતાં થાકી ગયા પણુ લડાઈનું છેવટ કોઈની ફતેહમાં આવ્યું નહિ. વધુ લડાઇ કરતાં રૂસ્તમ અને તેનો રખસ જખમી થયા. અસફન્દયારને પણુ રૂસ્તમને હાથે ઘણો કડવો અનુભવ મળ્યો, પણુ તે જખમી થયો નહિ, કારણુ તેનું શરીર "રૂઈન તન" એટલે "ધાતુ મિસાલ" હતું. કહે છે કે પેગામ્બર જરથોશ્તે તેના તનને એમ મજબુત બનાવ્યું હતું, તેથી હથ્યારના જખમ તેને લાગતા હતા નહિ. તે દિવસે મોડું થતાં, લડાઇ બંદ પડી.

હવે રૂસ્તમ અને તેના રખસને જખમી થયલો જોઇ બુઢો જાલેજર ગભરાતમાં પડયો, કે રખે બીજે દીને રૂસ્તમ લડાઇમાં માર્યો જાય. તેમ બને તો તેના બુઢ્ઢાપામાં તેની અને તેનાં કુટુંબની કમબખ્તી થાય. એવી ચિંતાથી તેણે સીમોર્ગ, જેણે તેને ઉધાર્યો હતો, તેનાં પીછાં બાળી તેને પોતાની મદદે બોલાવ્યું. કોઇ કહે છે કે સીમોર્ગ નામનો કોઇ દાનેશમંદ હકીમ હતો; અને કોઇ, દાખલા તરીકે ફીર્દોસી, કહે છે કે તે એક પક્ષી હતું. સીમોર્ગે રૂસ્તમના અને તેના રખસના જખમો તુરત કોઇ દવાથી સારા કર્યા અને રૂસ્તમને સુચવ્યું કે "જંગલમાં જઇ એક ચોકસ ઝાડનું લાકડું કાપી તેનાં બે તીર બનાવ. તે તીર

બરાબર તાંકી અસ્ફન્દયારની આંખમાં માર, કે તેથી તે આંધળો થઈ જશે અને મરણ પામશે." બીજે દિવસે લડાઇમાં રૂસ્તમે એમ કર્યું. અસ્ફન્દયાર આંખમાં જખમી થયો અને તે જખમથી મરણ પામ્યો. મરતાં મરતાં તેણે રૂસ્તમને કોઇપણ પ્રકારની તકસીરથી છુટો કર્યો અને કહ્યું કે "તારો વાંક નથી. વાંક સઘળો મારા બાપનો છે. હવે તું મારા બેટાને તારી પનાહમાં લે અને તેને લડાઇની અને પાદશાહી કુનેહની કેળવણી આપી ગુશ્તાસ્પ પછી ઈરાનની પાદશાહી માટે લાયક કર." રૂસ્તમે તે કબુલ કર્યું અને તે કબુલાત પાળી.

રૂસ્તમનો અંત. તેના ભાઇ શેગાદને હાથે તેનું માર્યા જવું.

જાલને શેગાદ નામે એક બેટો હતો. તે કાબુલના પાદશાહને ત્યાં ઉછર્યો હતો અને તેનો જમાઇ થતો હતો. કાબુલનો પાદશાહ જાબુલસ્તાનના માલેક તરીકે રૂસ્તમને દર સાલ એક ગાયનું ચામડું, જેની કિમત એક દેરમ હોતી, તેની ખંડણી આપતો હતો. પોતાનો સાવકો ભાઇ કાબુલના શાહનો જમાઈ થવા બાદ પણ રૂસ્તમે તે લેવાનું જારી રાખ્યું. તેથી શેગાદનાં મનમાં રૂસ્તમ માટે દુશ્મની ભર્યો વિચાર આવતો હતો. તે સબબે તેણે એક દિવસ કાબુલના પાદશાહ સાથ મળી જઈ રૂસ્તમને મારી નાખવાનો કસદ કર્યો. તેઓએ

યુક્તિ રચી કે રૂસ્તમ કાબુલ આવે, ત્યારે તેના આવવાના માર્ગમાં કાબુલનો પાદશાહ એક મોટો ખાડો ખોડાવી તેમાં અણીદાર હથ્યારો ઉભાં દટાવે અને તે ઉપર ઘાસ નખાવે, કે તે ખાડો છે એમ કોઇને માલમ પડે નહિ. રૂસ્તમ તે તરફ આવતાં પોતાના રંખસ સાથે તે ખાડામાં પડે અને તેમાંના હથ્યારોથી વીંધઇ જાય. તે યુક્તિ ફાવી. તે પ્રમાણે આવતાં રૂસ્તમ તે ખાડામાં પડયો. તે ખાડામાં પડવા આગમચ તેનો રખસ તે રસ્તા આગળ અટકી ગયો. પણ રૂસ્તમે ત્યાંથી પસાર થવા ઓંહોશ કરી ત્યારે એકાદ બે ખાડા તેણે ફલાંગ મારી ઓળંગ્યા. પણ છેવટે એક ખાડામાં તેનાં પાછલા પગો પડયા અને રખસ રૂસ્તમ સાથે તેમાં પડયો અને બન્ને તેમાંનાં હથ્યારોથી વીંધાઇ ગયા. મરતાં મરતાં રૂસ્તમને શેગાદનો દગો માલમ પડયો. તેથી એક કમાન અને તીર શેગાદ પાસે માગ્યાં અને તે તીર મારી શેગાદને વીંધી નાખ્યો. તેનો ભાઇ જહવારે પણ એક બીજા ખાડામાં એમ પડી મરણ પામ્યો. જાલ અને ફરાંમરોજને રૂસ્તમનાં મરણની ખબર થોડા વખતમાં પડી. જાલે તે માટે ઘણો વિલાપ કર્યો અને ફરાંમરોજે કાબુલ ઉપર હુમલો કરી તેના પાદશાહને મારી નાખ્યો.

બાબ ઓગણીસમો.

બહમન, હોમાએ, દારાં, અને દારાંએ દારાં.

રૂસ્તમે અસ્ફન્દયારની મરતી વખતની મરજી જાળવીને બહમનને કેટલીક પાદશાહી તરતીબ શિખવી હતી અને પોતા પાસે જાબુલસ્તાનમાં રાખ્યો હતો અને તેનાં સંબંધમાં એક પત્ર ગુશતાસ્પ ઉપર લખ્યો હતો. તે ઉપરથી ગુશતાસ્પે બહમનને તેડાવ્યો હતો. રૂસ્તમે માન અને આબરૂ સાથે તેને રવાના કર્યો હતો. બહુમન ગુશતાસ્પની દરબારમાં ગયો. પછી શાહે પોતાની ગાદી બહુમનને આપી અને થોડા વખતમાં તે મરણ પામ્યો.

રાજ ગાદીએ આવી બહમને પોતાના બાપ અસ્ફન્દયારનાં રૂસ્તમને હાથે નીપજેલાં મરણનો કિનો રૂસ્તમનાં કુટુંબ ઉપર લેવાનો વિચાર કર્યો. તે એક લશકર સાથે જાબુલશતાન ઉપર હુમલો લાવ્યો. જાલ ચાલી ચલાવી બહમન આગળ ગયો અને કુર્નેશ બજાવી અને દરગુજર ચાહી. પણ બહમને તેને પકડી બંધ કીધો અને જાબુલસ્તાનને તારાજ કીધું.

ફ્રામરોજ, જે બોસ્તના મુલકમાં હતો, તે લશ્કર સાથે બહમન સામે ગયો અને લડ્યો, પણ છેવટે બહમનનાં લશ્કરને હાથ બંદીવાન થયો. બહમને તેને ફાંસી દેવાડયો. ત્યારપછી પેશોતનનાં સહમજાવવાથી તેણે બુઢ્ઢા જાલને તેના બંદમાંથી છોડયો.

ઉપલો પેશોતન, બુનદેહેશ વિગેરે પ્રમાણે, ગુશ્તાસ્પનો છોકરો અને બહમનનો કાકો થતો હતો. એ બુનદેહેશ પ્રમાણે બહમનને આતરો તર્સ, મિત્ર તર્સ વિગેરે ભાઇઓ હતા. બહમનનું બીજું નામ બુનદેહેશ (બા ૩૧, ફ. ૩૦) પ્રમાણે અર્દેશર હતું.

રાણી હોમાએ.

બહમનને હોમાએ નામની એક બેટી અને સાસાન નામનો એક બેટો હતો. તેણે મરતી વખતે પોતાના દરબારીઓને પોતાનું રાજ્ય હોમાએને આપવા જાહેર કર્યું, જે ઉપરથી તેનો બેટો સાસાન પોતાના બાપનું શેહેર છોડી નીશાપુર જઇ રહયો. ત્યાં તેણે એક કુલવાન બાનુ સાથે શાદી કીધી. તેણીને પેટે તેને ત્યાં એક બેટો અવતર્યો, જેને પણ તેણે સાસાન નામ આપ્યું. એ બીજો સાસાન ગરીબીમાં ઉધર્યો અને નીશાપુરના રાજાના ઘોડાઓના એક રખેવાળ તરીકે જીંદગી ગુજારવા લાગ્યો. પાછળથી તેના ખાનદાનના એક બેટાને પેટે જન્મેલો અર્દેશર (અર્દેશર બાબેકાન)

સાસાન્યન વંશનો સ્થાપક થયો. રાણી હોમાએનું બીજું નામ, બુનદેહેશ પ્રમાણે, ચેહર આઝાદ હતું. ફીર્દોસી એ નામ ચેહારઝાદ આપે છે, પણ તે જરા ભુલ છે. મીરખોન્દ એ નામ ચેહર આઝાદ બરાબર આપે છે. તે કહે છે કે એણીની ઓખર (લકબ) ચેહર આજા.દ હતી. માસુદી પ્રમાણે એણીની માતાનું નામ ચેહર હતું, તે ઉપરથી એણીને એ નામ મળ્યું હતું.[1]

દારા અને દારાએ દારાં.

ફીર્દોસી પ્રમાણે હોમાએ પછી તેણીનો બેટો દારા, અને તેની પછી તેનો બેટો દારા ગાદી ઉપર આવ્યા. આ બીજા દારાને સિકંદરે હરાવી ઇરાનનું રાજ્ય લઇ લીધું. પણ વધારે સત્તા સમાન ગણાતાં પાશ્ચિમ ભણીનાં તવારીખી પુસ્તકો પ્રમાણે, એ દારાએ દારા અને તેની આગમચના કેટલાક પાદશાહો તો હખામીનિઅન વંશના હતા. માટે એઓની, ખાસ કરીને દારાએ દારાની હકીકત, હખામીનિઅન વંશની હકીકત ગણાય, અને નહિ કે કેઆનીઅન વંશની. શાહ ગુશ્તાસ્પ પછીની ઇરાનના પાદશાહોની હકીકત હજુર અચોકસ રહી છે. માટે તે બાબે ચોકસાઇથી બોલી શકાતું નથી. પણ ફીર્દોસી જે કહે છે તે પ્રમાણે આપણે ટુંકમાં કહીએ તો તેઓની હકીકત નીચે પ્રમાણે છેઃ—

---

[1] Maçoudi, traduit par Barbier de Meynard, Vol II, p. 119.

હોમાએને પોતાનો રાજ્ય અમલ ચાલુ રાખવાની ખાહેશ થવાથી, રખેને તેણીનો બેટો રાજ્ય અમલ માગે, એવી ચિંતાથી તેણીએ તેનો જન્મ થતાં તેને તજી મેલ્યો. તે એક ધોબીના હાથમાં ગયો. ધોબીને ત્યાં મોટો થઇ તે હોમાએનું લશ્કર, જે પશ્ચિમ ભણીનો એક રાજા, જેને ફીર્દોસી રૂમનો રાજા જણાવે છે, તેની સામે લડવા જતું હતું, તેમાં જોડાયો. તેમાં તેણે કિર્તી મેળવી જાહેરાતમાં આવ્યો, ત્યારે તેની માતા હોમાએ તેને કબુલ રાખી ઇરાનની ગાદી આપી. પછી દારાએ શાઇબ નામના એક આરબ સરદારને અને પછી રૂમ (મેસીડોન) ના ફીલકુસ (ફીલીપ) ને હરાવ્યો અને તેની નાહીદ નામની બેટી સાથે શાદી કીધી. ફીર્દોસી પ્રમાણે એ રાણી નાહીદને પેટે સિકંદર (એલેકઝાંન્ડર)નો જન્મ થયો હતો. પણ આ સર્વ હકીકત શકમંદ, બલકે ભુલ ભરી દિસે છે. ફીર્દોસી કહે છે કે દારાએ એ નાહિદ રાણીને તેણીના મોહના બદબોને લીધે તજી દીધી અને બીજી રાણી સાથે શાદી કીધી. એ રાણીને પેટે તેને જે બેટો અવતર્યો તેનું નામ પણ તેણે દારા રાખ્યું અને તે "દારા એ દારા" એટલે "દારા પાદશાહનો (બેટો) દારા" એવે નામે ઓળખાયો. ફીર્દોસી પ્રમાણે પોતાની માતા નાહીદને થયલાં અપમાનના કિનામાં, સિકંદરે ઇરાન ઉપર હુમલો કરી પોતાના સાવકા ભાઇ દારાએ દ શંને એકથી વધુ લડાઇમાં હરાવી એનું રાજય લઇ લીધું.